अजकर्णक पु० ઉપરના અર્થ.

अजकव पु० न० શંકરનું ધનુષ, એક જાતનું ઝાડ.

अजका स्त्री० બકરીના ગળાંના સ્તનાકાર માંસપિંડ, બકરીની લીંડી.
अजकाव न० યજ્ઞસંબંધી એક પાત્ર, શંકરનું ધનુષ.
अजकाव पु० તે નામનો એક રોગ.
अजक्षीर न० બકરીનું દૂધ.
अजग न० શંકરનું ધનુપ.
अजग पु० વિષ્ણુ, અગ્નિ.
अजगंधा स्त्री० એક વનસ્પતિ–અજમોદા.
अजगंधिका स्त्री० ઉપરનો અર્થ.
अजगंधिनी स्त्री० મરડાશીંગ.
अजगर पु० મોટો સાપ, અજગર.
अजगव पु० શંકરનું ધનુપ.
अजगाव पु० ઉપરનો શબ્દાર્થ.
अजघन्य त्रि० અધમ નહિ તે, શ્રેષ્ઠ.
अजजीविक त्रि० બકરાં ઉપર આજીવિકા ચલાવનાર, રબારી–ભરવાડ.
अजटा स्त्री० ભોંય આંબળી.
अजड त्रि० જડ–મૂર્ખ નહિ તે.
अजडा स्त्री० એક જાતનું વૃક્ષ.
अजथ्या स्त्री० બકરાંનો સમૂહ, સોનેરી જુઇ નામનું ફુલઝાડ,
अजदण्डी स्त्री० જેના કાષ્ટથી યજ્ઞદંડ કરવામાં આવે છે તે બ્રહ્મદંડી નામનું વૃક્ષ.
अजदेवता स्त्री० બકરાંનો અધિષ્ઠાયક દેવ–અગ્નિ.
अजनक त्रि० નહિ ઉત્પન્ન કરનાર, નહિ કરનાર.
अजननि स्त्री० જન્મનો અભાવ, ધિક્કારપાત્ર જન્માભાવ.
अजननी अव्य० માતાનો અભાવ.
अजनामक पु० માક્ષિક ધાતુ.
अजन्मन् त्रि० જન્મરહિત.
अजन्य न० પૃથ્વીકંપ વગેરે દૈવી ઉત્પાત.
अजन्य त्रि० ઉત્પત્તિને અયોગ્ય.
अजप पु० અસ્પષ્ટ બોલતાર, ખરાબ ભણનાર.
अजप त्रि० બકરાનું રક્ષણ કરનાર.
अजपति पु० ઉત્તમ બકરો, મેષ રાશીનો સ્વામી મંગળ ગ્રહ.
अजपति त्रि० બકરાં પાળનાર.
अजपथ पु० બકરાં ચાલી શકે તેવો માર્ગ, વિધાતાએ નિર્માણ કરેલો માર્ગ, આકાશમાંનો માર્ગાકાર દેખાવ–છાયાપથ.
अजपथ्य त्रि० ગીચ રસ્તાવાળું, આકાશમાંના છાયાપથસરખું.
अजपद त्रि० તે નામના એક રૂદ્ર દેવ.
अजपा स्त्री० એક જાતનો અક્ષરજાપ, હંસમંત્ર.
अजपाद पु० તે નામના રૂદ્ર દેવ, પૂર્વાભાદ્રપદ નક્ષત્ર.
अजपाद पु० ઉપરનો શબ્દાર્થ.
अजपाल त्रि० બકરાં પાળનાર.
अजबंधु पु० બકરાંના જેવી મંદ બુદ્ધિવાળો.
अजभक्ष पु० એક જાતનું ઝાડ–જે બકરાંને અત્યંતપ્રિય હોય છે.
अजमार पु० બકરાં મારી જીવનાર, કસાઇ, જ્યાં બકરાંને મુખ્યત્વે કરી મારવામાં આવે છે તે દેશ.
अजमीढ पु० તે નામનો દેશ–હાલનું અજમેર.
अजमुख पु० દક્ષ પ્રજાપતિ.
अजमोदा स्त्री० અજમોદ.
अजमोदिका स्त्री० અજમોદ.
अजम पु० દેડકો, સૂર્ય, આકડાનું ઝાડ.
अजम त्रि० જે અવસ્થામાં દાંત ન આવ્યા હોય તે અવસ્થા, દાંતવિનાનું.
अजय पु० અગ્નિ, જયનો અભાવ, તે નામનો એક નદ.
अजय त्रि० જયવિનાનું.
अजया स्त्री० ભાંગ.
अजय्य त्रि० જીતવાને અશક્ય.
अजर न० પરબ્રહ્મ.

अजर पु० દેવ, એક જાતનું વૃક્ષ.
अजर त्रि० વૃદ્ધાવસ્થારહિત.
अजरा स्त्री० એક જાતની કુંવાર, ગરોડી, બ્રાહ્મણજાતિ.
अजर्य्य न० મિત્રતા.
अजलंबन न० સૌવીર દેશમાં ઉત્પન્ન થયેલું આંજણ.
अजलोमन् पु० એક જાતનું ઝાડ.
अजलोमन् न० બકરાનું રૂંવાડું.
अजव पु० વેગનો અભાવ.
अजव त्रि० વેગરહિત.
अजवस् त्रि० વેગરહિત.
अजवस्ति पु० તે નામનો એક ઋષિ.
अजवाह पु० જ્યાં બકરાંઓને બળદની પેઠે કામમાં લેવાય છે તે દેશ.
अजवीथि स्त्री० આકાશમાંનો માર્ગાકાર દેખાવ–છાયાપથ–જ્યાંથી આરંભી અગસ્ત્યના સ્થાનસુધી પિતૃયાન માર્ગ છે.
अजशृंगी स्त्री० મરડાશીંગ.
अजस्तुंद न० તે નામનું એક નગર.
अजस्त्र न० નિરંતર હમેશ.
अजस्त्र त्रि० નિત્યસ્થાયી વસ્તુ.
अजहत्स्वार्था स्त्री० તે નામની એક લક્ષણાવૃત્તિ.
अजहल्लिङ्ग पु० પોતાનું લિંગ–જાતિ નહિ છોડનાર શબ્દ–નિયતલિંગ નામ.
अजा[illegible] स्त्री० તે નામનું એક વૃક્ષ.
अजा स्त्री० બકરી, માયા, તે નામની એક ઔષધિ.
अजागर पु० ભાંગરો–જેનાથી નિદ્રા નથી આવતી.
अजागर त्रि० જાગતુ નહિ તે.
अजाजि स्त्री० જીરાનું વૃક્ષ
अजाजी स्त्री० ઉપરનો અર્થ.
अजाजीव पु० બકરાં પાળી પાળી જીવનાર, બકરાં ઉપર આજીવિકા ચલાવનાર ભરવાડ–રબારી.
अजात त्रि० નહિ જન્મેલ.
अजातककुद् पु० નાની વયનો વાછરડો.
अजातदन्त त्रि० જેને દાંત ન આવ્યા હોય તે, જેમાં દાંત ન આવ્યા હોય તે અવસ્થા વગેરે.
अजातपक्ष त्रि० જેને પાંખો ન આવી હોય તેવું પક્ષી.
अजातशत्रु त्रि० જેનો શત્રુ ઉત્પન્ન થયો ન હોય તે.
अजातशत्रु पु० યુધિષ્ઠિર રાજા.
अजातारि पु० યુધિષ્ઠિર.
अजातारि त्रि० જેનો શત્રુ ન થયો હોય તે.
अजाति स्त्री० અનુત્પત્તિ, ન્યાયશાસ્ત્રોક્ત જાતિનો અભાવ.
अजाति त्रि० જાતિશૂન્ય, નિત્ય.
अजातौल्वलि पु० તે નામનો એક મુનિ.
अजादनी स्त्री० તે નામનું એક વૃક્ષ–ધમાસો.
अजादि पु० પાણિનીય વ્યાકરણમાં કહેલો એક શબ્દસમૂહ.
अजानि पु० સ્ત્રીરહિત.
अजानिक त्रि० બકરાં ઉપર આજીવિકા ચલાવનાર, ભરવાડ–રબારી.
अजानेय पु० ઉત્તમ ઘોડો.
अजानेय त्रि० નિર્ભય.
अजान्त्री स्त्री० એક જાતની વનસ્પતિ.
अजापक्व न० બકરીની લીંડીઓના રસમાં, મૂત્રમાં, દૂધમાં, તથા દહીંમાં સિદ્ધ કરેલું ઘી.
अजापालक त्रि० બકરાં પાળનાર, બકરાં ઉપર જીવનાર ભરવાડ–રબારી.
अजप्रिया स्त्री० ચણી બોરનું ઝાડ.
अजि त्रि० ગમનશીલ, પાયદલ.
अजी स्त्री० ગતી, ગમન, ફેંકવું.
अजित पु० અજિતનાથ નામના બીજા જૈન તીર્થંકર, શિવ, વિષ્ણુ, બુદ્ધ.

अजित पु० नवमा જૈન તીર્થંકર સુવિધિનાથનો સેવક યક્ષ.

अजित त्रि० નહિ જીતાયેલ, પરાજય નહિ પામેલ.

अजितनाथ पु० अजित पु० જુઓ.

अजिन न० ચામડું.

अजिनपत्रा स्त्री० ચામાચીડીયું.

अजिनपत्रिका स्त्री० ચામાચીડીયું.

अजिनपत्री स्त्री० ઉપરનો અર્થ.

अजिनफला स्त्री० જેનું ફળ ચામડાની ધમણના આકારનું હોય છે તે એક વૃક્ષ.

अजिनबला स्त्री० બીજા જૈન તીર્થંકરની ભક્ત દેવી.

अजिनयोनि पु० મૃગ, હરણ.

अजिर न० આંગણું, ચૌટો.

अजिर पु० તે નામનો એક ઋષિ.

अजिर त्रि० ઉતાવળી ગતિવાળું.

अजिरा स्त्री० વેગવાળી નદી.

अजिरादि पु० પાણિનીય વ્યાકરણમાં કહેલો એક શબ્દસમૂહ.

अजिह्म त्रि० સરળ—સીધું.

अजिह्मग पु० બાણ.

अजिह्मग त्रि० સીધું જનાર.

अजिह्व पु० દેડકો.

अजिह्व त्रि० જીભવિનાનું.

अजीकव पु० શંકરનું ધનુષ.

अजीगर्त्त पु० સર્પ, તે નામનો એક મુનિ.

अजीर्ण न० અજીર્ણ—અપચો.

अजीर्ण त्रि० જીર્ણ નહિ તે અવૃદ્ધ.

अजीव त्रि० જીવવિનાનું, મરેલું.

अजीवनि स्त्री० ધિક્કારપાત્ર જીવનનો અભાવ, નિંદિત જીવન.

अजुगुप्सित त्रि० અનિંદિત.

अजुर त्रि० વેગવાળું, બળવાન.

अजेतव्य त्रि० જીતાય નહિ એવું.

अजेय त्रि० જીતવાને અશક્ય, વૈદ્યકમાં પ્રસિદ્ધ એવું તે નામનું ઘી.

अजैकपाद् पु० અગીઆર રુદ્રમાંના ચોથા રુદ્ર.

अजैकपाद पु० ઉપરનો શબ્દાર્થ.

अज्जुका स्त्री० વેશ્યા. (આ શબ્દ નાટકમાંજ વપરાય છે.)

अज्जूका स्त्री० ઉપરનો અર્થ.

अज्झटा स्त्री० ભોંય આંબળી.

अज्झल न० ઢાલ.

अज्ञ त्रि० જ્ઞાનશૂન્ય, ચૈતન્યશૂન્ય, વિશેષ૦ જ્ઞાનરહિત, મૂર્ખ, અચેતન, જડ, અલ્પજ્ઞ.

अज्ञता स्त्री० અજ્ઞાનીપણું, મૂર્ખાઇ.

अज्ञत्व न० ઉપરનો અર્થ.

अज्ञात त्रि० અજાણ્યું, નહિ જાણેલું, ઓળખાણવિનાનું.

अज्ञान त्रि० અજ્ઞાની.

अज्ञान न० જ્ઞાનનો અભાવ—અજ્ઞાન.

अज्ञानता स्त्री० અજ્ઞાનપણું.

अज्ञानत्व न० ઉપરનો અર્થ.

अज्ञानिन् त्रि० અજ્ઞાની.

अज्ञेय त्रि० જાણવાને અશક્ય.

अज्मन् स्त्री० ગાય.

अज्येष्ठवृत्ति त्रि० પોતે મોટો હોવા છતાં મોટા તરીકે નહિ વર્ત્તનાર.

अञ्चति पु० न० વાયુ.

अञ्चति त्रि० ગમન કરનાર. જનાર.

अञ्चल पु० વસ્ત્રનો છેડો, છેડાનો ભાગ.

अञ्चित त्रि० પૂજેલું, સંકોચાયલું. ગયેલું, ગુંથેલું, વખાણેલ.

अञ्चितभ्रु स्त्री० પૂજેલી અથવા વાંકી કરેલી ભ્રમરવાળી સ્ત્રી, સુંદર સ્ત્રી.

अञ्चितभ्रू स्त्री० વાંકી કરેલી અથવા પૂજેલી ભ્રમર.

अञ्ज् रुधा० पर० सक० वेट् મિશ્ર કરવું, જવું, સ્પષ્ટ કરવું.

अञ्जन पु० તે નામે દિશાનો એક હાથી.

अञ्जन न० આંજણ, કાજળ, સૌવીર દેશનું રસાંજન, લેપવું, મિશ્ર કરવું, સ્પષ્ટ કરવું, મલિનપણું.

अञ्जनकेशी स्त्री० કેશને અત્યંત કાળા કરનાર એક સુગંધી દ્રવ્ય.

अञ्जनशलाका स्त्री० આંજણ આંજવાની સળી.

अञ्जना स्त्री० ઉત્તર દિશાના હાથીની સ્ત્રી, સિંહણ, હનુમાનની માતા વાનરી.

अञ्जनागिरि पु० તે નામનો એક પર્વત–નીલગિરિ.

अञ्जनाद्रि पु० ઉપરનો અર્થ.

अञ्जनाधिका स्त्री० એક જાતની ગરોળી–આંજણી.

अञ्जनावत् पु० કાલાંજન વૃક્ષ.

अञ्जनावती स्त्री० ઇશાન કોણના દિગ્ગજની સ્ત્રી.

अञ्जनिका स्त्री० એક જાતની ગરોળી, પ્રતીક નામના દિગ્ગજની સ્ત્રી.

अञ्जनी स्त्री० કેશર વગેરેના લેપનવાળી સ્ત્રી, કડુનું ઝાડ, કાલાંજન વૃક્ષ, હનુમાનની માતા.

अञ्जलि पु० જોડેલો હાથ, કુડવજેટલું માપ, તેટલા માપનું દ્રવ્ય.

अञ्जलिका स्त्री० નાની ઉંદરડી.

अञ्जलिकारक त्रि० હાથ જોડનાર.

अञ्जलिकारिका स्त्री० હાથ જોડવા તે, લજામણી વનસ્પતિ.

अञ्जस् न० વેગ, બળ, યોગ્યતા.

अञ्जस त्रि० સરળ, સીધું.

अञ्जसा अव्य० સત્વર, શીઘ્ર, તુરત, વ્યાજબી, અનાયાસે.

अञ्जि पु० તિલક વગેરે ચિન્હ.

अञ्जिष्ठ पु० સૂર્ય, આકડાનું ઝાડ.

अञ्जिष्णु पु० સૂર્ય, આકડાનું ઝાડ.

अञ्जी स्त्री० દળવાનું યંત્ર, ઘંટી, મંગળ.

अञ्जीर पु० તે નામનું એક વૃક્ષ.

अट् भ्वा० पर० सक० सेट् જવું, ભટકવું.

अटन न० જવું, ભટકવું.

अटनि स्त्री० જ્યાં દોરી ચઢાવવામાં આવે છે તે ધનુષનો અગ્ર ભાગ.

अटनी स्त्री० ઉપરનો અર્થ.

अटरुष पु० અરડુસાનું વૃક્ષ.

अटरूष पु० ઉપરનો અર્થ.

अटवि स्त्री० જંગલ, વન.

अटवी स्त्री० ઉપરનો અર્થ.

अटा स्त्री० ભટકવું.

अटाट्या स्त्री० ભટકવું, રખડવું, વ્યર્થ આથડવું.

अट्ट भ्वा० आत्म० सक० सेट् ઓળંગવું, વધ કરવો, મારવું.

अट्ट चु० उभ० सक० सेट् અનાદર કરવો, તિરસ્કારવું.

अट्ट पु० મહેલનો સૌથી ઉપરનો માળ, અટારી, રેશમી વસ્ત્ર, મહેલ.

अट्ट त्रि० અત્યંત ઉંચું.

अट्ट न० અનાજ, સુકાયલું.

अट्टट्ट अव्य० અત્યંત ઉંચું.

अट्टन न० ચક્રના આકારનું એક હથિયાર, અનાદર.

अट्टशूल त्रि० અનાજ વેચનાર.

अट्टस्थली स्त्री० જ્યાં પુષ્કળ મહેલો આવેલા હોય તેવું સ્થળ, કોઈ દેશ.

अट्टहास पु० ખડખડ હસવું, મોટેથી હસવું.

अट्टहासक पु० મોગરાનું ઝાડ.

अट्टहासिन् त्रि० મોટેથી હસનાર.

अट्टहासिन् पु० શંકર.

अट्टाट्ट पु० ઘણું ઉંચું, સર્વોત્કૃષ્ટ, અત્યંત અનાદર.

अट्टाल पु० મહેલનો સૌથી ઉપરનો માળ, અટારી, ઝરૂખો.

अट्टालक पु० ઉપરનો અર્થ.

अट्टालिका स्त्री० ઇંટો વગેરેથી બનાવેલો રાજમહેલ.

अट्टालिकाकार पु० રાજમહેલ બનાવનાર, કડીયો

अट्या स्त्री० પર્યટન, રખડવું, ભટકવું.

अट् भ्वा० पर० सक० सेट् જવું.

अट् भ्वा० आत्म० सक० सेट् જવું.

अड् भ्वा० पर० सक० सेट् ઉદ્યમ કરવો.

अड् स्वा० पर० अक० सेट् વ્યાપ્ત થવું.

अड्ड् भ्वा० पर० सक० सेट् સામે જોડાવું, સમાધાન કરવું.

अड्डन न० ઢાલ.

अण् भ्वा० पर० अक० सेट् શબ્દ કરવો.

अण् दिवा० आत्म० अक० सेट् જીવવું.

अणक त्रि० અધમ, નિંદિત.

अणव्य त्रि० ચીનક વગેરે ધાન્ય જ્યાં નીપજી શકે તેવું ખેતર.

अणि पु० स्त्री० રથ વગેરેનાં પૈડાંના અગ્રભાગમાં રહેલો ખીલો. સોઇ વગેરેની અણી.

अणिमन् पु० સૂક્ષ્મપણું, સૂક્ષ્મ માપ, તે નામનું એક ઐશ્વર્ય, સર્વ પ્રકારનાં ઐશ્વર્ય.

अणिष्ठ त्रि० અતિસૂક્ષ્મ.

अणीमाण्डव्य पु० તે નામનો એક ઋષિ.

अणीयस् त्रि० અતિ સૂક્ષ્મ.

अणु पु० એક જાતનું અનાજ–કાંગ.

अणु त्रि० ક્ષુદ્ર, સૂક્ષ્મ માપવાળું દ્રવ્ય, લેશ.

अणुक त्रि० ઉપરનો અર્થ.

अणुता स्त्री० સૂક્ષ્મપણું.

अणुत्व न० ઉપરનો અર્થ.

अणुधर्म पु० સૂક્ષ્મધર્મ.

अणुभा स्त्री० વીજળી.

अणुमात्र त्रि० અલ્પ પરિમાણ–માપ.

अणुरेणु स्त्री० સૂક્ષ્મ રજ.

अणुरेवती स्त्री० તે નામનું એક વૃક્ષ.

अणुवीक्षण न० સૂક્ષ્મદર્શક યંત્ર, સૂક્ષ્મ પદાર્થનું દર્શન.

अणुव्रीहि पु० સૂક્ષ્મ ધાન્ય.

अण्ड न० પુરુષનો અવયવ–વૃષણ, પેળીયો, પક્ષીનું ઇંડું, વીર્ય, પારો, કસ્તુરી.

अण्डक पु० વૃષણ, પેળીયો.

अण्डकटाह न० બ્રહ્માંડગોલક–બ્રહ્માંડ.

अण्डकोटरपुष्पी स्त्री० તે નામની એક વનસ્પતિ.

अण्डकोश पु० વૃષણ.

अण्डकोष पु० ઉપરનો અર્થ.

अण्डकोषक पु० વૃષણ.

अण्डज पु० પક્ષી, સર્પ, માછલું, કાચંડો.

अण्डज त्रि० ઈંડામાંથી ઉત્પન્ન થનાર.

अण्डजा स्त्री० કસ્તૂરી.

अण्डजात पु० अंडज શબ્દનો અર્થ.

अण्डाकार त्रि० ઇંડાંના આકારનું.

अण्डाकृति त्रि० ઉપરનો અર્થ.

अण्डालु पु० માછલું.

अण्डीर पु० વિશેષ સામર્થ્યવાળો પુરુષ, સમર્થ.

अण्वी स्त्री० આંગળી.

अत् भ्वा० पर० सक० सेट् બાંધવું.

अत् भ्वा० पर० सक० सेट् બાંધવું:

अत् भ्वा० पर० सक० सेट् પ્રાપ્ત કરવું, સતત જવું.

अत् अव्य० આશ્ચર્ય, અદ્ભુત.

अतएव अव्य० એટલાજ માટે, એથીજ.

अतक पु० મુસાફર.

अतट पु० ઝરૂખો, પર્વત વગેરેનો ઉંચો ભાગ, પૃથ્વીનો નીચો ભાગ.

अतथ्य त्रि० અસત્ય.

अतथोचित त्रि० તેવા પ્રકારને અયોગ્ય.

अतद्गुण पु० સાહિત્યદર્પણ નામના ગ્રંથમાં કહેલો એક અલંકાર.

अतद्गुणसंविज्ञान पुं० વ્યાકરણશાસ્ત્રીઓએ માનેલો બહુવ્રીહિ સમાસનો ભેદ.
अततु त्रि० મોટું.
अतन्त्र त्रि० કારણરહિત, વિવક્ષાશૂન્ય.
अतन्द्र त्रि० નિદ્રારહિત, આળસરહિત.
अतन्द्रित त्रि० ઉપરનો અર્થ.
अतप त्रि० તાપવિનાનું, ઠંડું
अतप्त त्रि० નહિ તપેલું.
अतप्ततनु त्रि० જેનું શરીર વ્રત વગેરેથી નથી તપેલું તે, તપાવેલી મુદ્રાથી જેણે શરીરાદિ ઉપર ચિહ્ન નથી કર્યું તે.
अतप्ततनू त्रि० ઉપરનો અર્થ.
अतर्क त्रि० તર્કહીન.
अतर्क पुं० તર્કનો અભાવ.
अतर्कित त्रि० ઓચિંતું, અણધાર્યું.
अतर्कित अव्य० ઉપરનો અર્થ.
अतल त्रि०. તળીયાંવિનાનું.
अतल न० સાત પાતાલમાંહેનું પહેલું પાતાલ, અપ્રતિષ્ઠિત.
अतलस्पर्श त्रि० અત્યંત ગંભીર, ઘણું ઉંડું.
अतलस्पृश् त्रि० ઉપરનો અર્થ.
अतस् अव्य० એથી, અહીંથી એટલામાટે, એમાટે.
अतस न० શણનું વસ્ત્ર.
अतस पुं० વાયુ, આત્મા.
अतसी स्त्री० અળશી, શણનું ઝાડ.
अति अव्य० પૂજા, ઉત્કર્ષ, ઓળંગવું, અત્યંત.
अतिकथ त्रि० કહેવાને અયોગ્ય, શ્રદ્ધાકરવાને અયોગ્ય, નહિ માનવા લાયક, નાશ પામેલ, ખોવાઇ ગયેલ.
अतिकथा स्त्री० અતિઉત્કટ વર્ણન, વ્યર્થ ભાષણ.
अतिकंदक पुं० તે નામનું એક વૃક્ષ.
अतिकर्षण त्रि० અત્યંત તાપદાયક, અત્યંત આકર્ષણ, ઘણું ખેંચવું તે.
अतिकश त्रि० ચાબુક વગેરેના મારને પણ નહિ ગણનાર ઘોડો વગેરે.
अतिकाय पुं० તે નામે રાવણનો એક પુત્ર.
अतिकाय त्रि० પ્રચંડ શરીરવાળું.
अतिकुत्सित त्रि० અતિનિંદ્ય.
अतिकुलव त्रि० અત્યંત વાળવાળું.
अतिकुल्व त्रि० ઉપરનો અર્થ.
अतिकृच्छ्र न० બાર દિવસનું પ્રાયશ્ચિત્તરૂપ એક વ્રત, અત્યંત કષ્ટ.
अतिकृच्छ्र त्रि० અત્યંત કષ્ટવાળું, કિલષ્ટ.
अतिकृत त्रि० મર્યાદા ઉપર કરેલું, અત્યંત કરેલું.
अतिकृति स्त्री० મર્યાદા ઓળંગીને કરવું તે, તે નામનું એક વૃત્ત-છંદ.
अतिकृश त्रि० અત્યંત દુબળું.
अतिकेशर पुं० એક જાતનું વૃક્ષ.
अतिक्रम पुं० न० ઓળંગવું.
अतिक्रम त्रि० ક્રમને ઓળંગનાર.
अतिक्रमण न० ઓળંગવું તે.
अतिक्रमिन् त्रि० ઓળંગનાર.
अतिक्रमिक त्रि० ક્રમ ઓળંગનાર,
अतिक्रांत त्रि० ઓળંગેલું.
अतिक्रांति स्त्री० ઓળંગવું તે.
अतिक्रुद्ध पुं० તંત્રશાસ્ત્રમાં કહેલો એક મંત્ર.
अतिक्रुद्ध त्रि० અત્યંત ક્રોધે ભરાયલું.
अतिक्रूर पुं० વક્રગતિને પામેલ મંગળશનિ વગેરે ગ્રહ, તંત્ર શાસ્ત્રોક્ત એક મંત્ર.
अतिक्रूर त्रि० અત્યંત ક્રૂર.
अतिगंड न० જ્યોતિષ શાસ્ત્રમાં કહેલો એક યોગ, મોટું ગુમડું.
अतिगंड त्रि० મોટા ગુમડાંવાળું.
अतिगन्ध त्रि० અત્યંત ગંધવાળું.
अतिगन्ध पुं० ચંપાનું વૃક્ષ.
अतिगन्धालु पुं० તે નામની એક લતા-વેલ.
अतिगर्व पुं० અત્યંત ગર્વ.

अतिगर्वित ત્રિ૦ અત્યંત ગર્વવાળું, ઘણું અભિમાની.

अतिगर्हित ત્રિ૦ અતિનિંદ્ય.

अतिगव ત્રિ૦ અત્યંત મૂર્ખ, અવર્ણનીય.

अतिगह्वर ત્રિ૦ દુઃખથી પ્રવેશ થઇ શકે એવું, દુર્બોધ, અતિગહન, અઘરૂં.

अतिगुण પુ૦ વિનય વગેરે અત્યંત ગુણ.

अतिगुण ત્રિ૦ ગુણહીન, અત્યંત ગુણવાન.

अतिगुप्त ત્રિ૦ અત્યંત છાનું.

अतिगुरु પુ૦ અતિપૂજ્ય એવા ગુરૂ.

अतिगुरु ત્રિ૦ અત્યંત મોટું, અત્યંત વજનવાળું કોઇ દ્રવ્ય.

अतिगुहा સ્ત્રી૦ પીઠવણ નામની વનસ્પતિ.

अतिग्रह ત્રિ૦ નેત્ર વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિય, વાણી વગેરે પાંચ કર્મેન્દ્રિય, અત્યંત દુર્બોધ.

अतिग्रह પુ૦ સર્વથા સારૂં જ્ઞાન.

अतिघ्नी સ્ત્રી૦ દુઃખમિશ્ર નહિ એવી એક સુખની અવસ્થા.

अतिचर ત્રિ૦ ઓળંગનાર.

अतिचरा સ્ત્રી૦ કમળિની, સ્થલપદ્મિની.

अतिचार પુ૦ ઓળંગીને જવું તે, પોતપોતાના ભોગકાળને ઓળંગી મંગળ વગેરે ગ્રહોનું બીજી રાશિમાં જવું તે.

अतिचारिन् ત્રિ૦ પૂર્વોક્ત અતિચારવાળો ગ્રહ, ઓળંગીને જનાર, અતિશય જનાર.

अतिच्छत्र ત્રિ૦ છત્રરહિત.

अतिच्छत्र પુ૦ તે નામનું સ્થલ ઉપર થનારૂં ઘાસ, જળમાં થનારૂં એક ઘાસ.

अतिच्छत्रक પુ૦ તે જાતનું ઝાડ.

अतिच्छत्रा સ્ત્રી૦ તે નામનું એક શાક.

अतिच्छन्दस् ત્રિ૦ વેદોક્ત કર્મરહિત, અભિપ્રાયને ઓળંગનાર.

अतिच्छन्दस् ન૦ છંદનું ઉલ્લંઘન કરીને મૂકેલો અક્ષરવિન્યાસ.

अतिजगति પુ૦ ન૦ જગતને ઓળંગનાર, જગતની બહાર રહેલ.

अतिजगती સ્ત્રી૦ તેર અક્ષરના એક ચરણવાળો તે નામનો છંદ, જગતને ઓળંગનાર સ્ત્રી.

अतिजव ત્રિ૦ અત્યંત વેગવાળું.

अतिजव પુ૦ અત્યંત વેગ.

अतिजागर પુ૦ અત્યંત જાગનાર તે નામનું એક પક્ષી-નીલબક.

अतिजागर ત્રિ૦ અત્યંત જાગનાર.

अतिडीन ન૦ પક્ષીઓની અત્યંત લાંબી ગતિ, અત્યંત ઉંચે સુધી ઉડવું તે.

अतितमाम् अव्यं० અત્યંત.

अतितराम् अव्यं० અત્યંત.

अतितार પુ૦ અત્યંત મોટો શબ્દ.

अतितार ત્રિ૦ મોતી વગેરેનું શુદ્ધપણું, અત્યંત મોટા શબ્દવાળું.

अतितीक्ष्ण પુ૦ સરગવાનું ઝાડ.

अतितीक्ष्ण ત્રિ૦ અત્યંત તીક્ષ્ણ, અતિઉગ્ર.

अतितीव्र ત્રિ૦ અત્યંત તીક્ષ્ણ, અતિઉગ્ર.

अतितीव्रा સ્ત્રી૦ ગંડદૂર્વા.

अतितेजस्क ત્રિ૦ અત્યંત તેજસ્વી, તેજરહિત.

अतिथि પુ૦ અતિથિ, પરોણો, અભ્યાગત, મેમાન, રામચંદ્રનો પૌત્ર-કુશનો પુત્ર.

अतिथिपूजन ન૦ અતિથિપૂજા-સત્કાર.

अतिथिपूजा સ્ત્રી૦ ઉપરનો અર્થ.

अतिथिसत्कार પુ૦ અતિથિપૂજન.

अतिदात्री સ્ત્રી૦ અત્યંત દાન કરનારી.

अतिदातृ પુ૦ ન૦ અત્યંત દાન કરનાર.

अतिदान ન૦ ઘણું દાન.

अतिदाह પુ૦ ઘણો દાહ, અત્યંત બળતરા.

अतिदिष्ट ત્રિ૦ અતિદેશનો વિષય, મીમાંસામાં કહેલો અતિદેશવિષય.

अतिदीप्य પુ૦ રાતુંચિત્રક વૃક્ષ.

अतिदुःसह ત્રિ૦ અત્યંત દુઃખથી સહન થઇ શકે તેવું.

अतिदूर ત્રિ૦ અત્યંત દૂર.

अतिदेव पु० सर्व देवोमां श्रेष्ठ रुद्र देव.
अतिदेश पु० अन्यस्थलेज लइ जवायेल सर्व धर्मसमुदाय, मीमांसामां दर्शावेलो अतिदेश.
अतिधन्वन् पु० मोटा धनुष्यवाळो योद्धो.
अतिधन्वन् त्रि० मारवाड देशने ओळंगनार.
अतिधृति स्त्री० ओगणीस अक्षरना एक चरणवाळो छंद.
अतिधृति त्रि० धैर्य अथवा संतोषने ओळंगनार.
अतिनिर्हारिन् पु० सुगंध.
अतिनु न० वहाणमांथी उतरेल.
अतिनौ पु० स्त्री० उपरनो अर्थ.
अतिनिद्र अव्य० निद्राने अयोग्य समय.
अतिनिद्र त्रि० निद्रारहित, लांबी निद्रावाळुं.
अतिपतन न० ओळंगवुं ते.
अतिपत्ति स्त्री० ओळंगवुं, अनुत्पत्ति, असिद्धि.
अतिपत्ति त्रि० पायदल सेनाने ओळंगी गयेल.
अतिपत्र पु० ते नामनुं एक वृक्ष–हस्तिकंद.
अतिपथ पु० अतिसुंदर मार्ग, सारो मार्ग.
अतिपथिन् पु० उपरनो अर्थ.
अतिपद त्रि० चरणने ओळगेल, गायत्री अथवा जगती छंद.
अतिपन्न त्रि० ओळंगेल.
अतिपरोक्ष त्रि० प्रत्यक्ष, प्रत्यक्षनो विषय कोइ द्रव्य वगेरे.
अतिपात पु० उल्लंघन, ओळंगवुं ते.
अतिपातक त्रि० पापने ओळंगनार–पुण्यशाळी.
अतिपातक न० अतिमहान पाप.
अतिप्रगे अव्य० अत्यंत प्रातःकाळ, परोढ.
अतिप्रमाण त्रि० प्रमाण–मापने ओळंगेल.
अतिप्रमाण न० अत्यंत मोटुं पाप
अतिप्रवृद्ध त्रि० अत्यंत प्रमाण उपरांत वधेलुं.
अतिप्रश्न पु० मर्यादा ओळंगीने करेलो प्रश्न, सारो उत्तर आप्या छतां फरी प्रश्न करवो.
अतिप्रसक्ति स्त्री० अत्यंत आसक्ति.
अतिप्रसंग त्रि० प्रसंगने ओळंगनार.
अतिप्रसंग पु० अत्यंत आसक्तिनो विषय कोई पदार्थ, अत्यंत आसक्ति.
अतिप्रसिद्ध त्रि० अत्यंत प्रसिद्ध, सारी रीते शणगारेल.
अतिप्रौढ पु० न० अत्यंत प्रौढ-पीढ-गंभीर.
अतिप्रौढा स्त्री० जेनो विवाहकाळ व्यतीत थयेलो होय तेवी अत्यंत मोटी थइ गयेली स्त्री.
अतिबल त्रि० अत्यंत बळवान.
अतिबल न० अत्यंत बळ.
अतिबला स्त्री० ते नामनी एक औषधि, विश्वामित्रे रामने आपेली एक अस्त्रविद्या.
अतिबाल त्रि० अत्यंत नानुं बाळक.
अतिबाला स्त्री० बे वर्षनी बाळकी.
अतिब्रह्मचर्य पु० स्त्रीनो संग करनार, ब्रह्मचर्यनो त्याग करनार.
अतिब्रह्मचर्य न० घणुं ब्रह्मचर्य.
अतिभार पु० अत्यंत भार–गोरव, वेग.
अतिभारग पु० गधेडो, खच्चर.
अतिभी स्त्री० वज्जवाळा, अत्यंत बीक.
अतिभूमि स्त्री० मर्यादाउपरांत, अधिकता.
अतिभोजन न० हद उपरांत खावुं, घणुं खावुं ते.
अतिमंगल्य त्रि० अत्यंत मांगलीक.
अतिमंगल्य पु० बीलीनुं वृक्ष.
अतिमर्याद अव्य० मर्यादानुं उल्लंघन.
अतिमर्याद त्रि० मर्यादा ओळंगनार, निर्मर्याद.
अतिमात्र त्रि० अतिशय, अत्यंत, प्रमाणने ओळंगनार, मोटा प्रमाणवाळुं.

अतिमात्रशस् અવ્ય૦ ઘણું ઘણું, અત્યંત અત્યંત.
अतिमात्र ત્રિ૦ પ્રમાણથી અધિક.
अतिमान પુ૦ અત્યંત અભિમાની.
अतिमानुष ત્રિ૦ મનુષ્યને અયોગ્ય દિવ્ય કર્મ, રૂપ વગેરે.
अतिमाय ત્રિ૦ અંત્યંત માયા-કપટવાળું, માયારહિત.
अतिमित्र ન૦ પરમ મિત્ર, અત્યંત બાંધવ.
अतिमुक्त પુ૦ માધવી લતા, તાડનું ઝાડ.
अतिमुक्त ત્રિ૦ અત્યંત મુક્ત, વિદેહ કૈવલ્યને પામેલ, નિર્વાણમુક્તિને પહોંચેલ.
अतिमुक्तक પુ૦ નિર્વાણમુક્તિવાળું, અત્યંત મુક્ત.
अतिमुक्तक પુ૦ એક જાતનું વૃક્ષ, તાડનું ઝાડ.
अतिमुक्ति સ્ત્રી૦ અત્યંત મુક્તિ, તત્વજ્ઞાન પછી પ્રાપ્ત થતું વિદેહકૈવલ્ય, વેદમાં દર્શાવેલો શરીરત્યાગ.
अतिमृत्यु પુ૦ મોક્ષ.
अतिमैथुन ન૦ અત્યંત મૈથુન, પોતાની શક્તિ ઉપરાંત સ્ત્રીસંગ.
अतिमोद ત્રિ૦ અત્યંત હર્ષવાળું.
अतिमोदा સ્ત્રી૦ નવમલ્લિકા લતા.
अतिरक्त પુ૦ અત્યંત લાલ રંગ.
अतिरक्त ત્રિ૦ અત્યંત લાલ રંગવાળું, અતિસ્નેહવાળું.
अतिरथ પુ૦ અસંખ્યની જોડે એકલો યુદ્ધ કરનાર લડવૈયો.
अतिरथ ત્રિ૦ રથનું ઉલ્લંઘન કરનાર, રથવિનાનું.
अतिरसा સ્ત્રી૦ આસન નામની વનસ્પતિ.
अतिराज ત્રિ૦ રાજાનું ઉલ્લંઘન કરનાર.
अतिराजन् પુ૦ પૂજ્ય રાજા.
अतिरात्र પુ૦ એક રાત્રિથી થઈ શકે તેવો એક યજ્ઞ.
अतिरि ન૦ ધનનું ઉલ્લંઘન કરનાર, ધનરહિત કુળ વગેરે.
अतिरिक्त ત્રિ૦ અત્યંત, શ્રેષ્ઠ, જૂદું, શૂન્ય, ખાલી.
अतिरिक्त ન૦ અત્યંત, અધિકતા.
अतिरुच् ત્રિ૦ કાંતિને ઓળંગનાર.
अतिरुच् પુ૦ સ્ત્રીઓના સાથળનો પ્રદેશ, ઢીંચણ.
अतिरुच् સ્ત્રી૦ અત્યંત કાંતિવાળી સ્ત્રી.
अतिरूक्ष ત્રિ૦ અત્યંત રૂક્ષ, સ્નેહશૂન્ય, અતિશય સ્નેહાળ.
अतिरूक्ष પુ૦ અત્યંત રૂક્ષ એવું કાંગ-કોદરા વગેરે ધાન્ય.
अतिरूप પુ૦ રૂપરહિત પરમેશ્વર.
अतिरूप ન૦ સુંદર રૂપ.
अतिरूप ત્રિ૦ ઘોળું વગેરે રૂપરહિત, વાયુ વગેરે પદાર્થ, અત્યંત રૂપવાળું.
अतिरेक પુ૦ અત્યંત, ભેદ, પ્રધાનપણું, અધિકતા.
अतिरोग પુ૦ ક્ષય રોગ.
अतिरोभ ત્રિ૦ અત્યંત રોગવાળું.
अतिरोधान ન૦ પ્રકાશ, ખુલ્લું, વ્યવધાનનો અભાવ, પ્રકટ.
अतिरोमश પુ૦ જંગલી બકરો, મોટો વાંદરો.
अतिरोमश ત્રિ૦ અત્યંત રૂંવાટાંવાળું.
अतिरोहित ત્રિ૦ પ્રકાશિત, સ્પષ્ટ, ખુલ્લું,
अतिलुब्ध ત્રિ૦ અત્યંત લોભી.
अतिलोभ પુ૦ અત્યંત લોભ.
अतिलोमश ત્રિ૦ અત્યંત રૂંવાટાંવાળું.
अतिलोमश પુ૦ જંગલી બકરો, મોટો વાંદરો.
अतिलोमशा સ્ત્રી૦ नीलबुन्हा જુઓ.
अतिवक्तृ ત્રિ૦ વાચાળ, બહુ બોલકું, અતિ મહાન વક્તા.
अतिवक्र ત્રિ૦ અત્યંત વાંકું.
अतिवक्र પુ૦ મંગળ વગેરે પાંચ ગ્રહ.

अतिवयस् त्रि० કાળકૃત અવસ્થાને ઓળંગનાર, વૃદ્ધ, પક્ષીને ઓળંગનાર.

अतिवर्णाश्रमिन् पु० બ્રાહ્મણાદિ વર્ણથી તથા બ્રહ્મચર્યાદિ આશ્રમથી ભિન્ન આત્મજ્ઞાની.

अतिवर्तन न० अतिरेक શબ્દનો અર્થ.

अतिवर्तन त्रि० જીવનના ઉપાયનો ત્યાગ કરનાર.

अतिवर्तिन् त्रि० અતિશયવાળું, આગળ ચાલનાર.

अतिवर्तुल त्रि० અત્યંત ગોળાકારવાળું.

अतिवर्तुल पु० વટાણા.

अतिवाद पु० અત્યંત બોલવું, કઠોર વાક્ય, અપ્રિય વાક્ય.

अतिवादिन् त्रि० બધા કરતાં અત્યંત બોલનાર, સર્વના મતનું ખંડન કરી પોતાના મતને સ્થાપનાર.

अतिवाह पु० એક શરીરનો ત્યાગ કરી બીજા શરીરમાં જીવને લઇ જવો તે.

अतिवाहक पु० એક શરીરનો ત્યાગ કરી બીજા શરીરમાં જીવને લઇ જનાર, તે નામની એક દેવજાતિ.

अतिवाहिक त्रि० નારકી જીવ, અતિવાહમાં જીવની સાથે જનાર સૂક્ષ્મશરીર.

अतिवाहित त्रि० ઓળંગેલ.

अतिवाह्य त्रि० અતિવાહને યોગ્ય કાળ વગેરે, ઓળંગવા યોગ્ય.

अतिविकट त्रि० અત્યંત ભયંકર, અત્યંત વિકટ.

अतिविकट पु० દુષ્ટ હાથી.

अतिविष त्रि० ઝેરનું ઉલ્લંઘન કરનાર, અત્યંત ઝેરી.

अतिविषा स्त्री० અતિવખની વેલ, અતિવખની કળી.

अतिविस्रब्धनवोढा स्त्री० સાહિત્યપ્રસિદ્ધ એક નાયિકા.

अतिवृत्त त्रि० અત્યંત, ઓળંગેલ.

अतिवृत्ति स्त्री० ઓળંગવું.

अतिवृत्ति त्रि० આજીવિકાનો ત્યાગ કરનાર.

अतिवृद्ध त्रि० અત્યંત વૃદ્ધ, અત્યંત વધેલું, ઘણું વૃદ્ધ.

अतिवृद्ध पु० તંત્રશાસ્ત્રમાં કહેલો એક મંત્ર.

अतिवृद्धा स्त्री० ઘાસ વગેરે ન ચાવી શકે તેવી ગાય, અત્યંત ઘરડી.

अतिवृष्टि स्त्री० અત્યંત વરસાદ, ધાન્યનો નાશ કરનાર ઉપદ્રવ.

अतिवेध पु० અત્યંત સંબંધ

अतिवेग पु० અત્યંત વેગ.

अतिवेगित त्रि० અત્યંત વેગવાળું.

अतिवेल त्रि० અત્યંત, હદ ઉપરાંત, સમુદ્ર વગેરેના કાંઠાને ઓળંગનાર.

अतिवेल अव्य० અત્યંત.

अतिवोढृ त्रि० અત્યંત વહન કરનાર, અત્યંત પહોંચાડનાર.

अतिव्यथन न० અત્યંત દુઃખ દેવું.

अतिव्यथा स्त्री० અત્યંત પીડા.

अतिव्यय पु० અત્યંત ખર્ચ, હદ ઉપરાંત ખર્ચ.

अतिव्याप्ति स्त्री० લક્ષણનું અલક્ષ્યને પણ લાગુ થવું તે.

अतिशक्वरी स्त्री० પંદર અક્ષરના ચરણવાળો એક છંદ.

अतिशक्ति स्त्री० અત્યંત શક્તિ, અત્યંત સામર્થ્ય, અત્યંત બળ, અધિક વીર્ય.

अतिशक्ति त्रि० સામર્થ્યનું ઉલ્લંઘન કરનાર, અત્યંત બળવાન.

अतिशक्ति अव्य० શક્તિનું ઉલ્લંઘન.

अतिशक्तिता त्रि० અત્યંત પરાક્રમ.

अतिशक्तित्व न० ઉપરનો અર્થ.

अतिशक्तिभाज् त्रि० અત્યંત શક્તિવાળું, અત્યંત સમર્થ.

अतिशय पु० અધિકતા, અતિરેક, ઘણું.

अतिशय त्रि० અતિશયવાળું, હાથનું ઉલ્લંઘન કરનાર, દ્વાર, વ્યાપાર.

अतिशयन न० अतिशय શબ્દનો અર્થ.

अतिशयन त्रि० શયનનું ઉલ્લંઘન કરનાર.

अतिशयित त्रि० અધિક, ઓળંગેલું.

अतिशयिन् त्रि० અતિશયયુક્ત.

अतिशयोक्ति स्त्री० અલંકાર શાસ્ત્ર પ્રસિદ્ધ, એક અલંકાર, અતિશય બોલવું.

अतिशस्त त्रि० અત્યંત વખણાયેલ, અતિ ઉત્તમ.

अतिशायन न० અધિકપણું, પ્રકર્ષ,

अतिशीत त्रि० ઠંડું, અત્યંત શીતલસ્પર્શવાળું.

अतिशीत न० અત્યંત શીતલ સ્પર્શ.

अतिशेष पु० અતિ અલ્પ બાકી રહેલ.

अतिशोभन त्रि० અત્યંત શોભાવાળું, ઘણું સારૂં.

अतिश्व त्रि० બળમાં કુતરા કરતાં અધિક ભુંડ-ડુક્કર વગેરે.

अतिश्वन् पु० અતિ સુંદર કુતરો.

अतिष्ठा त्रि० સર્વાતીત, સર્વોત્કૃષ્ટ, સર્વોત્તમ.

अतिसन्ध त्रि० સંધાનરહિત, હદવિનાનું. મર્યાદાનું ઉલ્લંઘન કરનાર.

अतिसञ्चय पु० અત્યંત સંગ્રહ, મોટો સંઘરો

अतिसंधान न० અસત્ય, ઠગબાજી, કપટ, ઠગાઇ.

अतिसंधेय त्रि० દુઃખેકરી સંધાય તે, કષ્ટથી જેનો સંયોગ થાય તે.

अतिसन्ध्या स्त्री० સંધ્યાકાળનો નજદીક કાળ.

अतिसर त्रि० પોતાની ગતિ ઓળંગી જનાર, અગ્રેસર, આગળ જનાર.

अतिसर्ग पु० દાન, 'ઇચ્છા પ્રમાણે કર' એમ સલાહ આપવી તે.

अतिसर्ग त्रि० સૃષ્ટિને ઓળંગનાર, નિત્ય, મુક્ત.

अतिसर्जन न० દાન, વધ, મારવું તે, ઠગાઇ, અતિશય દાન.

अतिसर्व त्रि० સર્વાતીત, સર્વને ઓળંગનાર, સર્વાધિક.

अतिसंस्कृत त्रि० અત્યંત સંસ્કારી.

अतिसांतपन न० તે નામનું એક વ્રત.

अतिसाम्य न० અત્યંત સમાનપણું.

अतिसाम्या स्त्री० જેઠીમધ.

अतिसायम् अव्य. સાયંકાળનો સમીપ કાળ

अतिसार पु० ઝાડાનો રોગ, અતિસાર રોગ.

अतिसारकिन् त्रि० અતિસાર રોગવાળું.

अतिसारिन् त्रि० અતિસાર રોગવાળું.

अतिसृज्य त्रि० ત્યાગ કરવા યોગ્ય, સરજવા યોગ્ય.

अतिसृष्ट त्रि० આપેલ, પ્રેરેલ, સરજેલ,

अतिसौरभ पु० અત્યંત સુગંધવાળો આંબો.

अतिसौरभ त्रि० અત્યંત સુગંધવાળું.

अतिसौहित्य न० અત્યંત તૃપ્તિ.

अतिस्तुति स्त्री० ગુણ ન હોવા છતાં ગુણો માની લઈ કોઇની સ્તુતિ કરવી તે.

अतिस्थिर त्रि० અત્યંત સ્થિર.

अतिस्निग्धमधुरत्व न० જૈન તીર્થંકરોની વાણીના ૩૫ ગુણોમાંહેનો ૨૦ મો ગુણ.

अतिस्पर्श त्रि० ય, ર, લ, કે વ-એ ચારવર્ણ, સ્વર, દાનહીન, કૃપણ, લોભી.

अतिस्पर्श पु० અત્યંત સ્પર્શ.

अतिस्फिर त्रि० અત્યંત સ્ફૂર્તિવાળું, અત્યંત વૃદ્ધ.

अतिहसित न० અત્યંત હસવું, ખડખડ હસવું.

अतिहस्ति नामधातु. હાથવડે ફેંકવું, હાથીવડે જવું.

अतिहास पु० અત્યંત હસવું, મોટેથી હસવું.

अतीक्ष्ण न० તીક્ષ્ણનો અભાવ.

अतीक्ष्ण त्रि० तीક્ષ્ણ નહિ તે, કોમળ.
अतीत त्रि० વીતેલ, ગયેલ, ભૂતકાળ, સમાપ્ત, ઓળંગેલ.
अतीतनौक त्रि० વહાણમાંથી ઉતરેલ.
अतीन्द्र पु० વિષ્ણુ.
अतीन्द्र त्रि० ઇંદ્ર કરતાં અધિક ગુણવાન.
अतीन्द्रिय त्रि० ઇંદ્રિયોથી અગ્રાહ્ય,અપ્રત્યક્ષ, પરબ્રહ્મ વગેરે.
अतीव अव्य० અત્યંત, ઘણુંજ, બહુજ.
अतीसार पु० અતિસાર રોગ.
अतुंग त्रि० મોટું નહિ તે.
अतुल पु० તિલક વૃક્ષ.
अतुल त्रि० પરાક્રમ વગેરેમાં જેની તુલના ન થઈ શકે તે.
अतुल्य त्रि० અસમાન, તુલ્ય નહિ તે.
अतुष त्रि० ફોતરાંવિનાનું ધાન્ય વગેરે.
अतुष्टिकर त्रि० અસંતોષકારક, સંતોષ નહિ કરનાર.
अतुहिनरश्मि पु० સૂર્ય, આકડાનું ઝાડ.
अतुहिनरश्मि त्रि० ઉગ્ર કિરણવાળું.
अतूतुजि पु० અદાતા.
अतूर्त त्रि० અહિંસિત, નહિ મારેલ.
अतृणाद त्रि० ઘાસ નહિ ખાનાર, માત્ર દૂધથીજ પોષવા યોગ્ય ગાયનો નાનો વાછડો વગેરે.
अतृदिल पु० નાશ-ચૂરો કરવાને અયોગ્ય, પર્વત.
अतृप्त त्रि० તૃપ્ત નહિ થયેલ.
अतृप्ति त्रि० લોભી, તૃપ્તિરહિત, અસંતોષી.
अतृप्ति स्त्री० તૃપ્તિનો અભાવ.
अतेजस् न० અંધકાર, છાયા, તેજનો અભાવ.
अतेजस् त्रि० તેજરહિત.
अतेजस्विन् त्रि० તેજવિનાનું.
अत्क पु० શરીરનો અવયવ.
अत्क त्रि० મુસાફર
अत्तवे अव्य० ખાવાને, ભક્ષણ કરવાને.
अत्ता स्त्री० માતા, મા.
अत्ति स्त्री० માતા, મોટી બહેન, સ્ત્રીની સાસુ.
अत्तिका स्त्री० ઉપરનો અર્થ.
अत्तृ त्रि० ખાનાર.
अत्तृ पु० પરમેશ્વર.
अत्न न० યુદ્ધ.
अत्नु त्रि० મુસાફર.
अत्नु पु० વાયુ, સતત ચાલનાર.
अत्य त्रि० વેગથી ચાલનાર ઘોડો વગેરે.
अत्य पु० ઘોડો.
अत्यग्निष्टोम पु० તે નામનો એક યજ્ઞ.
अत्यंकुश पु० અંકુશને નહિ ગણનાર હાથી.
अत्यंगुल त्रि० આંગળીના પ્રમાણથી અધિક.
अत्यंजनीय त्रि० ત્યાગ કરવાને અયોગ્ય.
अत्यध्व त्रि० માર્ગને ઓળંગી ગયેલો મુસાફર વગેરે.
अत्यध्वन् पु० સારો માર્ગ.
अत्यंत न० અત્યંત, અતિશય.
अत्यंत त्रि० નાશ વિનાનું, છેડા વિનાનું.
अत्यंत अव्य. નાશરહિત, અમાપ.
अत्यंतकोपन त्रि० ઘણું ક્રોધી.
अत्यंतगामिन त्रि० બહુ જનાર, ઘણું ચાલનાર.
अत्यंतनिवृत्ति स्त्री० મોક્ષાવસ્થા, અત્યંત શાંતિ, દુઃખનો અત્યંત અભાવ.
अत्यंतसंयोग पु० ઘણોજ સંબંધ, સતત સંબંધ, વ્યાપ્તિ.
अत्यंतसुकुमार पु० કાંગનું વૃક્ષ.
अत्यंताभाव पु० ન્યાયશાસ્ત્રમાં કહેલો તે નામનો અભાવ, સતતશૂન્યતા.
अत्यंतिक त्रि० અતિશય જનાર, સમીપ રહેલ, દૂર રહેલ.
अत्यंतिक न० અત્યંત પાસે, દૂર.
अत्यंतीन त्रि० અતિશય ગમન કરનાર.

अत्यम्ल पु० આંબલીનું ઝાડ.
अत्यम्ल त्रि० ઘણીજ ખાટી કોઈ વસ્તુ.
अत्यम्ला स्त्री० જંગલી બીજોરાનું ઝાડ.
अत्यम्लपर्णी स्त्री० ઉપરનો અર્થ.
अत्यय पु० ઉલ્લંઘ, નાશ, દોષ, કષ્ટ, દુઃખ, અભાવ, અપરાધ.
अत्यय त्रि० વિલંબને નહિ સહન કરનાર.
अत्यर्थ त्रि० અતિશયવાળું.
अत्यर्थ न० અતિશય.
अत्यर्थ अव्य० પદાર્થ–વસ્તુનો અભાવ.
अत्यल्प त्रि० અતિ અલ્પ, ઘણુંજ થોડું, બહુ સૂક્ષ્મ.
अत्यशन न० હદ ઉપરાંત ખાવું.
अत्यष्टि स्त्री० સત્તર અક્ષરના ચરણવાળો એક છંદ.
अत्याकार पु० તિરસ્કાર, મોટો, આકાર, મોટું શરીર.
अत्याकार त्रि० મોટા શરીરવાળું.
अत्याग पु० ત્યાગનો અભાવ, ત્યાગ નહિ કરવો તે.
अत्यागिन् त्रि० ત્યાગી નહિ તે, કર્મનાં ફળની આશા રાખી કર્મ કરનાર.
अत्याचार पु० અતિ ઉત્કટ આચાર, અયોગ્ય આચરણ.
अत्याचार अव्य० આચારનું ઉલ્લંઘન.
अत्याज्य त्रि० નહિ ત્યાગ કરવા યોગ્ય.
अत्यादान त्रि० અતિશય ગ્રહણ કરવું, અત્યંત લેવું.
अत्याधान न० ઓળંગવું, હરકોઇ સંબંધ, ઉપર સ્થાપવું, મોટાને મૂકી અગ્ન્યાધાન કરવું.
अत्याधान अव्य० અગ્ન્યાધાનનો ત્યાગ કરવો.
अत्याय त्रि० લાભનો ત્યાગ કરનાર.
अत्याय पु० ઓળંગવું, અતિશય લાભ.
अत्यायु न० યજ્ઞનું એક પાત્ર.

अत्यारूढि स्त्री० અત્યંત ઉંચે ચઢવું, ઘણીજ ખ્યાતિ, અત્યંત પ્રસિદ્ધિ.
अत्याल पु० લાલ ચિત્રકવૃક્ષ.
अत्याश त्रि० આશાને ઓળંગી જનાર.
अत्याशा स्त्री० અત્યંત આશા, પૂર્ણ ન થાય તેવી તૃષ્ણા.
अत्याश्रम त्रि० સર્વ આશ્રમનો ત્યાગ કરી પાંચમા આશ્રમમાં જનાર સંન્યાસી.
अत्याश्रम पु० ઉત્તમ આશ્રમ–સંન્યાસ.
अत्याहार पु० ઘણોજ આહાર.
अत्याहारिन् त्रि० ઘણોજ આહાર કરનાર.
अत्याहित न० અત્યંત ભય, પ્રાણસંકટ, અનર્થ.
अत्युक्ति स्त्री० જેમ આવે તેમ બોલવું, અસંબદ્ધ બકવું, નિર્ગુણ કે મૂર્ખ માણસની પણ ગુણવાન તરીકે સ્તુતિ કરવી.
अत्युक्था स्त्री० બાર અક્ષરના ચરણવાળો એક છંદ.
अत्युच्छ्रित त्रि० અત્યંત ઉંચું, અતિ ઉન્નત.
अत्युत्कट त्रि० અતિ ઉગ્ર.
अत्युत्कृष्ट त्रि० ઘણું ઉત્કૃષ્ટ, સર્વોત્તમ.
अत्यूमशा अव्य० એક પ્રકારનો અનુકરણશબ્દ, હિંસા કરવી.
अत्यूह पु० એક જાતનું પક્ષી, અતિશય તર્ક.
अत्यूह अव्य० તર્ક વિતર્કનો અભાવ.
अत्यूहा स्त्री० ગળી, કાળી નગોડ.
अत्र अव्य० અહીં, આમાં, એમાં.
अत्र त्रि० જેનું કોઇનાથી રક્ષણ ન થઇ શકે તે.
अत्रप त्रि० નિર્લજ્જ, શરમવિનાનું.
अत्रपा स्त्री० શરમનો અભાવ.
अत्रभवत् त्रि० પૂજ્ય.
अत्रस्त त्रि० ત્રાસરહિત, નિર્ભય.
अत्रास पु० ત્રાસનો અભાવ.
अत्रास त्रि० ત્રાસવિનાનું.

अत्रि પુ० તે નામનો એક ઋષિ.

अत्रिजात પુ० ચન્દ્રમા.

अत्रिदृग्ज પુ० ચન્દ્રમા.

अत्रिन् પુ० અત્રિ ઋષિ.

अत्रिनेत्रज પુ० ચન્દ્ર.

अत्रिनेत्रप्रसूत પુ० ચન્દ્ર.

अत्रिनेत्रभू પુ० ચન્દ્ર.

अत्रिपुत्र પુ० ચન્દ્રમા.

अत्रिभारद्वाजिका સ્ત્રી० અત્રિ અને ભારદ્વાજ મુનિના વંશમાં ઉત્પન્ન થયેલ સ્ત્રી-પુરુષનું યુગલ.

अत्रिसंहिता સ્ત્રી० વર્ણાશ્રમનો આચાર સમજાવનારૂં અત્રિમુનિએ રચેલું એક ધર્મશાસ્ત્ર.

अत्वरा સ્ત્રી० ઉતાવળ નહિ તે.

अत्सरुक પુ० યજ્ઞનું એક પાત્ર–ચમસ.

अथ અવ્ય० આરંભ, સંશય, પછી, પ્રશ્ન, વિકલ્પ, પ્રકરણ, સમુચ્ચય, પક્ષાન્તર, મંગલ, સમગ્ર.

अथकिम् અવ્ય० સામા માણસે કહેલું પોતાને કબુલ છે એમ દર્શાવવા માટે વપરાતું અવ્યય–સ્વીકાર, હા, એમજ.

अथर्वण પુ० શિવ.

अथर्वणि પુ० અથર્વ વેદોક્ત કર્મને જાણનાર બ્રાહ્મણ, પુરોહિત.

अथर्वन् પુ० તે નામનો એક મુનિ, વેદમાંહેનો ચોથો વેદ.

अथर्वविद् પુ० અથર્વવેદને જાણનાર.

अथर्ववेद પુ० ચોથો વેદ.

अथर्वशिखा સ્ત્રી० અથર્વવેદનું તે નામનું એક ઉપનિષદ્–અધ્યાત્મગ્રંથ.

अथर्वशिरस् ન० તે નામનું અથર્વવેદનું ઉપનિષદ્–અધ્યાત્મગ્રંથ.

अथर्वाङ्गिरस પુ० અથર્વન અને અંગિરા મુનિએ જોયેલો વેદમંત્ર.

अथर्वाधिप પુ० બુધ ગ્રહ.

अथर्वी સ્ત્રી० અહિંસા.

अथवा અવ્ય० પક્ષાન્તર, અથવા.

अथो અવ્ય० અથ જુઓ.

अद् ભ્વા० પર० સક० સેટ્ અન્દતિ બાંધવું.

अद् અદા० પ० સક० અનિટ્ ખાવું.

अदंष्ट्र પુ० જેની દાઢો ભાંગી ગયેલી હોય તેવો સર્પ.

अदंष्ट्र ત્રિ० દાઢવિનાનું.

अदक्ष ત્રિ० દક્ષ-હોંશીઆર નહિ તે,અચતુર.

अदक्षिण ત્રિ० હોંશીઆરીવાળું, પ્રતિકૂલતાવાળું, દક્ષિણારહિત યજ્ઞ વગેરે, ડાબું અંગ.

अदग्ध ત્રિ० શાસ્ત્રવિધિથી અગ્નિસંસ્કાર નહિ પામેલું, નહિ બળેલું

अदण्ड्य ત્રિ० દંડને અયોગ્ય, શિક્ષાપાત્ર નહિ તે.

अदत्त ન० ઉત્તમ નહિ તે.

अदत्त ત્રિ० નહિ આપેલ.

अदत्ता સ્ત્રી० પરણવા માટે નહિ આપેલી સ્ત્રી.

अदत्तादायिन् ત્રિ० નહિ આપેલું લેનાર.

अदत्तादान ન० નહિ આપેલું લેવું તે.

अदत्र ત્રિ० ખાવા યોગ્ય,ભક્ષણ કરવા લાયક.

अदद्र्यञ्च् ત્રિ० અમુક પ્રત્યે જનાર, આને પ્રાપ્ત થનાર.

अदन ન० ખાવું, ખોરાક.

अदन्त પુ० આદિત્ય દેવમાંહેનો પૂષા દેવ, અકારાંત શબ્દ.

अदन्त ત્રિ० જેને દાંત ઉગ્યા ન હોય તે, દાંતવિનાનું.

अदन्तक ત્રિ० ઉપરનો અર્થ.

अदनीय ત્રિ० ખાવા લાયક.

अदब्ध ત્રિ० નહિ મારેલ.

अदब्धायु પુ० અહિંસાયુક્ત.

अदभ ત્રિ० હિંસામાટે અયોગ્ય, નહિ મારવા લાયક.

अदभ्र ત્રિ० પુષ્કળ, ઘણું.

अदम्य ત્રિ० નહિ નાથવા યોગ્ય એક વર્ષનું વાછરડું વગેરે.

अदर्शन न० દર્શનનો અભાવ, લોપ, વિનાશ.

अदर्शन त्रि० દર્શનવિનાનું, દૃષ્ટિવિનાનું.

अदल पु० પાંદડાંવિનાનું એક વૃક્ષ, પાંદડાં વિનાનું હરકોઇ વૃક્ષ.

अदल त्रि० અખંડ.

अदला स्त्री० એક જાતની કુંવાર.

अदस् त्रि० આગળ નહિ રહીને પરોક્ષમાં જાણેલું, અમુક, આ, એ.

अदातृ त्रि० નહિ આપનાર, અદાતા.

अदान त्रि० દાનશૂન્ય.

अदान पु० મદવિનાનો હાથી.

अदान्त त्रि० ઈન્દ્રિયનિગ્રહ નહિ કરનાર, ઉદ્ધત.

अदाभ्य त्रि० હિંસા કરવાને અયોગ્ય, નહિ મારવા લાયક.

अदाय त्रि० વારસાને માટે નાલાયક.

अदायाद त्रि० ઉપરનો અર્થ.

अदायिक त्रि० જેનો કોઇ વારસ ન હોય તેવું ધન વગેરે.

अदाह्य त्रि० શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિસંસ્કારને અયોગ્ય પતિત વગેરે.

अदाह्य पु० પરમાત્મા.

अदिति स्त्री० પૃથ્વી, વાણી, દેવોની માતા.

अदिति त्रि० અખંડ.

अदिति पु० પુનર્વસુ નક્ષત્ર, સર્વનાશક મૃત્યુ, પરમેશ્વર.

अदितिज पु० દેવ.

अदितिनंदन पु० દેવ.

अदीन त्रि० દીન નહિ તે, કાયર નહિ તે.

अदुष्ट त्रि० દોષરહિત.

अदूर न० દૂર નહિ તે, પાસે.

अदूषित त्रि० દોષરહિત.

अदृश् त्रि० આંધળું, ચક્ષુઇંદ્રિયરહિત.

अदृश्य पु० પરમેશ્વર.

अदृश्य त्रि० દશ્યરહિત, દેખાવાને અયોગ્ય.

अदृष्ट न० નસીબ, ભાગ્ય, પ્રારબ્ધકર્મ.

अदृष्ट त्रि० નહિ જોયેલ, દૈવિ ભય વગેરે.

अदृष्टपूर्व त्रि० પૂર્વે કદિ નહિ જોએલ.

अदृष्टवत त्रि० ભાગ્યવાન, ભાગ્યશાળી.

अदृष्टि त्रि० દૃષ્ટિવિનાનું, આંધળું.

अदृष्टि स्त्री० કુદૃષ્ટિ, ક્રોધવાળી વક્ર દૃષ્ટિ, દર્શનનો અભાવ.

अदृष्टिका स्त्री० ઉપરનો અર્થ.

अदेय त्रि० ન આપવા લાયક, દાન દેવાને અયોગ્ય.

अदेयदान न० ન આપવા લાયક દાન.

अदेवत्र त्रि० દેવોને પ્રસન્ન નહિ કરનાર અન્ન વગેરે.

अदेवमातृक पु० જ્યાં નદી વગેરેથીજ અન્ન પાકતું હોઇ વરસાદની જરૂર ન હોય તેવો દેશ.

अदेवयु त्रि० દેવોને નહિ પહોંચનાર નહિ-પ્રાપ્ત થનાર.

अदेश पु० નિંદિત દેશ, અયોગ્ય દેશ, જ્યાં દાનાદિ વ્યર્થ થાય તેવો પ્રદેશ.

अदैव न० વૈશ્વદેવિક શ્રાદ્ધરહિત-નિત્ય શ્રાદ્ધ.

अदैव त्रि० ભાગ્યહીન, દુર્ભાગ્યવાળું.

अदोष पु० દોષનો અભાવ.

अदोष त्रि० દોષવગરનું.

अद्ग न० પુરોડાશ, ઘી.

अद्धा अव्य० ખરેખર, સાચું, સાક્ષાત્કાર, સ્પષ્ટ, નક્કી, અતિશય.

अद्भुत पु० અલંકાર શાસ્ત્રપ્રસિદ્ધ તે નામે એક રસ, ખેરનું ઝાડ.

अद्भुत न० અકસ્માત થનાર ઉત્પાત વગેરે, આશ્ચર્ય.

अद्भुत त्रि० અદ્દભુત રસવાળું, આશ્ચર્યકારક.

अद्भुतसार पु० ખેરનો સાર, ખેરી ગુંદર.

अद्भुतस्वन पु० મહાદેવ, આશ્ચર્યકારકશબ્દ.

अद्भुतस्वन त्रि० આશ્ચર્યકારક શબ્દવાળું.

अद्मनि पु० અગ્નિ, ચિત્રાનું ઝાડ.

अद्मर त्रि० ખાઉધરું, ખાખ કરનારું.
अद्य अव्य० આજે.
अद्यतन त्रि० આજનું.
अद्यत्व न० આજે, વર્તમાનપણું.
अद्यश्वीन त्रि० આજકાલ હોનાર-થનાર.
अद्यश्वीना स्त्री० આજકાલ પ્રસવ પામનારી, વીયાવાની તૈયારીપર આવેલી.
अद्यापि अव्य० હજી પણ, હજીસુધી.
अद्यावधि अव्य० આજસુધી.
अद्रव पु० દ્રવનો અભાવ.
अद्रव त्रि० દ્રવશૂન્ય.
अद्रव्य न० નહિ વખાણવા લાયક દ્રવ્ય, અયોગ્ય પદાર્થ.
अद्रि पु० પર્વત, પત્થર, વૃક્ષ, સૂર્ય, મેઘ, એક પ્રકારનું પરિમાણ-માપ.
अद्रिकर्णी स्त्री० તે નામની એક વનસ્પતિ.
अद्रिकील पु० વિષ્કુંભ પર્વત.
अद्रीकीला स्त्री० પૃથ્વી.
अद्रिज त्रि० પર્વતમાં ઉત્પન્ન થયેલ પદાર્થ માત્ર.
अद्रिज पु० શિલાજીત, ગેરૂ.
अद्रिजा स्त्री० પાર્વતી, તે નામની એક વનસ્પતિ.
अद्रितनया स्त्री० પાર્વતી.
अद्रिद्विष् पु० ઈંદ્ર.
अद्रिदुग्ध पु० સોમલતા.
अद्रिद्रोणि स्त्री० પર્વતમાંથી નીકળનારી નદી.
अद्रिनन्दिनी स्त्री० પાર્વતી.
अद्रिपति पु० હિમાલય.
अद्रिबर्हस् त्रि० અત્યંત કઠિન.
अद्रिबुध्न पु० ઉપરનો અર્થ.
अद्रिभिद् पु० ઈંદ્ર.
अद्रिभू स्त्री० પાર્વતી, તે નામની વનસ્પતિ.
अद्रिभु त्रि० પર્વતમાં થનાર.
अद्रिमातृ पु० મેઘના જળને માપનાર.
अद्रिराज् पु० હિમાલય.
अद्रिराज पु० હિમાલય.
अद्रिशृंग न० પર્વતનું શિખર.
अद्रिषुत पु० સોમલતા.
अद्रिसंहत पु० સોમલતા.
अद्रिसंहत त्रि० પર્વતના જેવું અત્યંત કઠિન.
अद्रिसार पु० લોઢું.
अद्रिसार त्रि०અતિકઠિન.
अद्रिसारमय त्रि० અત્યંત કઠિન.
अद्रीश पु० હિમાલય, શંકર.
अद्रुह्वन् त्रि० દ્રોહ નહિ કરનાર.
अद्रोघ त्रि० દ્રોહરહિત.
अद्रोघ पु० દ્રોહનો અભાવ.
अद्रोघावित त्रि० અદ્રોહનું રક્ષણ કરનાર.
अद्रोह पु० દ્રોહનો અભાવ.
अद्रोहिन् त्रि० દ્રોહ નહિ કરનાર.
अद्वय न० દ્વિત્વનો અભાવ, બે નહિ, અભેદ.
अद्वय पु० આત્મવેત્તા, બ્રહ્મ અને આત્માની એકતા જાણનાર, એક બૌદ્ધ.
अद्वयवादिन् पु० અદ્વૈતવાદી વેદાન્તી, સર્વ વસ્તુને જ્ઞાનાત્મક સ્વીકારનાર બૌદ્ધ.
अद्वयस् त्रि० દ્વિત્વરહિત, બેપણાથી રહિત.
अद्वयानन्द पु० બ્રહ્મરૂપ આનંદ, અદ્વૈત આનંદ.
अद्वयाविन त्रि० દેવયાન તથા પિતૃયાનરૂપ બે માર્ગથી રહિત.
अद्वयु त्रि० બે પ્રકારરૂપ કપટથી રહિત, અંદર અને બહાર એક સ્વરૂપ.
अद्वार न० નિંદિત દ્વાર, પ્રવેશને માટે અયોગ્ય એવું ગુપ્ત દ્વાર.
अद्वार त्रि० દ્વાર વિનાનું,પ્રવેશનેમાટેઅયોગ્ય, દુઃખથી પ્રવેશ થઇ શકે એવું.
अद्वितीय त्रि० પરબ્રહ્મ, બીજારહિત, એકલું, ઉપાય વિનાનું અગમ્ય.

अद्विषेण्य त्रि० પ્રિયસ્વરૂપ.
अद्वेष पु० દ્વેષનો અભાવ.
अद्वेष त्रि० દ્વેષરહિત.
अद्वेषस् त्रि० દ્વેષનો આશ્રય નહિ તે. દ્વેષ નહિ કરનાર.
अद्वैत त्रि० ભેદરહિત.
अद्वैत न० અભેદ, પરબ્રહ્મ.
अद्वैत पु० વિષ્ણુ.
अद्वैतवादिन् पु० વેદાંતી.
अद्वैतसिद्धि पु० જેમાં જગત અને બ્રહ્મના અભેદનું વર્ણન છે તે વેદાંતનું એક પ્રકરણ.
अद्वैतसिद्धि स्त्री० અદ્વૈતની સિદ્ધિ.
अध अव्य० अथ શબ્દનો અર્થ.
अधःकाय पु० શરીરનો નીચલો ભાગ.
अधःकार पु० ઓછું કરવું, તિરસ્કાર, નીચે કરવું.
अधःक्षिप्त त्रि० નીચે ફેંકેલું, નીચે મૂકેલું.
अधःपतित त्रि० નીચે પડેલું.
अधःपुष्पी स्त्री० તે નામનું એક વૃક્ષ.
अधःशय्या स्त्री० પૃથ્વીપર શય્યા, ભોંય પથારી.
अधस्थ त्रि० નીચે રહેનાર.
अधन त्रि० ધનરહિત, નિર્ધન.
अधम त्रि० નિંદિત, હલકું, નીચ.
अधमता स्त्री० નીચતા.
अधमत्व न० નીચપણું.
अधमभृतक पु० ભાર ઉંચકીને આજીવિકા ચલાવનાર-મજૂર.
अधमर्ण त्रि० દેવાદાર, કરજદાર.
अधमर्णिक त्रि० ઉપરનો અર્થ.
अधमा स्त्री० સાહિત્યપ્રસિદ્ધ એક નાયિકા.
अधमांग न० પગ.
अधमार्द्ध न० નાભિની નીચેનો ભાગ.
अधर पु० न० સ્ત્રીનો ગુહ્ય ભાગ-યોનિ.
अधर पु० નીચલો હોઠ, હોઠ.
अधर त्रि० તળીયું, નીચેનું, હલકું, નીચ, તુચ્છ.
अधरतस् अव्य० નીચે, તળીયે.
अधरस्तात् अव्य० ઉપરનો અર્થ.
अधरमधु न० અધરોષ્ઠનો રસ.
अधरस्तात् अव्य० નીચે, તળીએ.
अधरा स्त्री० દક્ષિણ દિશા.
अधराच् त्रि० દક્ષિણ દિશામાં જનાર.
अधराची स्त्री० દક્ષિણ દિશામાં જનાર સ્ત્રી, દક્ષિણ દિશા.
अधराचीन त्रि० નીચેના પ્રદેશમાં થનાર.
अधराच्य त्रि० દક્ષિણ દિશામાં થનાર, નીચેની દિશામાં થનાર.
अधरात् अव्य० નીચે, તળીએ, દક્ષિણ દિશામાં.
अधरामृत न० હોઠનું અમૃત.
अधरीकृत त्रि० તુચ્છકારી કાઢેલ, હલકું કરેલ, ધિક્કારેલ.
अधरीण त्रि० નીચે થનાર.
अधरेण अव्य० પાસેની દક્ષિણ દિશા, પાસેનો દક્ષિણ દેશ, નીચ દેશ, નીચે, તળીયે.
अधरेद्युस् अव्य० આવતી કાલે.
अधरोत्तर न० ઓછાવધતું, ઉંચું નીચું.
अधर्म त्रि० ધર્મરહિત, અધર્મી.
अधर्म पु० ધર્મનો અભાવ, અધર્મ, પાપ.
अधर्म न० પરબ્રહ્મ.
अधर्मचारिन त्रि० ધર્મ નહિ કરનાર, પાપ કરનાર.
अधर्मता स्त्री० અધર્મપણું.
अधर्मत्व न० ઉપરનો અર્થ.
अधर्मन त्रि० ધર્મહીન, જેના પુણ્યનો ક્ષય થયો હોય તે.
अधर्ममय त्रि० તદ્દન અધર્મી, પુષ્કળ પાપવાળું.
अधर्मात्मन त्रि० પાપી.

अधर्मास्तिकाय पु० જૈનમતપ્રસિદ્ધ પાંચ અસ્તિકાયોમાંનો એક પદાર્થ.

अधर्मिन त्रि० અધર્મી પાપી

अधर्मिष्ठ त्रि० અત્યંત અધર્મી, અતિશય પાપી.

अधर्म्य त्रि० ધર્મમાટે હિતકારક નહિ તે, પાપના હિતનું.

अधवा स्त्री० વિધવા સ્ત્રી,

अधश्चर पु० ચોર.

अधश्चर त्रि० નીચે જનાર, નીચે ફરનાર-ચાલનાર.

अधश्चौर पु० બાંકું પાડી ચોરી કરનાર.

अधश्शिरस् त्रि० નીચા મસ્તકવાળું.

अधःक्षिप्त त्रि० નીચે ફેંકેલ

अधस् अव्य० નીચે, પાતાલ.

अधस्तन त्रि० નીચે થનાર-હોનાર.

अधस्तमाम् अव्य० અતિશય નીચે.

अधस्तराम् अव्य० અત્યંત નીચે.

अधस्तात् अव्य० નીચે, તળીએ.

अधस्पद न० નીચું પગલું.

अधामार्गव पु० અઘેડો નામની વનસ્પતિ.

अधार्मिक त्रि० અધર્મી.

अधि अव्य० અધિકાર, ઐશ્વર્ય, સ્વપણું, ઉપર, અધિક, અતિશય.

अधि पु० મનની પીડા.

अधिक न० યોગ્ય પ્રમાણથી વધારે.

अधिक त्रि० મુખ્ય, વધારે, અસાધારણ.

अधिकतम ઘણામાંથી એક, ઉત્કૃષ્ટ, અત્યંત ઉત્કૃષ્ટ-અધિક.

अधिकतर બેમાથી એક ઉત્કૃષ્ટ, અત્યંત ઉત્કૃષ્ટ-અધિક.

अधिकता स्त्री० અધિકપણું.

अधिकत्व न० અધિકપણું.

अधिकमास पु० મળમાસ, પુરૂષોત્તમ મહિનો.

अधिकरण न० દ્રવ્ય આધાર, વ્યાકરણ-પ્રસિદ્ધ તે નામનું એક કારક, મીમાંસા-પ્રસિદ્ધ એક ન્યાય, એકાન્વયવાળા પદાર્થ-નો બોધક સમાન વિભક્તિવાળો શબ્દ, હક્ક, અધિકાર.

अधिकरणमंडप पु० ન્યાયમંદિર, કચેરી, કોર્ટ.

अधिकरणविचाल पु० એક દ્રવ્યને જૂદી અવસ્થામાં મૂકી ભિન્ન સંખ્યામાં કરવું તે.

अधिकरणिक पु० ન્યાયાધીશ.

अधिकर्द्धि त्रि० અત્યંત સંપત્તિવાળું.

अधिकर्म अव्य० કર્મમાં, કર્મ ઉપર.

अधिकर्मन न० અધિક કર્મ.

अधिकर्मन् त्रि० અધિક કર્મવાળું.

अधिकर्मकर त्रि० અધિક કામ કરનાર, નોકર વગેરે.

अधिकर्मकृत् त्रि० ઉપરનો અર્થ.

अधिकर्मकृत त्रि० સેવક વગેરે.

अधिकर्मिक पु० વેપારીઓ પાસેથી દાણ લેવાના કામમાં રોકેલો અધિકારી, જકાત વસુલ કરનાર.

अधिकांग त्रि० અધિક અંગવાળું.

अधिकांग न० બખ્તરધારી યોદ્ધાએ હૃદય ઉપર બાંધેલો એક પટો, અધિક અંગ

अधिकार पु० આરંભ, હક, હોદ્દો, માલીકી, પ્રકરણ, સંબંધ.

अधिकारविधि पु० મીમાંસામાં કહેલ એક વિધિ, પોતપોતાના કર્મમાં વિનિયોગ.

अधिकारिता स्त्री० અધિકારીપણું.

अधिकारित्व न० ઉપરનો અર્થ.

अधिकारिन् त्रि० સ્વામી, કર્મફળનો ભોક્તા, હોદ્દેદાર, હકદાર, અધિકારી.

अधिकार्यवचन न० સ્તુતિ કે નિંદારૂપ ફળવાળું અર્થવાદવચન.

अधिकाम पु० અત્યંત અભિલાપ.

अधिकाम त्रि० અત્યંત અભિલાષવાળું.

अधिकाम अव्य० અભિલાષમાં, અભિલાષને લીધે.

अधिकृच्छ्र पु० તે નામનું એક મહિનાનું વ્રત.

अधिकृच्छ्र न० અત્યંત કષ્ટ.

अधिकृच्छ्र त्रि० અત્યંત કષ્ટવાળું.

अधिकृत पु० આવક જાવક વગેરે તપાસનાર અધ્યક્ષ, જેને અમુક અધિકાર સોંપેલો હોય તે, હરકોઇ કામ ઉપર નીમેલ, હોદ્દાદાર.

अधिकृति स्त्री० અધિકાર.

अधिक्रम पु० ચઢવું.

अधिक्रमण न० ચઢવું.

अधिक्षित् पु० ચોતરફથી ક્ષય-વિનાશ.

अधिक्षित् त्रि० ચારેબાજુથી ક્ષયવાળું.

अधिक्षिप्त त्रि० સ્થાપેલું, નિંદેલું, ધિક્કારેલું, ફેંકેલું, પ્રેરેલું, તિરસ્કારેલું.

अधिक्षेप पु० તિરસ્કાર, સ્થાપન, પ્રેરણા.

अधिगत त्रि० મેળવેલ, જાણેલ.

अधिगम पु० મેળવવું, જાણવું, સ્વીકાર.

अधिगव अव्य० ગાય-બળદમાં કે ગાય-બળદ ઉપર.

अधिगुण त्रि० અધિક ગુણવાન.

अधिगुण पु० અધિક ગુણ.

अधिगुण अव्य० ગુણો વિષે, ગુણોમાં.

अधिगुण न० જેમાં દોરી ચઢાવેલી હોય તેવું ધનુષ.

अधिजिह्व पु० સર્પ.

अधिजिह्विका स्त्री० ઉપજીહ્વા-પડજીભ.

अधिज्य न० જેને દોરી ચઢાવેલી હોય તેવું ધનુષ.

अधिज्योतिष अव्य० સૂર્ય-તારા વગેરે જ્યોતિમાં.

अधित्यका स्त्री० પર્વતની ઉપલી ભૂમિ.

अधिदंत पु० દાંત ઉપર ઉગેલો દાંત.

अधिदंत अव्य० દાંતમાં, દાંતવિષે.

अधिदेव पु० સર્વદેવાધિદેવ-પરમેશ્વર.

अधिदेव अव्य० દેવમાં, દેવ વિષે.

अधिदेवता स्त्री० અધિષ્ઠાયક દેવ.

अधिदैवत न० ઉપરનો અર્થ.

अधिदैवत अव्य० દૈવતવિષે, દેવવિષે.

अधिनाथ पु० અધીશ્વર.

अधिनाथ पु० ગંધ.

अधिप पु० પ્રભુ, ઈશ્વર, સ્વામી.

अधिपति पु० ઉપરનો અર્થ.

अधिपतिता स्त्री० પ્રભુપણું, સ્વામીપણું, ઈશ્વરપણું.

अधिपतित्व न० ઉપરનો અર્થ.

अधिपा त्रि० અધિક પાલક-રક્ષક.

अधिपुरुष पु० પરમેશ્વર.

अधिपुरुष अव्य० પરમેશ્વરવિષે.

अधिपूरुष पु० પરમેશ્વર.

अधिपूरुष अव्य० પરમેશ્વરવિષે.

अधिप्रज त्रि० બહુ પ્રજાવાળું.

अधिप्रजा स्त्री० બહુ પ્રજા.

अधिभू पु० પ્રભુ, સ્વામી,

अधिभूत अव्य० પાંચ મહાભૂતોવિષે, પ્રાણિમાત્રવિષે.

अधिभोजन न० અત્યંત ભોજન.

अधिमन्थ पु० અરણિનું લાકડું વગેરે મંથન કરવાનું સાધન.

अधिमांस न० વૈદ્યકમાં દર્શાવેલો એક રોગ.

अधिमांसक पु० દાંતનો એક રોગ.

अधिमात्र त्रि० અધિક પ્રમાણવાળું.

अधिमास पु० અધિક માસ, મળમાસ, પુરૂષોત્તમ મહિનો.

अधियज्ञ पु० પરમેશ્વર, અધિક અંગવાળો કોઇ યજ્ઞ.

अधियज्ञ अव्य० યજ્ઞવિષે.

अधियोग पु० જ્યોતિષ શાસ્ત્રમાં કહેલો એક યાત્રિક શુભયોગ-કોઇ સ્થળે જવું

આવતું હોય ત્યારે લેવામાં આવતો યોગ.

अधियोध पु० મહાન યોદ્ધો.

अधियोध अव्य० યોદ્ધાવિષે.

अधिरथ અતિરથ, કર્ણનો પિતા.

अधिराज् पु० મોટો રાજા.

अधिराज् त्रि० અધિક શોભાવાળું.

अधिराज पु० મહાન રાજા.

अधिराज्य न० સામ્રાજ્ય, મોટું રાજ્ય.

अधिराज्यभाज् पु० મહારાજા.

अधिराष्ट्र न० રાજ્ય.

अधिराष्ट्र अव्य० રાજ્યવિષે.

अधिरुक्म त्रि० જેને સુવર્ણના અલંકાર મળ્યા હોય તે.

अधिरूढ त्रि० ઉપર ચઢેલું, અત્યંત વધેલું.

अधिरोपित त्रि० અત્યંત આરોપિત.

अधिरोह पु० ઉપર ચઢવું, અત્યંત વધવું.

अधिरोहण न० ઉપરનો અર્થ.

अधिरोहणी स्त्री० નીસરણી.

अधिरोहिणी स्त्री० નીસરણી.

अधिरोहिन् त्रि० ઉપર ચઢનાર.

अधिलोक अव्य० લોકમાં, લોકવિષે.

अधिवक्तृ त्रि० પક્ષપાતથી બોલનાર.

अधिवचन न० પક્ષપાતથી કહેવું, અધિક વચન.

अधिवस्त्र त्रि० ઉપર સ્થાપેલું-મુકેલું-પહેરેલું વસ્ત્ર.

अधिवाक पु० પક્ષપાતનું વચન.

अधिवास पु० રહેઠાણ, વાસ, સુગંધ.

अधिवासन न० યજ્ઞ કરવાના પ્રથમ દિવસે કરવામાં આવતું પૂજન વગેરે કર્મ, જેનાથી સુગંધ યુક્ત કરવામાં આવે તે દ્રવ્ય.

अधिवासित त्रि० સુગંધ યુક્તકરેલ.

अधिवासिन् त्रि० રહેનાર, સુગંધવાળું.

अधिवाहन न० ઉપર લઇ જવું, રથ વગેરે વાહન.

अधिवाहन अव्य० વાહનવિષે.

अधिविकर्तै न० અત્યંત કાપવું.

अधिविद्य अव्य० વિદ્યાવિષે

अधिविन्ना स्त्री० જેના ઉપર બીજી શોક્ય લાવવામાં આવી હોય તેવી પ્રથમ સ્ત્રી, પરણેતર સ્ત્રી.

अधिवेत्तृ पु० એક સ્ત્રી ઉપર બીજી પરણનાર.

अधिवेद पु० એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરવી તે.

अधिवेद अव्य० વેદમાં, વેદવિષે.

अधिवेदन न० એક સ્ત્રી ઉપર બીજી સ્ત્રી કરવી તે.

अधिवेदनीया स्त्री० જે સ્ત્રી ઉપર બીજી પરણવી તે યોગ્યજ હોય તેવી કોઇ સ્ત્રી.

अधिवेद्या स्त्री० ઉપરનો અર્થ.

अधिश्रपण न० પકાવવું, રસોઈ કરવી.

अधिश्रय पु० રસોઇ, પાક—રાંધવું.

अधिश्रयण न० રસોઈ કરવી, રાંધવું.

अधिश्रयणी स्त्री० જેના ઉપર રાંધવામાં આવે તે સગડી-ચૂલો.

अधिश्रयणीय त्रि० પકાવવા-રાંધવા યોગ્ય વસ્તુ.

अधिश्रयितवै अव्य० પકાવવા યોગ્ય.

अधिश्री त्रि० અધિક લક્ષ્મીવાળું, અત્યંત શોભાવાળું.

अधिषवण न०સોમલતાનો રસ કાઢવાનું સાધન કોઇ પાત્ર વગેરે, સ્નાન.

अधिषवण्य त्रि० સોમરસ કાઢવાનું સાધન.

अधिष्ठातृ त्रि० અધ્યક્ષ,નિયમિત કાર્ય વગેરેની તપાસ રાખનાર,નિયંતા,પરમેશ્વર, ઇંદ્રિયોના અધિષ્ઠાયક દેવ.

अधिष्ठान न० કોઇપણ કાર્ય બરાબર થાય તે માટે દેખરેખ રાખવા રહેવું, વેદાન્તશાસ્ત્રપ્રસિદ્ધ આરોપાધિકરણ, આધાર,

શહેર, આશ્રય, રથ વગેરેનું પૈડું, પ્રભાવ, નિયંતાપણું, પાસે રહેવું.

अधिष्ठित त्रि० રહેલું, પાસે યોજેલું.

अधिहरि अव्य० હરિમાં હરિવિષે-વિષ્ણુમાં.

अधिकार पु० आधिकार શબ્દ જુઓ.

अधीत न० અધ્યયન, ભણવું.

अधीत त्रि० ભણેલ, અધ્યયન કરેલ.

अधीति स्त्री० અધ્યયન, ભણવું.

अधीतिन् त्रि० જેણે અધ્યયન કર્યું હોય તે.

अधीन त्रि० સ્વાધીન, તાબે.

अधीयान त्रि० અધ્યયન કરતું, ભણતું.

अधीर त्रि० ધૈર્યવિનાનું, ચંચળ, કાયર, રોગ વગેરેથી વ્યાકુળ મનવાળું.

अधीरता स्त्री० ધૈર્યરહિતપણું, ચંચળતા, કાયરતા.

अधीरत्व न० ઉપરના અર્થ.

अधीरा स्त्री० વીજળી, એક નાયિકા.

अधीवास पु० શરીરને ચોતરફથી ઢાંકનાર વસ્ત્ર-ઝભ્ભો.

अधीश त्रि० મહાન રાજા, ચક્રવર્તી, સ્વામી, પ્રભુ.

अधीश्वर त्रि० રાજા, પ્રભુ, સ્વામી.

अधीष्ट त्रि० સત્કારપૂર્વક યોજાયલું.

अधीष्ट न० સત્કારપૂર્વક નીમવું-યોજવું.

अधुत त्रि० નહિ કંપેલ.

अधुना अव्य० હમણાં, હવે, હાલ.

अधुनातन त्रि० હમણાં થનાર, આધુનિક, હાલનું.

अधुर त्रि० ભારવિનાનું,ચિંતારહિત,નિશ્ચિંત.

अधूमक पु० ધુમાડાવિનાનો બળતો અગ્નિ.

अधृत त्रि० નહિ ધારણ કરેલ.

अधृत पु० કોઈનાથી નહિ ધારણ કરાયેલ પરમેશ્વર.

अधृति स्त्री० ધૈર્યનો અભાવ, ધારણનો અભાવ.

अधृष्ट त्रि० લજ્જાશીલ, શરમાળ, નહિ પરાભવ પામેલ, નહિ મારેલ.

अधृष्य त्रि० પરાભવ કરવાને અશક્ય, લાજવાળું, શરમાળ.

अधृष्या स्त्री० જેમાંની ઉતરી ન શકાય તેવી નદિ.

अधेनु स्त्री० દોહનશૂન્ય ગાય.

अधेय त्रि० ધારણ ન થઈ શકે તેવું, ધારણ કરવાને અયોગ્ય.

अधैर्य न० ધૈર્યનો અભાવ.

अधोअक्ष त्रि० નીચે વ્યાપક.

अधोंऽशुक न० પહેરવાનું વસ્ત્ર.

अधोऽक्षज पु० વિષ્ણુ.

अधोगति स्त्री० નરકાદિ ગતિ.

अधोगति त्रि० નરક વગેરેમાં જનાર.

अधोगामिन् त्रि० નીચે જનાર, નરકાદિ ગતિએ જનાર.

अधोघंटा स्त्री० અઘેડો નામની વનસ્પતિ.

अधोजानु न० ઢીંચણનો નીચેનો ભાગ.

अधोजिह्विका स्त्री० જીભની નીચે આવેલી-પડજીભ.

अधोदारु न० લાકડાંના બારણાંનું નીચેનું લાકડું.

अधोदिश् स्त्री० દક્ષિણ દિશા.

अधोदृष्टि त्रि० નીચી દૃષ્ટિવાળું,યોગાભ્યાસ સમયે નાસિકાના અગ્ર ભાગનેજ માત્ર જોનાર.

अधोदृष्टि स्त्री० નીચી નજર.

अधोऽधम् अव्य० પાસેનો નીચલો પ્રદેશ

अधोपहास पु० સ્ત્રીઓના ગુહ્ય ભાગસંબંધી હાંસી.

अधोबंधन न० નીચેનું બંધન.

अधोभक्त न० ભાતના ભોજન પછી પીવામાં આવતું જળ.

अधोभाग पु० નીચેનો ભાગ.

अधोभुवन न० નીચેનું-જગત, પાતાલ.

अधोर्मन् न० ગુદા.

अधोमुख त्रि० નીચા મુખવાળું, મૂલ, અશ્લેષા, કૃતિકા, વિશાખા, ભરણી, મઘા, પૂર્વાભાદ્રપદા, પૂર્વાફાલ્ગુની-એ નક્ષત્રો.

अधोमुखा स्त्री० તે નામનું એક વૃક્ષ.

अधोमुखी स्त्री० એ નામનું એક વૃક્ષ.

अधोयंत्र न० નીચેનું યંત્ર.

अधोराम पु० નીચલા ભાગનો ધોળો વર્ણ-રંગ.

अधोलोक पु० નીચેનો લોક-પાતાલ.

अधोवदन न० નીચું મુખ.

अधोवदन त्रि० નીચા મુખવાળું.

अधोवर्चस् त्रि० નીચે જનારા તેજવાળું.

अधोवायु पु० અજ્ઞાનવાયુ-ગુદામાંથી નીકળતો વાયુ.

अध्यक्ष त्रि० રાજા ઉપર છત્ર ધારણ કરવા વગેરે માટે નીમાયલું,વ્યાપક,પ્રત્યક્ષજ્ઞાનવાળું.

अध्यक्ष न० પ્રત્યક્ષજ્ઞાન.

अध्यक्ष पु० નિયંતા, અધિષ્ઠાતા, એક વૃક્ષ.

अध्यक्षर अव्य० અક્ષરમાં, અક્ષરવિષે.

अध्यग्नि अव्य० અગ્નિમાં, અગ્નિવિષે, અગ્નિપાસે.

अध्यच् त्रि० મેળવનાર.

अध्यण्डा स्त्री० ભોંય આંબલી.

अध्यधिक्षेप पु० અત્યંત તિરસ્કાર, અતિશય નિંદા.

अध्यधीन त्रि० અત્યંત પરતંત્ર, ગર્ભમાંથીજ દાસત્વ પામેલ.

अध्यय पु० અધ્યયન, સ્મરણ.

अध्ययन न० ભણવું,ગુરુના મુખના ઉચ્ચારને અનુસરતો ઉચ્ચાર.

अध्यर्द्ध त्रि० અર્ધા ભાગવાળું, જેનો અર્ધો ભાગ થઇ શકે તેવી વસ્તુ.

अध्यवसाय पु० નિશ્ચય, ઉત્સાહ.

अध्यवसायित त्रि० જેને નિશ્ચય અથવા ઉત્સાહ થતો હોય તે.

अध्यवसायिन् त्रि० નિશ્ચયવાળું, ઉત્સાહવાળું.

अध्यवहनन न० ઉપરા ઉપરી ખાંડવું.

अध्यशन न० ઘણુંજ ખાવું, અજીર્ણ હોય છતાં ખાવું.

अध्यस्त त्रि० આરોપિત, અવસ્તુમાં વસ્તુબુદ્ધિ કરાયેલ.

अध्यात्मक अव्य० આત્માવિષે, દેહવિષે, બ્રહ્મવિષે.

अध्यात्मदृश् त्रि० આત્મવેત્તા, વિષયોના ત્યાગપૂર્વક કેવળ આત્મદર્શન કરનાર.

अध्यात्मयोग पु० મનને વિષયોથી વાળી લઇ કેવળ આત્મામાં એકાગ્ર કરવું તે.

अध्यात्मरामायण न० વાલ્મીકીએ રચેલો તે નામનો એક ગ્રંથ.

अध्यात्मशास्त्र न० આત્માનું સ્વરૂપ સમજાવનારૂં શાસ્ત્ર.

अध्यापक पु० અધ્યયન કરાવનાર, ભણાવનાર.

अध्यापन न० ભણાવવું.

अध्यापित त्रि० ભણાવેલ.

अध्याप्य त्रि० ભણાવવા યોગ્ય.

अध्याय पु० ભણવું, વેદાદિશાસ્ત્રના એક અર્થવાળા વિષયની સમાપ્તિ બતાવનાર વિશ્રામસ્થાન-ભાગ, વિરામદર્શક શબ્દ.

अध्यारूढ त्रि० દબાયલું, ઉપર ચઢેલું, અધિક, વધારે.

अध्यारोप पु० દોરડી વગેરેમાં સર્પવગેરેનું મિથ્યાજ્ઞાન, અત્યંત આરોપ.

अध्यारोपण न० અતિશય આરોપ, ધાન્ય વગેરેનું વાવવું.

अध्यावाप पु० ધાન્યની વાવણી, વાવવાના આધારરૂપ ક્ષેત્ર-ખેતર.

अध्यावाहनिक न० પીયરથી સાસરે જતી

વેળા સ્ત્રીને તેના પિતા વગેરે પાસેથી મળેલું ધન.

अध्यास પુ૦ મિથ્યાજ્ઞાન, ઉપર બેસવું, અંદર રહેવું.

अध्यासन ન૦ નિવાસ, રહેઠાણ.

अध्यासम અવ્ય૦ આસન ઉપર.

अध्यासित ત્રિ૦ બેઠેલું, રહેલું.

अध्याहरण ન૦ નીચેનો શબ્દ જુઓ.

अध्याहार પુ૦ ઉપરથી કોઇ શબ્દ વગેરેને લેવો, અધ્યાહાર, તર્ક, કલ્પના, અપૂર્વ ઉત્પ્રેક્ષા કરવી.

अध्याहार्य ત્રિ૦ અધ્યાહાર કરવા યોગ્ય.

अध्युषित ત્રિ૦ રહેલ-વસેલ સ્થાન વગેરે.

अध्युष्ट ત્રિ૦ સાડાત્રણ.

अध्युष्ट्र ત્રિ૦ ઉંટગાડી, જેમાં ઉંટ જોડયો હોય તેવી ગાડી વગેરે.

अध्यूढ ત્રિ૦ અવલંબિત, અત્યંત વધેલું, સમૃદ્ધિવાળું.

अध्यूढा સ્ત્રી૦ જેના ઉપર બીજી સ્ત્રી પરણી લાવવામાં આવી હોય તેવી સ્ત્રી.

अध्यूध्नी સ્ત્રી૦ મોટા આઉ-અડાણુવાળી ગાય.

अध्येतव्य ત્રિ૦ ભણવા યોગ્ય.

अध्येषण ન૦ સત્કારપૂર્વક આચાર્ય વગેરેની પ્રેરણા, સામાન્ય પ્રેરણા.

अध्येषणा સ્ત્રી૦ અધિક પ્રાર્થના, યાચના.

अध्रि ત્રિ૦ નહિ ધારણ કરેલ, પરાભવ કરવાને અશકય.

अध्रिगू ત્રિ૦ નહિ ધારણ કરેલું ગમન, નિરધાર ગતિ.

अध्रिज ત્રિ૦ નહિ ધારણ કરેલને અથવા પરાભવ ન કરી શકાય તેવાને ઉત્પન્ન કરનાર.

अध्रुव ત્રિ૦ અનિશ્ચિત, ચંચળ, અસ્થિર, નાશવંત.

अध्रुष પુ૦ લોહી વિકારથી ઉત્પન્ન થનાર સોજાનો એક રોગ.

अध्वग પુ૦ મુસાફર, સૂર્ય, ઉંટ, ખચ્ચર.

अध्वग ત્રિ૦ માર્ગે જનાર.

अध्वगत् ત્રિ૦ મુસાફર, વટેમાર્ગુ.

अध्वगभोग्य પુ૦ તે નામનું એક વૃક્ષ.

अध्वगा સ્ત્રી૦ ગંગા.

अध्वज ત્રિ૦ માર્ગમાં ઉત્પન્ન થયેલ.

अध्वजा સ્ત્રી૦ એક જાતનું ઝાડ.

अध्वन् પુ૦ માર્ગ, આકાશ, કાળ, હિંસક, અવયવ.

अध्वनीन ત્રિ૦ મુસાફર, માર્ગે ગમન કરી શકે તે.

अध्वन्य ત્રિ૦ મુસાફર, ઝડપથી ગમન કરી શકનાર, ઉતાવળી ચાલવાળું.

अध्वपति પુ૦ સૂર્ય, આકડાનું ઝાડ.

अध्वपति ત્રિ૦ માર્ગનું રક્ષણ કરનાર.

अध्वर પુ૦ યજ્ઞ, આકાશ, આઠ વસુમાંનો બીજો વસુ.

अध्वर ત્રિ૦ વાંકું નહિ તે-સીધું, સાવધાન.

अध्वरकर्मन् ન૦ યજ્ઞરૂપ કર્મ.

अध्वरमीमांसा સ્ત્રી૦ જૈમિનિ મુનિએ રચેલું ધર્મમીમાંસા નામનું શાસ્ત્ર.

अध्वरथ પુ૦ માર્ગે જવામાં ઉપયોગી રથ, રસ્તો જાણનાર દૂત.

अध्वर्यु પુ૦ યજુર્વેદને જાણનારો હોમ કરનાર ઋત્વિજ.

अध्वशल्य પુ૦ અઘેડો નામની વનસ્પતિ.

अध्वस्मन् ત્રિ૦ નાશરહિત, અવિનાશી.

अध्वाति પુ૦ મુસાફર, વટેમાર્ગુ.

अध्वांत ન૦ અંધારાનો અભાવ.

अध्वांतशात्रव પુ૦ તે નામનું એક વૃક્ષ, માર્ગના સીમાડા ઉપરનો શત્રુ.

अध्वायन ન૦ માર્ગે જવું તે, યાત્રા, પ્રયાણ.

अन् अदा० पर० अक० सेट् જીવવું.

अन् दिवा० आत्म० अक० सेट् જીવવું.

अन पु० લાવવું, જીવાડવું, પ્રાણ.
अनंश त्रि० વારસો લેવાને જેનો અધિકાર ન હોય તે, જેનો ભાગ ન થઇ શકે તે.
अनंशुमत्फला स्त्री० કેળનું ઝાડ.
अनक त्रि० અધમ, નીચ, નિંદ્ય.
अनक्ष् त्रि० આંધળું, ચક્ષુ ઇંદ્રિયરહિત.
अनक्ष त्रि० આંધળું, નેત્રવિનાનું, ઇંદ્રિયરહિત, પૈડાંવિનાનું.
अनक्षर न० નિંદાવચન, ગાળ, દુષ્ટવચન.
अनक्षर त्रि० અક્ષરજ્ઞાનરહિત-મૂર્ખ.
अनक्षि पु० મંદ નેત્ર, ખરાબ આંખ.
अनगार त्रि० ઘરવિનાનું, સંન્યાસી, મુનિવગેરે.
अनग्न त्रि० નાગું નહિ તે, દિગંબર નહિ તે, પહેરેલાં વસ્ત્રવાળું,
अनग्नि पु० અગ્નિહોત્રી નહિ તેવો ગૃહસ્થ, સંન્યાસી, અગ્નિથી ભિન્ન-જાદું, તે નામનો એક યજ્ઞ.
अनग्नित्रा पु० અગ્નિનું રક્ષણ નહિ કરનાર.
अनग्निदग्ध त्रि० અગ્નિથી નહિ બળેલ, અગ્નિસંસ્કારરહિત.
अनघ त्रि० પાપરહિત, દુઃખરહિત, વ્યસનવિનાનું, નિર્દોષ, નિર્મળ, સ્વચ્છ.
अनघ पु० વિષ્ણુ.
अनङ्ग त्रि० અંગરહિત, ઉપકરણ-સરસામાનવિનાનું.
अनङ्ग न० આકાશ, મન.
अनङ्ग पु० કામદેવ.
अनङ्गक न० ચિત્ર.
अनङ्गक्रीडा स्त्री० કામક્રીડા, તે નામનું એક માત્રાવૃત્ત-છંદ.
अनंगलेख पु० કામને પ્રકટ કરનાર-જણાવનાર લેખ.
अनंगशेखर पु० જેમાં લઘુ-ગુરૂ મૂકવામાં આવે છે તેવો એક દંડક છંદ.
अनंगासुहृत् पु० શંકર.

अनच्छ त्रि० અપ્રસન્ન, મેલું, ડહોળાયલું.
अनंजन न० કોઇના સંબંધથીરહિત. આકાશ, પરબ્રહ્મ.
अनंजन पु० દોષરહિત નારાયણ.
अनंजन त्रि० નિર્દોષ, કાજળવિનાનું.
अनडुह् पु० બેલ, બળદ.
अनडुही स्त्री० ગાય.
अनडुज्जिह्वा स्त्री० અનંતમૂળ નામની વનસ્પતિ.
अनड्वाही स्त्री० ગાય.
अनणु पु० સ્થૂલ ધાન્ય.
अनणु त्रि० અણુરહિત-સ્થૂલ.
अनतिक्रम न० અતિક્રમ-ઉલ્લંઘનનો અભાવ.
अनतिक्रमणीय त्रि० ઉલ્લંઘન કરવાને અયોગ્ય.
अनतिदृभुत સર્વનું ઉલ્લંઘન કરી નહિ થયેલ યથાર્થભૂત.
अनतिप्रश्न्य त्रि० અત્યંત પ્રશ્ન કરવાને માટે અયોગ્ય એવી કોઇ વસ્તુ.
अनतिरिक्त त्रि० અધિક.
अनतिविलंबिता स्त्री० અતિવિલંબનો અભાવ, વાણીનો એક ગુણ.
अनद्धा त्रि० નહિ બંધાયેલ.
अनद्धा अव्य० અનિશ્ચય.
अनद्धापुरुष पु० જેને પોતાના કાર્યમાં નિશ્ચય ન હોય તે, દેવપિતૃકાર્ય નહિ કરનારો.
अनद्य त्रि० અભક્ષ્ય એવી કોઇ વસ્તુ.
अनद्य पु० ધોળા સરસવ.
अनद्यतन त्रि० આજે-ચોવીસ કલાકની અંદર નહિ થનાર.
अनद्यतन पु० વ્યાકરણ પ્રસિદ્ધ એક કાળ-હ્યસ્તન કાળ.
अनधिकार त्रि० અધિકાર વિનાનું.
अनधिकार पु० અધિકારનો અભાવ.

अनधिकारचर्चा स्त्री० જેનો જેમાં અધિકાર નથી તેની તે વિષયમાં ચિંતા.
अनधिकारिन् त्रि० જે અધિકારી ન હોય તે.
अनधिकृत त्रि० અધિકાર નહિ પામેલ.
अनधिगत त्रि० નહિ ગયેલ, નહિ મેળવેલ, નહિ જાણેલ.
अनधिगम पु० ગતિનો અભાવ. પ્રાપ્તિનો અભાવ, જ્ઞાનનો અભાવ.
अनधिष्ठित त्रि० નહિ રહેલ, નહિ વસેલ.
अनधीन त्रि० સ્વાધીન, સ્વતંત્ર, પરાધીન નહિ તે.
अनध्यक्ष न० પ્રત્યક્ષ નહિ તે, અધ્યક્ષરહિત.
अनध्याय पु० અધ્યયનનો અભાવ, જેમાં અધ્યયન કરવું નિષેધેલું છે તેવો કાળ.
अनन न० જીવન, ગમન-ગતિ.
अननुगत त्रि० નહિ અનુસરેલ, પાછળ નહિ ગયેલ, સ્વાધીન, સ્વતંત્ર.
अननुगम पु० પાછળ નહિ જવું, નહિ અનુસરવું તે.
अनन्त पु० વિષ્ણુ, બળભદ્ર. મેઘ, ચૌદમા જૈન તીર્થંકર, તે નામનો એક નાગ, તે નામનું એક વૃક્ષ.
अनन्त न० આકાશ, અભ્રક, પરબ્રહ્મ.
अनन्त त्रि० છેડા વિનાનું, અવધિવિનાનું, સમગ્ર.
अनन्तचतुर्दशी स्त्री० અનંત ચૌદશ-ભાદરવા શુદ ચૌદશ.
अनन्तजित् पु० વાસુદેવ, ચૌદમા જૈન તીર્થંકર.
अनन्ततीर्थकृत् पु० તે નામના ચૌદમા જૈન તીર્થંકર.
अनन्ततीर्थकृत् त्रि० અનંત તીર્થો કરનાર
अनन्ततृतीया स्त्री० ભાદરવો-વૈશાખ-માગશર-એ મહિનાની ત્રીજ.
अनन्तदृष्टि पु० પરમેશ્વર, ઇંદ્ર.
अनन्तदेव पु० શેષનાગ, શેષશાયી નારાયણદેવ.
अनन्तमूल पु० જેને ઘણાં મૂળીયાં હોય છે એવું તે નામનું એક વૃક્ષ.
अनन्तर त्रि० વ્યવધાનરહિત, અંતરવિનાનું, તુરતનું, પાછળનું, પાસેનું.
अनन्तरज पु० મોટો અને નાનો ભાઈ, ક્રમપૂર્વક પરણેલી સ્ત્રીમાં જન્મેલ પુત્ર.
अनन्तरजा स्त्री० મોટી અને નાની બહેન, ક્રમે કરી પરણેલી સ્ત્રીમાં જન્મેલી.
अनन्तरय पु० દૂર નહિ કરવું તે, અપરિત્યાગ.
अनन्तराय त्रि० નિર્વિઘ્ન.
अनन्तराशि पु० બીજ ગણિતમાં કહેલો એક રાશિ.
अनन्तरूप त्रि० અનન્ત રૂપવાળું.
अनन्तरूप पु० પરમેશ્વર, વિષ્ણુ.
अनन्तगर्भिन् पु० પવિત્રાં માટેનો દર્ભ.
अनन्तविजय पु० તે નામનો યુધિષ્ઠિરનો શંખ.
अनन्तवीर्य पु० ભવિષ્યકાળમાં થનાર તે નામના ત્રેવીસમા જૈન તીર્થંકર.
अनन्तव्रत न० અનંતચૌદશનું વ્રત-ભાદરવા શુદ ચૌદશનું વ્રત.
अनन्तशक्ति पु० પરમેશ્વર.
अनन्तशक्ति त्रि० અનંત શક્તિવાળું.
अनन्तशीर्ष पु० વાસુકી નાગ, પરમેશ્વર.
अनन्तशीर्षा स्त्री० વાસુકિ નાગની સ્ત્રી.
अनन्ता स्त्री० અનંતમૂળ, પાર્વતી, પૃથ્વી, ધમાસો, ધ્રોખડ, હરડે, આમળી, ગળો, પીપર, અગ્નિમંથ નામનું વૃક્ષ, અગ્નિશિખા નામનું વૃક્ષ, શ્યામ લતા, કાળી ધ્રોખડ, ધોળી ધ્રોખડ, ઉપલસરી.
अनन्त्य न० હિરણ્યગર્ભનું સ્થાન.
अनन्द त्रि० આનંદ નહિ આપનાર.

अनन्न न० ખાવાને અયોગ્ય, અભક્ષ્ય.
अनन्य त्रि० એકલું, એકજ, બીજું નહિ તે, એકકું.
अनन्यगतिक त्रि० બીજા ઉપાય વિનાનું, માત્ર એકજ ગતિવાળું.
अनन्यज पु० કામદેવ.
अनन्यता स्त्री० એકપણું, એકજપણું, એક્કાપણું.
अनन्यत्व न० ઉપરનો અર્થ.
अनन्यदेव पु० પરમેશ્વર, વિષ્ણુ.
अनन्यपूर्वा स्त्री० બીજાએ નહિ ભોગવેલી સ્ત્રી-પૃથ્વી વગેરે.
अनन्यभाज् पु० બીજાને નહિ ભજનાર, એકનેજ સેવનાર.
अनन्यवृत्ति त्रि० જેની મનોવૃત્તિ બીજે નથી હોતી તે, એકતાન ચિત્તવાળું, માત્ર એકજ આજીવિકાવાળું.
अनन्यसाधारण त्रि० જે અન્યના ધર્મની તુલના ન કરે તે, બીજામાં ન મળે તે.
अनन्वय त्रि० અન્વયરહિત-અસંબદ્ધ.
अनन्वय पु० તે નામનો એક અર્થાલંકાર.
अनप त्रि० અલ્પ જળવાળું, નાનું ખાબોચીયું વગેરે.
अनपकर्मन् न० બીજાનો અપકાર ન કરવો તે, બીજા પાસેથી લીધેલું કરજ અદા કરવું તે, પાછું ન લેવું તે.
अनपकरण न० ઉપરનો અર્થ.
अनपक्रिया स्त्री० ઉપરનો અર્થ.
अनपच्युत त्रि० વિનાશ રહિત.
अनपत्य त्रि० સંતાનરહિત, છોકરાંવિનાનું.
अनपत्यक त्रि० ઉપરનો અર્થ.
अनपत्रप त्रि० જેને બીજાને લીધે શરમ નથી તે, નિર્લજ્જ.
अनपभ्रंश पु० અપભ્રંશ નહિ તે, વ્યાકરણથી સિદ્ધ કરેલો સંસ્કારી શબ્દ.
अनपराध पु० અપરાધ નહિ તે.
अनपराध त्रि० અપરાધરહિત-નિરપરાધી.
अनपराधिन् त्रि० નિરપરાધી.
अनपाकर्मन् न० કરજ વગેરે અદા ન કરવું તે.
अनपायिन त्रि० નિશ્ચળ, સ્થિર.
अनपावृत त्रि० પુનરાવૃત્તિરહિત ફરીથી નહિ આવનાર
अनपिहित त्रि० આવરણથી રહિત-નહિ ઢાંકેલ.
अनपेक्ष त्रि० અપેક્ષારહિત, દરકારવિનાનું, અનુકરણરહિત.
अनपेक्षा स्त्री० દરકાર નહિ તે, જરૂર નહિ તે.
अनपेत त्रि० બહાર નહિ ગયેલ, અનુસરેલ, યુક્ત, સહિત.
अनप्त त्रि० પ્રાપ્ત નહિ તે.
अनप्नस् त्रि० રૂપરહિત, કર્મહીન, કર્મભ્રષ્ટ.
अनफा पु० તે નામનો એક યોગ.
अनभिज्ञ त्रि० જ્ઞાનરહિત, અજાણ્યું.
अनभिधेय त्रि० નહિ કહેવા લાયક, કહેવાને અયોગ્ય.
अनभिभव पु० પરાભવ-પરાજયનો અભાવ.
अनभिभवनीय न० પરાજય કરવાને અયોગ્ય, જેનો પરાજય ન થઈ શકે તે.
अनभिभूत त्रि० પરાભવ નહિ પામેલ, નહિ હારેલ.
अनभिमत त्रि० અસંમત, નહિ માનેલ.
अनभिम्लातवर्ण त्रि० દેદીપ્યમાન, પ્રકાશમાન.
अनभिलाष पु० અભિલાષ—ઇચ્છાનો અભાવ.
अनभिलाष त्रि० અભિલાષવિનાનું
अनभिव्यक्त त्रि० સ્પષ્ટ નહિ તે—અસ્પષ્ટ, અસ્ફુટ.

अनभिशस्त त्रि० અનિંદ્ય, નિંદાપાત્ર નહિ તે.

अनभिशस्त्य त्रि० નિંદાને અયોગ્ય, વખાણવા લાયક.

अनभिसंहित त्रि० ફળને ઉદ્દેશી નહિ કરેલ, ફલાકાંક્ષાવિના કરેલ.

अनभिहित त्रि० નહિ કહેલ.

अनभीष्ट त्रि० અપ્રિય, નહિ ધારેલ.

अनभ्यावृत्ति स्त्री० અભ્યાસને અભાવ.

अनभ्यासमित्य त्रि० દૂરથી ત્યાગ કરવા યોગ્ય.

अनम पु० બ્રાહ્મણ.

अनमस्य त्रि० નમસ્કાર કરવાને અયોગ્ય.

अनमितम्पच त्रि० લોભી નહિ તે.

अनमित्र त्रि० શત્રુવિનાનું.

अनमित्र पु० તે નામને એક રાજા.

अनमीव त्रि० રોગરહિત.

अनंबर त्रि० વસ્ત્રરહિત-નાગું, દિગંબર.

अनय पु० અશુભ દૈવ, અભાગ્ય, એક પ્રકારને જુગાર, અનીતિ, ખરાબ કામ, આપત્તિ, દુઃખ.

अनय त्रि० ન્યાયવિનાનું, નીતિભ્રષ્ટ, દુષ્ટ.

अनरण्य पु० તે નામને સૂર્યવંશી એક રાજા.

अनर्काभ्युदित पु० સૂર્યને જેમાં થોડો ઉદય થયો હોય તે કાળ.

अनर्गल त्रि० બંધનરહિત, નિર્મર્યાદ, ઉદ્ધત, સ્વતંત્ર, છૂટું.

अनर्घ त्रि० અમૂલ્ય.

अनर्घराघव न० મુરારિમિશ્ર નામના કવિએ રચેલું તે નામનું એક નાટક.

अनर्घ्य त्रि० જેનાથી વધારે બીજું કોઇ પૂજ્ય નથી તે, અત્યંત પૂજ્ય.

अनर्थ पु० અનિષ્ટ, અધર્મ, અર્થને અભાવ, સર્વકામનાપૂર્ણ ઇશ્વર.

अनर्थ त्रि० અર્થરહિત, નિરર્થક.

अनर्थक न० અસંબદ્ધ વાક્ય, બકવાદ.

अनर्थक त्रि० વ્યર્થ.

अनर्थलुप्त त्रि० દુષ્ટ અર્થથી નહિ નાશ પામેલ.

अनर्थान्तर न० અભેદ, એકાર્થ.

अनर्व त्रि० શિથિલ નહિ તે.

अनर्वन् पु० શત્રુ નહિ તે.

अनर्वन् त्रि० શત્રુરહિત.

अनर्विश् त्रि० લાકડાં વગેરે લેવા માટે ગાડું લઇને વનમાં પ્રવેશ કરનાર, જવા યોગ્ય સ્થાને જવાને અશક્ત.

अनर्शराति त्रि० જે પાપી ન હોય તેને દાન આપનાર.

अनर्ह त्रि० અયોગ્ય.

अनल पु० અગ્નિ, દેહમાં રહેલી પિત્તધાતુ, આઠ વસુઓમાંને પાંચમો વસુ, કૃતિકા નક્ષત્ર, ચિત્રાનું વૃક્ષ, ભિલામાનું વૃક્ષ, તે નામના પિતૃદેવ, વિષ્ણુ, પરમેશ્વર.

अनलदीपन त्रि० જઠરાગ્નિને પ્રદીપ્ત કરનાર કોઈ ઔષધદ્રવ્ય વગેરે.

अनलप्रभा स्त्री० અગ્નિની કાંતિ, તે નામની એક લતા-વેલ.

अनलप्रिया स्त्री० અગ્નિની સ્ત્રી-દક્ષકન્યા સ્વાહા.

अनलम् अव्य० પૂર્ણ નહિ તે, બસ નહિ તે-અપૂર્ણ.

अनलि पु० તે નામનું એક વૃક્ષ.

अनल्प त्रि० ઘણું, પુષ્કળ.

अनवकाश पु० અવકાશ-જગ્યાને અભાવ.

अनवकाश त्रि० અવકાશ વગરનું, જગ્યા વગરનું.

अनवगीत त्रि० અનિંદ્ય.

अनवग्रह त्रि० પ્રતિબંધરહિત, વરસાદને અટકાવ નહિ તે.

अनवद्य त्रि० અનિંદ્ય, નિર્દોષ.

अनवधान न० મનની એકાગ્રતાને અભાવ,

સાવધાની નહિ હોવી તે, પ્રમાદ.

अनवधानता સ્ત્રી૦ પ્રમાદ.

अनवधानत्व ન૦ પ્રમાદ.

अनवपृग्ण ત્રિ૦ સંબંધવિનાનું, સંયોગ–સ્પર્શરહિત.

अनवद्य ત્રિ અપવાદરહિત, નિંદાશૂન્ય.

अनवयव ત્રિ૦ અંશરહિત.

अनवम ત્રિ૦ ન્યૂનતારહિત–શ્રેષ્ઠ.

अनवर ત્રિ૦ અધમ નહિ તે, શ્રેષ્ઠ.

अनवरत ત્રિ૦ નિરંતર, નિત્ય, વિશ્રામરહિત, સતત.

अनवरतम् અવ્ય૦ ઉપરના અર્થ.

अनवरार्ध्य ત્રિ૦ ઉત્કૃષ્ટ, શ્રેષ્ઠ.

अनवलंब ત્રિ૦ આલંબનરહિત, નિરાધાર, નિરાશ્રિત.

अनवलोभन ન૦ તે નામનો એક ગર્ભ-સંસ્કાર.

अनवस ત્રિ૦ પથ્ય ભોજન નહિ કરનાર.

अनवसर પુ૦ યોગ્ય સમયનો અભાવ.

अनवसर ત્રિ૦ યોગ્ય સમય વિનાનું.

अनवसित ત્રિ૦ અનિશ્ચિત, અસમાપ્ત.

अनवसिता સ્ત્રી૦ તે નામનો એક છંદ.

अनवस्कर ત્રિ૦ નિર્મળ, મેલવિનાનું.

अनवस्थ ત્રિ૦ અવસ્થાવિનાનું.

अनवस्था સ્ત્રી૦ અવસ્થાનો અભાવ, તર્કશાસ્ત્રમાં પ્રસિદ્ધ તે નામનો એક દોષ.

अनवस्थान પુ૦ વાયુ.

अनवस्थान ન૦ ઉભા નહિ રહેવું તે.

अनवस्था ત્રિ૦ ચંચળ–અસ્થિર.

अनवस्थित ત્રિ૦ ચંચળ, અસ્થિર, વ્યભિચારવાળું.

अनवस्थिति સ્ત્રી૦ ઉભા નહિ રહેવું તે, સ્થિર નહિ રહેવું તે.

अनवह्वर ત્રિ૦ વાંકું નહિ તે, સીધું, સરળ.

अनवाप्त ત્રિ૦ અપ્રાપ્ત, નહિ મેળવેલ.

अनवाय ત્રિ૦ અવયવરહિત.

अनवेक्षक ત્રિ૦ ચારે બાજુની તપાસ નહિ રાખનાર, સારૂં નરતું નહિ જોનાર.

अनवेक्षा સ્ત્રી૦ બેદરકારી.

अनशन ન૦ ખોરાક નહિ લેવો તે, ઉપવાસ, ભોજનની નિવૃત્તિ કરવારૂપ એક વ્રત.

अनशन ત્રિ૦ ભોજનનો ત્યાગ કરનાર.

अनश्वर ત્રિ૦ નાશવંત નહિ તે, સ્થાયી, નિત્ય.

अनस् સ્ત્રી૦ માતા, મા.

अनस् ન૦ ગાડું, ભાત, ચોખા.

अनसूय ત્રિ૦ અસૂયાવિનાનું–બીજાના ગુણો ઉપર દોષારોપ નહિ કરનાર.

अनसूयक ત્રિ૦ ઉપરના અર્થ.

अनसूया સ્ત્રી૦ બીજાના ગુણો ઉપર દોષારોપ નહિ કરવો તે, અસૂયાનો અભાવ.

अनसूयु ત્રિ૦ अनसूय શબ્દનો અર્થ.

अनस्तमित ત્રિ૦ અસ્ત નહિ પામેલ.

अनस्थि ત્રિ૦ હાડકાંવિનાનું.

अनस्थि પુ૦ હાડકાં વિનાનો અવયવ, સાંખ્યશાસ્ત્ર પ્રસિદ્ધ તે નામનું એક તત્વ, ઈશ્વરની માયા.

अनस्वत् ત્રિ૦ ગાડાંથી યુક્ત, ગાડાં સાથે જોડાએલ.

अनहंकार ત્રિ૦ અહંકારવિનાનું–નિરહંકારી.

अनहंकार પુ૦ અહંકારનો અભાવ.

अनहंकारिन ત્રિ૦ જેને અહંકાર ન હોય તે.

अनहंकृत ત્રિ૦ અહંકારવિનાનું.

अनहंकृति સ્ત્રી૦ અહંકારનો અભાવ.

अनहंकृति ત્રિ૦ અહંકારરહિત.

अनहंवादिन् ત્રિ૦ ગર્વરહિત, નિરભિમાની.

अनाकार ત્રિ૦ આકાર વિનાનું, અવયવરહિત આકાશ વગેરે.

अनाकार પુ૦ ઈશ્વર.

अनाकाल પુ० જે સમયે અનાજ ન પાકયું હોય તે સમય, દુકાળ.

अनाकुल ત્રિ० આકુળ-વ્યગ્ર નહિ તે, એકાગ્ર, સ્થિર, અસંકીર્ણ વાક્ય.

अनाकृत ન० નહિ અટકાવેલ.

अनाक्रान्त આક્રાન્ત નહિ તે, નહિ દબાયલું.

अनाक्रान्ता સ્ત્રી० કંટકારી વૃક્ષ, ભોંયરીંગણી.

अनाक्षारित ન० જેનો અપકાર ન કર્યો હોય તે.

अनाग ત્રિ० અધર્મરહિત, પાપરહિત.

अनागत ત્રિ० નહિ આવેલ, ભવિષ્યમાં થનાર, ભાવી.

अनागतविधातृ ત્રિ० ભાવિ દુઃખને દૂર કરવાના ઉપાય કરનાર.

अनागताबाध પુ० ભાવી શારીરિક વગેરે દુઃખ.

अनागतार्तवा સ્ત્રી० જેને અટકાવ બીલકુલ આવ્યો જ ન હોય તેવી સ્ત્રી, સ્ત્રીધર્મશૂન્ય કન્યા.

अनागन्धित ત્રિ० નહિ સુંઘેલ.

अनागम પુ० આવક નહિ તે, આવેલ નહિ તે, હાજર નહિ તે.

अनागस् ત્રિ० નિરપરાધી, પાપરહિત.

अनाचार પુ० દુષ્ટ આચાર, આચારનો અભાવ, ખરાબ આચરણ.

अनाज्ञात ત્રિ० નહિ જાણેલ, નહિ જણાયેલ.

अनाढ्य ત્રિ० તવંગર નહિ તે, ગરીબ.

अनातप પુ० ઉગ્રતાનો અભાવ, તાપ નહિ તે, છાયા.

अनातुर ત્રિ० આતુર નહિ તે, નીરોગી, સ્વસ્થ.

अनात्मक ત્રિ० આત્માને નહિ માનનારો ક્ષણિક વિજ્ઞાન મત, સ્થિરસ્વરૂપરહિત જગત.

अनात्मज्ञ ત્રિ० આત્માના સ્વરૂપને નહિ જાણનાર.

अनात्मन् પુ० આત્મા નહિ તે, શરીર વગેરે જડ વસ્તુ.

अनात्मवत् ત્રિ० જેણે ઇન્દ્રિયોને જીતી ન હોય તે.

अनात्म्य ન० શરીરવિનાનું.

अनाथ ત્રિ० અનાથ, ધણીવિનાનું.

अनादर પુ० તિરસ્કાર, અપમાન, સન્માનનો અભાવ.

अनादर ત્રિ० તિરસ્કારપાત્ર.

अनादि ત્રિ० આદિરહિત.

अनादि પુ० પરમેશ્વર, હિરણ્યગર્ભ.

अनादिता સ્ત્રી० અનાદિપણું.

अनादित्व ન० ઉપરનો અર્થ.

अनादिमत् ન० આદિવિનાનું, કાર્યસિવાયનું.

अनादिष्ट ત્રિ० વિશેષરૂપે નહિ ઉપદેશેલ–નહિ કહેલ.

अनादीनव ત્રિ० નિર્દોષ.

अनादृत ત્રિ० તિરસ્કાર પામેલું.

अनादृत ન० તિરસ્કાર.

अनादेय ન० ધર્મશાસ્ત્રમાં નિષેધેલી નહિ ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ.

अनादेश પુ० ઉપદેશનો અભાવ, આજ્ઞાનો અભાવ.

अनाद्य ત્રિ० નહિ ભક્ષણ કરવા યોગ્ય અભક્ષ્ય, અનાદિ.

अनाधार ત્રિ० આશ્રયરહિત, નિરાધાર, ન્યાયશાસ્ત્રના મતમાં હરકોઈ નિત્ય દ્રવ્ય.

अनाधृष् ત્રિ० પરાભવ-તિરસ્કાર નહિ પામેલ.

अनाधृष्ट ત્રિ० પરાભવ નહિ પામેલ, અપરાજીત.

अनाधृष्य ત્રિ० પરાજય કરવાને લાયક નહિ તે, જીતી ન શકાય તેવું.

अनानुद त्रि० अतुल्य દાતા, દાન કરવામાં એકું.

अनापन्न त्रि० નહિ પ્રાપ્ત થયેલ, નહિ મેળવેલ.

अनाप्त त्रि० અબંધુ, નહિ પ્રાપ્ત થયેલ.

अनाभयिन् त्रि० અત્યંત નહિ બીધેલ, અત્યંત નિર્ભય.

अनाभू त्रि० સ્તુતિ ન કરનાર, સન્મુખ નહિ થયેલ.

अनामक न० હરસનો રોગ.

अनामक पु.० પુરુષોત્તમ મહિનો, મળમાસ.

अनामक त्रि० નામવગરનું.

अनामन् त्रि० ઉપરનો અર્થ.

अनामन् पु० મળમાસ, પુરુષોત્તમ મહિનો.

अनामन् न० હરસનો રોગ.

अनामय पु० રોગનો અભાવ, આરોગ્ય.

अनामय त्रि० નીરોગી.

अनामयित्नु त्रि० વ્યથા નહિ ઉપજાવનાર.

अनामा स्त्री० અનામિકા આંગળી–વચલી અને છેલ્લી આંગળીની વચ્ચે રહેલી આંગળી.

अनामिका स्त्री० ઉપરનો અર્થ.

अनामृण त्रि० અહિંસક, હિંસા નહિ કરનાર.

अनायत्त त्रि० અસ્વાધીન, અવશ, પરવશ.

अनायन न० એકાંત.

अनायास त्रि० પ્રયત્નવિનાનું.

अनायास पु० પ્રયત્નનો અભાવ, અલ્પ પ્રયત્ન, સહેલાઇ.

अनायासकृत न० અલ્પ પ્રયત્નથી કરેલ.

अनायुष्य न० આયુષને હિતકારક નહિ એવું અતિભોજન વગેરે.

अनारत न० સંતત, અવિચ્છિન્ન, નિરંતર, કાયમ.

अनारत त्रि०કાયમનું, નિત્યનું.

अनारब्ध त्रि० નહિ આરંભેલ.

अनारभ्य अव्य० નહિ આરંભીને.

अनारभ्य त्रि० આરંભ નહિ કરવા યોગ્ય.

अनारभ्याधीत त्रि० કંઇ પણ નહિ આરંભીને ભણેલ.

अनारंभ पु० આરંભનો અભાવ, શરૂઆત નહિ તે.

अनारोग्य न० આરોગ્યનો અભાવ.

अनारोग्य त्रि० આરોગ્યનું સાધન નહિ તે.

अनार्जव पु० રોગ.

अनार्जव त्रि० સરળતાવિનાનું, કુટીલ, વક્ર.

अनार्जव अव्य० સરલતાનો અભાવ.

अनार्त्तव त्रि० જેનો ઋતુકાળ પ્રાપ્ત થયો નથી તેવું પુષ્પ વગેરે.

अनार्त्तवा स्त्री० જે કદી રજસ્વલા નથી થઇ તેવી સ્ત્રી.

अनार्य पु० આર્ય ન હોય તે, નહિ ચાલેલ, નહિ ગયેલ, આર્યોએ નહિ આશ્રય કરેલ દેશ.

अनार्य्यक न० અગરનું લાકડું.

अनार्य्यज त्रि० અનાર્ય દેશમાં ઉત્પન્ન થયેલ.

अनार्य्यज न० અગરનું લાકડું.

अनार्य्यता स्त्री० અનાર્યપણું.

अनार्य्यत्व न० ઉપરનો અર્થ.

अनार्यतिक्त पु० કરીઆતું.

अनार्ष त्रि० અવૈદિક, વેદમાં નહિ કહેલ, ઋષિઓએ નહિ જોયેલ.

अनालंबी स्त्री० શિવની વીણા.

अनालोचित त्रि० નહિ તપાસેલ, નહિ વિચારેલ.

अनालोडित त्रि० ઉપરનો અર્થ.

अनाविल त्रि० સ્વચ્છ, નિર્મળ, ડહોળું નહિ તે.

अनाविद्ध त्रि० નહિ વીંધાયેલ, અદુઃખિત.

अनावृत त्रि० નહિ ઢંકાયેલ, ખુલ્લું.

अनावृत्त त्रि० ફરીથી નહિ ગયેલ, પહેલાં ગયેલ.

अनावृत्ति स्त्री० અભ્યાસનો અભાવ, આગમનનો અભાવ નહિ આવવું તે.

अनावृष्टि स्त्री० ૭ ઈતિઓમાંની બીજી ઈતિ, વરસાદ બીલકુલ ન થવો તે.

अनाशक पु० યથેચ્છ ભોજન, નાશવંત નહિ તે.

अनाशकायन न० આત્મજ્ઞાનનું સાધન, એક પ્રકારનું બ્રહ્મચર્ય.

अनाशस्त त्रि० નહિ વખણાયેલ,

अनाशिन त्रि० નાશવંત નહિ તે, નાશ-રહિત, આત્મા, ઈશ્વર.

अनाशु त्रि० વિનાશરહિત, અવ્યાપ્ત.

अनाश्य त्रि० નાશને અયોગ્ય.

अनाश्रमिन त्रि० ગૃહસ્થાશ્રમ વગેરે આશ્રમ-વિનાનું.

अनाश्रय त्रि० આશ્રયરહિત, નિરાધાર.

अनाश्वस् त्रि० ભોગરહિત.

अनाश्वास पु० અનાસ્થા, અવિશ્વાસ.

अनास् त्रि० મુખવિનાનું, મુખના વ્યાપા-રથી રહિત.

अनास्तिक त्रि० નાસિકારહિત, નાકવિનાનું, નકટું.

अनास्थ त्रि० આસ્થાવિનાનું, શ્રદ્ધાહીન, આદરશૂન્ય, બેદરકાર.

अनास्था स्त्री० આસ્થાનો અભાવ, અશ્રદ્ધા, અનાદર, બેદરકારી.

अनास्थान न० એક સ્થળે ન રહી શકે તેવું જળ વગેરે, સભાવિનાનું.

अनास्राव त्रि० કલેશવિનાનું.

अनाह पु० સંગ્રહણીનો રોગ.

अनाहत न० નહી ફાટેલું તથા નહી પહે-રેલું નવું વસ્ત્ર, તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ અને હૃદયપ્રદેશમાં આવેલું તે નામનું એક ચક્ર.

अनाहत त्रि० જેને આઘાત નથી પહોંચેલો તેવી હરકોઇ વસ્તુ.

अनाहता स्त्री० પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી નામની વાણીની વૃત્તિઓ-માંની મધ્યમા વાણીવૃત્તિ.

अनाहार पु० આહારનો અભાવ, ઉપવાસ, અનશન.

अनाहार्य त्रि० અકૃત્રિમ, સ્વાભાવિક.

अनाहिताग्नि पु० જેણે વિધિપ્રમાણે અગ્નિ-હોત્ર ન લીધું હોય તેવો કોઇ દ્વિજ.

अनाहूत त्रि० નહિ બોલાવેલ.

अनिकेत पु० જેનો નિયત નિવાસ નથી તેવો સંન્યાસી.

अनिकेतन पु० ઉપરનો અર્થ.

अनिक्षु न० શેરડી જેવો એક જાતનો કાસડો-તે નામનું એક ઘાસ.

अनिगीर्ण त्रि० નહી ગળેલ, નહિ છુપાવેલ.

अनिच्छा स्त्री० ઇચ્છાનો અભાવ.

अनिच्छु त्रि० ઇચ્છાવિનાનું.

अनित्य त्रि० નિત્ય નહિ તે, નાશવંત, ઉત્પ-ત્તિવાળી હરકોઇ વસ્તુ, અસ્થિર, અવ્ય-વસ્થિત.

अनित्यता स्त्री० અનિત્યપણું.

अनित्यत्व न० અનિત્યપણું.

अनिद्र स्त्री० નિદ્રાવિનાનું, ઉંઘણસી નહિ તે, આળસુ નહિ તે.

अनिद्रा स्त्री० નિદ્રાનો અભાવ.

अनिन्दित त्रि० નહિ નિંદાયલું, નિંદારહિત.

अनिन्द्र त्रि० ઇન્દ્રની ઉપાસના નહિ કરનાર.

अनिन्द्य त्रि० નહિ નિંદવા યોગ્ય.

अनिपुण त्रि० હોંશીઆર નહિ તે, અકુશલ.

अनिबद्ध त्रि० નહિ બંધાયેલ, નહિ પરા-ધીન, નહિ ગુંથેલ.

अनिबाध त्रि० પીડાવિનાનું, દુઃખવિનાનું.

अनिभृत त्रि० ચંચળ, અસ્થિર.

अनिभृष्ट त्रि० અબાધિત, અદુઃખિત.

अनिमक पु० દેડકો, કોયલ, ભમરો, કમળની અંદરનો કેસરો, મહુડાનું ઝાડ.

अनिमान त्रि० અમાપ, માપવિનાનું.

अनिमित्त न० કારણનો અભાવ. કારણશૂન્ય.
अनिमिष् त्रि० નિશ્ચળ દર્શન.
अनिमिष त्रि० આંખના પલકારાવિનાનું, ક્રિયાશૂન્ય.
अनिमिष पु० દેવ, માછલું.
अनिमिषाचार्य पु० બૃહસ્પતિ.
अनिमेष पु० દેવ, માછલું.
अनिमेष त्रि० अनिमिष त्रि० જુઓ.
अनिमेषाचार्य पु० દેવગુરૂ-બૃહસ્પતિ.
अनियत त्रि० નિયમે કરી એક સ્વરૂપ નહિ તે, અનિત્ય, અસ્થાયી, બંધનરહિત.
अनियंत्रित त्रि० અનિયમિત, ઉચ્છૃંખલ.
अनियम पु० નિયમનો અભાવ.
अनिर त्रि० પ્રેરણા કરવાને અશક્ય, અન્નરહિત.
अनिर न० દારિદ્રય.
अनिरा स्त्री० જેનાથી અન્ન પાકતું નથી તે અતિવૃષ્ટિ-અનાવૃષ્ટિ વગેરે.
अनिराकरण न० નિરાકરણનો અભાવ, સમાધાની નહિ તે.
अनिराकृत त्रि० નહિ નિરાકરણ કરેલ. નહિ અટકાવેલ, નહિ તિરસ્કાર કરેલ.
अनिरुक्त त्रि० વિશેષસ્વરૂપે નિર્વચનરહિત.
अनिरुद्ध न० પશુ વગેરેને બાંધવાની દોરી.
अनिरुद्ध पु० પ્રદ્યુમ્નનો પુત્ર-ઉષાનો પતિ, વિષ્ણુ, ચિત્તનો અધિષ્ઠાતા દેવ.
अनिरुद्ध त्रि० કોઇનાથી પણ નહિ અટકાવેલ.
अनिरुद्धपथ त्रि० જેનો માર્ગ કોઇએ રોક્યો ન હોય તે.
अनिरुद्धपथ न० આકાશ.
अनिरुद्धभाविनी स्त्री० બાણાસુરની પુત્રી ઉષા.
अनिर्ज्ञात त्रि० અનિશ્ચિત, નહિ પ્રાપ્ત થયેલ.
अनिर्णय पु० નિશ્ચયનો અભાવ-અનિશ્ચય.
अनिर्दश त्रि० જેને દશ દિવસ ન થયા હોય તે.
अनिर्दशाह त्रि० ઉપરનો અર્થ.
अनिर्देश्य त्रि० જેનો નિર્દેશ ન થઇ શકે તે.
अनिर्देश्य न० પરબ્રહ્મ-પરમાત્મા.
अनिर्धारित त्रि० અનિશ્ચિત.
अनिर्भर त्रि० થોડું, જરાક.
अनिर्मल त्रि० સ્વચ્છ નહિ, મલિન.
अनिर्माल्या स्त्री० તે નામની એક ઔષધિ.
अनिर्वचनीय पु० જેનું સ્વરૂપ અમુક પ્રકારનું છે એમ ન કહી શકાય તે પરમાત્મા.
अनिर्वचनीय न० જગત, અજ્ઞાન.
अनिर्वचनीयसर्वस्व न० શ્રી હર્ષકવિએ રચેલ'ખંડન ખંડ ખાદ્ય' નામનો એક ગ્રંથ.
अनिर्वाह पु० નિર્વાહનો અભાવ.
अनिर्विण्ण त्रि० નહિ કંટાળેલ, નહિ ખેદ પામેલ, અદુઃખી.
अनिर्वृत्ति स्त्री० દરિદ્રાવસ્થા.
अनिर्वृत्ति त्रि० દરિદ્ર મનુષ્ય વગેરે.
अनिर्वेद पु० વૈરાગ્યનો અભાવ, અસંતોષ.
अनिल पु० વાયુ, જૈનમતમાં માનેલા દશ ભવનપતિ દેવોમાંના છઠ્ઠા ભવનપતિ દેવ, ભૂતકાળના એક જૈન તીર્થંકર.
अनिलघ्नक पु० બહેડાંનું ઝાડ.
अनिलसख पु० અગ્નિ.
अनिलान्तक पु० વાયુરોગનો નાશ કરનાર તે નામની એક ઔષધિ.
अनिलामय पु० વાયુરોગ.
अनिली स्त्री० સ્વાતી નક્ષત્ર.
अनिर्लोचित त्रि० નહિ વિચારેલ, નહિ વિવેચેલ.
अनिर्लोडित त्रि० નહિ વિચારેલ.
अनिवर्तिन् त्रि० પાછું નહિ ફરનાર, યુદ્ધ વગેરેમાં પાછું નહિ હઠનાર.
अनिर्दिशमान त्रि० સતત ગમન કરનાર.

अनिश ત્રિ० નિત્ય, નિરન્તર, સદાકાળ હોનાર, રાત્રિ સિવાયનું.

अनिशम् અવ્ય० હમેશ, નિરન્તર, સદા.

अनिशृशस्त ત્રિ० અનિંદિત.

अनिश्चित ત્રિ० નિશ્ચિત નહિ તે.

अनिष्ट ત્રિ० અપ્રિય, દુઃખ, પાપ, ખેદ, અપકાર, જેનું પૂજન વગેરે ન કર્યું હોય તેવો દેવ વગેરે.

अनिष्टदुष्टधी ત્રિ० દુષ્ટબુદ્ધિવાળું.

अनिष्टा સ્ત્રી० તે નામની એક વનસ્પતિ.

अनिष्टिन् ત્રિ० જેણે યજ્ઞ અથવા દેવપૂજન ન કર્યું હોય તે.

अनिष्ठ ત્રિ० નિષ્ઠાવિનાનું.

अनिष्ठा સ્ત્રી० નિષ્ઠાનો અભાવ.

अनिष्णात ત્રિ० અકુશળ, અજાણ, અપંડિત, અપ્રવીણ.

अनिष्पन्न ત્રિ० નહિ ઉત્પન્ન થયેલ, અસંપૂર્ણ.

अनिष्पत्र ન० જેને છેડે બાંધેલું પીછું ન નીકળેલું હોય તેવા બાણથી વીંધવું વગેરે.

अनीक પુ० ન० સૈન્ય, યુદ્ધ, સુખ.

अनीकस्थ ત્રિ० યુદ્ધમાં રહેલ સૈન્ય વગેરે.

अनीकिनी સ્ત્રી० સેનાનો સમુદાય, સેના.

अनीच ત્રિ० નીચ નહિ તે, નીચું નહિ તે.

अनीचिदर्शिन् પુ० તે નામનો એક બુદ્ધ.

अनीति સ્ત્રી० નીતિ નહિ તે, અનીતિ.

अनीश ત્રિ० ઈશ્વરસિવાયનું, અસ્વતંત્ર, ધણીવિનાનું.

अनीश પુ० સર્વનો નિયંતા ઈશ્વર, વિષ્ણુ.

अनीशा સ્ત્રી० દીનતા, દીનપણું.

अनीश्वर ત્રિ० अनीश ત્રિ० જુઓ.

अनीह ત્રિ० સ્પૃહાવગરનું, નિસ્પૃહ, બેદરકાર, નિશ્ચેષ્ટ.

अनीहा સ્ત્રી० સ્પૃહાનો અભાવ, બેદરકારી.

अनु અવ્ય० અધ્યયન, કોઈપણ કામ કરવું, સમીપપણું, પાછળ, હીનપણું, સરવું, સાથેપણું, વારંવાર, સન્મુખપણું.

अनुक ત્રિ० કામી.

अनुकम् અવ્ય० તર્કવિતર્ક.

अनुकम्पक ત્રિ० દયાળુ.

अनुकम्पन ન० દયા.

अनुकम्पा સ્ત્રી० દયા, લગાર ચાલવું તે.

अनुकम्प्य ત્રિ० વેગવાળું, દયા કરવા યોગ્ય, દયાપાત્ર.

अनुकरण ન० નક્કલ કરવી તે.

अनुकर्ष પુ० રથની નીચે પૈડાં ઉપર બાંધેલું લાકડું.

अनुकर्ष ન० આકર્ષણ.

अनुकर्षण પુ० ન० ઉપરનો અર્થ.

अनुकल्प પુ० ગૌણ કલ્પ, ગૌણ આચાર, પ્રતિનિધિ, ગૌણકલ્પનું પ્રતિપાદન કરનાર ગ્રંથ.

अनुकाम ત્રિ० અત્યંત કામી.

अनुकाम પુ० યોગ્ય અભિલાષા.

अनुकाम અવ્ય० ઇચ્છાનુસાર, યથેચ્છ.

अनुकामीन ત્રિ० યથેષ્ટ ગમન કરનાર, નીતિ–અનીતિ જોયા વિના ઇચ્છાનુસાર વર્તનાર.

अनुकार પુ० નક્કલ કરવી તે.

अनुकारिन् ત્રિ० નક્કલ કરનાર.

अनुकार्य्य ત્રિ० નક્કલ કરવા યોગ્ય, પાછળ કરવા લાયક.

अनुकाल અવ્ય० સમયને યોગ્ય, વખત પ્રમાણે.

अनुकीर्तन ન० કહેવું.

अनुकूल પુ० પતિભેદ.

अनुकूल ત્રિ० અનુકૂળ, સહચર, સહાય, પોતાનો પક્ષપાત કરનાર.

अनुकूलता સ્ત્રી० અનુકૂલપણું.

अनुकूलत्व ન० ઉપરનો અર્થ.

अनुकूला સ્ત્રી० દંતી વૃક્ષ.

अनुकृति स्त्री० અનુકરણ, નક્કલ કરવી તે.
अनुकृष्ट त्रि० ખેંચેલું, ખેડેલું.
अनुक्त त्रि० નહિ કહેલ, નહિ પ્રેરેલ, નહિ યોજેલ.
अनुक्थ त्रि० જેનું સ્તોત્ર ન હોય તે, સ્તુતિરહિત.
अनुक्रम त्रि० ક્રમને નહિ ઓળંગેલ.
अनुक्रम अव्य० ક્રમને નહિ ઓળંગીને.
अनुक्रमणिका स्त्री० ગ્રંથમાંના વિષયનું સાંકળીયું.
अनुक्री पु० તે નામનો એક યજ્ઞ.
अनुक्रोश पु० દયા.
अनुक्रोश त्रि० એક ક્રોશ માર્ગને વટી ગયેલ–પ્રાપ્ત થયેલ.
अनुक्षण अव्य० ક્ષણે ક્ષણે, પ્રતિક્ષણે.
अनुक्षण त्रि० નિત્યનું, નિરંતરનું.
अनुग त्रि० પાછળ જનાર, સહચર, અનુકૂલ સેવક.
अनुगंग अव्य० ગંગા ઉપર, ગંગામાં.
अनुगत त्रि० પાછળ ગયેલ, અનુસરેલ, સાથે ગયેલ, અનુકૂલ થયેલ.
अनुगति स्त्री० પાછળ ગમન, અનુસરણ.
अनुगम पु० પાછળ જવું, અનુસરવું, સહાય થવું, સામાન્ય ધર્મ વડે સર્વ વિશેષ રૂપોનું ગ્રહણ.
अनुगमन न० પાછળ જવું, અનુસરવું.
अनुगव न० બળદની લંબાઈ જેટલી લંબાઈવાળું ગાડું વગેરે.
अनुगवीन त्रि० ગાય–બળદની પાછળ જનાર ગોવાળ વગેરે.
अनुगादिन् त्रि० અનુવાદક, ભાષાંતર કર્તા.
अनुगामिन् त्रि० પાછળ જનાર, અનુસરનાર, સહચર.
अनुगुण त्रि० અનુકૂલ, અનુસરેલ, યોગ્ય, યોગ્ય ઉપકરણ, સમાન ગુણવાળું, ગુણમાં આસક્ત.
अनुगुण अव्य० ગુણોને નહિ ઓળંગીને, ગુણપ્રમાણે, ગુણમાં.
अनुगुणा स्त्री० તાર બાંધેલી વીણા.
अनुगुप्त त्रि० ઢાંકેલ, રક્ષણ કરેલ.
अनुगृहीत त्रि० જેના ઉપર અનુગ્રહ–કૃપા કરેલ હોય તે.
अनुग्र त्रि० ઉગ્ર નહિ તે, શાંત સ્વભાવનું, અસમર્થ, અનુદ્ધત.
अनुग्रह पु० કૃપા, મહેરબાની, અનુકૂલતા.
अनुग्रह त्रि० સૂર્ય વગેરે ગ્રહને અનુસરેલ.
अनुग्राहिन् त्रि० અનુગ્રહવાળું, કૃપાવાળું, મહેરબાની કરનારૂં.
अनुग्राह्य त्रि० અનુગ્રહ કરવા યોગ્ય, કૃપા કરવા યોગ્ય.
अनुचर त्रि० સહચર, પાછળ જનાર, દાસ, સેવક.
अनुचरी स्त्री० સહચરી, દાસી, સેવકી, દાસપુત્રી.
अनुचारक त्रि० અનુસરનાર, સેવક.
अनुचित त्रि० અયોગ્ય, અપરિચિત.
अनुचिंतन न० સ્મરણ કરવું, ચિંતવવું, સતત ચિંતન કરવું.
अनुचिंता स्त्री० ઉપરનો અર્થ.
अनुच्च त्रि० ઉંચું નહિ તે, જ્યોતિષમાં કહેલ ગ્રહોનું નીચસ્થાન.
अनुच्छिष्ट न० એઠું નહિ તે.
अनुज न० તે નામે સુગંધી દ્રવ્ય.
अनुज त्रि० પાછળ જન્મેલ.
अनुज पु० નાનોભાઈ.
अनुजन्मन् पु० નાનો ભાઈ.
अनुजा स्त्री० નાની બહેન.
अनुजात પાછળ જન્મેલ.
अनुजात पु० નાનો ભાઈ.
अनुजावर त्रि० અત્યંત નાનું.
अनुजीविन् त्रि० સેવક, આશ્રિત.
अनुजन्मन त्रि० પાછળ જન્મેલ.

अनुजीव्य त्रि० આશ્રય કરવા યોગ્ય, સેવવા યોગ્ય.

अनुज्ञा स्त्री० રજા, પરવાનગી.

अनुज्ञापक त्रि० પરવાનગી આપનાર.

अनुज्ञात त्रि० જેને પરવાનગી આપી હોય તે.

अनुज्येष्ठ त्रि० મોટાને અનુસરેલ.

अनुज्येष्ठ अव्य० મોટાને નહિ ઓળંગીને.

अनुतर न० નદી ઉતરવા માટે અપાતો કર.

अनुतर्ष न० મદિરા પીવાનું પાત્ર, મદિરા, મદિરાપાન, ઇચ્છા, તૃષ્ણા, તરસ, પીવાની ઇચ્છા.

अनुतर्षण न० ઉપરના અર્થ.

अनुताप पु० પશ્ચાત્તાપ.

अनुतापिन् त्रि० પશ્ચાત્તાપ કરનાર.

अनुतिल त्रि० તલને અનુસરેલ-વાવેલ ખેતર વગેરે.

अनुतिल अव्य० તલમાં, તલ વિષે.

अनुतूलन न० દાંડી વડે ઘાસના અગ્રભાગને કૂટવો તે.

अनुत्क त्रि० ઉત્કંઠિત નહિ તે, સ્વસ્થ.

अनुत्कर्ष त्रि० ઉત્કર્ષ રહિત.

अनुत्कर्ष पु० ઉત્કર્ષનો અભાવ.

अनुत्त त्रि० નહિ ભીંજાયેલ, નહિ પ્રેરેલ.

अनुत्तम त्रि० ઉત્તમ નહિ તે.

अनुत्तम न० અતિ ઉત્કૃષ્ટ.

अनुत्तर त्रि० અત્યન્ત શ્રેષ્ઠ, મુખ્ય, ઉત્તમ નહિ તે, અધમ, સ્થિર, સંબંધવિનાનું બોલનાર.

अनुत्तरा स्त्री० દક્ષિણ દિશા.

अनुत्तरोपपातिकदशा स्त्री० જૈન દ્વાદશાંગીનું નવમું અંગ.

अनुत्तान त्रि० ચત્તું નહિ તે, નીચા મુખવાળું.

अनुत्तरङ्ग त्रि० જેમાં તરંગ-મોજાં ઉછળતાં નહોય તેવું પાણી વગેરે, અચંચળ, સ્થિર.

अनुत्पत्ति स्त्री० ઉત્પત્તિ નહિ તે.

अनुत्पत्तिक त्रि० ઉત્પત્તિવિનાનું.

अनुत्पन्न त्रि० ઉત્પન્ન નહિ થયેલ.

अनुत्पाद पु० ઉત્પત્તિનો અભાવ. ઉત્પત્તિરહિત.

अनुत्साद पु० ઉચ્છેદનો અભાવ.

अनुत्साद त्रि० ઉચ્છેદવિનાનું.

अनुत्साह पु० ઉત્સાહનો અભાવ, ઉત્સાહવગરનું.

अनुत्सिक्त त्रि० ગર્વિષ્ઠ નહિ તે, નિરભિમાની.

अनुत्सुक त्रि० ઉત્કંઠિત નહિ તે, ઉત્કંઠાવિનાનું.

अनुत्सूत्र त्रि० સૂત્રને અનુસરતું, સૂત્રવિરુદ્ધ નહિ તે.

अनुत्सेक पु० ગર્વનો અભાવ.

अनुत्सेकिन् त्रि० ગર્વવિનાનું.

अनुद त्रि० પ્રેરક નહિ તે, સમાન રૂપે આપનાર.

अनुदक न० જેમાં જળ આપવામાં આવતું નથી તેવું એક શ્રાદ્ધ.

अनुदक त्रि० પાણીવિનાનું.

अनुदग्र त्रि० ઉગ્ર નહિ તે, કોમળ, તીક્ષ્ણ નહિ તે, અતિઉન્નત.

अनुदर त्रि० નાના પેટવાળું. કૃશોદર.

अनुदर्शन न० અનુચિંતન-ચિંતવન.

अनुदात्त पु० અનુદાત્ત સ્વર, જે સ્વરનું નીચેથી ઉચ્ચારણ ન થાય તે.

अनुदार न० અત્યંત ઉદાર નહિ તે, મોટું નહિ તે, અત્યંત દાતા-ઉદાર

अनुदार पु० સ્ત્રીને અનુસરનાર પુરુષ.

अनुदित त्रि० ઉદય નહિ પામેલ, નહિ કહેલ.

अनुदिन अव्य० દરરોજ, હમેશ.

अनुदिवस अव्य० ઉપરનો અર્થ.
अनुदृष्टि स्त्री० યોગ્ય દૃષ્ટિ, અનુકૂલ દૃષ્ટિ.
अनुदृष्टि त्रि० અનુકૂલદૃષ્ટિવાળું.
अनुदेश पु० ક્રમ પ્રમાણે ઉચ્ચાર, ઉપદેશ.
अनुद्देश पु० ઉદ્દેશ નહિ તે.
अनुद्धत त्रि० ઉદ્ધત નહિ તે, વિનયવાળું.
अनुद्धरण न० ઉદ્ધાર નહિ તે.
अनुद्धार पु० ઉદ્ધારનો અભાવ.
अनुद्धृत त्रि० નહિ ઉત્થાપેલ, નહિ બહાર કાઢેલ.
अनुद्भट त्रि० અપ્રગલ્ભ, મૃદુ, કોમળ.
अनुद्यम त्रि० નિરૂદ્યમી.
अनुद्यम पु० ઉદ્યમનો અભાવ.
अनुद्यूत न० ફરી જુગાર ખેલવો તે.
अनुद्योग पु० ઉદ્યોગનો અભાવ.
अनुद्योग त्रि० ઉદ્યોગરહિત.
अनुद्रुत त्रि० પાછળ ગયેલ, પાછળ પડેલ.
अनुद्रुत न० માત્રાના ચતુર્થાંશને બોલતાં જે સમય લાગે તેટલા સમયવાળો એક તાલ.
अनुद्वाह त्रि० જેનો વિવાહ ન થયો હોય તે.
अनुद्वाह पु० વિવાહનો અભાવ.
अनुद्विग्न त्रि० ઉદ્વિગ્ન નહિ તે, નહિ કંટાળેલ.
अनुद्वेग पु० ઉદ્વેગનો અભાવ.
अनुद्वेग त्रि० ઉદ્વેગવિનાનું.
अनुधावन न० પાછળ જવું-દોડવું, અનુસંધાન, તત્ત્વના નિશ્ચયને અનુસરવું.
अनुध्या स्त्री० શુભ ચિંતન અનુગ્રહ, આસક્તિ, મહેરબાની.
अनुध्यान न० પ્રતિક્ષણ ચિંતન.
अनुध्याय त्रि० શુભ ચિંતન કરનાર, ચિંતવન કરનાર.
अनुध्येय त्रि० અનુગ્રહ-મહેરબાની કરવા યોગ્ય, જેનું શુભ ચિંતન કરવામાં આવતું હોય તે.
अनुनय पु० વિનય, પ્રણામ, પ્રાર્થના, વીનવણી, સાંત્વન.
अनुनयिन त्रि० વિનયવાળું, પ્રણામ-પ્રાર્થના વીનવણી કરનાર.
अनुनाद पु० પડઘો,-અનુરૂપ શબ્દ. એક સરખો શબ્દ.
अनुनादिन् त्रि० પડઘો કરનાર, એક સરખો શબ્દ કરનાર.
अनुनायिका स्त्री० નાયિકાને અનુસરનારી સ્ત્રી-દાસી-સખી.
अनुनाश पु० પાછળ મરણ.
अनुनासिक पु० મુખ અને નાસિકાથી ઉચ્ચારાતો વર્ણ-અક્ષર.
अनुनीत त्रि० પ્રાર્થના કરેલ, શાંત પાડેલ, મનાવેલ.
अनुनेय त्रि० પ્રાર્થનાને યોગ્ય, શાંત પાડવા યોગ્ય, મનાવવા યોગ્ય.
अनुपकार पु० ઉપકાર નહિ તે, અપકાર.
अनुपकारिन त्रि० ઉપકાર નહિ કરનાર, અપકાર કરનાર.
अनुपक्षित त्रि० ક્ષીણ નહિ તે, અનુપક્ષીણ.
अनुपठितन न० ગુરૂમુખના પાઠ પ્રમાણે પાઠ કરવો તે.
अनुपठित त्रि० ગુરૂના મુખથી જેપ્રમાણે ભણાયું હોય તેપ્રમાણે ભણેલ.
अनुपठितिन् त्रि० ગુરૂએ જે પ્રમાણે ભણાવ્યું હોય તે પ્રમાણે ભણનાર.
अनुपतन न० પાછળ પડવું; અનુકૂલ પડવું, અનુસરતું પડવું.
अनुपति अव्य० પતિની સમીપ, પતિની પાસે.
अनुपथ पु० અનુકૂલ માર્ગ.
अनुपथ अव्य० માર્ગસમીપ, માર્ગમાં.
अनुपद न० અનુકૂલ પદ, યોગ્ય સ્થાન.
अनुपद अव्य० પદની પાછળ, પગલે પગલે.

अनुपद् न० દરરોજ મેળવવા યોગ્ય અન્ન વગેરે.

अनुपदिक त्रि० પાછળ ગયેલ.

अनुपदिन् त्रि० પાછળ પડી શોધ કરનાર.

अनुपदिष्ट त्रि० નહિ ઉપદેશેલ.

अनुपदीना स्त्री० જોડા, પગરખાં.

अनुपधि त्रि० નિષ્કપટ, સરળ વ્યવહારવાળું.

अनुपनीत पु० જેને જનોઈ ન આપી હોય તેવો બાળક.

अनुपनीत त्रि० પાસે નહિ લઇ જવાયેલ.

अनुपन्यास पु० નહિ કહેવું તે.

अनुपपत्ति स्त्री० યુક્તિનો અભાવ, અસંગતિ.

अनुपपन्न त्रि० યુક્તિરહિત, અસંગત, બંધ બેસતું નહિ તે, અઘટિત.

अनुपबाध त्रि० પ્રતિબંધરહિત.

अनुपम त्रि० ઉપમારહિત, અતુલ, અતિ ઉત્કૃષ્ટ.

अनुपमा स्त्री० ઉપમાનો અભાવ, કુમુદ નામના દિગ્ગજની સ્ત્રી, સુપ્રતીક નામના દિગ્ગજની સ્ત્રી.

अनुपमेय त्रि० જેને ઉપમા ન આપી શકાય તે, બીજા સમાન નહિ તે.

अनुपयुक्त त्रि० ઉપયોગી નહિ તે, અયોગ્ય.

अनुपयोग पु० ઉપયોગનો અભાવ, અનુકૂલતાનો અભાવ.

अनुपयोग त्रि० ઉપયોગી નહિ તે.

अनुपरत त्रि० અશાંત, વિષયો ઉપરની પ્રીતિ જેણે છોડી નથી તે.

अनुपरति स्त्री० અશાંતિ, વિષયાભિલાષથી નિવૃત્તિનો અભાવ.

अनुपलक्षित त्रि० વિશેષે કરી નહિ જાણેલ, નહિ ઓળખેલ, ઓચિંતું, અકસ્માત્.

अनुपलब्धि स्त्री० અપ્રાપ્તિ, લાભનો અભાવ, પ્રત્યક્ષ આદિનો અભાવ.

अनुपवीत पु० જેને જનોઈ ન દીધી હોય તેવો બાળક.

अनुपशम पु० શાંતિનો અભાવ, નિવૃત્તિનો અભાવ.

अनुपसंहार पु० ઉપસંહારનો અભાવ.

अनुपसंहारिन् पु० ન્યાયમતમાં કહેલ એક દુષ્ટ હેતુ.

अनुपसंहारिन् त्रि० ઉપસંહાર નહિ કરનાર.

अनुपसेचन न० દહિં વગેરે વ્યંજનરહિત અન્ન.

अनुपस्कृत त्रि० જેના ઉપર પાક વગેરે સંસ્કાર કરાયા ન હોય તે, અવિકૃત.

अनुपस्थान न० ઉપસ્થાન-સ્મરણનો અભાવ.

अनुपस्थान त्रि० સ્મૃતિશૂન્ય.

अनुपस्थाप्य त्रि० સ્મરણને અયોગ્ય, નહિ સંભારવા યોગ્ય.

अनुपस्थिति स्त्री० સ્મરણનો અભાવ.

अनुपहत त्रि० ઉપઘાતરહિત.

अनुपहत न० કીનારીવાળું નહિ વાપરેલું નવું વસ્ત્ર.

अनुपाकृत त्रि० યજ્ઞમાં કરવામાં આવતા ઉપાકરણ સંસ્કારથી રહિત.

अनुपात पु० પાટી ગણિતમાં કહેલ ત્રૈરાશિકથી યુક્ત સંખ્યાપાત, પાછળ પડવું.

अनुपात अव्य० નમાવીને.

अनुपातक न० બ્રહ્મહત્યા વગેરે મહાપાપના જેવું એક પાપ.

अनुपातकिन् त्रि० બ્રહ્મહત્યા વગેરે મહાપાપના જેવું પાપ કરનાર.

अनुपातिन् त्रि० પાછળ જનાર, અનુસરનાર.

अनुपान न० ઔષધની પાછળ અથવા સાથે જે પીવામાં આવે તે-મધ-ગોળ વગેરે.

अनुपान अव्य० જળની પાસે.

अनुपावृत्त त्रि० પાછું નહિ ફરેલ.

अनुपुष्प पु० તે નામનું એક ઝાડ-કાસડો.

अनुपूर्व त्रि० ક્રમ પ્રમાણેનું, પાછળ જનાર.

अनुपृष्ठ्य त्रि० વાંસામાં બાંધવાનો પાશ વગેરે.

अनुपेत त्रि० પાસે નહિ ગયેલ.

अनुप्त त्रि० નહિ વાવેલ.

अनुप्रदान न० અક્ષરોના ઉચ્ચારણમાં થતો પ્રયત્ન.

अनुप्रवचन न० ગુરૂમુખથી જે પ્રમાણે ઉચ્ચાર થયો હોય તે પ્રમાણે ઉચ્ચાર.

अनुप्रवचनादि पु० પાણિનીય વ્યાકરણમાં કહેલો એક શબ્દસમૂહ.

अनुप्रवेश पु० નીચેનો શબ્દ જુઓ.

अनुप्रवेशन न० પાછળ પ્રવેશ, અનુકૂલ પ્રવેશ, યોગ્ય પ્રવેશ.

अनुप्रास पु० તે નામનો એક શબ્દાલંકાર.

अनुप्लव पु० સહાય, અનુચર, દાસ.

अनुबन्ध पु० બાંધવું, ઇચ્છાપૂર્વક એક પ્રકારના દોષનો અભ્યાસ, વારંવાર અભિનિવેશ, કોઇપણ શાસ્ત્રના આરંભમાં કહેવાતા અધિકારી, વિષય, સંબંધ તથા પ્રયોજન; મુખ્યને અનુસરનાર અપ્રધાન, કોઇપણ એક સંબંધ, વાત-પિત્ત-વગેરે દોષોનું અપ્રધાનપણું, વ્યાકરણપ્રસિદ્ધ ઇત્સંજક વર્ણ, ફળના સાધનરૂપ એવા અનુષ્ઠાનના વારંવાર અભ્યાસ , બંધન, આરંભ, અનુસરવું, સતત સંબંધ, અવિચ્છિન્નપણું, પાછળથી થનાર શુભ અશુભ, પાછળ સંબંધ.

अनुबंधिन् त्रि० સહચર, પાછળથી ગયેલ, અનુસરેલ, વ્યાપક.

अनुबंधी स्त्री० હેડકીનો રોગ, તૃષ્ણા, તરસ.

अनुबन्ध्य त्रि० વધને માટે બાંધવાયોગ્ય ગાય-બળદ વગેરે,

अनुबोध पु० પ્રથમ ચોપડેલા ચંદન વગેરેના ગંધને વધારે કરવા માટે ફરી મર્દન કરવું વગેરે, પછીનો બોધ-જ્ઞાન.

अनुब्राह्मण न० બ્રાહ્મણ નામના મંત્રો સિવાયનો જે વેદવિભાગ તેના જેવો કોઈ ગ્રંથ.

अनुब्राह्मणिन् त्रि० અનુબ્રાહ્મણ ગ્રંથને જાણનાર અથવા ભણનાર.

अनुभव पु० અનુભવ, સ્મરણભિન્ન જ્ઞાન.

अनुभाव पु० પ્રજાનો-સેના વગેરેથી ઉત્પન્ન થનાર રાજાનું એક તેજ, પ્રતાપ, અલંકારશાસ્ત્રપ્રસિદ્ધ રસવ્યંજક ભાવ, સામર્થ્ય, તેજ, માહાત્મ્ય.

अनुभाविन् त्रि० સાક્ષાત્કાર વગેરે કરનાર, પાછળ ઉત્પન્ન થનાર નાનો ભાઇ વગેરે.

अनुभाषण न० સહભાષણ, સાથે બોલવું તે.

अनुभू स्त्री० અનુભવરૂપ એવું એક પ્રકારનું જ્ઞાન.

अनुभूताद्यविस्मृति स्त्री० ભાવના નામનો એક સંસ્કાર-જેનાથી કંઇ ભૂલાતું નથી.

अनुभूत त्रि० અનુભવેલ, પાછળ જન્મેલ.

अनुभूति स्त्री० અનુભવ.

अनुभूतिप्रकाश पु० ઉપનિષદોના તાત્પર્યને સમજાવનાર માધવાચાર્યે રચેલું એક પ્રકરણ.

अनुमत त्रि० અનુમોદન અપાયેલ, સંમતિ અપાયેલ, માનેલ.

अनुमतकर्मकारिन् त्रि० સંમતિ-અનુમતિ પ્રમાણે કામ કરનાર.

अनुमति स्त्री० અનુજ્ઞા, સંમતિ, અનુમોદન, રજા, એક કળા જેમાં ઓછી હોય તેવા ચંદ્રવાળી શુદિ ચૌદશથી યુક્ત પૂનેમ.

अनुमन्तृ त्रि० અનુમોદન આપનાર અનુજ્ઞા-પરવાનગી આપનાર.

अनुमंत्रण न० મંત્રોચ્ચાર પછી મંત્રપૂર્વક સંસ્કાર વગેરે કરવો તે, યજ્ઞ વગેરેમાં મંત્રોચ્ચારપૂર્વક કરવામાં આવતો એક સંસ્કાર.

अनुमरण न० પાછળ મરવું.

अनुमा स्त्री० એક જાતનું જ્ઞાન.

अनुमातृ त्रि० અનુમાન કરનાર.

अनुमान न० અનુમાન, વ્યાપ્યના જ્ઞાનથી વ્યાપકનો નિશ્ચય.

अनुमानचिन्तामणि પુ० ગંગેશ ઉપાધ્યાયે કરેલો ન્યાયશાસ્ત્રના અનુમાનતત્ત્વને સમજાવનાર એક ગ્રંથ.

अनुमानदीधिति સ્ત્રી० રઘુનાથ શિરોમણિ નામના વિદ્વાને કરેલી અનુમાન ચિંતામણી ગ્રંથની વ્યાખ્યા–ટીકા.

अनुमानोक्ति સ્ત્રી० તર્ક.

अनुमार्ग अव्य० માર્ગમાં, માર્ગની પાછળ.

अनुमाष अव्य० અડદમાં.

अनुमास अव्य० દરેક મહિને.

अनुमित त्रि० અનુમાન કરેલ.

अनुमिति સ્ત્રી० અનુમાન.

अनुमित्सा સ્ત્રી० અનુમાન કરવાની ઇચ્છા.

अनुमृत त्रि० પાછળ મરણ પામેલ.

अनुमेय त्रि० અનુમાન કરવા યોગ્ય.

अनुमोद પુ० ન० અનુમોદન, તેં કર્યું તે મારે કબૂલ છે એવી ઇચ્છા દર્શાવવી તે.

अनुमोदन ન० ઉપરનો અર્થ.

अनुमोदित त्रि० અનુમોદન કરાયેલ.

अनुयव अव्य० જવમાં.

अनुयाज પુ० તે નામનો એક યજ્ઞ.

अनुयात त्रि० પાછળ ગયેલ, સાથે ગયેલ.

अनुयात्र अव्य० યાત્રામાં, યાત્રા પછી.

अनुयात्रिक त्रि० પાછળ જનાર, અનુચર, સેવક.

अनुयायिन त्रि० ઉપરના અર્થ.

अनुयुक्त त्रि० જાણવા ઇચ્છેલ પદાર્થ, પૂછેલ.

अनुयुग अव्य० યુગમાં.

अनुयूप अव्य० યૂપમાં, યજ્ઞસ્તંભમાં.

अनुयोक्तृ त्रि० પ્રશ્ન કરનાર, પગાર લઈ ભણાવનાર.

अनुयोग પુ० પ્રશ્ન.

अनुयोगकृत् પુ० આચાર્ય.

अनुयोगकृत् त्रि० પ્રશ્ન કરનાર.

अनुयोगिन त्रि० પ્રશ્ન કરનાર.

अनुयोजन ન० પ્રશ્ન, પૂછવું.

अनुयोज्य त्रि० પ્રશ્ન કરવા યોગ્ય, જેણે આક્ષેપપૂર્વક પ્રશ્ન કર્યો હોય તે, આજ્ઞા કરનાર, દાસ વગેરે.

अनुरक्त त्रि० અનુરાગવાળું, સ્નેહી થયેલ, લાલ રંગને પામેલ.

अनुरक्ति સ્ત્રી० અનુરાગ, સ્નેહ.

अनुरञ्जक त्रि० સ્નેહવાળું કરનાર.

अनुरञ्जन त्रि० સ્નેહવાળું કરનાર.

अनुरञ्जिन ન० સ્નેહવાળું કરવું તે.

अनुरञ्जित त्रि० સ્નેહયુક્ત કરેલ, પ્રસન્ન કરેલ.

अनुरणन ન० પડઘો, ઘંટડી વગેરેનો રણકારો.

अनुरत त्रि० અનુરાગી થયેલ, પ્રીતિ પામેલ.

अनुरति સ્ત્રી० અનુરાગ, પ્રીતિ.

अनुरस त्रि० માધુર્ય આદિ રસને અનુસરેલ.

अनुरहस त्रि० એકાંત પ્રદેશને અનુસરેલ.

अनुराग પુ० અત્યંત પ્રીતિ, સ્નેહ.

अनुराग त्रि० રાતું થયેલ.

अनुरागिन् त्रि० સ્નેહવાળું.

अनुरात्र त्रि० રાત્રિને અનુસરેલ.

अनुरात्र अव्य० રાત્રિમાં, દરેક રાત્રિએ.

अनुराधा સ્ત્રી० તે નામનું એક નક્ષત્ર.

अनुरुद्ध त्रि० રોકેલ, દરકાર નહિ કરેલ.

अनुरुध् त्रि० રોકનાર, અટકાવનાર, દરકાર નહિ કરનાર.

अनुरूप त्रि० સમાન રૂપવાળું, યોગ્યતાવાળું.

अनुरूप अव्य० યોગ્ય, સરખું.

अनुरोध પુ० અનુસરવું તે.

अनुरोधिन त्रि० દરકાર નહિ કરનાર, અનુસરનાર.
अनुलाप પુ૦ વારંવાર બોલવું તે.
अनुलापिन् त્રિ૦ વારંવાર બોલનાર.
अनुलिप्त ત્રિ૦ ચોપડેલ, લીપેલ, ખરડેલ.
अनुलेप પુ૦ ચંદન વગેરેનું મર્દન, લેપનનાં સાધન ચંદન વગેરે.
अनुलेपक ત્રિ૦ લેપન કરનાર.
अनुलेपन ન૦ अनुलेप શબ્દ જુઓ.
अनुलेपित ત્રિ૦ લેપન કરેલ, ચોપડેલ.
अनुलेपिन् ત્રિ૦ લેપન કરનાર.
अनुलोम પુ૦ ક્રમ પ્રમાણે.
अनुलोम ત્રિ૦ યોગ્યતાને પામેલ, ક્રમને પામેલ.
अनुलोमज પુ૦ સ્ત્રી૦-**जा** પરણેલી ક્ષત્રિય વગેરે જાતિની સ્ત્રીઓમાં બ્રાહ્મણ વગેરે ઉચ્ચ વર્ણના પુરુષથી ઉત્પન્ન થયેલ.
अनुलोमजन्मन् પુ૦ સ્ત્રી૦ ઉપરનો અર્થ.
अनुवंश અવ્ય૦ વંશમાં.
अनुवक्तृ ત્રિ૦ ગુરુમુખથી શ્રવણ કરી તે પ્રમાણે બોલનાર.
अनुवक्र ત્રિ૦ અત્યંત વાંકું.
अनुवचन ન૦ યોગ્ય વચન.
अनुवत्सर પુ૦ યોગ્ય વર્ષ.
अनुवर्ष ન૦ ઉપરનો અર્થ.
अनुवर्त्तन ન૦ પાછળ જવું, અનુસરવું.
अनुवर्तिन ત્રિ૦ પાછળ જનાર, અનુસરનાર.
अनुवृत्ति સ્ત્રી૦ અનુસરવું.
अनुवाक પુ૦ ગાનરહિત એવી ઋગ્વેદની કડી, ઋગ્વેદ તથા યજુર્વેદનો સમહ, 'શસ્ત્ર' એવા નામથી પ્રસિદ્ધ એવો વેદનો એક ભાગ.
अनुवाक्या સ્ત્રી૦ ઋગ્વેદની એક મંત્રકડી.
अनुवाच् પુ૦ અધ્યાપક.
अनुवाचन ન૦ અધ્યાપન, ભણાવવું.
अनुवाचनीय ત્રિ૦ અધ્યાપક.
अनुवात પુ૦ શિષ્ય વગેરેના દેશથી ગુરુ વગેરેના દેશતરફ જનાર વાયુ.
अनुवाद પુ૦ વારંવાર બોલવું, સિદ્ધ ઉપદેશ, પુનરુક્તિ, ભાષાંતર.
अनुवादक ત્રિ૦ અનુવાદ કરનાર, ભાષાંતરકાર.
अनुवाद्य ત્રિ૦ અનુવાદ કરવા યોગ્ય.
अनुवादिन ત્રિ૦ અનુવાદ કરનાર.
अनुवार અવ્ય૦ વારંવાર.
अनुवासन ન૦ ધૂપ વગેરેથી સુગંધી કરવું, વૈદ્યકમાં કહેલ તેલ વગેરેથી બસ્તિકર્મ.
अनुवासनीय ત્રિ૦ સુગંધદાર કરવા યોગ્ય, સુગંધવાળું કરવામાં કારણરૂપ.
अनुवासित ત્રિ૦ સુગંધવાળું કરેલ, બસ્તિકર્મથી ચિકિત્સા કરેલ.
अनुवास्य ત્રિ૦ સુગંધવાળું કરવા યોગ્ય, બસ્તિકર્મથી ચિકિત્સા કરવા યોગ્ય.
अनुविधायिन ત્રિ૦ પાછળ કરનાર, અનુમોદન અપાયેલ.
अनुविद्ध ત્રિ૦ મિશ્ર થયેલ.
अनुविन्ध्य પુ૦ તે નામનો અવન્તી દેશનો રાજા.
अनुवृत ત્રિ૦ પાછળ વર્તનાર, પાછળ થનાર, અનુસરાયેલ.
अनुवृत्ति સ્ત્રી૦ અનુસરવું, સેવવું, અન્વય, સમન્વય.
अनुवेध પુ૦ સંસર્ગ, સંબંધ.
अनुवेल અવ્ય૦ દરેક સમયે, ક્ષણે ક્ષણે.
अनुवेल्लित ન૦ સુશ્રુત નામના વૈદક ગ્રંથમાં કહેલ વ્રણ ઉપરનું લેપનબંધન.
अनुवेश પુ૦ મોટાને પડતો મુકી નાનાનો વિવાહ થાય તે.
अनुवेश्य ત્રિ૦ પાડોશીની પાસેના ઘરમાં રહેનાર.

अनुव्य त्रि० પાછળ ગયેલ, અનુસરેલ.
अनुव्याख्यान न० મંત્ર વગેરેના યોગ્ય અર્થનું પ્રકાશક વ્યાખ્યાન.
अनुव्याहार पु० અનુવાદ, સાથે કહેવું તે.
अनुव्रजन न० પાછળ જવું, અનુસરવું.
अनुव्रज्या स्त्री० અનુસરવારૂપ સેવા,
अनुव्रत त्रि० અનુકૂલ કર્મવાળું.
अनुशतिकादि पु० પાણિનીય વ્યાકરણમાં કહેલ શબ્દસમૂહ.
अनुशय पु० પશ્ચાત્તાપ, અત્યંત દ્વેષ, પૂર્વનું વૈર.
अनुशयान त्रि० પશ્ચાત્તાપ કરનાર.
अनुशयानी स्त्री० એક પ્રકારની પારકી નાયિકા.
अनुशयितव्य त्रि० પસ્તાવો કરવા યોગ્ય.
अनुशयिन पु० કર્મનો ક્ષય થાય ત્યાંસુધી ચન્દ્રલોકમાં રહી કર્મ કંઈક બાકી રહે ત્યારે પશ્ચાત્તાપયુક્ત થઈ પૃથ્વીલોકમાં જન્મ લેવા તૈયાર થયેલ જીવ.
अनुशयिन् त्रि० પશ્ચાત્તાપવાળું.
अनुशयी स्त्री० તે નામનો પગનો એક રોગ.
अनुशर पु० રાક્ષસ.
अनुशासक त्रि० શિખામણ આપનાર, ખરૂં જણાવનાર.
अनुशासन न० જણાવવું, ખરૂં જણાવવું, કર્તવ્યનો ઉપદેશ, પ્રતિપાદન.
अनुशासितृ त्रि० કર્તવ્યનો ઉપદેશ આપનાર, ખરૂં જણાવનાર.
अनुशासिन् त्रि० ઉપરનો અર્થ.
अनुशास्ति स्त्री० अनुशासन શબ્દનો અર્થ.
अनुशास्तृ त्रि० अनुशासक શબ્દ જુઓ.
अनुशिष्ट त्रि० જેને કર્તવ્યનો ઉપદેશ આપેલો હોય તે, દંડેલ.
अनुशीत अव्य० તાઢમાં, ઠંડીમાં.
अनुशीलन न० સતત અભ્યાસ, પ્રતિક્ષણે આચરણ.
अनुशोक पु० પાછળથી શોક, પશ્ચાત્તાપ.
अनुशोचक त्रि० પાછળથી શોક કરનાર, પસ્તાવો કરનાર.
अनुशोचन न० अनुशोक શબ્દનો અર્થ.
अनुशोचना स्त्री० ઉપરનો અર્થ.
अनुशोचनीय त्रि० પાછળથી શોક કરવા યોગ્ય.
अनुशोचित न० अनुशोचन શબ્દનો અર્થ
अनुशोच त्रि० જેણે શોક કરવાનો આરંભ કર્યો હોય તે.
अनुश्लोक न० મહાવ્રતમાં ગાવા યોગ્ય એક સામ.
अनुषक्त त्रि० લાગેલું, ચોટેલું, વળગેલું.
अनुषङ्ग पु० દયા, પ્રસંગ, જોડાવું, વળગવું.
अनुषङ्गिन त्रि० વળગ્યું રહેનાર, વળગનાર, ચોટનાર.
अनुषज् अव्य० અનુક્રમ.
अनुषिक्त त्रि० સતત છાંટેલ, પાછળથી સીંચેલ.
अनुषेचन न० વારંવાર સીંચવું, પાછળથી સીંચવું.
अनुष्टुति स्त्री० અનુક્રમે સ્તુતિ.
अनुष्टुब्गर्भा स्त्री० જેમાં પહેલું ચરણ પાંચ અક્ષરનું અને બાકીનાં ત્રણ ચરણ આઠ આઠ અક્ષરનાં હોય છે તે એક છંદ.
अनुषण्ड अव्य० કમળોના સમુદાયમાં.
अनुष्टुभ् स्त्री० સરસ્વતી, તે નામનો એક છંદ.
अनुष्ठ त्रि० અનુક્રમે સ્થિર કરનાર.
अनुष्ठातृ त्रि० વિધાન કરનાર, વિધિથી શાસ્ત્રોક્ત કર્મ કરનાર.
अनुष्ठान न० શાસ્ત્રોક્ત કર્મ વિધિથી કરવું તે.
अनुष्ठित त्रि० વિધિપૂર્વક કરેલું શાસ્ત્રોક્ત કર્મ.
अनुष्ठु अव्य० સમ્યક, સારી રીતે.

अनुष्ठेय त्रि० કરવા યોગ્ય.
अनुष्ण न० કમળ.
अनुष्ण त्रि० ઉનું નહિ તે, ગરમ નહિ તે, આળસુ.
अनुष्ण पु० શીતલ સ્પર્શ.
अनुष्णगु पु० ચંદ્રમા.
अनुष्णवल्लिका स्त्री० કાળી ધ્રોખડ.
अनुसंवत्सर अव्य० વર્ષમાં, દરેક વર્ષે.
अनुसंवरण न० અનુક્રમે છુપાવવું.
अनुसंहित त्रि० જેનું અનુસંધાન કરવામાં આવ્યું હોય તે, સાંધેલ, તાકેલ.
अनुसंहित अव्य० સંહિતામાં.
अनुसंतति स्त्री० અખંડ ધારા.
अनुसंधान न० શોધવું, વિચારવું.
अनुसंधेय त्रि० શોધવા યોગ્ય, વિચારવા યોગ્ય.
अनुसर त्रि० અનુચર, સાથે જનાર.
अनुसरण न० પાછળ જવું, અનુસરવું, નકલ કરવી.
अनुसवन अव्य० યજ્ઞમાં કરવામાં આવતા સ્નાન પછી, સ્નાનમાં.
अनुसाय अव्य० સાયંકાળે.
अनुसार पु० અનુસરવું.
अनुसारणा स्त्री० પાછળ દોડવું, દૂર કરવું, ખસેડવું, અનુસરવું.
अनुसारिन् त्रि० અનુસરનાર, પાછળ જનાર.
अनुसूया स्त्री० શકુંતલાની એક સખી.
अनुसृति स्त्री० અનુસરવું.
अनुसृष्टि स्त्री० પાછળથી સરજવું, હાજર જવાખી સ્ત્રી.
अनुसेविन् त्रि० સતત સેવા કરનાર.
अनुस्तरण त्रि० ચામડાનું આચ્છાદન વગેરે.
अनुस्तरणी स्त्री० વૈતરણી નદીમાંથી ઉતરનારી ગાય.
अनुस्मृति स्त्री० યોગ્ય ચિંતન.
अनुस्यूत त्रि० ગુંથાયેલ, પરોવાયેલ, નિત્યના સંબંધવાળું.
अनुस्मसाहार पु० અનુસંધાન.
अनुस्वार पु० અનુસ્વાર.
अनुहरण न० દેશની ભાષા-ચેષ્ટા વગેરેથી નકલ કરવી, ચાળા પાડવા, સાદશ્ય ધર્મ પ્રકટ કરવો.
अनुहार पु० નકલ કરવી, પાછળથી હરવું, ઉપમા.
अनुहारक न० ઉપરનો અર્થ.
अनुहार्य त्रि० નકલ કરવા યોગ્ય.
अनुहृत त्रि० હરેલ, નકલ કરેલ.
अनुहोड अव्य० હોડીમાં, ચોરના ચિન્હમાં.
अनूक पु० न० ગયેલો જન્મ, સુશીલ, પીઠનું એક હાડકું.
अनूकाश पु० નીચેના દેહ વગેરેનો પ્રકાશ.
अनूचान पु० ૭ અંગસહિત વેદનો અભ્યાસ કરનાર, વેદના અર્થનું પ્રવચન કરવામાં સમર્થ, વિનયી, સવિનય.
अनूच्च त्रि० ઉંચું નહિ તે.
अनूच्य त्रि० પાછળથી કરવા યોગ્ય.
अनूढ त्रि० નહિ પરણેલ.
अनूति स्त्री० ગતિનો અભાવ.
अनूदित त्रि० જેનું ભાષાંતર કરેલ હોય તે.
अनूद्य अव्य० અનુવાદ કરીને.
अनूद्य त्रि० અનુવાદ કરવા યોગ્ય.
अनून त्रि० પરિપૂર્ણ, સમગ્ર, ઓછું નહિ તે.
अनूनक त्रि० પૂર્ણ, અખંડ.
अनूप त्रि० જલપ્રાય સ્થાન, જળમય.
अनूप पु० કચ્છ દેશ.
अनूपज न० જળમય પ્રદેશમાં ઉત્પન્ન થયેલ, આદુ.
अनूपदेश पु० જલપ્રાય દેશ,
अनूप्य त्रि० જળચર પ્રદેશમાં ઉત્પન્ન થયેલ.
अनूबन्ध्य त्रि० વધને માટે બાંધવા યોગ્ય, યજ્ઞસંબંધી પશુ.

अनूयाज पु० તે નામનો એક યજ્ઞ.
अनूरु त्रि० સાથળવિનાનું.
अनूरु पु० સૂર્યનો સારથી-વિનતાનો મોટો પુત્ર અરૂણ.
अनूरुसारथि पु० સૂર્ય.
अनूराध त्रि० આરાધન કરવા યોગ્ય, સેવવા યોગ્ય.
अनूच पु० જેને ઋચા ભણાવવામાં આવી નથી તે, જનોઈ નહિ દીધેલ બાળક.
अनृजु त्रि० સરળ નહિ તે, વાંકું, શઠ, કુટિલ.
अनृण त्रि० કરજ વિનાનું, કરજદાર નહિ તે.
अनृणिन् त्रि० ઉપરનો અર્થ.
अनृत न० અસત્ય.
अनृतक त्रि० અસત્ય બોલવામાં જે આસક્ત હોય તે, જૂઠું.
अनृतवादिन् त्रि० અસત્યવાદી.
अनृतु पु० પોતપોતાને યોગ્ય વર્ષા વગેરે ઋતુ સિવાયનો કાળ, સ્ત્રીના રજોદર્શન સિવાયનો કાળ.
अनृशंस त्रि० હિંસક નહિ તે, દયાળુ.
अनेक त्रि० એક નહિ તે—અનેક, અપ્રધાન, અકેવળ, અપ્રથમ.
अनेकज पु० પક્ષી.
अनेकजातिवैचित्र्य न० જૈનમતે તીર્થંકરોના ૩૫ વાણીના ગુણોમાંહેનો ૩૦ મો ગુણ.
अनेकता स्त्री० અનેકપણું.
अनेकत्व न० ઉપરનો અર્થ.
अनेकधा अव्य० બહુ પ્રકારે, અનેક પ્રકારે.
अनेकप पु० હાથી.
अनेकमूर्ति पु० પરમેશ્વર.
अनेकरूप त्रि० અનેક રૂપ-રંગવાળું વસ્ત્ર વગેરે.
अनेकलोचन पु० પરમેશ્વર, ઈન્દ્ર.
अनेकवर्णसमीकरण न० બીજ ગણિતમાં કહેલું એક બીજ.
अनेकविध त्रि० અનેક પ્રકારનું.
अनेकशस् अव्य० અનેકવાર, ઘણીવાર.
अनेकाग्र त्रि० એકાગ્ર નહિ તે, શૂન્ય હૃદયવાળું.
अनेकान्त त्रि० અનિશ્ચિત, અનિશ્ચિત ફળવાળું.
अनेकान्तवाद पु० જૈનવાદ.
अनेकान्तवादिन् पु० જૈન.
अनेकार्थ त्रि० અનેક અર્થ વાળો શબ્દ વગેરે, અનેક પ્રયોજનવાળું.
अनेकाश्रितगुण पु० વૈશેષિક મતે અનેકના આશ્રયવાળા અમુક ગુણો.
अनेजात् न० સર્વસ્થલે એક સ્વરૂપ—પરબ્રહ્મ.
अनेडमूक त्रि० બહેરૂં અને મુંગું, જડ, શઠ, આંધળું.
अनेद्य त्रि० વખાણવા લાયક, શ્રેષ્ઠ, પ્રધાન.
अनेनस् त्रि० દુઃખ—પાપ વગેરેથી રહિત.
अनेमा पु० વખાણવા યોગ્ય.
अनेहस् पु० કાળ, સમય.
अनैकाग्र्य न० એકાગ્રતાનો અભાવ.
अनैकाग्र्य त्रि० એકાગ્રતારહિત.
अनैकान्त पु० अनेकान्त શબ્દ જુઓ.
अनैकान्तिक पु० अनेकान्त શબ્દ જુઓ.
अनैकान्तिक त्रि० રૂપરહિત, નિશ્ચિત.
अनैक्य न० એકતાનો અભાવ.
अनैतिह्य त्रि० પ્રમાણશૂન્ય.
अनैपुण न० નિપુણતાનો અભાવ, હોંશીઆરી નહિ તે.
अनैपुण्य न० ઉપરનો અર્થ.
अनैश्वर्य त्रि० ઐશ્વર્યરહિત.
अनैश्वर्य न० અનીશ્વરપણું, અસામર્થ્ય.
अनो अव्य० અભાવ નહિ.
अनोकह पु० વૃક્ષ, ઝાડ.

अनादन त्रि० અન્નના ત્યાગવાળું વ્રત વગેરે.

अनाङ्क्त त्रि० ૐકારનો ઉચ્ચાર કર્યા વિના કરેલ, નહિ સ્વીકારેલ.

अनूच् चु० ઉ० सक० सेट् સ્પષ્ટ કરવું.

अनूच् भ्वा० ઉ० सक० सेट् ... કરવું.

अनूज् रुधा० पर० सक० सेट् પ્રકાશવું, એકઠું કરવું, સ્પષ્ટ કરવું.

अन्त पु० નાશ, હદ, નિશ્ચય, છેડો, બાકીનો અવયવ.

अन्त पु० न० બાકી.

अन्त न० સ્વરૂપ, સ્વભાવ.

अन्त त्रि० પાસેનું, સુંદર.

अन्तःकरण न० અન્તઃકરણ–મન, બુદ્ધિ ચિત્ત.

अन्तःकुटिल पु० શંખ.

अन्तःकुटिल त्रि० કુટિલ અંતઃકરણવાળું.

अन्तःकृमि त्रि० અંદર કીડાવાળું ફળ વગેરે.

अन्तःकोटरपुष्पी स्त्री० તે નામની એક વનસ્પતિ.

अन्तःपदवी स्त्री० સુષુમ્ણા નામની નાડી વચ્ચે રહેલો માર્ગ.

अन्तःपशु पु० પરોઢ, સાયંકાલ.

अन्तःपात पु० વચ્ચે પડવું, અંદર પડવું.

अन्तःपातिन् त्रि० વચ્ચે પડનાર, અંદર પડનાર.

अन्तपात्य पु० વચ્ચે પાડવાનો આધાર-પ્રદેશ.

अन्तःपुर न० રાજાની સ્ત્રીઓને રહેવાનું સ્થાન, જનાનખાનું.

अन्तःपुरचर त्रि० રાજાના રાણીવાસમાં જનાર, જનાનખાનામાં ફરનાર નાંજર વગેરે.

अन्तःपुरसहाय पु० જનાનખાનામાં સાથે ફરનાર વિદૂષક વગેરે.

अन्तःपुराध्यक्ष पु० જનાનખાનાનો અધિકારી.

अन्तःपुरिक त्रि० અંતઃપુરનો અધ્યક્ષ નાંજર વગેરે.

अन्तःपुष्प न० બાર વર્ષ પછી અંદરના ભાગમાં થયેલ સ્ત્રીરજ.

अन्तःप्रकृति स्त्री० રાજાની પાસે રહેનાર પ્રધાન વગેરે.

अन्तःप्रज्ञ त्रि० આત્મધ્યાન કરવામાં તત્પર રહેનાર.

अन्तःप्रविष्ट न० અંતઃકરણ.

अन्तःप्रविष्ट त्रि० અંદર દાખલ થયેલ.

अन्तःशरीर न० વેદાન્તમતપ્રસિદ્ધ સૂક્ષ્મ શરીર.

अन्तःशल्य न० મનને દુઃખદાયક.

अन्तःसंज्ञ त्रि० જેને અંદરના ભાગમાં અપ્રકાશ્ય સંજ્ઞા રહેલી હોય છે તે વૃક્ષ વગેરે.

अन्तःसत्त्वा स्त्री० ગર્ભિણી સ્ત્રી.

अन्तःसुख त्रि० આત્માનુસંધાન કરવામાંજ જેને સુખ હોય તે.

अन्तःस्वेद पु० મદ ઝરતો હાથી.

अन्तक पु० યમદેવ, પરમેશ્વર.

अन्तक त्रि० વિનાશ કરનાર હરકોઇ.

अन्तकर त्रि० નાશકારક.

अन्तकरण त्रि० નાશકારક.

अन्तकरण न० નાશ પમાડવું તે.

अन्तकर्मन् न० નાશ કરવો તે.

अन्तकारिन् त्रि० નાશ કરનાર.

अन्तकाल पु० મૃત્યુકાળ.

अन्तकृत त्रि० નાશ કરનાર.

अन्तकृद्दशा स्त्री० જૈન દ્વાદશાંગીમાંહેનું ૮ મું અંગ–સૂત્ર.

अन्तग त्रि० કાર્યના અંતને પહોંચનાર, સંપૂર્ણ કાર્ય કરનાર, પાર પહોંચનાર.

अन्तचर त्रि० ઉપરનો અર્થ.

अन्ततस् અવ્ય૦ અંતે, છેડે, છેવટે.

अन्तपाल પુ૦ દ્વારપાળ.

अन्तम ત્રિ૦ અત્યંત પાસે.

अंतर् અવ્ય૦ વચ્ચે, અંદર, ચિત્ત, મન, પ્રાપ્ત, સ્વીકાર.

अंतर ન૦ અવકાશ, અવધિ, પરહેરવાનું વસ્ત્ર, અદૃશ્ય થવું, ભેદ, પરસ્પર વિલક્ષણતારૂપ વિશેષ-અંતર તફાવત, તેને માટે, છિદ્ર, પોતાનું, બાદ કરવું, સિવાય, બહાર, વ્યવધાન, વચ્ચે, સમાન.

अन्तर ત્રિ૦ પાસે, પાસેનું.

अन्तरग्नि પુ૦ જઠરાગ્નિ.

अन्तरंग ત્રિ૦ અત્યંત પ્રિય, સમીપમાં રહીને ઉપકાર કરનાર, વ્યાકરણશાસ્ત્રમાં પ્રસિદ્ધ તે નામનું શાસ્ત્ર–સૂત્ર.

अन्तरचक्र ન૦ તંત્રશાસ્ત્રમાં દર્શાવેલ શરીરની અંદર રહેલ સુષુમ્ણા નાડીના વચ્ચે આવેલાં કમળ જેવી આકૃતિવાળાં મૂલાધાર વગેરે ૭ ચક્ર.

अन्तरज्ञ ત્રિ૦ વિશેષ જાણનાર.

अन्तरण ન૦ વ્યવધાનવાળું કરવું.

अन्तरतम ત્રિ૦ અત્યંત પોતાનું, અત્યંત સરખું, મળતું.

अन्तरतस् અવ્ય૦ મધ્યે, વચ્ચે.

अन्तरदृश् પુ૦ આંતરિક દૃષ્ટિવાળો, પરમાત્માનું ધ્યાન કરનાર.

अन्तरदेश પુ૦ મધ્યદેશ, વચ્ચેનો પ્રદેશ.

अन्तरपुरुष પુ૦ અન્તર્યામી, પરમેશ્વર.

अन्तरपूरुष પુ૦ ઉપરનો અર્થ.

अन्तरपूजा સ્ત્રી૦ તંત્રશાસ્ત્રમાં કહેલી મનકલ્પિત ઉપચારોવડે કરેલી પૂજા, માનસિક પૂજા.

अन्तरप्रभव પુ૦ જૂદી જાતની માતા અને જૂદી જાતના પિતાથી ઉત્પન્ન થયેલ વર્ણસંકર.

अन्तरस्थ ત્રિ૦ દેહની અંદર ચિત્તમાં રહેનાર.

अन्तरय પુ૦ વચ્ચે જવું, વ્યવધાન

अन्तरशायिन् પુ૦ ચિત્તની અંદર રહેલ જીવ.

अन्तरस्थ પુ૦ ઉપરનો અર્થ.

अन्तरा અવ્ય૦ પાસે, મધ્યે, વિના, સિવાય, એના મધ્યમાં, ત્યાગ કરવો, નજદીક.

अन्तरात्मन् પુ૦ જીવાત્મા.

अन्तरापत्या સ્ત્રી૦ ગર્ભિણી સ્ત્રી.

अन्तराय ત્રિ૦ વ્યવધાન કરનાર, અંતર નાખનાર, વિઘ્ન.

अन्तराराम પુ૦ આત્મામાં રમણ કરનાર.

अन्तराल ન૦ મધ્યે, વચ્ચે.

अन्तराल ત્રિ૦ વર્ણસંકર, અંદરનું, વચ્ચેનું.

अन्तरालक ન૦ મધ્યનું, અંદરનું, વચ્ચેનું.

अन्तरालदिश् સ્ત્રી૦ બે દિશા વચ્ચેની દિશા–ખૂણો.

अन्तरावेदि સ્ત્રી૦ મધ્યની વેદિકા, વચ્ચેની વેદી.

अन्तरावेदी સ્ત્રી૦ ઉપરનો અર્થ.

अन्तरिक्ष ન૦ આકાશ.

अन्तरिक्षप्रा ત્રિ૦ આકાશપ્રદેશને પૂર્ણ કરનાર–વ્યાપ્ત કરનાર.

अन्तरिक्षप्रुत् ત્રિ૦ આકાશપ્રદેશમાં ફરનાર.

अन्तरिक्षसद् ત્રિ૦ આકાશચારી, આકાશમાં ગતિ કરનાર.

अन्तरिक्षसद्मन् ત્રિ૦ આકાશમાં ઘરવાળું.

अन्तरिक्ष्य ત્રિ૦ આકાશમાં થનાર–હોનાર.

अन्तरित ત્રિ૦ અંદર રહેલ, વચ્ચે રહેલ, વ્યવધાન કરેલ, ઢાંકેલ, તિરસ્કારેલ, દૂર કરેલ, ખસેડેલ.

अन्तरिन्द्रिय ન૦ અન્તઃકરણ.

अन्तरीक्ष ન૦ આકાશ.

अन्तरीक्षजल ન૦ આકાશમાંથી પડતું પાણી.

अन्तरीप પુ૦ કોઈ એક દ્વીપ–બેટ.

अन्तरीय ન૦ નાભિથી નીચેના ભાગમાં પહેરવાનું વસ્ત્ર ધોતીયું.

अन्तरे अव्य० મધ્યે, વચ્ચે.

अन्तरेण अव्य० વિના, સિવાય, મધ્યે, વચ્ચે.

अन्तर्गडु त्रि० નિરર્થક, નકામું.

अन्तर्गत त्रि० અંતઃકરણમાં રહેલ, શરીરમાં રહેલ, વચ્ચે-અંદર રહેલ.

अन्तर्गर्भ त्रि० અંદરના ગર્ભમાં રહેલ.

अन्तर्गर्भ अव्य० ગર્ભમાં.

अन्तर्गर्भिन त्रि० અંદર ગર્ભવાળું.

अन्तर्गृह न० કાશીમાં રહેલું તે નામનું એક સ્થાન, અંદરનું ઘર.

अन्तर्गृह अव्य० ઘરમાં, ઘરની વચ્ચે.

अन्तर्घण पु० ઘરના બારણાથી અંદરના ભાગમાં આગળ જતાં વચ્ચેનો પ્રદેશ.

अन्तर्ज त्रि० અંદર ઉત્પન્ન થનાર.

अन्तर्जठर अव्य० જઠરમાં, જઠરની અંદર.

अन्तर्जठर न० જઠરની અંદરનો કોઠો.

अन्तर्जात त्रि० શરીરની અંદર ઉત્પન્ન થયેલ.

अन्तर्जानु अव्य० બે ઢીંચણની વચ્ચે.

अन्तर्ज्योतिस् न० અંદરનું જ્યોતિ, ચૈતન્ય.

अन्तर्ज्वलन पु० જઠરાગ્નિ.

अन्तर्ज्वलन न० રોગ વગેરેના કારણથી શરીરની અંદર થયેલો દાહ, અંદર બળવું.

अन्तर्दधन न० મદ્યબીજ.

अन्तर्दशा स्त्री० જ્યોતિષમાં કહેલી મહાદશાની અંતર્ગત દશા, અંતર્દશા.

अन्तर्दशाह अव्य० દશ દિવસની અંદર.

अन्तर्दहन न० अन्तर्ज्वलन શબ્દ જુઓ.

अन्तर्दाह पु० શરીરની અંદરનો સન્તાપ.

अन्तर्दुष्ट त्रि० દુષ્ટ અન્તઃકરણવાળું.

अन्तर्द्वार न० ઘરની અંદર રહેલું ગુપ્તદ્વાર, ખડકી.

अन्तर्द्धा स्त्री० અંતર્ધાન, તિરોધાન, અદૃશ્ય થવું, છુપાઇ જવું.

अन्तर्द्धान न० તિરોધાન-દૃશ્ય પદાર્થનું અદૃશ્ય થવું, મુનિ વગેરેના શરીરનો ત્યાગ.

अन्तर्द्धि पु० આચ્છાદન-ઢાંકણું, વ્યવધાન, અંતર્ધાન-અદૃશ્ય થવું.

अन्तर्नगर न० નગરમધ્યે, નગરમાં, અંદર રહેલું નગર-અંતઃપુર. જનાનખાનું.

अन्तर्भाव पु० મધ્યપ્રવેશ, સમુદાયની વચ્ચે પડવું, એક પ્રકારની ચિત્તવૃત્તિ.

अन्तर्भावना स्त्री० અંદરની ભાવના, કોઇ પ્રકારની ચેષ્ટારહિત ચિંતન.

अन्तर्भावित त्रि० વચ્ચે દાખલ કરેલ, સમુદાયની અંદર પેસાડેલ.

अन्तर्भूत त्रि० મધ્યે રહેલ, વચ્ચે રહેલ, અંદરનું.

अन्तर्मनस् त्रि० જેનું મન અંદર રહેલ છે તે, વ્યાકુળ ચિત્તવાળું, એકાગ્ર મનવાળું.

अन्तर्मुख त्रि० કેવળ પરમાત્મામાંજ દાખલ થયેલું મન વગેરે, અંદર મુખવાળું.

अन्तर्मुख न० વૈદ્યકના સુશ્રુત ગ્રંથમાં દર્શાવેલ વાઢકાપ કરવાનું એક શસ્ત્ર.

अन्तर्मुख अव्य० મુખની વચ્ચે, મુખમાં.

अन्तर्मातृका स्त्री० તંત્રશાસ્ત્રમાં કહેલાં ૭ ચક્રોની અંદર આવતા અકાર વગેરે અક્ષરો.

अन्तर्मातृकान्यास पु० તંત્રશાસ્ત્રોક્ત ૭ ચક્રોમાં અકારાદિ અક્ષરોનું સ્થાપન.

अन्तर्मृत त्रि० અંદર-ગર્ભાશયમાં મરણ પામેલ.

अन्तर्य त्रि० મધ્યે થનાર, વચ્ચે હોનાર.

अन्तर्यमन न० આંતરિક નિગ્રહ-સંયમ.

अन्तर्याग पु० માનસિક યજ્ઞ, પૂજન, હોમ વગેરે.

अन्तर्याम पु० એક જાતનું યજ્ઞપાત્ર.
अन्तर्यामिन् पु० પરમેશ્વર.
अन्तर्यामिन् त्रि० આંતરીક સર્વ વિષયને જાણનાર.
अन्तर्यामिब्राह्मण न० ઇશ્વરના સ્વરૂપને જણાવનાર બ્રાહ્મણગ્રંથ-મંત્ર સિવાયનો વેદવિભાગ.
अन्तर्लोम न० અંદર રહેલા વાળ, ઢાંકવા યોગ્ય વાળ.
अन्तर्वंशिक त्रि० રાજાઓના જનાનખાનામાં નીમેલો અધિકારી-નાંજર વગેરે.
अन्तर्वण अव्य० વનમાં, વનની અંદર.
अंतर्वत्नी स्त्री० ગર્ભિણી સ્ત્રી.
अन्तर्वमि पु० જેમાં ખરાબ ઓડકાર આવે છે તે અજીર્ણનો એક રોગ.
अन्तर्वर्तिन् त्रि० મધ્યમાં રહેલ, વચ્ચે રહેલ.
अन्तर्वा त्रि० પુત્ર-પશુ-વગેરે.
अन्तर्वाणि त्रि० અનેક પ્રકારનાં શાસ્ત્ર-વાક્યોને જાણનાર પણ્ડિત.
अन्तर्वावत् त्रि० પુત્રાદિવાળું.
अन्तर्वाष्प त्रि० અંદર રહેલા આંસુવાળું, ખુલ્લી રીતે નહિ રોતું.
अन्तर्वाष्प न० અંદર રહેલું આંસુ.
अन्तर्विगाह पु० અંદર પ્રવેશ, મધ્યે પ્રવેશ, અંદર દાખલ થવું.
अन्तर्विगाहन न० ઉપરનો અર્થ.
अन्तर्वेग पु० અંદરનો વેગ.
अन्तर्वेदि पु० બ્રહ્માવર્ત દેશ પ્રયાગથી હરિદ્વાર સુધીનો ગંગા-યમુનાની વચ્ચે આવેલો પ્રદેશ.
अन्तर्वेदि अव्य० વેદીમાં, વેદિકાની અંદર.
अन्तर्वेदी स्त्री० अंतर्वेदि स्त्री० શબ્દનો અર્થ.
अन्तर्वेशिक त्रि० અંતઃપુરનું રક્ષણ કરવા માટે નીમેલ અધિકારી-નાંજર વગેરે.
अन्तर्वेश्मिक त्रि० ઉપરનો અર્થ.

अन्तर्हत्य अव्य० વચ્ચે મારીને.
अन्तर्हास त्रि० છાનું હસનાર.
अन्तर्हास पु० ગુપ્ત હાસ્ય, છાના છાના હસવું, અંદર હસવું.
अन्तर्हित त्रि० ગુપ્ત, છૂપાયેલ, ઢંકાયેલ, અદશ્ય થયેલ.
अन्तवत् त्रि० નાશવાળું, પરિચ્છેદ-માપવાળું.
अन्तवासिन् त्रि० ગુરુની પાસે રહેનાર-શિષ્ય-વિદ્યાર્થી.
अन्तवेला स्त्री० શેષસીમા-આખીની અવધિ, વિનાશકાળ.
अन्तशय्या स्त्री० મરણને માટે ભૂમિશય્યા, મરણશય્યા, સ્મશાન.
अन्तसद् त्रि० પાસે રહેનાર, શિષ્ય, વિદ્યાર્થી વગેરે.
अन्तस्सलिल न० ભૂમિની અંદર રહેલું જળ.
अन्तस्सलिल अव्य० પાણીમાં, પાણીની અંદર.
अन्तस्सलिला स्त्री० સરસ્વતી નદી.
अन्तस्ताप पु० માનસિક તાપ, શરીરની અંદરનો તાપ-દાહ.
अन्तस्था त्रि० અંદર હોનાર.
अन्तस्था पु० ય, ર, લ, વ, એ અક્ષર.
अन्तादि त्रि० આદિ અને અંત.
अन्तानल पु० પ્રલયકાળનો અગ્નિ, અન્ત્યેષ્ટિકર્મના અંગરૂપ અગ્નિ.
अन्तार पु० પશુપાલક.
अन्तावशायिन् त्रि० ગામને છેડે રહેનાર ચાંડાલ વગેરે.
अन्तावसायिन् पु० હજામ, ધાયજો, વાળંદ.
अन्ति स्त्री० મોટી બહેન. (આ શબ્દ નાટકોમાંજ વપરાય છે.)
अन्ति अव्य० પાસે, સમીપ, નજદીક.

अन्तिक त्रि० પાસેનું, સમીપનું, છેડાસુધી વ્યાપેલું.

अन्तिकतम त्रि० અત્યંત પાસેનું.

अन्तिकता स्त्री० પાસેપણું.

अन्तिकत्व न० પાસેપણું.

अन्तिका स्त्री० अन्ति त्रि० શબ્દનો અર્થ, તે નામની એક ઔષધિ.

अन्तिकाश्रय पु० પાસે રહેલ અવલંબન. આધારનું સ્થાન.

अन्तितस् अव्य० પાસે, નજદીક.

अन्तिम त्रि० છેવટે થનાર-હોનાર, છેલ્લું.

अन्तिवाम त्रि० પાસે રહેલા ધનવાળું.

अन्तेवसत् पु० પાસે રહેનાર, શિષ્ય-વિદ્યાર્થી વગેરે.

अन्तेवासिन् पु० ઉપરનો અર્થ.

अन्तेस्था पु० अन्तस्था० શબ્દ જુઓ.

अन्तोदात्त न० અન્તે ઉદાત્ત સ્વરવાળું. કોઇ પદ.

अन्त्य त्रि० અંતે થનાર, છેલ્લું, ચાંડાલ. મ્લેચ્છ, વૈશેષિક દર્શનમાં કહેલો તે નામનો એક પદાર્થ.

अन्त्य न० એક હજાર લાખ કરોડ.

अन्त्य पु० મ્લેચ્છ, ચાંડાલ.

अन्त्यकर्मन् न० છેલ્લું કર્મ, અન્ત્યેષ્ટિ ક્રિયા-મરેલાની દાહાદિ-ક્રિયા.

अन्त्यज पु० શૂદ્ર, ચંડાલ, ધોબી વગેરે સાત જાતિ.

अन्त्यज त्रि० છેલ્લું જન્મેલ.

अन्त्यजन्मन् पु० स्त्री० ઉપરનો અર્થ.

अन्त्यजाति पु० स्त्री० ચાંડાલ, શૂદ્ર વગેરે.

अन्त्यभ न० મીનરાશિ, રેવતી નક્ષત્ર.

अन्त्ययोनि पु० स्त्री० શૂદ્ર, ચાંડાલ વગેરે.

अन्त्यवर्ण पु० શૂદ્ર, પદ અથવા વાક્યની છેલ્લે આવેલો અક્ષર.

अन्त्या स्त्री० નાગરમોથ.

अन्त्यानुप्रास पु० તે નામનો એક શબ્દાલંકાર.

अन्त्यावसायिन् पु० ભિલ્લજાતિની સ્ત્રીમાં ચાંડાલથી ઉત્પન્ન થયેલ વર્ણસંકર.

अन्त्याश्रम पु० છેલ્લો આશ્રમ, સંન્યાસ.

अन्त्याश्रमिन् पु० સંન્યાસી.

अन्त्याहुति स्त्री० અગ્નિહોત્રી જ્યારે મરણ પામે છે ત્યારે તેની ઉત્તરક્રિયાવખતે દેહસંસ્કાર કરનાર એક જાતનો યજ્ઞ.

अन्त्यूति स्त्री० પાસે રહેલનું રક્ષણ.

अन्त्येष्टि स्त्री० અગ્નિહોત્રી કે નહિ અગ્નિહોત્રીના મરણસમયે તેના દેહસંસ્કાર માટે કરવામાં આવતી ઇષ્ટિ.

अन्त्र न० આંતરડું.

अन्त्रकूज पु० આંતરડાંનો શબ્દ, આંતરડામાં થતું શૂળ.

अन्त्रपाचक न० આંતરડાંમાં રહેલા દોષને પકાવનારી એક ઔષધિ.

अन्त्रमांस न० આંતરડાંમાં રહેલું માંસ, વૈદકમાં કહેલું એક જાતનું પકવમાંસ.

अन्त्रवृद्धि पु० સુશ્રુતમા દર્શાવેલો તે નામનો એક રોગ જેમાં આંતરડાં વધે છે.

अन्द्रिका स्त्री० મોટી બહેન. (આ શબ્દ નાટકીય ભાષામાં વપરાય છે.)

अन्दु स्त्री० નીચેના અર્થ.

अन्दुक पु० બેડી, સાંકળ, સ્ત્રીના પગનો એક અલંકાર.

अन्दू स्त्री० ઉપરનો અર્થ.

अन्दूह पु० अन्दुक જુઓ.

अन्दोल् चुरा. उभ सक. सेट् હીંચકવું.

अन्ध् चुरा उभ. अक. सेट् दृष्टिविघात-આંધળા થવું.

अन्ध त्रि० આંધળું, વિવેકજ્ઞાનરહિત.

अन्ध पु० જ્યોતિષશાસ્ત્રપ્રસિદ્ધ રાશિ, સર્વત્ર સમદૃષ્ટિ થયેલો સંન્યાસી.

अन्ध न० અંધારૂં, વેદાન્તિમતપ્રસિદ્ધ અજ્ઞાન, પાણી,

अन्धक पु० તે નામનો એક દૈત્ય, એક મુનિ, એક યાદવ.

अन्धकरिपु पु० મહાદેવ, સૂર્ય, ચંદ્ર, અગ્નિ.

अन्धकवर्त पु० તે નામનો એક પર્વત.

अन्धकवर्तीय त्रि० અંધકવર્ત નામના પર્વતમાં થનાર.

अन्धकार पु० न० અંધારૂં, વેદાન્તિમત પ્રસિદ્ધ અજ્ઞાન.

अन्धकारमय त्रि० અત્યંત અંધારાવાળું.

अन्धकारि पु० મહાદેવ, શંકર.

अन्धकासुहृत् पु० ઉપરનો અર્થ.

अन्धकूप पु० અંધારીઓ કુવો, તે નામનું એક નરક.

अन्धङ्करण न० આંધળું કરવામાં સાધન, આંધળું કરી નાખવું તે.

अन्धतमस न० અત્યંત અંધારૂં, ઘોર અંધકાર, તે નામનું એક નરક.

अन्धता स्त्री० આંધળાપણું.

अन्धतामिस्र न० ઘણુંજ અંધારૂં, તે નામનું એક નરક.

अन्धत्व न० આંધળાપણું.

अन्धपूतना स्त्री० સુશ્રુતમાં દર્શાવેલ તે નામનો એક બાળગ્રહ.

अन्धमूषिका स्त्री० તે નામનું એક વૃક્ષ-જેનું સેવન કરવાથી આંધળો દેખનો થાય છે.

अन्धम्भविष्णु त्रि० આંધળું થનાર.

अन्धम्भावुक त्रि० ઉપરના અર્થ.

अन्धस् न० અન્ન, રાંધેલા ચોખા.

अन्धाहि पु० એક જાતનું માછલું.

अन्धतामस न० ગાઢ અંધકાર.

अन्धतामसा स्त्री० ગાઢ અંધકારવાળી રાત્રિ.

अन्धवर्त्मन् पु० ગાઢ અંધકારવાળો વાયુનો સાતમો સ્કંધ.

अन्धिका स्त्री० જુગાર, રાઈ.

अन्धु पु० કુવો, પુરૂષનું ચિન્હ–લિંગ.

अन्धुल पु० શિરીષવૃક્ષ–સરસડાનું ઝાડ.

अन्ध्र पु० તે નામનો એક દેશ, તે નામનો એક વર્ણસંકર, એક જાતનો શિકાર.

अन्न न० અન્ન, ખોરાક, રાંધેલા ચોખા વગેરે, હરકોઈ ભક્ષ્ય પદાર્થ.

अन्नकिट्ट न० અન્નનો એક જાતનો મેલ.

अन्नकोष पु० વેદાન્તમતપ્રસિદ્ધ તે નામનો કોષ.

अन्नकोष्ठ पु० અનાજ રાખવાનું સ્થાન–કોઠાર.

अन्नकोष्ठक पु० વિષ્ણુ, સૂર્ય.

अन्नज त्रि० અનાજથી ઉત્પન્ન થનાર.

अन्नद त्रि० અન્નનું દાન કરનાર, અન્નદાતા.

अन्नदा स्त्री० અન્નપૂર્ણા દેવી.

अन्नदातृ त्रि० અનાજનું દાન કરનાર.

अन्नदान न० અનાજનું દાન.

अन्नदास पु० માત્ર અન્ન મેળવી દાસ થયેલ, અન્નનો દાસ.

अन्नदोष पु० અનાજનું દાન વગેરે લેવાથી લાગેલું પાપ, અનાજથી થયેલી ધાતુઓમાં વિષમતા.

अन्नपाक पु० અનાજ રાંધવું–પચવવું–પકવવું.

अन्नपान न० હરકોઈ ભક્ષ્ય પદાર્થનું ભક્ષણ કરવું તે.

अन्नपूर्णा स्त्री० તે નામની એક દેવી.

अन्नपूर्णेश्वरी स्त्री० અન્નપૂર્ણા દેવી, એક જાતની ભૈરવી દેવી.

अन्नप्राशन न० છઠ્ઠે કે આઠમે મહિને બાળકને પ્રથમ અન્ન ભોજન કરાવવું તે.

अन्नभक्त त्रि० અન્નને માટે ભક્ત–દાસ.

अन्नमय पु० સ્થૂલ શરીર, જેમાં અન્ન પુષ્કળ હોય તેવો કોઈ વન.

अन्नमयकोष पु० સ્થૂલ શરીર.
...मल पु० अन्नकिट्ट શબ્દ જુઓ.
...रस पु० અન્નનો રસ-સારાંશ અથવા સ્વાદ.
अन्नविकार पु० અન્નનો વિકાર-લોહી વગેરે સાત ધાતુઓ.
अन्नाद त्रि० અન્ન ભક્ષણ કરનાર.
अन्नादिन् त्रि० ઉપરનો અર્થ.
अन्नाद्य न० અન્નરૂપ ભક્ષ્ય.
अन्नाद्य त्रि० અન્ન વગેરે.
अन्नायुस् त्रि० અન્ન ઉપર જીવનાર.
अन्नावृध त्रि०અન્ન વર્ધક-અન્નને વધારનાર.
अन्नाशन न० अन्नप्राशन શબ્દ જુઓ.
अन्य त्रि० ભિન્ન, જૂદું, બીજું, સદૃશ-સમાન.
अन्यकारक त्रि० બીજું કરનાર.
अरण्यपति પુ० રુદ્રદેવ, પારધી-શિકારી વગેરે
अरण्यभव ત્રિ० જંગલમાં થનાર
अरण्यभक्षिका સ્ત્રી० ડાંસ.
अरण्यमार्जार પુ० જંગલી બીલાડો.
अरण्यमुद्ग પુ० જંગલી મગ.
अरण्ययान ન० અયોગ્ય સમયે વનમાં જવું.
अरण्यरक्षक પુ० જંગલનો રખેવાળ.
अरण्यराशि પુ० જ્યોતિષપ્રસિદ્ધ સિંહ વગેરે રાશિ.
अरण्यरुदित ન० જંગલમાં રડવું, નિષ્ફળ એવું કોઈ કર્મ.
अरण्यवायस પુ० જંગલી કાગડો.
अरण्यवास પુ० વનવાસ, જંગલમાં રહેવું.
अरण्यवासिन् ત્રિ० જંગલમાં રહેનાર.

अरण्यवासिनी स्त्री० એક જાતનો વેલો, જંગલમાં રહેનારી સ્ત્રી.

अरण्यवास्तूक पु० વનવાસ્તુક-વનસ્પતિ.

अरण्यशालि पु० જંગલી ડાંગેર, જંગલી ચોખા.

अरण्यशूकर पु० જંગલી ડુક્કર.

अरण्यशूरण पु० જંગલી સુરણ.

अरण्यश्वन् पु० વરૂ, નહાર.

अरण्यषष्ठी स्त्री० જેઠ શુદ છઠ્ઠ.

अरण्याध्यक्ष पु० જંગલનો રખેવાળ.

अरण्यानांपति રૂદ્રદેવ.

अरण्यानी स्त्री० મોટું જંગલ.

अरण्येचर त्रि० વનચર, જંગલી.

अरण्येतिलक पु० એક જાતના જંગલી તલ.

अरण्येऽनूच्य त्रि० માત્ર વનમાં ભણવા યોગ્ય, મંત્રથી સંસ્કારયુક્ત કરેલ પુરોડાશ વગેરે.

अरण्येऽनूच्य पु० માત્ર વનમાં ભણવા યોગ્ય મંત્ર.

अरण्यौकस् पु० જંગલમાં રહેનાર મુનિ વગેરે, વાનપ્રસ્થ.

अरत पु० સ્નેહશૂન્ય, વિરક્ત.

अरतत्रप पु० કૂતરો.

अरतत्रप पु० નિર્લજ્જ, બેશરમ.

अरति पु० ક્રોધ, સ્નેહનો અભાવ, આનંદ નહિ તે, ઉદ્વેગ, ઈચ્છિત વસ્તુના વિયોગથી મનની વ્યાકુળતા, અસંતોષ.

अरति स्त्री० કામને લીધે થયેલ નાયકની એક જાતની દશા.

अरति त्रि० સ્નેહશૂન્ય, વિરક્ત.

अरत्नि पु० કનિષ્ઠિકા આંગળી પહોળી હોય તેવો બાંધેલી મૂઠીવાળો હાથ, કોણીથી માંડી કનિષ્ઠિકા આંગળી સુધીનું માપ, કોણી, હાથ.

अरत्नि त्रि० અરત્નિ જેટલા માપવાળું.

अरथि पु० સારથિ નહિ તે.

अरद त्रि० જેને દાંત ન ઉગ્યા હોય તેવું બાળક, જેના દાંત પડી ગયા હોય તેવું વૃદ્ધ.

अरघ्र त्रि० શત્રુઓથી હિંસા કરવાને અશક્ય, સમૃદ્ધિવાળું.

अरन्तुक न० કુરૂક્ષેત્રની અંદર આવેલ સમંતપંચક તીર્થના સીમાડારૂપ એક સ્થાન.

अरन्धन न० રાંધવું નહિ તે.

अरन्ध्र त्रि० છિદ્ર વગરનું, ઘટ્ટ.

अरपस् त्रि० પાપ વગરનું.

अरम् अव्य० अलम् જુઓ, શીઘ્રતા, ઉતાવળ, અત્યંત.

अरम त्रि० અધમ, નીચ.

अरमति स्त्री० પર્યાપ્ત-સંપૂર્ણતાવાળી બુદ્ધિ, કાંતિ.

अरम्य त्रि० સુંદર નહિ તે.

अरर त्रि० કમાડ, બારણું, ઢાંકણું; વાંસનો પોટો.

अरर पु० તે નામનો એક ઋષિ.

अररि पु० न० કમાડ, બારણું.

अररिन्द न० પાણી.

अररिवस् त्रि० દાન નહિ આપનાર-અદાતા.

अररु पु० શત્રુ, હથીઆર.

अररु त्रि० ગતિ કરવાના-જવાના સ્વભાવવાળું.

अररुस् पु० ઉપદ્રવ કરવાને આવેલ શત્રુ.

अररे अव्य० નીચ પ્રત્યે અતિવ્યગ્રતાથી કરેલ સંબોધન.

अरलु पु० તે નામનું એક ઝાડ.

अरलुक पु० એક જાતનું ઝાડ.

अरव पु० શબ્દનો અભાવ-ચુપકી.

अरव त्रि० નિઃશબ્દ-ચુપકીવાળું.

अरविन्द न० કમળ, સારસપક્ષી, કાળું કમળ, રાતું કમળ, તાંબું.

अरविन्दनाभ पु० વિષ્ણુ.

अरविन्दाक्ष त्रि० કમળ સરખાં નેત્રવાળું.

अरविन्दाक्ष पु० વિષ્ણુ.
अरविन्दिनी स्त्री० કમળવાળો દેશ,કમળનો વેલો, કમળોનો સમૂહ.
अरश्मन् त्रि० લગામની દોરીથી રહિત રથ વગેરે.
अरस पु० રસનો અભાવ, સ્વાદ નહિ તે. હલકો રસ.
अरस त्रि० રસવગરનું, સ્વાદરહિત, નિઃસાર, સાર વગરનું.
अरसिक त्रि० રસિક નહિ તે, રસને નહિ જાણનાર.
अरसिकता स्त्री० રસિકપણું નહિ તે.
अरसिकत्व न० ઉપરનો અર્થ.
अरहित त्रि० રહિત નહિ તે–સહિત.
अराग पु० રાગ–સ્નેહનો અભાવ, રંજન નહિ તે.
अराग त्रि० રાગરહિત, સ્નેહશૂન્ય, વિરક્ત.
अरागिन् त्रि० ઉપરનો અર્થ.
अराजक त्रि० રાજા વગરનો દેશ વગેરે.
अराजन्य पु० ક્ષત્રિય નહિ તે.
अराजिन् त्रि० જેનો માલીક રાજા નથી તે, કાંતિરહિત, નિસ્તેજ.
अराजीव पु० સુથાર.
अराजीव त्रि० કમળ વગરનું પાણી વગેરે.
अराति पु० શત્રુ, જ્યોતિષપ્રસિદ્ધ છઠ્ઠું સ્થાન, છની સંખ્યા.
अराति त्रि० સામે જવાના સ્વભાવવાળું.
अराति स्त्री० દાન નહિ દેવું તે.
अरातीयु त्रि० શત્રુના જેવું આચરણ કરનાર, શત્રુની પેઠે વર્તનાર.
अरातीवन् त्रि० ઉપરનો અર્થ.
अराधस् त्रि० ધનરહિત, નિર્ધન.
अराय त्रि० નિર્ધન, યજ્ઞ વગેરેમાં દાન નહિ આપનાર.
अराय्य त्रि० શત્રુમાટે હિતકારક.
अराल पु० સરગવાનો રસ, ગાંડો હાથી.
अराल त्रि० વાંકું.
अराला स्त्री० વેશ્યા સ્ત્રી.
अरावन् त्रि० અદાતા–દાન નહિ દેનાર.
अरि पु० શત્રુ, રથનું અંગ, પૈડું, એક જાતનો ખેર, કામક્રોધાદિ છ શત્રુઓ, છની સંખ્યા જ્યોતિષપ્રસિદ્ધ છઠ્ઠું સ્થાન, પરમેશ્વર.
अरि त्रि० પ્રેરણા કરનાર.
अरिक्थभाज् त्रि० પિતા વગેરેની મિલ્કતનો અધિકારી.
अरिगूर्ण पु० શત્રુનો વધ કરવા માટે તૈયાર થયેલ.
अरिगूर्त्त पु० ઉપરનો અર્થ.
अरिता स्त्री० શત્રુતા, શત્રુવટ.
अरित्व न० ઉપરનો અર્થ.
अरित्र पु० નાવિક, ખલાસી.
अरित्र न० વહાણને ચલાવવા માટે હલેસાં મારવાનું લાકડું.
अरिदान्त पु० યદુવંશનો તે નામે એક ક્ષત્રિય.
अरिधायस् त्रि० ઇશ્વરે ધારણ કરવા યોગ્ય.
अरिनन्दन त्रि० શત્રુઓને આનંદ ઉપજાવનાર–વ્યસની–પ્રમાદી.
अरिन्दम त्रि० શત્રુઓને દમનાર–પીડનાર.
अरिपुर न० શત્રુઓનું નગર.
अरिप्र त्रि० પાપરહિત–નિષ્પાપ.
अरिमर्द पु० તે નામનું એક ઝાડ.
अरिमर्द त्रि० શત્રુઓનું મર્દન કરનાર. શત્રુઓને સંતાપ ઉપજાવનાર.
अरिमर्दन पु० તે નામનો એક યદુવંશી ક્ષત્રિય.
अरिमर्दन त्रि० શત્રુઓનું મર્દન કરનાર.
अरिमित्र न० શત્રુઓનો મિત્ર.
अरिमेजय पु० તે નામનો એક યદુવંશી ક્ષત્રિય.

अरिमेद पु० એક જાતનું ઝાડ, એક જાતનો ખેર, એક જાતનો કીડો.
अरिल्ला स्त्री० તે નામનો એક માત્રાવૃત્ત છંદ.
अरिष पु० તે નામનો એક રોગ.
अरिषडष्टक न० વિવાહ વગેરેમાં ત્યાગ કરવા યોગ્ય એક યોગ.
अरिषड्वर्ग पु० કામ-ક્રોધ, લોભ-મોહ-મદ-મત્સર નામના છ શત્રુઓ.
अरिषण्य त्रि० અહિંસક.
अरिष्ट पु० લસણ, લીંબડો, લંકાની પાસે આવેલો એક પર્વત, કાગડો, કંકપક્ષી, અરીઠાનું ઝાડ, તે નામનો એક રાક્ષસ, દારૂ, બલિરાજાનો પુત્ર એક દૈત્ય.
अरिष्ट न० અશુભ, છાશ, સુવાવડીને રહેવાનું ઘર, અશુભ સૂચક ઉત્પાત, અનિષ્ટ સ્થાનમાં રહેલ સૂર્ય વગેરે ગ્રહ, મરણચિન્હ, શુભ, શુભદાયક કર્મ, અહિંસા, શુભ દેવ, સુખેથી રહેવું.
अरिष्ट त्रि० અવિનાશી.
अरिष्टक पु० લીંબડાનું ઝાડ, લસણ, અરિઠાનું ઝાડ.
अरिष्टगातु पु० અહિંસિત ગમન.
अरिष्टताति पु० સુખનું સાધન.
अरिष्टदुष्टधी त्रि० મરણસૂચક ચિન્હોથી દુષ્ટ બુદ્ધિવાળું-વિનાશકાળે વિપરીત બુદ્ધિવાળું.
अरिष्टनेमि पु० કશ્યપથી વિનતામાં ઉત્પન્ન થયેલ એક પુત્ર, બાવીસમા જૈન તીર્થંકર.
अरिष्टा स्त्री० કડુ, તે નામની કશ્યપની એક સ્ત્રી.
अरिष्टि स्त्री० અહિંસા.
अरिष्टुत त्रि० પ્રેરણા કરનારાઓથી સ્તુતિ કરાયેલ.
अरिष्टसूदन पु० વિષ્ણુ.
अरिष्ठ त्रि० શત્રુનો નાશ કરવા માટે ઉભો રહેનાર.
अरिस्तुत त्रि० શત્રુઓથી સ્તુતિ કરાયેલ.
अरिह त्रि० શત્રુઓનો નાશ કરનાર.
अरिहण पु० તે નામનો એક રાજા.
अरीढ त्रि० નહિ સ્વાદ લીધેલ, નહિ ચાખેલ.
अरीहण पु० તે નામનો એક રાજા.
अरीहणीय त्रि० અરીહણ રાજાની પાસેનો દેશ વગેરે.
अरीहणादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.
अरुंधिका स्त्री० તે નામનો એક રોગ.
अरुग्ण त्रि० રોગરહિત, નીરોગી.
अरुचि स्त्री० રૂચિ નહિ તે, અસંતોષ.
अरुचि त्रि० રૂચિ વગરનું.
अरुचि पु० એક જાતનો રોગ.
अरुज् त्रि० નીરોગી.
अरुज पु० તે નામનું એક ઝાડ, તે નામનો એક રાક્ષસ.
अरुज त्रि० નીરોગી, રોગ ન થાય તેવું કોઇ સાધન.
अरुण पु० સૂર્ય, સૂર્યનો સારથિ, ગોળ, સંધ્યાનો રંગ, નિઃશબ્દ, તે નામનો એક રાક્ષસ, એક જાતનો કોઢ, પુન્નાગવૃક્ષ, ખુલ્લો નહિ એવો રંગ, કાળાશથી મિશ્ર લાલ રંગ, તે નામનો એક દેશ, આકાડાનું ઝાડ.
अरुण न० કંકુ, કેસર, સિંદૂર.
अरुणकमल न० લાલ કમળ.
अरुणता स्त्री० રતાશ.
अरुणत्व न० રતાશ, લાલાશ.
अरुणवृन्ता स्त्री० રાતી દ્રાખડ.
अरुणप्रिय पु० લાલ રંગનું ફૂલ જેને પ્રિય છે તે સૂર્ય.
अरुणप्रिय त्रि० લાલ રંગવાળું જેને પ્રિય હોય તે.
अरुणप्रिया स्त्री० સૂર્યની સ્ત્રી-સંજ્ઞા અને છાયા.

अरुणप्सु त्रि० લાલ સ્વરૂપવાળું.
अरुणभार्या स्त्री० अरुणप्रिया શબ્દ જુઓ.
अरुणलोचन पु० કબૂતર પક્ષી.
अरुणलोचन त्रि० લાલ નેત્રવાળું.
अरुणसारथि पु० સૂર્ય.
अरुणा स्त्री० અતિવિખની કળી, નસોતર, મજીઠ, ઇંદરવરણી, ચણોઠી.
अरुणात्मज पु० જટાયુપક્ષી, સૂર્યનો પુત્ર શનિ, સાવર્ણિમનુ કર્ણ, સુગ્રીવ, યમ.
अरुणात्मज पु० द्वि० અશ્વિની કુમાર.
अरुणात्मजा स्त्री० યમુના, તપતી.
अरुणानुज पु० ગરુડ.
अरुणावरज पु० ગરૂડ.
अरुणित त्रि० લાલ કરેલ, લાલ થયેલ.
अरुणिमन् पु० રતાશ, લાલાશ.
अरुणीकृत त्रि० લાલ કરેલ.
अरुणोदक न० તે નામનું એક સરોવર, લાલ પાણી.
अरुणोदका स्त्री० તે નામની એક નદી.
अरुणोदय पु० અરૂણનો ઉદય, પ્રાતઃકાળ.
अरुणोदयविद्धा स्त्री० પ્રાતઃકાળે દશમથી યુક્ત થયેલી એકાદશી.
अरुणोदयसप्तमी स्त्री० માઘ શુદિ સાતમ.
अरुणोपल પદ્મરાગ મણિ–માણેક.
अरुदित त्रि० નહિ રડેલ.
अरुद्ध त्रि० નહિ રોકાયેલ, નહિ રૂંધેલ.
अरुन्तुद त्रि० મર્મસ્થાનને પીડાકારક.
अरुन्धती स्त्री० વસિષ્ઠ ઋષિની સ્ત્રી, નહિ રોકાનારી સ્ત્રી.
अरुन्धतीजानि पु० વસિષ્ઠ.
अरुन्धतीदर्शनन्याय पु० અરૂંધતીના દેખાવા જેવો ન્યાય–એટલે પહેલાં મોટું દેખાઈ નાનું દેખાવા રૂપ ન્યાય.
अरुन्धतीनाथ पु० વસિષ્ઠ.
अरुन्धतीपति पु० વસિષ્ઠ.
अरुष् त्रि० ક્રોધ વગરનું.
अरुष् स्त्री० ક્રોધનો અભાવ, ઉષાકાળ–પરોઢીયું.
अरुष त्रि० ક્રોધવગરનું, હિંસાવગરનું, પ્રકાશમાન, ગમનશીલ ઘોડા વગેરે.
अरुषी स्त्री० ગમનશીલ ઘોડી સારી ચાલની ઘોડી.
अरुष्क पु० ભીલામાનું ઝાડ.
अरुष्कर पु० ભીલામું.
अरुष्कर त्रि० વ્રણ કરનાર, ઘાવ પાડનાર.
अरुस् पु० સૂર્ય, રાતો ખેર.
अरुस् न० મર્મસ્થાન, નેત્ર.
अरुस् पु० न० વ્રણ, ઘાવ.
अरुहा स्त्री० ભોંય આંબળી.
अरूक्ष त्रि० લૂખું નહિ તે, સ્નિગ્ધ, ચિકકણું.
अरूक्षित त्रि० ઉપરના અર્થ.
अरूक्षण त्रि० अरूक्ष શબ્દ જુઓ.
अरूप त्रि० રૂપરહિત.
अरूप न० સાંખ્યમાં કહેલ પ્રધાન, બ્રહ્મ, ખરાબ રૂપ.
अरूपहार्य त्रि० રૂપથી વશ ન કરી શકાય તેવું.
अरूष पु० એક જાતનો સાપ, સૂર્ય.
अरे अव्य० ક્રોધથી બોલાવવામાં, નીચને બોલાવવામાં, અપકારમાં, અસૂયામાં વપરાય છે.
अरेपस् त्रि० નિષ્પાપ, નિર્મળ.
अरेऽरे अव्य० अरे જુઓ.
अरोक त्रि० છિદ્ર વગરનું, કાંતિ વિનાનું–નિસ્તેજ.
अरोग पु० રોગ નહિ તે, આરોગ્ય.
अरोग त्रि० નીરોગી.
अरोगण त्रि० નીરોગી.
अरोगता स्त्री० નીરોગીપણું, આરોગ્ય.
अरोगत्व न० ઉપરના અર્થ.
अरोगिन् त्रि० નીરોગી.

अरोचक पु० જેને લીધે કોઈ પદાર્થ ઉપર રુચિ થતી નથી તેવો એક રોગ.
अरोचक त्रि० રુચિ નહિ ઉપજાવનાર.
अरोदन न० રડવું નહિ તે.
अरोदन त्रि० નહિ રોતલ, રુદન નહિ કરનાર.
अरोधन न० રોકાણ નહિ તે, આવરણ નહિ તે, ગતિરોધક વ્યાપાર.
अरोधन त्रि० રોકાણ-અટકાયત વગરનું.
अरोध्य त्रि० રોકવાને અશક્ય.
अरोपण न० રોપવાનો અભાવ, નહિ રોપવું તે.
अरोपण त्रि० રોપણરહિત.
अरोष पु० રોષ નહિ તે.
अरोष त्रि० રોષવગરનું.
अरोषण न० ક્રોધનો અભાવ.
अरोषण त्रि० ક્રોધરહિત.
अरौद्र त्रि० ભયંકર નહિ તે, સૌમ્ય આકૃતિવાળું, રાગ-દ્વેષ વગરનું.
अरौद्र पु० વિષ્ણુ.
अर्क् चु० उभ० सक० सेट् તપવું, વખાણવું.
अर्क पु० સૂર્ય, ઇન્દ્ર, તાંબું, સ્ફટિક, પંડિત, આંકડો, અરગ, મોટો ભાઈ, રવિવાર, સાતમી તિથિ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, બારની સંખ્યા.
अर्क त्रि० પૂજવા યોગ્ય.
अर्ककला स्त्री० સૂર્યની કળા.
अर्ककान्ता स्त्री० સૂર્યની સ્ત્રી-સંજ્ઞા અને છાયા.
अर्कक्षेत्र न० સિંહ રાશિ.
अर्कचन्दन न० રાતું ચંદન-રતાંજળી.
अर्कज पु० યમ, સુગ્રીવ, કર્ણ, શનિ.
अर्कज पु० द्वि० અશ્વિનીકુમાર.
अर्कजा स्त्री० યમુના, તપતી.
अर्कदुग्ध न० આકડાનું છીર.
अर्कतनय पु० શનિ, યમ.
अर्कतनया स्त्री० યમુના.
अर्कनयन पु० વિરાટ પુરુષ, પરમાત્મા, પરમેશ્વર.
अर्कनयन त्रि० જેની સામે ન જોઈ શકાય તેવા નેત્રવાળું.
अर्कनन्दन पु० યમ, શનિ.
अर्कनामन् पु० લાલ આકડાનું ઝાડ.
अर्कपत्र पु० આકડાનું ઝાડ.
अर्कपत्र न० આકડાનું પાન.
अर्कपत्रा स्त्री० સુનંદા, અર્કમૂલા.
अर्कपर्ण पु० આકડાનું ઝાડ, મંદારવૃક્ષ.
अर्कपर्ण न० આકડાનું પાન.
अर्कपादक पु० લીંબડાનું ઝાડ, આકડાનું ઝાડ.
अर्कपुष्पिका स्त्री० તે નામનું એક ઝાડ.
अर्कपुष्पी स्त्री० એક જાતનું ઝાડ.
अर्कप्रिया स्त्री० જવાસો, સૂર્યની સ્ત્રી સંજ્ઞા અને છાયા.
अर्कबंधु पु० ગૌતમ બુદ્ધ, કમળ.
अर्कबांधव पु० ઉપરના અર્થ.
अर्कभ न० સિંહરાશિ, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર.
अर्कभक्त त्रि० સૂર્યનો ભક્ત.
अर्कभक्ता स्त्री० એક જાતનો વેલો.
अर्कमूल न० આંકડાનું મૂળીયું.
अर्कमूला स्त्री० अर्कपत्री જુઓ !
अर्करेतोज पु० अर्कज શબ્દ જુઓ.
अर्कलूष पु० તે નામનો એક ઋષિ.
अर्कवल्लभ पु० બપોરીઆનું ઝાડ, કમળ.
अर्कविवाह पु० કોઈને ત્રીજીવાર લગ્ન કરવાં હોય ત્યારે પ્રથમ આકડાના ઝાડને કન્યારૂપે કલ્પી તેની સાથે કરેલો વિવાહ.
अर्कवेध पु० તાલીસપત્રનું ઝાડ.
अर्कव्रत न० માઘ શુદિ સાતમને દિવસે કરવાનું સૂર્યની આરાધના માટેનું વ્રત, રાજાનો કર લેવાનો એક પ્રકાર.
अर्कसूनु पु० अर्कज શબ્દ જુઓ.
अर्कसून् स्त्री० યમુના, તપતી.
अर्कसोदर पु० એરાવત હાથી.

अर्कसोदर त्रि० सूर्यजेवुं.
अर्कहित त्रि० सूर्यना हितनुं.
अर्कहिता स्त्री० એક જાતનો વેલો.
अर्काश्मन् पु० સૂર્યકાન્ત મણિ, લાલ મણિ-માણેક.
अर्काह्व पु० આંકડાનું ઝાડ.
अर्किन् त्रि० પૂજનમાં સાધનરૂપ મંત્રવાળું, પૂજનવાળું.
अर्केन्दुसंगम पु० અમાવાસ્યા તિથિ.
अर्कोपल पु० સૂર્યકાન્ત મણિ, લાલ મણિ-માણેક.
अर्क्य त्रि० પૂજવા યોગ્ય.
अर्गल न० આગળીઓ, તરંગ, મોજું, કમાડ.
अर्गल त्रि० અટકાવનાર, રોકનાર.
अर्गला स्त्री० આગળીઓ, ચંડીપાઠના આરંભમાં બીજું સ્તોત્ર, નાનો આગળીઓ.
अर्गलिका स्त्री० આગળીઓ.
अर्गबध पु० ગરમાળો.
अर्घ् भ्वा० पर० सक० सेट् કિંમત કરવી.
अर्घ पु० કિંમત, મૂલ્ય, પૂજાનો સામાન.
अर्घदान न० અર્ઘપ્રદાન, પૂજા-સત્કાર.
अर्घीश पु० મહાદેવ.
अर्घ्य त्रि० પૂજ્ય.
अर्घ्य न० પૂજાની સામગ્રી, જરત્કારુના તપોવનમાં થનાર મધ.
अर्च् भ्वा० उभ० सक० सेट् પૂજા કરવી.
अर्च् चु० उभ० सक० सेट् પૂજા કરવી.
अर्चक त्रि० પૂજા કરનાર.
अर्चत्रि त्रि० પૂજવા યોગ્ય.
अर्चन्य त्रि० પૂજવા યોગ્ય.
अर्चन न० પૂજન.
अर्चना स्त्री० પૂજા.
अर्चनीय त्रि० પૂજવા યોગ્ય.
अर्चा स्त्री० પ્રતિમા, પૂજા.
अर्चि स्त्री० અગ્નિ વગેરેની શિખા.
अर्चित त्रि० પૂજેલ.
अर्चित पु० વિષ્ણુ.
अर्चिगन् त्रि० કાંતિમાન.
अर्चिरादिमार्ग पु० દેવયાન માર્ગ, ઉત્તર માર્ગ.
अर्चिवन् त्रि० કાંતિમાન.
अर्चिष्मत् पु० સૂર્ય, અગ્નિ, કોઇ ઉપદેવ, વિષ્ણુ.
अर्चिष्मत् त्रि० તેજસ્વી, કાંતિવાળું.
अर्चिष्मती स्त्री० અગ્નિની નગરી.
अर्चिस् न० અગ્નિ વગેરેની શિખા, કાંતિ, તેજ.
अर्चिस् पु० મોર પક્ષી, અગ્નિ.
अर्च्य त्रि० પૂજવા યોગ્ય
अर्ज् भ्वा० पर० सक० सेट् મેળવવું, સંપાદન કરવું
अर्ज् चु० उभ० सक० सेट् સંસ્કારવાળું કરવું.
अर्जक पु० એક જાતનું ઝાડ.
अर्जक त्रि० મેળવનાર, સંપાદન કરનાર.
अर्जन न० મેળવવું, સંપાદન કરવું, એક જાતનો વ્યાપાર.
अर्जुन पु० સાદડનું ઝાડ, વચલો પાંડવ-અર્જુન, હૈહયોનો રાજા કાર્તવીર્ય, કરવીર વૃક્ષ, મોર પક્ષી, ઘાસ, ધોળો રંગ, આંજણી નામનો નેત્રનો રોગ, એક માતાનો એક છોકરો, ઇન્દ્ર.
अर्जुन त्रि० ધોળા રંગવાળું.
अर्जुनध्वज पु० न० હનુમાન.
अर्जुनपाकी स्त्री० ધોળા પાકવાળો એક વેલો.
अर्जुनी स्त्री० ઉષા, બાહુદા નામની નદી, ગાય, કુટણી સ્ત્રી.
अर्जुनोपम पु० એક જાતનું ઝાડ.
अर्ण पु० અકાર વગેરે અક્ષર.
अर्ण न० પાણી.
अर्ण त्रि० ગમનશીલ, ગતિ કરવાના સ્વભાવવાળું.
अर्णव पु० સમુદ્ર, જળ આપનાર, સૂર્ય, ઇન્દ્ર.

अर्णव त्रि० પાણીવાળું.
अर्णवज त्रि० સમુદ્રમાં ઉત્પન્ન થયેલ.
अर्णवज पु० સમુદ્રફીણ.
अर्णवमन्दिर पु० વરુણ દેવ.
अर्णवोद्भव पु० ચન્દ્ર, તે નામનું એક ઝાડ
अर्णवोद्भव न० અમૃત.
अर्णवोद्भवा स्त्री० લક્ષ્મી દેવી.
अर्णस् न० પાણી.
अर्णस पु० સમુદ્ર.
अर्णस त्रि० પાણીવાળું.
अर्णस्वत् पु० સમુદ્ર.
अर्णस्वत् त्रि० પાણીવાળું.
अर्णोद पु० મેઘ, મોથ.
अर्णोद त्रि० પાણી આપનાર.
अर्णोभव पु० શંખ.
अर्त्तगल पु० એક જાતની વનસ્પતિ–કાળી ઝીંઝોટી.
अर्त्तन न० નિન્દા.
अर्त्ति स्त्री० પીડા.
अर्त्तिका स्त्री० મોટી બહેન, (નાટકમાં).
अर्त्तुक त्रि० સ્પર્દ્ધા કરનાર.
अर्थ् चु० आ० किद्व० सेट् માગવું, યાચવું, संम्+સમર્થન કરવું, प्रति+વિરૂદ્ધ આચરણ કરવું.
अर्थ पु० શબ્દનો અર્થ, ભાવ, ધન, ઈષ્ટ–પ્રયોજન, નિમિત્ત, શબ્દાદિ વિષય, જાણવા યોગ્ય વસ્તુ, વસ્તુનો સ્વભાવ, અભિલાષ, પ્રાર્થના, માગણી, વિષ્ણુ, ફળ, પરિણામ.
अर्थकर त्रि० અર્થકર, ધનકારક, હેતુકારક.
अर्थकरी स्त्री० દંડનીતિ વગેરે વિદ્યા.
अर्थकृच्छ्र न० ધનસંબંધી કષ્ટ પૈસાની મુસ્કેલી.
अर्थकृत् त्रि० अर्थकर શબ્દ જુઓ.
अर्थक्रम पु० પ્રયોજનને લીધે ક્રમનિર્ણય.
अर्थगत त्रि० અર્થને પ્રાપ્ત થયેલ, અર્થરહિત.
अर्थगत पु० અલંકારશાસ્ત્રપ્રસિદ્ધ એક દોષ.
अर्थगौरव न० અલ્પ શબ્દમાં પણ અર્થની ગંભીરતા
अर्थघ्न त्रि० અર્થનાશક.
अर्थचिन्तन न० અર્થ સંબંધી ચિંતા, ધનસંબંધી અથવા હરકોઈ વિષયસંબંધી ચિંતા.
अर्थचिन्ता स्त्री० ઉપરનો અર્થ.
अर्थजात न० અર્થ–પદાર્થનો સમૂહ.
अर्थजात त्रि० જેની પાસે ધન થયું હોય છે તે, ધનવાન.
अर्थज्ञ त्रि० પ્રયોજનને જાણનાર, હરકોઈ વિષયનું જ્ઞાન ધરાવનાર.
अर्थतस् अव्य० અર્થાત્, અર્થથી, અર્થાનુસારે, વસ્તુસ્વભાવથી.
अर्थद त्रि० ધન આપનાર.
अर्थद पु० પૈસા આપીને ભણનાર શિષ્ય, કુબેર.
अर्थदूषण न० ધનનો ગેરઉપયોગ રૂપ દોષ.
अर्थन न० યાચના, પ્રાર્થના, માગણી.
अर्थना स्त्री० ઉપરનો અર્થ.
अर्थपति पु० રાજા, કુબેર.
अर्थप्रकृति स्त्री० પ્રયોજનનો હેતુ, નાટકના અંગરૂપ પાંચ પ્રકારની અર્થપ્રકૃતિ.
अर्थप्रयोग पु० ધનનો ઉપયોગ, ધન વધારવા માટેનો વ્યાપાર.
अर्थप्राप्त त्रि० અર્થ ઉપરથી પ્રાપ્ત થયેલ.
अर्थप्राप्ति स्त्री० ધનની પ્રાપ્તિ.
अर्थबद्ध त्रि० શબ્દાદિ વિષયોથી બંધાયેલ જીવ વગેરે.
अर्थबन्ध पु० શબ્દાદિ વિષયોનું બંધન, ધનસંબંધી બંધન.
अर्थभावना स्त्री० મીમાંસાપ્રસિદ્ધ બે પ્રકારની ભાવનામાંહેની એક ભાવના.
अर्थमर्य्यादा स्त्री० કારણમર્યાદા.
अर्थमात्र न० નિશ્ચિત અર્થ–અર્થજ.
अर्थमात्रा स्त्री० થોડું ધન, પુષ્કળ ધન.

अर्थवत त्रि० અર્થવાળું, સાર્થક, પ્રયોજન-વાળું, ફળવાળું, ધનવાળું.

अर्थवत् અવ્ય૦ અર્થસદૃશ,અર્થતુલ્ય ક્રિયા, અર્થાશ્રય.

अर्थवाद પુ૦ પ્રશંસા કરવા યોગ્ય ગુણનો વાચક શબ્દ, નિંદા કરવા યોગ્ય ગુણનો વાચક શબ્દ, વખાણવા યોગ્ય ગુણોનું કથન, નિંદા કરવા યોગ્ય ગુણોનું કથન.

अर्थविज्ञान ન૦ બુદ્ધિના આઠ ગુણોમાંનો એક ગુણ.

अर्थविद् ત્રિ૦અર્થ જાણનાર,કાર્ય જાણનાર.

अर्थविप्रकर्ष પુ૦ પૂર્વ પૂર્વની અપેક્ષાએ ઉત્તર ઉત્તરનું વિલંબથી અર્થજ્ઞાન.

अर्थवृद्धि સ્ત્રી૦ ધનની વૃદ્ધિ.

अर्थव्यय પુ૦ ધનનો વ્યય.

अर्थव्ययज्ञ ત્રિ૦ ધનનો વ્યય કરી જાણનાર.

अर्थव्यपाश्रय પુ૦ પ્રયોજનનો સંબંધ, અર્થનો આશ્રય.

अर्थव्यपाश्रय ત્રિ૦ પ્રયોજનવાળું, અર્થના આશ્રયવાળું.

अर्थशास्त्र ન૦ નીતિશાસ્ત્ર, અભિચાર કર્મનું પ્રતિપાદન કરનાર એક શાસ્ત્ર.

अर्थशौच ન૦ ધન ઉપાર્જન કરવામાં શુદ્ધિ, ધન મેળવવામાં અન્યાયનો ત્યાગ કરવો તે.

अर्थसंग्रह પુ૦ ધનનો સંગ્રહ, ધન એકઠું કરવું તે.

अर्थसंस्थान ન૦ ધન ઉપાર્જન કરવાનું સાધન, અર્થની સ્થિતિ.

अर्थसञ्चय પુ૦ ધનનો સંઘરો, ધનનો સમૂહ.

अर्थसमाज પુ૦ અનેક પ્રકારના અર્થોનો સમુદાય, કારણોનો સમૂહ, ધનનો સમૂહ.

अर्थसमाहार પુ૦ ધનનો સંગ્રહ,ધનનો સમૂહ.

अर्थसम्बन्ध પુ૦ અર્થનો સંબંધ, ધનનો સંબંધ.

अर्थसिद्ध પુ૦ અર્થાત સિદ્ધ, અન્વય બળથી જાણી શકાય તેવો પદાર્થ.

अर्थसिद्ध ત્રિ૦ જેનું પ્રયોજન સિદ્ધ થયું હોય તે, જેને ધન પ્રાપ્ત થયું હોય તે.

अर्थसिद्धक પુ૦ નગોડનું ઝાડ.

अर्थसिद्धि સ્ત્રી૦ ધનની સિદ્ધિ,અર્થની સિદ્ધિ.

अर्थहर ત્રિ૦ પારકું ધન હરી લેનાર ચોર વગેરે.

अर्थहीन ત્રિ૦ અર્થરહિત-નિરર્થક, ધનવગરનું, દરિદ્ર.

अर्थागम પુ૦ ધનની આવક, અર્થની પ્રાપ્તિ, ધન ઉપાર્જન કરવામાં વ્યાપાર-સાધન.

अर्थाधिकार પુ૦ ધન ઉપરનો અધિકાર.

अर्थान्तर ન૦ બીજો અર્થ, ન્યાયમતે ઉદ્દેશ્યની સિદ્ધિ માટે પ્રયોગ કરેલું વાક્ય, બીજું કારણ.

अर्थान्तरन्यास પુ૦ તે નામનો એક અર્થાલંકાર.

अर्थापत्ति સ્ત્રી૦ મીમાંસકોએ માનેલું એક પ્રમાણ.

अर्थार्थिन् ત્રિ૦ ધનની ઇચ્છાવાળું, ધન માગનાર, મતલબી.

अर्थिक પુ૦ રાજાઓનાં વખાણ કરનાર ભાટ-ચારણ.

अर्थित ત્રિ૦ યાચેલ, માગેલ,માગવાનો પદાર્થ.

अर्थिता સ્ત્રી૦ યાચના, માગણી, કામના, ઇચ્છા, યાચકપણું.

अर्थित्व ન૦ માગણપણું, યાચકપણું.

अर्थिन् ત્રિ૦ અર્થવાળું, યાચક, માગણ, સેવક, જેનું ધન પોતાની પાસે ન હોય તેવો ધનનો માલીક, કામ કાઢી લેવાની ઇચ્છાવાળું, મતલબી.

अर्थिसात् અવ્ય૦ યાચકને સ્વાધીન કરેલ.

अर्थे અવ્ય૦ માટે, વાસ્તે, સારૂ, અસાર્થકને સાર્થક કરીને.

अर्थेकृत्य અવ્ય૦ ઉપરનો અર્થ.

अर्थेकृत्वा અવ્ય૦ અર્થે જુઓ.

अर्थोपमा સ્ત્રી૦ તે નામનો એક ઉપમાલંકાર.

अर्थोपक्षेपक त्रि० विष्कंभक वगेरे नाटकनां पांच अंग.

अर्थोष्मन् पु० धननी गरमी-पैसानो मद.

अर्थ्य त्रि० सार्थक, सप्रयोजन, न्याययुक्त, मागवा योग्य, अर्थनुं साधन.

अर्थ्य पु० पंडित.

अर्थ्य न० शिलाजीत.

अर्द् भ्वा० सक० सेट् उभ० सक सेट्० पीडवुं, दुःख देवुं: अति+अत्यंत पीडवुं. निस्+अत्यंत पीडवुं. निर्+अत्यंत पीडवुं. वि+विशेष पीडवुं.

अर्द् भ्वा० अक० पर० सेट् मागवुं, जवुं.

अर्द् चुरा० उभ० सक० सेट् नाश करवो.

अर्द् भ्वा० उभ० सक० सेट् पीडवुं, दुःख देवुं, अति+अत्यंत पीडवुं, निस्+अत्यंत पीडवुं, निर्+अत्यंत पीडवुं, वि+विशेष पीडवुं.

अर्द्न् न० जवुं, दुःख देवुं, नाश करवो, मागवुं.

अर्द्ना स्त्री० उपरनo अर्थ.

अर्दनि पु० रोग, याचना, अग्नि.

अर्दित त्रि० पीडेल, दुःख दीधेल. गयेल, मागेल, नाश करेल.

अर्दित न० एक जातनो रोग.

अर्दितिन् त्रि० आंख-कान-दांत वगेरेमां जेने रोग थयो होय ते.

अर्द्ध पु० वृद्धि, वधारो, वायु, भाग, खंड, अवयव.

अर्द्ध न० सरखो भाग, अर्ध भाग.

अर्द्ध त्रि० अरधुं, खंडित, अडधीयुं.

अर्द्धकृत त्रि० अर्धुं करेल, असंपूर्ण करेल.

अर्द्धकौडविक त्रि० अर्धकुडव नामना मापने योग्य.

अर्द्धखार न० अरधीपाली, अरधी बांगडी.

अर्द्धखारी स्त्री० उपरनो अर्थ.

अर्द्धगङ्गा स्त्री० कावेरी नदी.

अर्द्धगर्भ पु० सूर्यनुं एक जातनुं किरण.

अर्द्धगुच्छ पु० चोवीस सेरनो कोइ हार.

अर्द्धगुञ्जा स्त्री० अरधी चणोठी.

अर्द्धचंद्र पु० चंद्रनो अर्ध भाग, चंद्रना अर्ध भाग जेवा आकारनो नखक्षत, एक जातनुं बाण, कोईने हांकी काढवा माटे तेने गळे अर्धचंद्राकारे हाथ मूकवो ते.

अर्द्धचन्द्रक पु० मोरना पीछा उपरनो अर्ध चंद्रना जेवो आकार.

अर्द्धचन्द्रा स्त्री० काळुं नसोतर.

अर्द्धचन्द्राकृति स्त्री० कोईने काढी मूकवा माटे तेने गळे अर्धचंद्राकार हाथ मूकवो ते.

अर्द्धचोलक न० कांचळी-चोळी-पोलकुं.

अर्द्धचन्द्रिका स्त्री० एक जातनो वेलो.

अर्द्धजरतीय पु० ते नामनो एक न्याय.

अर्द्धजान्हवी स्त्री० कावेरी नदी.

अर्द्धतिक्त पु० बराबर कडवो नहि एवो नेपाली लींबडो.

अर्द्धदिन न० अर्धो दिवस.

अर्द्धदेव त्रि० देवनी समीप रहेल.

अर्द्धद्रोणिक त्रि० अर्धा द्रोणने योग्य.

अर्द्धधार न० वाढ-काप करवानुं वैद्यक-प्रसिद्ध एक शस्त्र.

अर्द्धनारायण न० गंगाना प्रवाहसुधी चार हाथनुं नारायणना निवासरूप स्थान.

अर्द्धनारीश्वर पु० शिवनी एक मूर्ति.

अर्द्धनाव न० अर्धुं वहाण.

अर्द्धनिशा स्त्री० अर्धी रात.

अर्द्धपण पु० अर्धो पण, बे कोडी,

अर्द्धपथ पु० अर्धो मार्ग.

अर्द्धपाञ्चालिक पु० अर्धा पंचाल देशमां थनार.

अर्द्धपादिक त्रि० अर्धो पग कापवा योग्य.

अर्द्धपारावत पु० तेतर पक्षी.

अर्द्धपुलायित न० घोडानी એક જાતની ગતિ.
अर्द्धप्रस्थिक त्रि० અર્ધા પ્રસ્થ પ્રમાણને યોગ્ય.
अर्द्धप्रहर पु० અર્ધો પ્રહર.
अर्द्धभाग पु० અર્ધો ભાગ.
अर्द्धभाज् त्रि० અર્ધો ભાગ લેનાર.
अर्द्धभ्रम न० તે નામનો એક શબ્દાલંકાર
अर्द्धमाणव पु० બાર સેરનો કોઇ હાર.
अर्द्धमाणवक पु० ઉપરનો અર્થ.
अर्द्धमात्रक न० અર્ધામાત્રાવાળો અક્ષર. વ્યંજન.
अर्द्धमात्रा स्त्री० અર્ધી માત્રા, બ્રહ્મરૂપ વાણી, બ્રહ્મરૂપ દેવી.
अर्द्धमास पु० અર્ધો મહિનો, પખવાડીયું.
अर्द्धयाम पु० અર્ધો પ્રહર.
अर्द्धरथ पु० અર્ધો રથી યોદ્ધો.
अर्द्धरात्र पु० અર્ધી રાત્રિ.
अर्धर्च पु० न० ઋચાનો અર્ધો ભાગ.
अर्धर्चादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.
अर्द्धलक्ष्मीहरि पु० લક્ષ્મીનારાયણ નામની વિષ્ણુની એક મૂર્તિ.
अर्द्धविसर्ग पु० અર્ધા વિસર્ગની આકૃતિનો જિહ્વામૂલીય તથા ઉપધ્માનીય અક્ષર.
अर्द्धविसर्जनीय पु० ઉપરના અર્થ.
अर्द्धवीक्षण न० કટાક્ષથી જોવું.
अर्द्धवैनाशिक पु० બૌદ્ધ.
अर्द्धवैशस न० અર્ધો નાશ.
अर्द्धशत न० પચાસની સંખ્યા, પચાસની સંખ્યાવાળું.
अर्द्धशन न० અર્ધું ભોજન.
अर्द्धशफर पु० એક જાતનું માછલું.
अर्द्धश्लोक पु० અર્ધો શ્લોક.
अर्द्धसम त्रि० અર્ધા જેટલો કોઇ પદાર્થ, લગભગ અર્ધો કોઇ પદાર્થ.
अर्द्धसीरिन् त्रि० હળથી ખેડેલ ધાન્યાદિ ફળના અર્ધ ભાગવાળું, એક જાતનો વર્ણસંકર.
अर्द्धहार पु० ચોસઠ સેરવાળો કોઈ હાર.
अर्द्धांश पु० અર્ધો ભાગ,
अर्द्धार्द्ध पु० અર્ધાનો અર્ધો ભાગ.
अर्द्धाशन न० અર્ધું ભોજન.
अर्द्धासन न० અર્ધું આસન, સ્નેહપૂર્વક દાન, અનિંદા.
अर्द्धिक त्रि० અર્ધા ભાગને યોગ્ય, એક જાતનો વર્ણસંકર.
अर्द्धिन् त्रि० અર્ધું લેવાને યોગ્ય.
अर्द्धुक त्रि० સંપત્તિવાળું, વૃદ્ધિ પામવાના સ્વભાવવાળું.
अर्द्धेन्दु पु० अर्धचन्द्र શબ્દ જુઓ.
अर्द्धेन्दुमौलि पु० શિવ.
अर्द्धोक्त न० અર્ધું કહેવું–બોલવું.
अर्द्धोक्त त्रि० અર્ધું કહેલ–બોલેલ.
अर्द्धोदक न० શરીરના અર્ધ ભાગમાં વ્યાપેલ જળ.
अर्द्धोदय पु० જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.
अर्द्धोदयासन न० એક પ્રકારનું આસન.
अर्द्धोदित त्रि० અર્ધ ઉદય પામેલ, અર્ધું ઉગેલ.
अर्द्धोरुक न० સાથળના અર્ધ ભાગ ઢંકાય તેવું પહેરવાનું વસ્ત્ર.
अर्द्ध्य त्रि० અર્ધ સંબંધી, અર્ધમાં થનાર.
अर्पण न० આપવું, મૂકવું, સ્થાપવું, નાંખવું.
अर्पणीय त्रि० અર્પણ કરવા યોગ્ય,
अर्पित त्रि० અર્પણ કરેલ, મૂકેલ, સ્થાપેલ, નાખેલ.
अर्पिस पु० હૃદય આગળનું માંસ,
अर्पितव्य त्रि० અર્પણ કરવા યોગ્ય.
अर्प्य त्रि० અર્પણ કરવા યોગ્ય, મૂકવા યોગ્ય, સ્થાપવા યોગ્ય, નાખવા યોગ્ય.
अर्ब् भ्वा० पर० सक० सेट् હિંસા કરવી, મારી નાંખવું.

अर्बुद पु० એક જાતનો રોગ, દશ કરોડની સંખ્યા, દશ કરોડની સંખ્યાવાળું, તે નામનો એક પર્વત, આબુ. તે નામનો એક અસુર, એક જાતનો સર્પ, મેઘ, ગર્ભનો એક માંસપિંડ.

अर्बुद पु० સર્વવ્યાપક પરમેશ્વર.

अर्भ पु० બાળક, થોડું, અલ્પ.

अर्भक त्रि० મૂર્ખ, કૃશ, દુર્બળ, થોડું, સદશ—સમાન.

अर्भक पु० બાળક.

अर्भग पु બાળક.

अर्म्म न० पु० આંખનો એક જાતનો રોગ, જોવા યોગ્ય પ્રદેશ.

अर्म्मक पु० જંગલી ખરાબ સ્થાન, સ્મશાન વગેરે.

अर्म्मण न० દ્રોણ—એક જાતનું માપ, એક મણ.

अर्म्मन् न० એક જાતનો આંખનો રોગ.

अर्य्य पु० સ્વામી, વૈશ્ય.

अर्य्य त्रि० શ્રેષ્ઠ, પૂજ્ય.

अर्य्यमन् पु० સૂર્ય, ઉત્તરાફાલ્ગુની નક્ષત્ર, આકડાનું ઝાડ, બાર આદિત્યમાંનો એક આદિત્ય.

अर्य्यमिक पु० દયાપાત્ર અર્યમદત્ત નામનો માણસ.

अर्य्यम्य पु० સૂર્ય, આકડાનું ઝાડ.

अर्य्या स्त्री० સ્વામી સ્ત્રી, વૈશ્ય જાતિની સ્ત્રી.

अर्य्याणी स्त्री० ઉપરના અર્થ.

अर्य्यी स्त्री० સ્વામીની પત્ની, વૈશ્યની પત્ની.

अर्व् अर्ब् જુઓ.

अर्वन् पु० ઘોડા, ઇન્દ્ર, ગોકર્ણપરિમાણ.

अर्वन् त्रि० ગતિ કરવાના સ્વભાવવાળું.

अर्वती स्त्री० ઘોડી, કુટ્ટણી, સ્ત્રી.

अर्वरी स्त्री० ગમન કરવાના સ્વભાવવાળી સ્ત્રી.

अर्वाक त्रि० સમીપનું. પાસેનું.

अर्वाक्काल त्रि० પછીનો કાળ. મધ્યકાળ.

अर्वाक्कालिक त्रि० પછીના કાળે થનાર, મધ્ય કાળે થનાર.

अर्वाक्स्रोतस् पु० ઇન્દ્રિયાસક્ત.

अर्वाग्वसु पु० મેઘ.

अर्वाग्विल पु० ચમસ નામનું એક યજ્ઞપાત્ર.

अर्वाच् अव्य० પછીના કાળે, મધ્યકાળે.

अर्वाच् त्रि० પછીના કાળનું, મધ્યકાળનું.

अर्वाचीन त्रि० પછીના કાળે થનાર, મધ્યકાળે થનાર, નવું.

अर्वाचीनता स्त्री० અર્વાચીનપણું, નવીનપણું.

अर्वाचीनत्व न० ઉપરના અર્થ.

अर्वावत त्रि० અર્વાચીન, નવું.

अर्व्वुक पु० દક્ષિણના જંગલી દેશનો એક રાજા.

अर्श त्रि० પાપી, ખરાબ.

अर्श न० હરસનો રોગ.

अर्शआदि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

अर्शस् न० હરસનો રોગ.

अर्शस त्रि० હરસના રોગવાળું.

अर्शसान त्रि० બાધક, હિંસક.

अर्शसान पु० તે નામનો એક અસુર, અગ્નિ.

अर्शिन् त्रि० હરસના રોગવાળું.

अर्शोघ्न पु० સૂરણ, ભીલામું.

अर्शोघ्न त्रि० હરસનો રોગ દૂર કરનાર.

अर्शोघ्नी स्त्री० તાલમુલી નામની વનસ્પતિ.

अर्शोहित पु० ભીલામું.

अर्शोहित त्रि० હરસ રોગને હિતકારક.

अर्शोऽहित त्रि० હરસ રોગને અહિતકારક.

अर्षण न० ગમન, જવું.

अर्षणी स्त्री० ગમનનું સાધન.

अर्सस् न० હરસનો રોગ.

अर्ह् भ्वा० पर० सक० सेट् યોગ્ય થવું.

अर्ह् चुरा० उभ० सक० सेट् પૂજવું.

अर्ह पु० ઇશ્વર, ઇન્દ્ર વિષ્ણુ.
अर्ह त्रि० પૂજ્ય, યોગ્ય.
अर्ह पु० પૂજન, પૂજવું, ગતિ, ગમન, યોગ્યપણું, મૂલ્ય, કિંમત.
अर्हण न० ઉપરના અર્થ.
अर्हणा स्त्री० પૂજા, ગતિ, યોગ્યતા.
अर्हणीय त्रि० પૂજ્ય, યોગ્ય, પૂજાસાધન દ્રવ્ય.
अर्हत् त्रि० પૂજ્ય, યોગ્ય.
अर्हत् पु० જૈન દેવ–તીર્થંકર.
अर्हन्त पु० ઉપરનો અર્થ.
अर्हन्त त्रि० પૂજ્ય, યોગ્ય,
अर्हन्ती स्त्री० પૂજ્યતા, યોગ્યતા.
अर्हा स्त्री० પૂજા.
अर्हित त्रि० પૂજેલ.
अर्ह्य त्रि० પૂજ્ય, યોગ્ય, પ્રાપ્ત થવાને યોગ્ય.
अल् भ्वा० उभ० सक० सेट्० શણગારવું. પૂર્ણ થવું, બસ થવું.
अल न० વીંછીનો આંકડો, હરતાલ.
अलक पु० વાંકડીઆ કેશ, માથાના કેશ, શરીરે લેપેલું કેસરનું વિલેપન.
अलक पु० હડકાયો કૂતરો.
अलकनंदा स्त्री० ગંગા નદી, કન્યા.
अलकप्रभा स्त्री० કુબેરની નગરી.
अलकप्रिय पु० એક જાતનું ઝાડ.
अलका स्त्री० કન્યા, કુબેરની નગરી.
अलकाधिप पु० કુબેર.
अलकाधिपति पु० કુબેર.
अलकेश्वर पु० કુબેર.
अलक्त पु० લાખનો રસ–અલતો, લાખ.
अलक्तक पु० ઉપરના અર્થ.
अलक्तरस पु० લાખનો રસ, અલતો.
अलक्षण न० લક્ષણ નહિ તે, સારૂં લક્ષણ નહિ પણ ખરાબ લક્ષણ.
अलक्षित त्रि० નહિ જાણેલ, નહિ ચિન્હ કરેલ, લક્ષ્યમાં નહિ લીધેલ.
अलक्ष्मी स्त्री० લક્ષ્મીનો અભાવ, દરિદ્રતા.
अलक्ष्य त्रि० નહિ જાણવા યોગ્ય, દુઃખથી જાણવા યોગ્ય, લક્ષણથી નહિ જણાય તેવું, નિર્વ્યાજ–બહાના વગરનું.
अलगर्द पु० પાણીનો સાપ.
अलगर्दा स्त्री० પાણીનો એક જાતનો સાપ.
अलगर्द्द पु० પાણીનો સાપ.
अलग्न त्रि० નહિ લાગેલ, નહિ વળગેલ.
अलग्न न० જ્યોતિષપ્રસિદ્ધ ખરાબ લગ્ન.
अलघु त्रि० લઘુ વર્ણ નહિ પણ ગુરૂ વર્ણ, લઘુતા વગરનું, ગૌરવવાળું, દીર્ઘ.
अलङ्करण न० અલંકાર, ઘરેણું.
अलङ्करिष्णु त्रि० શણગારનાર, શણગારવાના સ્વભાવવાળું.
अलङ्कर्तृ त्रि० શોભાવનાર, શણગારનાર.
अलङ्कर्मीण त्रि० કાર્ય કરવામાં સમર્થ.
अलङ्कार पु० ઘરેણું, શણગાર, સાહિત્યશાસ્ત્રનો ગ્રંથ, અનુપ્રાસ વગેરે શબ્દાલંકાર, ઉપમા વગેરે શબ્દાર્થાલંકાર.
अलङ्कुमारि त्रि० કુમારીનું ભરણ પોષણ કરવા માટે પૂરતું ધન વગેરે.
अलङ्कृत त्रि० શણગારેલ.
अलङ्कृति स्त्री० અલંકાર, ઘરેણું, અલંકારનું સાધન, અલંકાર, શાસ્ત્રોક્ત ઉપમા વગેરે અલંકાર.
अलङ्क्रिया स्त्री० શણગારવું તે.
अलङ्गामिन् त्रि० જવામાં સમર્થ, શત્રુ પ્રત્યે જનાર.
अलङ्घनीय त्रि० નહિ ઓળંગવા યોગ્ય.
अलङ्घ्य त्रि० ઉપરનો અર્થ.
अलजी स्त्री० સાંધાનો એક રોગ.
अलज्ज त्रि० લાજ વગરનું, બેશરમ.
अलज्जा स्त्री० લાજ–શરમ નહિ તે.
अलञ्जर पु० માટીનું પાણી ભરવાનું મોટું વાસણ.
अलञ्जीविक त्रि० આજીવિકાપૂરતું ધન વગેરે.

अलम्बुष त्रि० खावापूरतुं मांस वगेरे.
अलति पु० गीतीमातृका—सा री ग म प ध वगेरे.
अलन्तमाम् अव्य० नीचेनो शब्द जुओ.
अलन्तराम् अव्य० अत्यंत पूर्ण, बस, घणुंज.
अलन्धन त्रि० पूरता धनवाळुं, समृद्धिमान.
अलन्धूम पु० धूमाडानो समूह.
अलब्ध त्रि० नहि प्राप्त थयेल,नहि मेळवेल.
अलभ्य त्रि० प्राप्त करवाने अशक्य, न मेळवी शकाय तेवुं.
अलम् अव्य० पूरतुं, बस, भूषण, अलंकार, सामर्थ्यमां, शक्तिमां, पूर्णतामां, पुष्कळतामां, अटकाववामां, निषेधमां, निरर्थकपणामां, होवुं एवा अर्थमां, निश्चयमां वपराय छे.
अलम्पशु पु० खराब पशु.
अलम्पुरुषीण पु० युद्ध वगेरेमां समर्थ पुरुष.
अलम्बुद्धि स्त्री० मिथ्या बुद्धि, परिपूर्ण बुद्धि.
अलम्बुष पु० वमन, उलटी, रावणनो मंत्री प्रहस्त नामनो राक्षस, घटोत्कचे मारेलो अलंबुष राक्षस.
अलम्बुषा स्त्री० ते नामनी एक अप्सरा, मुंडेरी, रीसामणीनो वेलो, बीजाने नहि पेसवा देवा माटे करेली पाणीनी रेखा.
अलम्भूष्णु त्रि० समर्थ.
अलय पु० नाश नहि ते, उत्पत्ति.
अलय त्रि० उभुं नहि रहेनार, भमनार, नाश वगरनुं.
अलर्क पु० धोळो आंकडो, हडकायो कुतरो. एक जातनो कीडो.
अलपस् न० पाप नहि ते, पुण्य.
अलवाल न० झाडनी चोबाजु करेलो पाणी रहेवानो क्यारो.
अलस त्रि० आळसु, क्रिया करवामां मंद.
अलस पु० एक जातनो पगनो रोग, एक जातनुं झाड, ते नामनो एक मुनि.
अलसक पु० ते नामनो एक रोग.
अलसक त्रि० आळसु.
अलसता त्रि० आळसुपणुं.
अलसत्व न० उपरनो अर्थ.
अलसा स्त्री० एक जातनो वेलो.
अलसेक्षण त्रि० आळसु नेत्रवाळुं.
अलात पु० न० उंबाडीयुं, अंगारो, कोयलो.
अलातृण त्रि० अत्यंत दुःख देनार-पीडा करनार.
अलाबु स्त्री० तुंबडी, तुंबडुं.
अलाबुमय त्रि० तुंबडानुं बनावेल पात्र वगेरे.
अलाबू स्त्री० तुंबडी.
अलाबूकट न० तुंबडानी रज.
अलाभ पु० लाभ नहि ते, लाभनो अभाव.
अलाभ त्रि० लाभ वगरनुं.
अलाय्य त्रि० जवाना स्वभाववाळुं, सामे जनार शत्रु वगेरे.
अलार न० कमाड, बारणुं.
अलास पु० जीभनो एक रोग.
अलि पु० भमरो वींछी, कागडो, कोयल, वृश्चिक राशि, दारू.
अलिक न० ललाट, कपाळ.
अलिकुल न० भमरानुं टोळुं.
अलिकुलसंकुल पु० एक जातनुं झाड.
अलिकुलसंकुल त्रि० भमराना समूहथी व्याप्त.
अलिगर्द पु० एक जातनो सर्प.
अलिगु पु० ते नामनो एक ऋषि.
अलिङ्ग त्रि० लिंगवगरनुं, चिन्ह वगरनुं.
अलिङ्गिन त्रि० बनावटी वेषने नहि धारण करनार ब्रह्मचारी वगेरे.

अलिजिह्वा स्त्री० જીભના મૂળ ભાગમાં રહેલી પડજીભ.

अलिजिह्विका स्त्री० ઉપરનો અર્થ.

अलिञ्जर પુ० પાણી ભરવાનું માટીનું મોટું વાસણ.

अलिदूर्वा સ્ત્રી० એક જાતની ધ્રોખડ.

अलिन પુ० વીંછી, ભમરો.

अलिन ત્રિ० પૂરતું, ખરા. તપવડે અત્યંત વૃદ્ધિ પામેલ.

अलिन्द પુ० ઓટલો, બારણાંની બહારનો ભાગ, તે નામનો એક દેશ, અલિંદ દેશમાં રહેનાર, અલિંદ દેશનો રાજા.

अलिन्दी સ્ત્રી० ઓટલી, અલિંદ દેશની સ્ત્રી.

अलिपक પુ० કોયલ, ભમરો, કુતરો.

अलिपत्रिका સ્ત્રી० તે નામની એક લતા.

अलिपर्णी સ્ત્રી० એક જાતનું ઝાડ.

अलिपिज्ञ ત્રિ० લિપિને નહિ જાણનાર.

अलिप्रिय ન० રાતું કમળ, પાટલાવૃક્ષ.

अलिप्रिय ત્રિ० ભમરાને પ્રિય હરકોઇ વસ્તુ.

अलिप्रिया સ્ત્રી० પાડલનું ઝાડ.

अलिमक પુ० દેડકો, કોયલ, ભમરો, મહુડાનું ઝાડ, પદ્મ કેસર.

अलिमोदा સ્ત્રી० ગણીઆરીનું ઝાડ.

अलिम्पक પુ० अलिमक શબ્દ જુઓ.

अलिल પુ० એક જાતનું પક્ષી.

अलिवल्लभ ત્રિ० ભમરાને પ્રિય.

अलिवाहिनी સ્ત્રી० કોંકણ દેશમાં પ્રસિદ્ધ એક ઝાડ.

अलिविराव પુ० ભમરાનો શબ્દ.

अलिविरुत ન० ઉપરનો અર્થ.

अलीक ન० અપ્રિય, ખોટું, જૂઠું, લલાટ, કપાળ.

अलीक ત્રિ० જૂઠું બોલનાર, અપ્રિય બોલનાર.

अलीकता સ્ત્રી० જૂઠાણું, અસત્યપણું.

अलीकत्व ન० ઉપરના અર્થ.

अलीकमत्स्य પુ० એક જાતનો પાક.

अलु સ્ત્રી० નાની લોટી, કરસલી.

अलुक्समास પુ० જેમાં વિભક્તિ ઉડતી નથી તેવો સમાસ.

अलुब्ध ત્રિ० નિર્લોભી, લોભ વગરનું.

अलूक्ष ત્રિ० લુખું નહિ તે, ચીકણું.

अलेपक ત્રિ० નિર્લેપ, કોઇના સંબંધ વગરનું, લેપ નહિ કરનાર.

अलेपक પુ० પરમાત્મા.

अले અવ્ય० પિશાચી ભાષામાં સંબોધન.

अलेले અવ્ય० પૈશાચી ભાષામાં વપરાતું સંબોધનાર્થે અવ્યય.

अलोक પુ० આપણાથી અદશ્ય પાતાલ વગેરે, જ્યાં કેવળ આકાશ જ છે તેવો કોઈ પ્રદેશ.

अलोक ત્રિ० અદૃશ્ય એવી હરકોઇ વસ્તુ, લોકરહિત નિર્જન પ્રદેશ, જેણે પુણ્ય ન કર્યું હોય તે, નહિ જોનાર.

अलोक ન० લોકશૂન્ય એકાંત.

अलोक અવ્ય० લોકનો અભાવ.

अलोकन ન० અદશ્યપણું, નહિ જોવું તે.

अलोकनीय ત્રિ० નહિ જોવા યોગ્ય, અદશ્ય.

अलोका સ્ત્રી० ૮ષ્ટકા.

अलोक्य ત્રિ० સ્વર્ગ વગેરે લોકનું અસાધન.

अलोभ પુ० લોભ નહિ તે, લોભનો અભાવ.

अलोभ ત્રિ० લોભ વગરનું.

अलोभिन् ત્રિ० ઉપરનો અર્થ.

अलोल ત્રિ० અચંચળ, ચંચળ નહિ તે, તૃષ્ણાવગરનું.

अलोलुप ત્રિ० લોભરહિત, નિર્લોભી.

अलोह પુ० તે નામનો એક ઋષિ.

अलोहित ન० લાલ નહિ તે, લાલ કમળ.

अलौकिक ત્રિ० લોકમાં નહિ જાણેલ.

अलौकिक ન० પ્રત્યક્ષ.

अलौकिकसन्निकर्ष પુ० લોકમાં નહિ જાણેલ સંબંધ

अल्प त्रि० क्षुद्र, થોડું, સૂક્ષ્મ, મરણને યોગ્ય.
अल्पक त्रि० ઉપરનો અર્થ.
अल्पक पु० જવાસો.
अल्पकेशी स्त्री० એક જાતનું વૃક્ષ.
अल्पगन्ध न० રાતું પોયણું.
अल्पगन्ध त्रि० થોડા ગંધવાળું.
अल्पगन्धि त्रि० ઉપરનો અર્થ
अल्पज्ञ त्रि० થોડું જાણનાર.
अल्पतनु त्रि० નીચું, ઠીંગણું, દુર્બળ, થોડાં હાડકાંવાળું.
अल्पता स्त्री० થોડાપણું.
अल्पत्व न० જરાપણું.
अल्पपत्र पु० એક જાતની તુલસી, નાનાં કે થોડાં પાંદડાંવાળું હરકોઇ ઝાડ.
अल्पपद्म न० રાતું કમળ.
अल्पप्रमाण पु० એક જાતનું ઝાડ-તરબુચનો વેલો.
अल्पप्रमाण त्रि० થોડા પ્રમાણવાળું.
अल्पप्रमाणक त्रि० ઉપરનો અર્થ.
अल्पप्राण पु० અલ્પપ્રાણ અક્ષર.
अल्पप्राण त्रि० થોડાપ્રાણવાળું, અલ્પ બળવાળું.
अल्पभाषिन् त्रि० થોડું બોલનાર.
अल्पमारिष पु० એક જાતનું શાક.
अल्पमूर्ति स्त्री० નાની મૂર્તિ.
अल्पमेधस् त्रि० થોડી બુદ્ધિવાળું.
अल्पम्पच त्रि० કૃપણ, લોભી, જેમાં થોડી રસોઇ થઇ શકે તેવું પાત્ર વગેરે.
अल्पवयस् त्रि० નાની વયનું.
अल्पवादिन् त्रि० થોડું બોલનાર, થોડા બોલું.
अल्पविद्य त्रि० થોડી વિદ્યાવાળું.
अल्पशक्ति त्रि० થોડી શકિતવાળું.
अल्पशमी स्त्री० નાની ખીજડી, નાની ખીજડીના આકારનું કોઈ ઝાડ.
अल्पशस् अव्य० થોડું, જરા.
अल्पसरस् न० નાનું જળાશય.
अल्पकांक्षिन् त्रि० થોડી આકાંક્ષાવાળું.
अल्पायुस् पु० બકરૂં.
अल्पायुस् न० થોડું આયુષ.
अल्पायुस् त्रि० થોડા આયુષવાળું.
अल्पायुष्क त्रि० ઉપરનો અર્થ.
अल्पाल्प त्रि० થોડામાં થોડું, ઘણુંજ થોડું.
अल्पाहार पु० થોડો આહાર.
अल्पाहार त्रि० થોડા આહારવાળું.
अल्पिका स्त्री० જંગલી મગ, થોડી માત્રા.
अल्पित त्रि० થોડું કરેલ.
अल्पिष्ठ त्रि० અતિશય અલ્પ-થોડું.
अल्पीयस् त्रि० ઉપરનો અર્થ.
अल्पीकृत त्रि० થોડું કરેલ.
अल्पीभूत त्रि० થોડું થયેલ.
अल्पोन त्रि० થોડું ઓછું.
अल्ल पु० પરમેશ્વર.
अल्ला स्त्री० માતા, સર્વજ્ઞ પરમાત્મદેવતા.
अव् भ्वा० पर० सक० सेट् ઝંખવું, તૃષ્ણા રાખવી, જવું, તૃપ્ત થવું, રક્ષણ કરવું, માગવું, શોભવું, સાંભળવું, વ્યાપ્ત થવું, ભેટવું, પ્રાર્થના કરવી, ઇચ્છવું, પ્રવેશ કરવો, હોવું, વધવું, પકડવું, મારવું, સમર્થ થવું, જાણવું, કરવું, ઇચ્છા ઉત્પન્ન કરવી.
अव अव्य० નિશ્ચયમાં, વ્યાપ્ત થવામાં, અનાદરમાં, અસમગ્રપણામાં, આલંબનમાં, શુદ્ધિમાં, તિરસ્કારમાં, નિયોગમાં અને નીચાણમાં વપરાય છે.
अवकट त्रि० નીચેનું, ઉપરનો શબ્દ જુઓ.
अवकटक त्रि० ઉપરનો અર્થ.
अवकम्पित त्रि० કંપેલ, ચાલેલ.
अवकम्पित पु० જૈન તીર્થંકર મહાવીર સ્વામીના આઠમા ગણધર.
अवकर पु० પુંજો, ઉકરડો.
अवकर्षण न० બળથી ખેંચવું, એક ઠેકાણેથી બીજે ઠેકાણે બળથી ખેંચી જવું.

अवकलित त्रि० જોયેલ, જાણેલ, ગ્રહણ કરેલ.

अवका स्त्री० શેવાળ.

अवकाश पु० વખત, સમય, સ્થાન, જગ્યા.

अवकीर्ण त्रि० વ્યાપ્ત, વ્યાપેલ, ચૂર્ણ કરેલ, વીખી નાખેલ, બ્રહ્મચર્ય વ્રતનો ભંગ.

अवकीर्णता स्त्री० વ્રતભંગપણું.

अवकीर्णत्व न० વ્રતભંગપણું.

अवकीर्णिन त्रि० જેણે વ્રતનો ભંગ કર્યો હોય છે તે બ્રહ્મચારી વગેરે.

अवकीर्णिव्रत न० વ્રતભંગ કરનાર બ્રહ્મચારી વગેરે માટે પ્રાયશ્ચિત્ત.

अवकुंचन न० સંકોચાઇ જવું, તે નામનો એક રોગ.

अवकुटार त्रि० અત્યંત નીચું વગેરે, अव શબ્દ જુઓ.

अवकुटार न० વિપરીતપણું.

अवकृष्ट त्रि० દૂર કરેલ, ખસેડેલ, બહિષ્કાર કરેલ, તાણેલ, ખેંચેલ.

अवकृष्ट पु० ઘરમાંથી પુંજો કાઢનાર ચાકર.

अवकृष्य त्रि० ખેંચવા યોગ્ય, દૂરકરવા યોગ્ય.

अवकृष्य अव्य० ખેંચીને, દૂર કરીને, ખસેડીને.

अवकूलप्ति स्त्री० સંભાવના, નિશ્ચય.

अवकेशिन् त्रि० નિષ્ફળ, વાંઝીયું, થોડા કેશવાળું.

अवकोकिल त्रि० કોયલ, જેને ઉદ્દેશી અવાજ કર્યો હોય તે.

अवक्तव्य त्रि० કહેવાને અયોગ્ય, નિષિદ્ધ વાક્ય, મિથ્યાભૂત.

अवक्त्र त्रि० મોઢા વિનાનું ગુમડું વગેરે.

अवक्र त्रि० વાંકુ નહિ તે, સરળ, સીધું.

अवकर्षिन ખેંચનાર, આકર્ષણ કરનાર, ખેડનાર.

अवक्रन्द त्रि० નીચેથી રડવાના સ્વભાવવાળું.

अवक्रन्द पु० નીચેથી રડવું.

अवक्रन्दन न० ઉપરનો અર્થ.

अवक्रम पु० નીચી ગતિ, ઉતરવું.

अवक्रय पु० મૂલ્ય, કિંમત, ભાડું, મહેસુલ, કર.

अवक्रान्ति स्त्री० નીચે જવું, ઉતરવું.

अवक्रुष्ट त्रि० જેને ઉદ્દેશી બૂમ પાડી હોય તે.

अवक्लिन्न त्रि० જળવગેરેથી અત્યંત ભીનું, સીઝેલ.

अवक्लेद पु० રસોઇ થયા પછી તે સીઝે તે, જળ વગેરેથી ભીનું.

अवक्षय पु० ચઢતી પછીની વિનાશોન્મુખ અવસ્થા, ક્ષય.

अवक्षयण न० ચઢતી પછીની વિનાશોન્મુખ અવસ્થાનું સાધન.

अवक्षिप्त त्रि० તિરસ્કારેલ, નીચે ફેંકેલ, ખરાબ રીતે ફેંકેલ.

अवक्षीण त्रि० ચઢતી પછી વિનાશોન્મુખ પદાર્થ.

अवक्षीण न० अवक्षय શબ્દ જુઓ.

अवक्षुत त्रि० જેના ઉપર છીંક કરાયલી હોય તે.

अवक्षेप पु० તિરસ્કાર, નીચે ફેંકવું.

अवक्षेपण न० ઉપરના અર્થ.

अवक्षेपणी स्त्री० તે નામની એક ઔષધિ.

अवखात न० ઉંડો ખાડો.

अवखाद पु० નિંદિત ખાદ્ય પદાર્થ.

अवगणन न० અપમાન, અવજ્ઞા, તિરસ્કાર, પરાભવ.

अवगणित त्रि० અવજ્ઞા કરેલ, તિરસ્કારેલ નિંદેલ, પરાભવ પામેલ-પમાડેલ.

अवगण्ड पु० લમણાં ઉપર થયેલો એક રોગ.

अवगत त्रि० નીચે ગયેલ, જાણેલ.

अवगति स्त्री० જ્ઞાન, નિશ્ચયાત્મક જ્ઞાન.

अवगथ त्रि० પ્રાતઃકાળમાં ન્હાયેલ.

अवगदित त्रि० લોકાપવાદવાળું, નિંદેલ.

अवगम પુ૦ જ્ઞાન, નિશ્ચયાત્મક જ્ઞાન, જાણવું.

अवगंतव्य ત્રિ૦ નીચે જવાયોગ્ય, જાણવા યોગ્ય.

अवगाढ ત્રિ૦ ગાઢ, ઘટ્ટ, ઘાટું, અંદર દાખલ થયેલ, ડૂબેલ.

अवगाद પુ૦ વહાણમાંથી પાણી કાઢવાનું પાત્ર.

अवगाह પુ૦ સ્નાન, અંદર પ્રવેશ, જ્ઞાનથી વિયોગીકરણ, સ્નાન કરવાનું સ્થાન.

अवगाहन ન૦ ઉપરના અર્થ.

अवगाह्य ત્રિ૦ સ્નાન કરવા યોગ્ય, અંદર પ્રવેશયોગ્ય,

अवगाह्य અવ્ય૦ સ્નાન કરીને, અંદર પ્રવેશ કરીને.

अवगीत ત્રિ૦ લોકાપવાદ પામેલ, નિંદેલ, દુષ્ટ, નીચ, વારંવાર જોયેલ.

अवगीत ન૦ નિન્દા, લોકાપવાદ.

अवगुण પુ૦ અવગુણ, દોષ.

अवगुण्ठन ન૦ વસ્ત્ર વગેરેથી મોં ઢાંકવું, લાજ કાઢવી, ઘુમટો ખેંચવો, બુરખો, બુરખો નાખવો.

अवगुण्ठनमुद्रा સ્ત્રી૦ તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા.

अवगुण्ठिका સ્ત્રી૦ મોં ઢાંકવાની સાડી, બુરખો, પડદો.

अवगुण्ठित ત્રિ૦ મોં ઢાંકેલ, બુરખો નાખેલ, ઢાંકેલ, ચૂર્ણ કરેલ.

अवगुम्फित ત્રિ૦ ગુંથેલ.

अवगूर्य અવ્ય૦ મારવા માટે લાકડી ઉગામીને.

अवगृह्य ન૦ વ્યાકરણપ્રસિદ્ધ પ્રગૃહ્ય સંજ્ઞાવાળું પદ.

अवगोरण ન૦ મારવા માટે અસ્ત્ર વગેરે ઉગામવું તે.

अवगोरण ન૦ મારવા માટે લાકડી વગેરેનું ઉગામવું.

अवग्रह પુ૦ વરસાદનો અટકાવ. નિગ્રહ, શિક્ષા, નડતર, અટકાવ, હાથીઓનો સમૂહ.

अवग्राह પુ૦ ઉપરના અર્થ, શાપ.

अवग्रहण ન૦ અટકાવ, રોકાણ, અનાદર, જ્ઞાન.

अवघट्ट પુ૦ પૃથ્વીની અંદર છિદ્ર, બાંકું, અનાજ દળવાની ઘંટી, ચલાવવું.

अवघट्टन ન૦ ઉપરના અર્થ.

अवघट्टना સ્ત્રી૦ અવઘટ્ટ શબ્દનો અર્થ.

अवघट्टित ત્રિ૦ ચલાવેલ.

अवघर्षण ન૦ નીચે રાખીને ઘસવું, સર્વ તરફથી ઘર્ષણ.

अवघर्षित ત્રિ૦ ઘસેલ.

अवघात પુ૦ ખાંડવું, અનાજ વગેરેનાં ફોતરાં કાઢવા માટેનો વ્યાપાર, ઝાટકવું, મારવું.

अवघातक ત્રિ૦ નીચેનો શબ્દ જુઓ.

अवघातिन् ત્રિ૦ ખાંડનાર, ઝાટકનાર મારનાર.

अवघुष्ट ત્રિ૦ ઢંઢેરો પીટીને જાહેર કરેલ.

अवघूर्णन ન૦ ચોતરફ ભમવું, ફરવું.

अवघोटित ત્રિ૦ ચોતરફ વીંટેલ, સર્વતરફથી ઘેરાયેલ.

अवघोषण ન૦ ઢંઢેરો પીટીને જાહેર કરવું, સાદ પડાવી જાહેર કરવું.

अवघोषणा સ્ત્રી૦ ઉપરના અર્થ.

अवघ्राण ન૦ સુંઘવું.

अवचक्षण ત્રિ૦ નિંદિત આખ્યાન કરનાર.

अवचन ન૦ નિંદા, વચનનો અભાવ.

अवचनीय ત્રિ૦ નહિ કહેવા લાયક, અનિંદ્ય.

अवचय પુ૦ પુષ્પ ફળ વગેરે ચૂંટવાં-વીણવાં.

अवचस्कर પુ૦ વચનમાં નહિ રહેનાર.

अवचाय પુ૦ હાથથી પુષ્પ-ફળ વગેરે લેવાં-વીણવાં તે.

अवचारण ન૦ પ્રચાર, સુશ્રુતમાં કહેલ એક ક્ષારપાકવિધિ.

अवचूड પુ૦ ધ્વજાની નીચે બાંધેલું વસ્ત્ર-ફરકે।.

अवचूर्णन ન૦ સુશ્રુતમાં કહેલ એક વ્રણ, પીસવું, ભુક્કો કરવો.

अवचूर्णित ત્રિ૦ ચૂરો કરેલ, પીસેલ, ભુક્કો કરેલ.

अवचूल પુ૦ अवचूड શબ્દ જુઓ.

अवचूल ન૦ ચામર, ચમરી.

अवचूलक ન૦ ઉપરના અર્થ.

अवच्छिन्न ત્રિ૦ છેદેલ, કાપેલ, ઉપાધિ વગેરેથી વિશેષિત.

अवच्छिन्नवाद પુ૦ વેદાંતિમતપ્રસિદ્ધ એક મતભેદ.

अवच्छुरित ત્રિ૦ મિશ્ર કરેલ.

अवच्छुरित ન૦ અટ્ટહાસ, મોટેથી હસવું.

अवच्छुरितक ન૦ ઉપરના અર્થ.

अवच्छेद પુ૦ છેદવું, કાપવું, સીમા-હદ બાંધવી, વિશેષ કરવું, નિશ્ચય, અમુક પ્રમાણમાં કરવુ, વ્યાપ્તિ, એક ભાગ.

अवच्छेदक ત્રિ૦ છેદનાર, કાપનાર, અમુક પ્રમાણમાં કરનાર, સીમા-હદ બાંધનાર, નિશ્ચય કરનાર, વ્યાપક.

अवच्छेदकत्वनिरुक्ति સ્ત્રી૦ તે નામનો એક ગ્રંથ.

अवच्छेद्य ત્રિ૦ છેદવાયોગ્ય, કાપવા યોગ્ય, નક્કી કરવા યોગ્ય, વિશેષણ આપવા યોગ્ય, જૂદું પાડવા યોગ્ય.

अवच्छेदन ન૦ છેદવું, કાપવું, જૂદું કરવું.

अवच्छेदावच्छेद પુ૦ વ્યાપકપણું.

अवजय પુ૦ પરાજય, હારી જવું તે.

अवज्ञा સ્ત્રી૦ અનાદર, અપમાન, તિરસ્કાર.

अवज्ञात ત્રિ૦ અપમાન કરેલ, અનાદર પામેલ-પમાડેલ, તિરસ્કારેલ.

अवज्ञान ન૦ अवज्ञा શબ્દ જુઓ,

अवज्ञेय ત્રિ૦ અનાદર કરવા યોગ્ય, અપમાન કરવા લાયક, તિરસ્કાર કરવા યોગ્ય.

अवट પુ૦ ખાડો, કુવો, શરીરમાં રહેલો ખાડાવાળો ભાગ, ઇન્દ્રજાળ ઉપર જીવનાર, તે નામનું એક નરક.

अवटि સ્ત્રી૦ ખાડો, કુવો.

अवटी સ્ત્રી૦ ખાડો, કુવો.

अवटीट ત્રિ૦ નમેલા નાકવાળું, ચીબું

अवटु પુ૦ ખાડો, કુવો, એક જાતનું ઝાડ, ડોકની પાછળનો ભાગ, શરીરમાં ખાડાવાળો ભાગ.

अवटु સ્ત્રી૦ ડોકનો ઉન્નત-ઉપસેલો ભાગ.

अवटुज પુ૦ મસ્તકના પાછળના કેશ.

अवटोदा સ્ત્રી૦ તે નામની ભરતખંડની એક નદી.

अवडङ्क પુ૦ બજાર.

अवडङ्ग પુ૦ બજાર.

अवडीन ન૦ પક્ષીની એક પ્રકારની ગતિ.

अवत પુ૦ કુવો વગેરે ખાડો.

अवतंस પુ૦ ન૦ કાનનું ઘરેણું, મસ્તકનું એક ઘરેણું.

अवतंसित ત્રિ૦ કાનનું ઘરેણું જેણે પહેર્યું હોય તે, મસ્તક ઉપર ઘરેણાંવાળું.

अवतमस ન૦ ફેલાયલું અંધારૂં.

अवतरण ન૦ ઉતરવું, અન્યરૂપે પ્રકટ થવું, અવતાર, અવતરવું, નદી વગેરે ઉપર બાંધેલાં પગથીયાં, ઘાટ.

अवतरणिका સ્ત્રી૦ ગ્રંથના પ્રસ્તાવ માટે પ્રથમ ઉપોદ્ઘાતરૂપ સંગતિ, પરિપાટી.

अवतरणी સ્ત્રી૦ ઉપરના અર્થ.

अवतान પુ૦ સંતાન, નીચા મુખવાળું, વેલાનો તાંતણો.

अवतार પુ૦ નદી વગેરે ઉપર બાંધેલાં પગથીયાં, ઘાટ, અવતરવું, પ્રકટ થવું, ઉતારો, તરજુઓ.

अवतारण ન૦ ભૂત વગેરેનું આવેશપૂર્વક

प्रकट थवुं, उतारवुं, ग्रंथ वगेरेनी प्रस्ता- वना, पूजन.
अवतारणी स्त्री० ग्रंथ वगेरेनी प्रस्तावना.
अवतारित त्रि० उतारेल.
अवतीर्ण त्रि० प्रवेश करेल, अवतरेल, उतरेल.
अवतोका स्त्री० जेनो गर्भ स्रवी गयो होय तेवी स्त्री.
अवत्त त्रि० खंडित.
अवत्तिन् त्रि० जेनुं खंडन कर्युं होय ते.
अवत्सार पु० ते नामनो एक ऋषि.
अवदंश पु० मद्यपान वगेरेनो उत्साह जा- ग्रत करे तेवुं एक चाटणुं.
अवदत्त त्रि० आपी दीधेल, पुरुं करेल.
अवदरण न० चीराइ जवुं, चीरावुं.
अवदाघ पु० उनाळो, ग्रीष्म ऋतु.
अवदात पु० श्वेत उज्ज्वळ रंग, पीळो रंग.
अवदात त्रि० अत्यंत शुद्ध, सुंदर, धोळुं, पीळुं, उज्वळ.
अवदातक त्रि० उपरना अर्थ.
अवदान न० खंडन, पराक्रम, ओळंगवुं, शुद्ध करवुं, तोडवुं.
अवदान न० सुगंधीवाळो-खस.
अवदारक: त्रि० चीरी नाखनार, फाडी नाखनार.
अवदारक पु० कुहाडी.
अवदारण न० चीरवुं, फाडवुं, कुहाडी.
अवदारित त्रि० चीरी नाखेल, फाडी ना- खेल, बे भाग करेल.
अवदाह पु० ताव वगेरेना कारणथी थ- नार दाह.
अवदाह न० सुगंधी वाळो-खस.
अवदाहेष्ट न० उपरनो अर्थ.
अवदाहेष्टकापथ न० सुगंधी वाळो-खस.
अवदीर्ण त्रि० चीराइ गयेल, चीरेल, फाडेल, विभाग करेल.
अवदोह पु० दूध, दोहवुं.
अवद्य न० पाप, अनिष्ट.
अवद्य त्रि० अधम, नीच, पापी, निंद्य, दोष, कहेवाने अयोग्य.
अवद्योतन न० प्रकाश करवुं, प्रकट करवुं.
अवद्रंक पु० बजार.
अवधातव्य न० ध्यान आपवुं ते, काळजी राखवी.
अवधातव्य त्रि० ध्यान आपवा योग्य, काळजी राखवा योग्य.
अवधान न० ध्यान आपवुं, काळजी राखवी.
अवधार पु० निश्चय.
अवधारण न० अमुक प्रमाणमां मापवुं, निश्चय करवो, निश्चय.
अवधारणीय त्रि० निश्चय करवा योग्य.
अवधारित त्रि० निश्चय करेल, धारेल.
अवधार्य त्रि० निश्चय करवा योग्य.
अवधार्य अव्य० निश्चय करीने.
अवधावन न० पाछळ दोडवुं, साफ करवुं, पकडवुं.
अवधावनीय त्रि० पाछळ दोडवा योग्य, पकडवा योग्य.
अवधि पु० सीमा, हद, काळ, वखत, म- ननो आग्रह, अपादान, खाडो.
अवधिता स्त्री० अवधिपणुं.
अवधित्व न० उपरनो अर्थ.
अवधिमत् त्रि० सीमावाळुं, हदवाळुं, म- र्यादावाळुं.
अवधीयमान त्रि० मनथी ध्यान अपातुं.
अवधीर् चुरा० उभ० सक० सेट् अवज्ञा करवी, तिरस्कार करवो.
अवधीरण न० अवज्ञा, तिरस्कार.
अवधीरणा स्त्री० उपरनो अर्थ.
अवधीरित त्रि० अवज्ञा करेल, तिरस्कारेल.
अवधूत त्रि० कंपेल, हालेल, पराभव पामेल, तिरस्कार पामेल.
अवधूत न० ते नामे एक उपनिषद.

अवधूतगीता સ્રી० સ્કંદપુરાણમાં કોઇ અવધૂતના ઉપદેશનો એક ભાગ.

अवधूनन ન० હલાવવું, કંપાવવું, એક પ્રકારની ચિકિત્સા.

अवधूलन ન० अवचूर्णन શબ્દ જુઓ.

अवधृत ત્રિ० નિશ્ચય કરેલ, સ્થાપેલ, ધારણ કરેલ.

अवधृष्य ત્રિ० પરાભવ કરવા યોગ્ય, તિરસ્કાર કરવા યોગ્ય, નિશ્ચયપૂર્વક ધારણ કરી રાખવા યોગ્ય.

अवधृष्य અવ્ય० પરાભવ કરીને, તિરસ્કાર કરીને.

अवधेय ત્રિ० મૂકવા યોગ્ય, સ્થાપવા યોગ્ય, ધ્યાન આપવા યોગ્ય, શ્રદ્ધા કરવા યોગ્ય, જાણવા યોગ્ય.

अवधेय ન० અવધાન, ધ્યાન આપવું.

अवध्य ત્રિ० વધ કરવાને અયોગ્ય.

अवध्र ત્રિ० અહિંસક.

अवध्वंस પુ० પરિત્યાગ, ચૂર્ણ કરેલ, નિંદા, નાશ.

अवध्वस्त ત્રિ० નાશ પામેલ, નિંદેલ, ત્યાગ કરેલ, ચૂર્ણ કરેલ.

अवन ન० પ્રસન્ન કરવું, રક્ષણ કરવું, પ્રીતિ.

अवनत ત્રિ० નીચું થયેલ, નમેલ.

अवनति સ્રી० વિનય, નીચે નમવું, પ્રણામ.

अवनद्ध ત્રિ० જડેલ, રોપેલ, વીંટેલ, બાંધેલ, ખોડેલ.

अवनद्ध ન० મૃદંગ વગેરે વાદિત્ર.

अवनम्र ત્રિ० અતિશય નમેલ, અત્યંત નીચું.

अवनय પુ० નીચે પાડવું, નમાવવું,

अवनयन ન० નીચે સ્થાપવું, નમાવવું.

अवनाट પુ० નીચા નાકવાળું, ચીબું.

अवनाम પુ० अवनति શબ્દ જુઓ.

अवनाय પુ० નીચે લઇ જવું, નીચે આણવું.

अवनायक ત્રિ० નીચે લઈ જનાર, નીચે આણનાર.

अवनाह પુ० બાંધવું, બંધન.

अवनि સ્રી० પૃથ્વી, આંગળી, નદી.

अवनिक्त ત્રિ० ધોયેલ, પખાળેલ, શુદ્ધ કરેલ, શોધેલ.

अवनिनाथ પુ० રાજા.

अवनिनायक પુ० રાજા.

अवनिपति પુ० રાજા.

अवनिपाल પુ० રાજા.

अवनिरुह् પુ० ઝાડ.

अवनिष्ठिवन ન० થુંકવું.

अवनिस्वामिन् પુ० રાજા.

अवनी સ્રી० પૃથ્વી, આંગળી, નદી.

अवनीनाथ પુ० રાજા.

अवनीनायक પુ० રાજા.

अवनीपति પુ० રાજા.

अवनीपाल પુ० રાજા.

अवनीरुह् પુ० ઝાડ.

अवनीश પુ० રાજા.

अवनीश्वर પુ० રાજા.

अवनीस्वामिन् પુ० રાજા.

अवनेजन ન० ધોવું, પખાળવું, શ્રાદ્ધમાં પિંડદાન માટે પાથરેલા દર્ભને પાણીથી છાંટવારૂપ એક સંસ્કાર.

अवन्ति પુ० માળવો દેશ, માળવા દેશનો રાજા.

अवन्ति સ્રી० અવંતી–ઉજ્જયિની નગરી.

अवन्तिका સ્રી० ઉપરનો અર્થ.

अवन्तिपुर ન० ઉજ્જયિની નગરી.

अवन्तिब्रह्म પુ० ઉજ્જયિની નગરીનો બ્રાહ્મણ.

अवन्तिसो પુ० કાંજિક.

अवन्ती સ્રી० ઉજ્જયિની નગરી.

अवन्तीपुर ન० ઉજ્જયિની નગરી.

अवन्तीब्रह्म પુ० ઉજ્જયિની નગરીનો બ્રાહ્મણ.

अवन्तिसोम પુ० કાંજિક.

अवन्ध्य ત્રિ० નહિ વાંઝીયું, સફળ.

अवपतन न० નીચે પડવું, ઉતરવું.
अवपन्न त्रि० મિશ્ર થયેલ, સાથે પાકેલ, નીચે પડેલ ઉતરેલ,
अवपाक पु० હલકો પાક, હલકું પાકેલ.
अवपात पु० નીચે પડવું, પાડવું, ખાડો, હાથીને પકડવાનો કોઇ ખાડો.
अवपातन न० નીચે પાડવું.
अपपात्र त्रि० જેનું વાસણ ભોજનમાટે અયોગ્ય છે તે મ્લેચ્છ—પતિત વગેરે.
अवपात्रित त्रि० ઉપરનો અર્થ.
अवपाद पु० નીચે પડવું.
अवपाशित त्रि० પાસલાથી બાંધેલ.
अवपीड त्रि० ચોતરફ પીડા કરનાર.
अवपीड पु० એક પ્રકારની ચિકિત્સા.
अवपीडन न० પીડવું, દાબવું, પીસવું, મસળવું, પીડવાનો દોષ.
अवपीडना स्त्री० પીડવું, પીસવું, મસળવું.
अवप्लुत त्रि० ભીનું થયેલ, ઉતરેલ.
अवबन्ध पु० એક જાતનો નેત્ર રોગ—પડળ, ચોતરફથી બાંધવું.
अवबाधा स्त्री० ચોતરફથી પીડા, પ્રતિબંધ.
अवबाहुक पु० એક જાતનો વાયુરોગ.
अवबुद्ध त्रि० જાણેલ, જાણનાર.
अवबोध पु० જ્ઞાન, જાણવું, જાગવું.
अवबोधक पु० સૂર્ય.
अवबोधक त्रि० રાજાઓ વગેરેને જગાડનાર સ્તુતિપાઠક વગેરે, જણાવનાર, બોધ આપનાર.
अवबोधन न० જણાવવું, જગાડવું, બોધ આપવો.
अवभर्जित त्रि० શેકેલ, બાફેલ, ભુંજેલ.
अवभाषण न० કહેવું.
अवभास पु० જ્ઞાન, પ્રકાશ, મિથ્યાજ્ઞાન.
अवभासक त्रि० પ્રકાશક.
अवभासित त्रि० પ્રકાશેલ.
अवभृथ पु० મુખ્ય યજ્ઞની સમાપ્તિસમયે કરવામાં આવતું યજ્ઞના અંગરૂપ બાકીનું કર્મ, યજ્ઞની સમાપ્તિસમયે કરવામાં આવતું સ્નાન.
अवभ्रट त्रि० ચીબું.
अवम त्रि० રક્ષણ કરનાર, પાપી, નિંદિત.
अवम पु० એક પિતૃગણ.
अवम न० પાપ, દિવસનો ક્ષય.
अवमत त्रि० અવજ્ઞા કરેલ, તિરસ્કારેલ.
अवमताङ्कुश पु० અંકુશને નહિ ગાંઠનારો હાથી.
अवमति स्त्री० અવજ્ઞા, અવગણના, અનાદર, તિરસ્કાર.
अवमति पु० ધણી, માલિક.
अवमतिथि स्त्री० ક્ષય તિથિ, દિનક્ષય.
अवमदिन न० દિનક્ષય—દિવસનો ક્ષય.
अवमन्तव्य त्रि० અવજ્ઞા કરવા યોગ્ય, નહિ ગણકારવા યોગ્ય, અનાદર કરવા યોગ્ય, તિરસ્કાર કરવા યોગ્ય.
अवमन्तृ पु० તે નામનો એક રોગ.
अवमन्थ त्रि० મંથન કરનાર, મથીનાખનાર.
अवमर्द पु० પીડવું, દુઃખ દેવું, રાજ્યનું એક અંગ.
अवमर्ष पु० आलोचना શબ્દ જુઓ, નાટકનો એક સંધ્યંશ.
अवमान पु० અવજ્ઞા, અનાદર, તિરસ્કાર.
अवमानन न० અપમાન.
अवमानना स्त्री० અપમાન કરવું.
अवमाननीय त्रि० અપમાન કરવા યોગ્ય.
अवमानित त्रि० અપમાન કરેલ, અનાદર કરેલ.
अवमानिन् त्रि० અપમાન કરનાર, અપમાન કરાતું.
अवमान्य त्रि० अवमाननीय શબ્દ જુઓ.
अवमान्य अव्य० અપમાન કરીને.
अवमार्जन न० ધોવું, સાફ કરવું, ધોવાનું સાધન જળ વગેરે.

अवमूत्रयत् त्रि० मूतरतुं, पेसाब करतुं.
अवमूर्द्धन् त्रि० नीचा मस्तकवाळुं.
अवमूर्द्धशय त्रि० नीचे मस्तके सूनार.
अवमूर्द्धशायिन् त्रि० उपरनो अर्थ.
अवमोचन न० बंधनरहित करवुं, छोडवुं.
अवमोटन न० मरडवुं, मरडी नाखवुं.
अवयजन न० दूर करवानुं–खसेडवानुं साधन.
अवयव पु० द्रव्यनुं आरंभक द्रव्य, देह, शरीर, हाथ पग वगेरे, समुदायनो एक भाग, उपकरण.
अवयविन् त्रि० अवयववाळुं.
अवयाज् त्रि० हलको यज्ञ करनार.
अवयातृ त्रि० जूदुं करनार.
अवयान न० अवगति शब्द जुओ.
अवयुन त्रि० बुद्धिवगरनुं.
अवर् कण्ड्वादि० पर० सक० सेट् पूजा करवी.
अवर त्रि० छेल्लुं, अधम, पाछळ थनार, अत्यंत श्रेष्ठ.
अवर पु० पाछळनो देश अथवा काळ.
अवर न० हाथीनी जांघनो पाछळनो भाग.
अवरज पु० नानो भाइ, शूद्र.
अवरज त्रि० पाछळथी उत्पन्न थयेल.
अवरजा स्त्री० नानी बहेन, शूद्र जातिनी स्त्री.
अवरत त्रि० विराम पामेल, विश्रांति पामेल, अटकेल.
अवरतस् अव्य० पछी, पाछळथी, पाछळ.
अवरति स्त्री० विराम, निवृत्ति.
अवरवर्ण पु० शूद्र.
अवरवर्णक पु० शूद्र.
अवरवर्णज त्रि० शूद्र.
अवरव्रत पु० सूर्य, आकडानुं झाड.
अवरव्रत न० हलकुं व्रत.
अवरव्रत त्रि० हलका व्रतवाळुं.
अवरशैल पु० अस्ताचळ पर्वत.
अवरस्तात् अव्य० पाछळ, पछी ही.
अवरहस न० अत्यंत एकांत, अत्यंत निर्जन.
अवरा स्त्री० दुर्गा.
अवरार्द्ध न० बीजो भाग, देहनो पाछळनो भाग.
अवरार्द्ध्य त्रि० पाछलना भागमां थनार, न्यून.
अवरीण त्रि० तिरस्कारेल.
अवरीयस् त्रि० अत्यंत अल्प.
अवरुग्ण त्रि० भांगेल, तूटेल, रोगी.
अवरुद्ध त्रि० रोकायेल, रोकेल, बीजाओथी नहि जणेल, गुप्त.
अवरुद्धा स्त्री० राजाना अंतःपुरमां रहेल स्त्री.
अवरुद्धि स्त्री० रोकवुं, रोकाण, अटकायत.
अवरूढ त्रि० उतरेल, उंचा स्थान उपरथी नीचे आवेल, उखेडी नाखेल वृक्ष वगेरे.
अवरोचक पु० भोजन वगेरेपर अरुचि उपजावनार एक रोग.
अवरोध पु० रोकवुं, रोकाण, राजाना अंतःपुरनी स्त्री, राणी, राजानुं अंतःपुर.
अवरोध त्रि० पूरायेल, रोकायेल, प्रतिबंधमां रहेल.
अवरोधक त्रि० रोकनार, अटकावनार, ढांकनार, घेरो घालनार.
अवरोधन न० रोकवुं, अटकाववुं, घेरवुं, ढांकवुं.
अवरोधायन न० अंतःपुर–जनानखानुं.
अवरोधिक पु० अंतःपुरनो रक्षक–नाजर वगेरे.
अवरोधिका स्त्री० राजाना अंतःपुरमां रहेनार स्त्री.
अवरोधिन् त्रि० अवरोधक शब्द जुओ.
अवरोपण न० उपाडी नाखवुं, उखेडी नाखवुं.
अवरोपित त्रि० उपाडी नाखेल, उखेडी नाखेल.

अवरोह પુ૦ ઉતરવું, ઉપરના સ્થાનમાંથી નીચે આવવું, આવનાર.

अवरोह પુ૦ ગળો વગેરેનો વેલો, ચંદ્ર વગેરેનો લોક, સ્વર્ગ.

अवरोहण ન૦ ઉતરવું, નીચે આવવું–અવતરવું.

अवरोहशाखिन् પુ૦ વડનું ઝાડ.

अवरोहिका સ્ત્રી૦ આસંધનો વેલો.

अवरोहिणी સ્ત્રી૦ જ્યોતિષપ્રસિદ્ધ એક દશા.

अवरोहित પુ૦ થોડો લાલ રંગ.

अवरोहितवत् ત્રિ૦ થોડા લાલ રંગવાળું.

अवरोहिन् ત્રિ૦ ઉતરનાર, અવતરનાર.

अवरोहिन् પુ૦ વડનું ઝાડ.

अवरोहिशाख પુ૦ વડનું ઝાડ.

अवर्ग પુ૦ અકાર વગેરે સ્વરો.

अवर्ग ત્રિ૦ વર્ગરહિત.

अवर्ण પુ૦ અ સ્વર, અપવાદ-લોકનિંદા, નિંદા.

अवर्तन ન૦ વર્તનનો અભાવ, સ્થિતિ નહિ તે.

अवर्तन ત્રિ૦ આજીવિકા વગરનું, વર્તનરહિત.

अवर्तमान ત્રિ૦ નહિ વર્તતું, નહિ રહેલ, નહિ હયાત, ભૂત અને ભવિષ્યકાળનો પદાર્થ.

अवर्द्धमान ત્રિ૦ વૃદ્ધિ નહિ પામતું, ક્ષીણ થતું, નહિ વધતું.

अवर्षण ન૦ વૃષ્ટિનો અભાવ, વરસાદ નહિ તે.

अवर्षण ત્રિ૦ વૃષ્ટિ વગરનું, વરસાદ વગરનું.

अवलक्ष પુ૦ ધોળો રંગ.

अवलक्ष ત્રિ૦ ધોળા રંગવાળું, ધોળું.

अवलग्न પુ૦ શરીરનો મધ્ય ભાગ.

अवलग्न ત્રિ૦ વળગેલ, સંબંધ પામેલ.

अवलत्तिका સ્ત્રી૦ ઘો.

अवलम्ब પુ૦ આશ્રય, આધાર, બીજા કોઈ પદાર્થનો આશ્રય, ટેકો લેવાનું સાધન લાકડી વગેરે.

अवलम्बन ન૦ ઉપરનો અર્થ.

अवलम्बित ત્રિ૦ આશ્રિત, આશ્રય લીધેલ, આધાર લીધેલ, લટકેલ, ઉતરેલ.

अवलम्बित ન૦ ઉતાવળ, શીઘ્ર–જલદી.

अवलम्बित ત્રિ૦ ઉતાવળું, ઝડપદાર.

अवलम्बिन् ત્રિ૦ આલંબન કરનાર, આશ્રય કરનાર, ઉતરનાર, ઉંચે સ્થાનેથી નીચે સ્થાને પડનાર.

अवलिप्त ત્રિ૦ ગર્વિષ્ઠ. લીપેલ, ખરડેલ.

अवलिप्तता સ્ત્રી૦ ગર્વિષ્ઠપણું.

अवलिप्तत्व ન૦ ઉપરનો અર્થ.

अवलीढ ત્રિ૦ ખાધેલ, ચાટેલ, જીભના અગ્રભાગથી ચાખેલ, વ્યાપેલ.

अवलीला સ્ત્રી૦ પ્રયાસ નહિ તે, સહેલ, અનાદર.

अवलुञ्चन ન૦ છેદવું, કાપવું, ચુંટવું, ઉખેડી નાખવું, દૂર કરવું, ખસેડવું, કેશ વગેરે નહિ બાંધવા.

अवलुञ्चित ત્રિ૦ છેદેલ, કાપેલ, ચુંટેલ, દૂર કરેલ, ખસેડેલ, ઉખેડી નાખેલ, નહિ બાંધેલ.

अवलुण्ठन ન૦ લોટવું, આળોટવું.

अवलुण्ठित ત્રિ૦ લોટેલ, આળોટેલ.

अवलुप्त ત્રિ૦ નાશ પામેલ, લોપ પામેલ.

अवलून ત્રિ૦ છેદેલ, કાપેલ.

अवलेख પુ૦ अवभेदन શબ્દ જુઓ.

अवलेप પુ૦ ગર્વ, લીપવું, ચોપડવું, શોભાવવું, સંબંધ.

अवलेपन ન૦ લીપવું, ખરડવું, ચોપડવું, સંબંધ, ગર્વ, ચંદન વગેરે.

अवलेह પુ૦ જીભના અગ્રભાગથી ચાખવું, ચાટવું, ચાટણ ઔષધ.

अवलेहन ન૦ ચાટવું, ચાખવું.

अवलेह्य ત્રિ૦ ચાટવા યોગ્ય, ચાખવા યોગ્ય.

अवलोक પુ૦ જોવું.

अवलोकन ન૦ જોવું, અનુસંધાન, નેત્ર

अवलोकित ત્રિ૦ જોયેલ.

अवलोकित न० જોવું.
अवलोकित पु० કોઈ બૌદ્ધ.
अवलोकिन् त्रि० જોનાર.
अवलोप पु० ખંડન, નાશ, લોપ, ઉડી જવું.
अवलोप पु० અનુકૂળ.
अवल्गुज पु० એક જાતનો વેલો.
अवल्गुज त्रि० ખરાબથી ઉત્પન્ન થયેલ.
अववर्षण न० સંપૂર્ણ વરસવું.
अववाद पु० નિંદા, વિશ્વાસ, અવજ્ઞા, અપમાન, તિરસ્કાર, આશ્રય, આધાર.
अवश त्रि० વશ નહિ તે, અસ્વાધીન, પરવશ, પરાધીન.
अवशक्थिक त्रि० વસ્ત્ર વગેરેથી પીઠ-ઢીંચણ-સાથળ બાંધીને બેઠેલ.
अवशस् त्रि० अववाद શબ્દ જુઓ.
अवशातन न० નાશ કરવો, છિન્ન ભિન્ન કરી નાખવું.
अवशिरस् त्रि० નીચા મસ્તકવાળું.
अवशिष्ट त्रि० અધિક, વધારે, બાકી રહેલ.
अवशीकृत त्रि० વશ નહિ કરેલ.
अवशीभूत त्रि० વશ નહિ થયેલ, અસ્વાધીન.
अवशीर्ष त्रि० નીચા માથાવાળું, ઉંધા મસ્તકવાળું.
अवशीर्षक त्रि० ઉપરના અર્થ.
अवशेष पु० न० બાકી, સમાપ્તિ, બાકી રહેલ.
अवशोष पु० અત્યંત સુકાવું.
अवश्य त्रि० અસ્વાધીન, વશ નહિ રહેનાર, દુર્દાન્ત.
अवश्यकरण न० અવશ્ય કરવું, નિયત કરવું.
अवश्यपुत्र पु० વશ ન થાય તેવો પુત્ર.
अवश्यम् अव्य० નિશ્ચય, નક્કી, જેનું નિવારણ અશક્ય હોય તે.
अवश्यय पु० હીમ, ઝાકળ.
अवश्या स्त्री० હીમ, વશ ન રહે તેવી સ્ત્રી.
अवश्याय पु० હિમ.
अवश्रयण न० ચૂલા ઉપરથી ઉતારીને મૂકવું.
अवष्कयणी स्त्री० લાંબા કાળથી વીઆયેલી ગાય.
अवष्टब्ध त्रि० નજીકનું, પાસેનું, દબાયેલ, આશ્રમ કરેલ, અટકાવેલ, રોકેલ, બાંધેલ.
अवष्टभ्य अव्य० આલંબન લઈને, આધાર લઈને, ટેકો લઈને.
अवष्टम्भ पु० પ્રારંભ, અનમ્રતા, અક્કડપણું, આલંબન, આશ્રય, સુવર્ણ, ટેકો, સ્તંભ.
अवष्टम्भन न० આલંબન, આધાર, પ્રારંભ.
अवष्वण पु० ભોજન કરવું, ખાવું.
अवस् अव्य० अवर શબ્દ જુઓ, પાછળ.
अवस् न० રક્ષણ, યશ, અન્ન, ધન.
अवस पु० રાજા, સૂર્ય, આકડાનું ઝાડ, એક પ્રકારનું ભાતું.
अवसक्त त्रि० લાગેલ, વળગેલ, આસક્ત.
अवसक्त न० સંસર્ગ.
अवसक्थिका स्त्री० ખાટલો, પલંગ, તે નામનું એક આસન.
अवसण्डीन न० પક્ષીની નીચે આવવારૂપ ગતિ.
अवसथ पु० ઘર, સ્થાન, ગામ, છાત્રાલય-વિદ્યાર્થીગૃહ, મઠ.
अवसथ्य पु० ઉપરના અર્થ.
अवसन्न त्रि० ખેદ પામેલ, વિનાશમાં તત્પર, પોતાનું કાર્ય કરવામાં અસમર્થ.
अवसर पु० પ્રસ્તાવ, પ્રસંગ, સમય, વખત, જિજ્ઞાસા દૂર કરવા માટે અવશ્ય બોલવા યોગ્ય, એક પ્રકારની સંગતિ, વર્ષ, કોઈક મંત્ર, વરસવું, અવકાશ.
अवसरालय पु० અર્ધરાત્રિ.
अवसर्ग पु० પોતાની ઈચ્છા પ્રમાણે વર્તવું, છૂટ, સ્વતંત્રતા.
अवसर्प पु० ગૂઢ ચાર, છૂપી પોલીસ.
अवसर्पिन् त्रि० નીચે જનાર.

अवसर्पिणी स्त्री० દશ કરોડ સાગરોપમ પ્રમાણનો એક કલ્પકાળ.

अवसव्य त्रि० જમણું.

अवसाद पु० નાશ, ખેદ, પોતાનું કાર્ય કરવામાં અસમર્થતારૂપ ક્ષીણતા.

अवसादक त्रि० ખેદકારક, વિનાશકારક, કાર્ય કરવામાં અસમર્થપણું સંપાદન કરનાર.

अवसादन न० નાશ પમાડવો, કાર્યમાં અસમર્થપણું સંપાદન કરવું, વૈદ્યકપ્રસિદ્ધ એક ચિકિત્સા.

उष त्रि० બાળનાર, ત્રણે સંધ્યાકાળે કામી.

उष न० એક જાતનું લવણ.

उष पु० ગુગળ, દિવસ, પ્રભાત.

उषर्बुध पु० રૂદ્ર દેવ.

उषण न० મરી, પીપરીમૂળ, સુંઠ.

उषणा स्त्री० પીપર.

उषती स्त्री० અમંગળ વાણી.

उषत् पु० યદુવંશી એક રાજા, શબ્દ.

उषद्गु पु० યદુવંશી એક રાજા.

उषद्रथ पु० પુરૂવંશી એક રાજા.

उषप पु० અગ્નિ, સૂર્ય, ચિત્રક વૃક્ષ, આકડાનું ઝાડ.

उषर्बुध त्रि० અગ્નિહોત્રના, સમયે જાગેલ.

उषर्बुध पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

उषस् न० પ્રભાત, પરોઢ, બ્રાહ્મ મુહૂર્ત.

उषस् स्त्री० ત્રણ સંધ્યા, પ્રભાતનો અધિષ્ઠાયક દેવ.

उषसी स्त्री० સાયંસંધ્યા.

उषस्ति पु० તે નામનો એક ઋષિ.

उषस्य त्रि० પ્રભાત જેનો દેવતા હોય તે પશુ વગેરે.

उषा स्त्री० ત્રણ સંધ્યા, એક પ્રકારનો સમય, રાત્રિ, ક્ષારભૂમિ, ગાય, હાંડલી, થાળી, બાણરાજાની પુત્રી—ઓખા.

उषा अव्य० પ્રાતઃકાળ.

उषाकल पु० કુકડો.
उषातन त्रि० પ્રાતઃકાળમાં થનાર.
उषानाथ पु० નીચેનો શબ્દ જુઓ.
उषापति पु० કૃષ્ણનો પૌત્ર અનિરૂદ્ધ.
उषारमण पु० ઉપરનો અર્થ.
उषित त्रि० વાસી, રહેલ, બળેલ, ઝરેલ, ટપકેલ.
उषित न० વાસ, રહેઠાણ.
उषितङ्गवीन त्रि० જ્યાં ગાયો રહી હોય તેવો પ્રદેશ વગેરે.
उषीर पु० न० સુગંધીવાળો-ખસ.
उषेश पु० અનિરૂદ્ધ.
उष्ट्र पु० બળદ-આંખલો.
उष्ट्र पु० ઉંટ.
उष्ट्रकर्णिक पु० દક્ષિણમાં આવેલો એક યવનદેશ.
उष्ट्रकाण्डी स्त्री० એક જાતનું ફૂલ.
उष्ट्रगोष्ठ न० ઉંટને રહેવાનું સ્થળ.
उष्ट्रग्रीव पु० ભગંદર રોગ.
उष्ट्रधूसरपुच्छिका स्त्री० એક જાતનું ઝાડ.
उष्ट्रधूसरपुच्छी स्त्री० ઉપરનો અર્થ.
उष्ट्रपादिका स्त्री० એક જાતનો જમીન ઉપર પથરાતો વેલો.
उष्ट्रशिरोधर न० એક જાતનો ભગંદર રોગ.
उष्ट्रस्थान न० ઉંટને રહેવાનું સ્થાન.
उष्ट्रासिका स्त्री० ઉંટના જેવું આસન.
उष्ट्रिका स्त्री० દારૂનું માટીનું એક વાસણ, ઉંટડી.
उष्ट्री स्त्री० ઉંટડી.
उष्ण पु० ગ્રીષ્મ ઋતુ, તાપ, ડુંગળી, તે નામનું એક નરક, ગરમ સ્પર્શ.
उष्ण त्रि० ગરમ કોઈ પદાર્થ, આળસુ નહિ તે, દક્ષ.
उष्णक त्रि० ઉપરનો અર્થ.
उष्णक पु० તાવ.
उष्णकर पु० સૂર્ય.
उष्णकर त्रि० ગરમ કરનાર.
उष्णकाल पु० ગ્રીષ્મ ઋતુ.
उष्णकिरण पु० સૂર્ય.
उष्णग पु० ગ્રીષ્મ કાળ.
उष्णगम पु० ગ્રીષ્મ કાળ.
उष्णगु पु० સૂર્ય.
उष्णंकरण न० ગરમ કરવાનું સાધન.
उष्णता स्त्री० ગરમી, તાપ.
उष्णत्व न० ગરમી, તાપ.
उष्णदीधिति पु० સૂર્ય.
उष्णनदी स्त्री० વૈતરણી નદી.
उष्णरश्मि पु० સૂર્ય.
उष्णवारण न० છત્ર-છત્રી.
उष्णवीर्य पु० શિશુપાળ નામનું જલજંતુ.
उष्णवीर्य त्रि० ઉગ્રવીર્યવાળું, ઉગ્રપરાક્રમી.
उष्णा स्त्री० ક્ષય રોગ, સંતાપ, પિત્ત.
उष्णांशु पु० સૂર્ય.
उष्णागम पु० ઉનાળો.
उष्णाभिगम पु० ઉનાળો.
उष्णालु त्रि० ગરમી સહન નહિ કરનાર.
उष्णासह त्रि० ઉપરનો અર્થ.
उष्णासह पु० હેમન્ત ઋતુ.
उष्णिका स्त्री० રાબડી, દક્ષ-ચતુર સ્ત્રી.
उष्णिज् त्रि० ગરમ સ્પર્શવાળું.
उष्णिह् स्त्री० સાત અક્ષરના ચરણવાળો તે નામનો એક છંદ.
उष्णीगङ्ग न० ભૃગુતુંગ નામના પર્વત પાસેનું એક તીર્થ.
उष्णीष पु० न० પાઘડી, મુકુટ.
उष्णीषिन् त्रि० પાઘડી અથવા મુકુટ ધારણ કરનાર.
उष्णीषिन् पु० મહાદેવ.
उष्णोदक न० ગરમ પાણી.
उष्णोपगम पु० ગ્રીષ્મ ઋતુ.
उष्म पु० ઘામ, તાપ, ગરમી, ગ્રીષ્મ ઋતુ.
उष्मक पु० ઉપરનો અર્થ.

उष्मन् त्रि० गरमी, તાપ, ગ્રીષ્મ ઋતુ, શ ષ-સ-હ-અક્ષરો.
उष्मप पु० તે નામનો એક પિતૃગણ,
उष्मप त्रि० ગરમીનું પાન કરનાર કોઇ તપસ્વી.
उष्मागम पु० ઉનાળો.
उष्माय् નામધાતુ ગરમી બહાર કાઢવી.
उस्र पु० કિરણ, બળદ, દેવ, સૂર્ય.
उस्र पु० द्विव० અશ્વિનીકુમાર.
उस्रा स्त्री० સુગંધી લતા, પૃથ્વી.
उस्रि स्त्री० જનાર, ગમન કરનાર.
उस्रिक पु० ઘરડો બળદ.
उस्रिका स्त्री० ઘરડી ગાય.
उस्रिय पु० ઘરડો બળદ.
उस्रिया स्त्री० ઘરડી ગાય.
उह भ्वा० पर० सक० सेट् પીડવું,દુ,ખ દેવું.
उहे अव्य० સંબોધનમાં અને નક્કી-નિશ્ચય એવા અર્થમાં વપરાય છે.
उहह अव्य० સંબોધનાર્થે.
उहान पु० તે નામે દેશ.
उहू स्त्री० ખેદસૂચક શબ્દ.
उहू त्रि० વહન કરનાર, ઉચકનાર, લઇ જનાર.
उह्यमान त्रि० વહન કરાતું, ઉચકાતું, લઇ જવાતું.
उहूर पु० બળદ.

ऊ.

ऊ સ્વરોમાં છઠ્ઠો દીર્ઘ સ્વર.
ऊ अव्य० સંબોધનમાં, વાક્યના આરંભમાં, દયામાં, રક્ષામાં વપરાય છે.
ऊ पु० મહાદેવ, ચંદ્ર, દીર્ઘસ્વર-ઊકાર.
ऊ त्रि० પાલક, રક્ષક.
ऊढ त्रि० પરણેલ.
ऊढकंकट पु० જેણે બખ્તર ધારણ કર્યું હોય તે.
ऊढवत् त्रि० પરણેલ.
ऊढा स्त्री० પરણેલી સ્ત્રી.
ऊढि स्त्री० વહન કરવું, ધારણ કરવું, લઇ જવું, વિવાહ.
ऊत त्रि० સીવેલ, વણેલ, ગુંથેલ, પરોવેલ, રક્ષણ કરેલ.
ऊति स्त्री० રક્ષણ, રક્ષણ કરનાર, સીવવું, વણવું, ગુંથવું, ક્ષરવું, ઝરવું, ટપકવું, ખરવું, લીલા, પુરાણોનાં લક્ષણમધ્યે કર્મ-વાસના રૂપ તે નામનું એક લક્ષણ.
ऊधन् न० આઉ, બાવલું, અડાણ.
ऊधर् न० ઉપરના અર્થ.
ऊधस् न० આઉ, અડાણ, બાઉલું.
ऊधस्य न० દુધ.
ऊधस्वती स्त्री० શ્રેષ્ઠ અડાણવાળી, શ્રેષ્ઠ આઉવાળી.
ऊन् चु० उ० स० सेट् ત્યાગ કરવો.
ऊन त्रि० ઓછું, અસંપૂર્ણ.
ऊनचत्वारिंश त्रि० ઓગણચાલીસ.
ऊनत्रिंश त्रि० ઓગણત્રીસ.
ऊनपञ्चाश त्रि० ઓગણપચાસ
ऊनविंश त्रि० ઓગણીસમું.
ऊनविंशति स्त्री० ઓગણીસ.
ऊबध्य न. થોડું જીર્ણ ઘાસ વગેરે, તેવા ઘાસવાળું સ્થાન.
ऊबध्यगोह पु० આંતરડાનું પ્રચ્છાદન સ્થાન.
ऊम् अव्य० રોષમાં, પ્રશ્નમાં, નિંદામાં અને સ્પર્ધામાં.
ऊम न० તે નામનું એક નગર.
ऊम त्रि० રક્ષણ કરનાર.
ऊय् भ्वा० आ० स० सेट् વણવું, ગુંથવું, સીવવું.
ऊररी अव्य० સ્વીકાર, વિસ્તાર.
ऊररीकार पु० અંગીકાર, સ્વીકાર, વિસ્તાર.

ऊररीकृत्य अव्य० સ્વીકારીને, વિસ્તારીને.
ऊररीकृत त्रि० સ્વીકારેલ, વિસ્તારેલ.
ऊरव्य पु० વૈશ્ય.
ऊरव्य त्रि० સાથળમાં થનાર.
ऊरव्या स्त्री० વૈશ્ય સ્ત્રી.
ऊरी अव्य० સ્વીકાર, વિસ્તાર.
ऊरीकृत त्रि० સ્વીકારેલ.
ऊरीकृत्य अव्य० સ્વીકારીને.
उरु पु० સાથળ.
ऊरुग्राह पु० જેમાં સાથળ જકડાઇ જાય છે તે રોગ.
ऊरुज पु० વૈશ્ય.
ऊरुज त्रि० સાથળમાં થનાર.
ऊरुजा स्त्री० વૈશ્ય જાતિની સ્ત્રી.
ऊरुदघ्न त्रि० સાથળ સુધીની ખાઇ વગેરે.
ऊरुद्वयस त्रि० ઉપરનો અર્થ.
ऊरुपर्वन् पु० ઢીંચણ.
ऊरुरी अव्य० સ્વીકાર, અંગીકાર.
ऊरुरीकार पु० સ્વીકાર, વિસ્તાર.
ऊरुरीकृत त्रि० સ્વીકારેલ, વિસ્તારેલ.
ऊरुरीकृत्य अव्य० સ્વીકારીને, વિસ્તારીને.
ऊरुस्तम्भ पु० उरुग्राह શબ્દ જુઓ.
ऊरुस्तम्भा स्त्री० કેળનું ઝાડ.
ऊर्ज्ज् चु० भ्वा० सक० सेट् બળ સ્થાપવું, જીવવું.
ऊर्ज्ज् स्त्री० બળ, અન્નનો અત્યંત સારરસ, પાણી.
ऊर्ज्ज् न० અન્ન.
ऊर्ज्ज पु० કાર્તિક મહિનો, ઉત્સાહ, બળ, જીવન.
ऊर्ज्ज न० જળ-પાણી.
ऊर्ज्ज त्रि० બળવાન.
ऊर्ज्जयोनि पु० તે નામનો એક ઋષિ.
ऊर्ज्जव्य पु० તે નામનો એક રાજા.
ऊर्ज्जस् न० બળ, એક પ્રકારનો અન્નરસ.
ऊर्ज्जस्वत् त्रि० બળવાન.
ऊर्ज्जस्वल त्रि० બળવાન.
ऊर्ज्जस्विन् त्रि० બળવાન.
ऊर्जा स्त्री० બળ, ઉત્સાહ, અન્નના રસનો વિકાર, વૃદ્ધિ.
ऊर्जावत त्रि० બળવાન, વૃદ્ધિવાળું.
ऊर्ज्जित त्रि० બળવાળું, વૃદ્ધિવાળું, વધારેલ, વધેલ.
ऊर्जित न० બળ, સામર્થ્ય, ઉત્સાહ, વૃદ્ધિ.
ऊर्ण न० ઊનનું બનાવેલું વસ્ત્ર.
ऊर्णनाभ पु० કરોળીયો.
ऊर्णनाभि पु० માંકડું.
ऊर्णम्रदस् त्रि० ઊનના વસ્ત્ર જેવું અત્યંત કોમળ.
ऊर्णवाभि पु० કરોળીયો.
ऊर्णा स्त्री० ઊન.
ऊर्णामय त्रि० ઊનનું સુતર વગેરે.
ऊर्णायु त्रि० ઊનવાળું.
ऊर्णावत त्रि० ઊનવાળું.
ऊर्णास्तुक त्रि० ઊનવાળું.
ऊर्णु अदा० उभ० सक० सेट् ઢાંકવું. अप+જેનું ઢાંકણ ખસેડી લીધું હોય તેવાળું, अभि+સામે ઢાંકવું, आ+સારી રીતે ઢાંકવું, प्र+અત્યંત ઢાંકવું, वि+ઢાંકણ દૂર કરી ખુલ્લું કરવું.
ऊर्द् उर्द् જુઓ.
ऊर्द्द त्रि० ક્રીડાયુક્ત, રમતીઆળ.
ऊर्द्दर न० શૂરવીર, રાક્ષસ.
ऊर्ध्व त्रि० ઉંચુ, ઉપર, ઉપરનું, ઉખાડી નાખેલ, નહિ બેઠેલ.
ऊर्ध्वक पु० એક જાતનો મૃદંગ-નરઘું.
ऊर्ध्वकच त्रि० ઉખેડી નાખેલા કેશવાળું.
ऊर्ध्वकण्ठ त्रि० ઉંચી ડોકવાળું.
ऊर्ध्वकण्ठी स्त्री० મહાશતાવરી નામનો વેલો.
ऊर्ध्वकर्मन् न० ઉપરના સ્થાનની પ્રાપ્તિ માટેનું કર્મ.
ऊर्ध्वकर्मन त्रि० ઉંચા અથવા ઉપરના સ્થા-

નની પ્રાપ્તિ માટેનું કર્મ કરનાર.
ऊर्ध्वकाय પુ૦ ન૦ શરીરનો ઉપરનો ભાગ.
ऊर्ध्वकेतु ત્રિ૦ ઉંચી ધજાવાળું.
ऊर्ध्वकेतु પુ૦ જનકવંશી એક રાજા.
ऊर्ध्वकेश પુ૦ ધર્મશાસ્ત્રમાં કહેલ દર્ભમય બ્રાહ્મણ.
ऊर्ध्वकेश ત્રિ૦ ઉભા કેશવાળું.
ऊर्ध्वक्रिय ત્રિ૦ ઉપરના સ્થાન માટેની ક્રિયા કરનાર.
ऊर्ध्वक्रिया સ્ત્રી૦ ઉપરના લોક-સ્થાન માટેની ક્રિયા.
ऊर्ध्वग ત્રિ૦ ઉપર ગયેલ-રહેલ, ઉપરનું ધાર્મિક, ઉંચે ગતિવાળું, ઉભું થનાર.
ऊर्ध्वग પુ૦ પરમેશ્વર, તે નામનો એક રોગ.
ऊर्ध्वगति સ્ત્રી૦ ઉંચે ગતિ, ઉપર જવું.
ऊर्ध्वगपुर ન૦ ઉપર આકાશમાં રહેલ હરિશ્ચંદ્રનું નગર, ત્રિપુરાસુરીનું નગર.
ऊर्ध्वचरण પુ૦ ઉંચે પગ રાખનાર તપસ્વી.
ऊर्ध्वजानु ત્રિ૦ ઉંચા ઢીંચણવાળું.
ऊर्ध्वजानुक ત્રિ૦ ઉપરનો અર્થ.
ऊर्ध्वज्ञ ત્રિ૦ ઉપરનો અર્થ.
ऊर्ध्वज्ञु ત્રિ૦ ઉર્ધ્વજાનુ જુઓ.
ऊर्ध्वथा અવ્ય૦ ઉંચા પ્રકારે, ઉંચુ, ઉપર.
ऊर्ध्वदंष्ट्रकेश પુ૦ મહાદેવ.
ऊर्ध्वदृष्टि સ્ત્રી૦ ઉંચે દૃષ્ટિ, ઉપર નજર.
ऊर्ध्वदृष्टि ત્રિ૦ ઉંચે દૃષ્ટિવાળું, ઉપર જોનાર.
ऊर्ध्वदेव પુ૦ પરમેશ્વર, વિષ્ણુ.
ऊर्ध्वदेह પુ૦ મરણ પછી પ્રાપ્ત થનાર દેહ-શરીર.
ऊर्ध्वनभस् પુ૦ આકાશમધ્યે વર્તતો વાયુ.
ऊर्ध्वन्दम ત્રિ૦ ઉપર રહેનાર, ઉપર હોનાર.
ऊर्ध्वपात्र ન૦ યજ્ઞપાત્ર.
ऊर्ध्वपाद ત્રિ૦ ઉંચા પગવાળું.
ऊर्ध्वपाद પુ૦ શરભ જુઓ.
ऊर्ध्वपुण्ड्र પુ૦ ઉભુ તિલક.
ऊर्ध्वपृश्नि પુ૦ એક જાતનું પશુ.
ऊर्ध्वबर्हिस् પુ૦ તે નામનો એક પિતૃગણ.
ऊर्ध्वबाहु પુ૦ ઉંચો કરેલ બાહુ.
ऊर्ध्वबाहु ત્રિ૦ ઉંચા બાહુવાળું.
ऊर्ध्वबुध्न પુ૦ તે નામનું એક યજ્ઞપાત્ર.
ऊर्ध्वभाग પુ૦ ઉપરનો ભાગ.
ऊर्ध्वभाज् ત્રિ૦ ઉપર રહેનાર.
ऊर्ध्वभाज् પુ૦ તે નામનો એક અગ્નિ.
ऊर्ध्वम् અવ્ય૦ ઉપર, ઉંચે.
ऊर्ध्वमन्थिन् પુ૦ નૈષ્ઠિક બ્રહ્મચારી.
ऊर्ध्वमान ન૦ તોલું, કાટલું, ઉંચાઈ માપવાનું માપ.
ऊर्ध्वमुख ત્રિ૦ ઉંચા મુખવાળું.
ऊर्ध्वमूल ત્રિ૦ ઉંચે મુળવાળું, ઉપરવાળું, સંસાર.
ऊर्ध्वरेतस् પુ૦ મહાદેવ, સનકાદિ મુનિ, કોઈ તપસ્વી, ભીષ્મ.
ऊर्ध्वरोमन् પુ૦ ઉભાં રૂવાટાંવાળો યમદૂત, કુશદ્વીપનો એક સીમાપર્વત.
ऊर्ध्वरोमन् ત્રિ૦ ઉભાં થયેલાં રૂવાંવાળું.
ऊर्ध्वलिङ्ग પુ૦ મહાદેવ.
ऊर्ध्वलोक પુ૦ સ્વર્ગ.
ऊर्ध्ववात પુ૦ ઉપરનો વાયુ, ઉપર ચઢી ગયેલ વાયુ.
ऊर्ध्ववृत ત્રિ૦ ઉપરના ભાગમાં વીંટેલ.
ऊर्ध्वबृहती સ્ત્રી૦ તે નામનો એક વૈદિક છંદ.
ऊर्ध्वशायिन् ત્રિ૦ ચત્તું સૂનાર.
ऊर्ध्वशायिन् પુ૦ મહાદેવ.
ऊर्ध्वशोषम् અવ્ય૦ ઉભા ઉભા સુકાવું.
ऊर्ध्वसानु પુ૦ ન૦ ઉપરનું શિખર.
ऊर्ध्वस्थ ત્રિ૦ ઉંચે રહેલ.
ऊर्ध्वस्थिति સ્ત્રી૦ ઉપર સ્થિતિ, ઉપરનું સ્થાન, ઘોડાની પીઠનો ભાગ.
ऊर्ध्वस्थिति ત્રિ૦ ઉપર સ્થિતિવાળું.
ऊर्ध्वस्रोतस् પુ૦ ઊર્ધ્વરેતસ્ યોગી.
ऊर्ध्वायन પુ૦ પ્લક્ષદ્વીપનું એક પક્ષી.
ऊर्ध्वायन ન૦ ઉપરનું સ્થાન, ઉપરની ગતિ-ગમન.

ऊर्ध्वाम्नाय पु० એક તંત્રશાસ્ત્ર.

ऊर्ध्वावर्त पु० ઘોડાની પીઠનો ભાગ, દક્ષિણાવર્ત.

ऊर्ध्वासित पु० કારેલાનો વેલો.

ऊर्ध्वासित त्रि० ઉપર બેઠેલ.

ऊर्ध्वेह पु० ઉપરની ચેષ્ટા.

ऊर्ध्वेहा स्त्री० ઉપરનો અર્થ.

ऊर्मि पु० स्त्री० તરંગ, મોજું, પ્રકાશ, વેગ, કરચલી, પીડા, ઉત્કંઠા, ભૂખ વગેરે ૭ દેહ–મન–પ્રાણના ધર્મ.

ऊर्मि स्त्री० ઘોડાની ગતિ.

ऊर्म्मिका स्त्री० વીંટી, તરંગ, મોજું, કરચલી, ઉત્કંઠા. ભમરનો શબ્દ.

ऊर्म्मिन् त्रि० તરંગવાળું, મોજાંવાળું.

ऊर्म्मिन् पु० સમુદ્ર.

ऊर्म्मिमत् त्रि० વાંકુ,તરંગવાળુ, મોજાંવાળું.

ऊर्म्मिमालिन् पु० સમુદ્ર.

ऊर्म्मिला स्त्री० લક્ષ્મણની સ્ત્રી.

ऊर्म्य त्रि० તરંગ-મોજામાં થનાર.

ऊर्म्य पु० એક રુદ્ર દેવ.

ऊर्म्या स्त्री० રાત્રિ.

ऊर्य्यादि पु० પાણીનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

ऊर्व पु० તે નામનો એક ઋષિ, વડવાનળ, સમુદ્ર.

ऊर्व त्रि० મોટું, વિસ્તૃત, વિશાળ.

ऊर्वङ्ग न० છત્રી.

ऊर्वरा स्त्री० સર્વ ધાન્યસંપન્ન ભૂમિ.

ऊर्वशी स्त्री० તે નામની એક અપ્સરા.

ऊर्वष्ठीव न० બે સાથળ અને ઢીંચણની બે ઢાંકણી

ऊर्वस्री स्त्री० ઊર્વશી અપ્સરા.

ऊर्वी स्त्री० સાથળનું મધ્ય સ્થાન.

ऊर्व्यङ्ग न० કાગડાની ટોપી –જે ચોમાસામાં ઉકરડા વગેરેમાં થાય છે.

ऊर्व्य पु० રુદ્રદેવ.

ऊर्षा स्त्री एક જાતનું ઝાડ.

ऊलुपिन् पु० એક જાતનું જલજંતુ, એક જાતનું માછલું.

ऊलूक पु० ઘુવડ.

ऊलूकी स्त्री ઘુવડ માદા.

ऊष् भ्वा० पर० सक० सेट् પીડાવું, દુઃખી થવું.

ऊष पु० ક્ષાર, કાનનું છિદ્ર, ચંદન પર્વત.

ऊष न० વીર્ય, પ્રભાત.

ऊषक न० પરોઢીયું.

ऊषण न० મરી, પીપરીમૂળ, સુંઠ.

ऊषण पु० ચિત્રક.

ऊषणा स्त्री० પીપર, ચવક.

ऊषर त्रि० ક્ષાર માટીવાળો દેશ વગેરે.

ऊषरज न० એક જાતનું મીઠું.

ऊषवत् त्रि० ક્ષારવાળું સ્થાન વગેરે.

ऊषा स्त्री બાણાસુરની પુત્રી ઓખા.

ऊष्म पु० ગરમ સ્પર્શ, ઉનાળો.

ऊष्म त्रि० ગરમ, ગરમીવાળું.

ऊष्मण त्रि० ઉપરના અર્થ.

ऊष्मण्य त्रि० ગરમીનું નિવારણ કરવા યોગ્ય.

ऊष्मन् पु० ગ્રીષ્મ. તેજસ્વી દ્રવ્યનો સૂક્ષ્મ અવયવ

ऊष्मवत् त्रि० ગરમ, ગરમીવાળું.

ऊह् भ्वा० आ० स० सेट् તર્ક કરવો. अति+એક પ્રદેશમાં રહેલને તેથી વિપરીત પ્રદેશમાં પ્રેરણા કરવી, अधि+આંજવું, अप+દૂર કરવું, अप+वि+નિવારણ કરવું, अभि+ઢાંકવું, उत्+ઉંચે ખેંચવું,प्रति+उद्+ફેંકવું, वि+उद्+છેવટે વધારવું, उप+નીચે પ્રવેશ કરાવવો, निर्+બહાર કાઢીને અલગ કરવું, જુદું કરવું. परि+ચોતરફથી ખાડો પૂરવો, प्र+બીજા દેશમાં લઈ જવું. प्रति+ ઉપર સ્થાપવું, वि+વિપરીત પ્રેરણા કરવી प्रति+वि+પ્રતિરૂપ વ્યૂહ રચના કરવી, सम्+ એકઠા થવું, સારી રીતે પહોંચાડવું, उप+सम्+સમીપમાં સંકોચાવું, परि+सम्+ચોતરફથી સાફ કરવું,

ऊह પુ॰ તર્ક–વિતર્ક, પરીક્ષા કરવી.
ऊहगान ન॰ સામગાનનો એક ગ્રંથ.
ऊहगीति સ્ત્રી॰ ઉપરનો અર્થ.
ऊहन ન॰ તર્ક.
ऊहनीय ત્રિ॰ उह्य જુઓ.
ऊहा સ્ત્રી॰ ऊह શબ્દ જુઓ, અધ્યાહાર.
ऊहिनी સ્ત્રી॰ એકત્ર થયેલ.
ऊह्य ત્રિ॰ તર્ક કરવા યોગ્ય, કલ્પના કરવા યોગ્ય, અધ્યાહાર કરવા યોગ્ય.
ऊह्यगान ન॰ ऊहगान શબ્દ જુઓ.

ऋ.

ऋ સ્વરોમાં સાતમો સ્વર.
ऋ भ्वा॰ पर॰ सक॰ सेट् જવું.
ऋ जुहोत्या॰ पर॰ स॰ अनिट् જવું, પ્રાપ્ત થવું.
ऋ स्वा॰ पर॰ स॰ अनिट् હિંસા કરવી.
ऋ अव्य॰ સંબોધનમાં, નિંદામાં, વાકયમાં, પરિહાસમાં તથા વાકયવિકારમાં વપરાય છે.
ऋ સ્ત્રી॰ દેવોની માતા।
ऋक्छस् अव्य॰ ઋચા ઋચા પ્રત્યે.
ऋक्ण ત્રિ॰ છેદેલ, કાપેલ.
ऋक्थ ન॰ ધન, સુવર્ણ, સ્મૃતિપ્રસિદ્ધ મિલ્કતરૂપ ધન–વારસો.
ऋक्थग्रहण ન॰ વારસો લેવો.
ऋक्थग्राह ત્રિ॰ મિલ્કત ગ્રહણ કરનાર–વારસ.
ऋक्थग्राहिन् ત્રિ॰ ઉપરનો અર્થ.
ऋक्थिन् ત્રિ॰ મિલ્કતનો વારસ.
ऋक्ष् स्वा॰ प॰ स॰ सेट् વધ કરવો.
ऋक्ष પુ॰ રીંછ, તે નામનું એક ઝાડ, ભીલામું, તે નામનો એક પર્વત. તે નામનો કોઇ રાજા, અરિહનો પુત્ર.
ऋक्ष ન॰ નક્ષત્ર, તારા, મેષ વગેરે રાશિ.
ऋक्षगन्धा સ્ત્રી॰ જાંગલી વૃક્ષ, મહાશ્વેતા નામની વનસ્પતિ, ક્ષીરદારી નામની વનસ્પતિ.
ऋक्षगन्धिका સ્ત્રી॰ ઉપરના અર્થ.
ऋक्षगिरि પુ॰ તે નામનો એક પર્વત.
ऋक्षचक्र ન॰ નક્ષત્રમંડળ.
ऋक्षनाथ પુ॰ ચંદ્ર, જાંબવાન.
ऋक्षर પુ॰ ઋત્વિજ, કાંટો.
ऋक्षर ન॰ પાણીની ધાર.
ऋक्षरा સ્ત્રી॰ પાણીની ધાર.
ऋक्षराज પુ॰ ચંદ્ર,રીંછોનો રાજા જાંબુવાન.
ऋक्षला સ્ત્રી॰ ઘુંટીની નીચેની નાડી.
ऋक्षवत् પુ॰ નર્મદાના કાંઠા ઉપર આવેલો એક પર્વત.
ऋक्षवन्त ન॰ શંબરાસુરનું તે નામનું એક નગર.
ऋक्षा સ્ત્રી॰ ઉત્તર દિશા.
ऋक्षीक ત્રિ॰ રીંછના જેવું હિંસક.
ऋक्षेश પુ॰ **ऋक्षनाथ** શબ્દ જુઓ.
ऋक्षेष्टि સ્ત્રી॰ અમુક કોઇ નક્ષત્રમાં કરેલ યજ્ઞ.
ऋक्षोद પુ॰ તે નામનો એક પર્વત.
ऋक्संहिता સ્ત્રી॰ ઋગ્વેદસંહિતા.
ऋक्सम ન॰ સામવેદનો એક ભાગ.
ऋक्साम ન॰ ઋગ્વેદ અને સામવેદ.
ऋगयन ન॰ ઋગ્વેદનો એક પારાયણગ્રંથ.
ऋगयनादि પુ॰ પાણિનીય વ્યાકરણ પ્રસિદ્ધ એક શબ્દસમૂહ.
ऋगावान ન॰ ઋચાઓનું સંહિતારૂપે ગુથવું.
ऋग्गाथा સ્ત્રી॰ લૌકિક ગીતિવેદ.
ऋग्मत् ત્રિ॰ સ્તુતિ કરનાર, પૂજ્ય–પૂજનીય.
ऋग्मिन् ત્રિ॰ સ્તુતિ કરનાર.
ऋग्विधान ન॰ ઋગ્વેદથી કોઇ કર્મનું વિધાન.
ऋग्वेद પુ॰ તે નામનો એક વેદ.
ऋग्वेदविद् પુ॰ ઋગ્વેદ જાણનાર.
ऋघा સ્ત્રી॰ હિંસા.

ऋच् तुदा० पर० सक० सेट् સ્તુતિ કરવી.
ऋच् स्त्री० ઋગ્વેદના મંત્રની કડી—ઋગ્વેદનો મંત્ર, સ્તુતિ, પૂજન.
ऋचस् त्रि० સ્તુતિ કરનાર.
ऋचसे अव्य० સ્તુતિ કરવાને.
ऋचीक पु० તે નામનો એક સૂર્ય, જમદગ્નિનો પિતા ભૃગુવંશનો એક ઋષિ.
ऋचीष न० લોટ રાંધવાનું પાત્ર.
ऋचीषम पु० અમુક સ્તુતિસમાન, કાંતિ• સમાન.
ऋचेयु पु० તે નામનો એક રાજા.
ऋच्छ् तुदा पर० सेट् મોહ પામવો અને કઠણ થવું अक० જવું सक०.
ऋच्छरा स्त्री० વેશ્યા.
ऋज् भ्वा० आ० स० सेट् જવું, મેળવવું. બળવાન કરવું, સ્થિર કરવું, अक०
ऋज् भ्वा० आ० स० सेट् શેકવું, ભુંજવું.
ऋजिप्य त्रि० સીધું જનાર, સરળ જનાર.
ऋजिमन् पु० સરળતા, અકુટિલતા.
ऋजिश्वन् पु० તે નામનો એક રાજા.
ऋजोक पु० ઇન્દ્ર, ધુમાડો.
ऋजीक न० સાધન.
ऋजीति पु० સીધું જનાર, સરળગામી.
ऋजीष न० લોટ રાંધવાનું પાત્ર, તે નામનું એક નરક, નીરસ સોમલતાનું ચૂર્ણ.
ऋजीप पु० ગયેલા સારવાળી સોમલતા, રસ કાઢેલ સોમલતા.
ऋजु त्रि० અત્યંત ગુણવાળું, સરળ, સીધું, અનુકૂલ, કલ્યાણ, સારૂં, સુંદર.
ऋजुकाय पु० કશ્યપ મુનિ.
ऋजुकाय त्रि० સરળ-સીધા શરીરવાળું.
ऋजुग पु० બાણ.
ऋजुग त्रि० સીધું જનાર, સરળ વ્યવહારવાળું.
ऋजुता स्त्री० સરળતા, સીધાઈ.
ऋजुत्व न० ઉપરના અર્થ.
ऋजुरोहित न० ઉત્પાતસૂચક એવું સરળ ઇન્દ્રધનુષ, સરળ ઇન્દ્રધનુષ.
ऋजुसर्प पु० એક જાતનો સર્પ.
ऋजूक पु० તે નામનો એક દેશ.
ऋजूकरण न० સીધું કરવું, સરળ કરવું, સીધું જવાનું સાધન.
ऋजूकृत त्रि० સીધું કરેલ.
ऋजूयत् त्रि० સીધું જનાર, ઋતુકાળે ગમન કરનાર.
ऋज्र पु० નાયક, નેતા.
ऋज्र त्रि० સીધું જનાર, સરળતાથી જનાર.
ऋज्वी स्त्री० સરળ સ્ત્રી, ગ્રહોની એક પ્રકારની ગતિ.
ऋञ्जसान पु० મેઘ.
ऋण् तना० उभ० स० सेट् જવું.
ऋण त्रि० જનાર.
ऋण पु० न० અવશ્ય આપવા યોગ્ય કરજ.
ऋणकर्तृ त्रि० દેવાદાર.
ऋणकाति त्रि० જેની સ્તુતિ અવશ્ય કબૂલ કરાયાં હોય તે.
ऋणञ्चय पु० તે નામનો એક રાજા.
ऋणचित् पु० યજમાન.
ऋणदातृ त्रि० કરજ આપનાર.
ऋणदास पु० કરજથી છોડાવી કરેલો દાસ.
ऋणमत्कुण पु० સાક્ષી, જામીન.
ऋणमार्गण पु० ઉપરના અર્થ.
ऋणमुक्ति स्त्री० કરજમાંથી મુક્ત થવું. કરજ અદા કરવું.
ऋणमोक्ष पु० ઉપરનો અર્થ.
ऋणमोचन न० કાશીમાં રહેલું એક તીર્થ.
ऋणलेख्य न० કરજનું લેખ-પત્ર—ખત.
ऋणवत् त्रि० દેવાદાર.
ऋणशोधन न० દેવું અદા કરવું.
ऋणादान न० ધર્મશાસ્ત્રોક્ત અઢાર વિવાદમાંનો એક વ્યવહાર.
ऋणावन् त्रि० કરજદાર, દેવાદાર.
ऋणान्तक पु० મંગળ ગ્રહ.

ऋणापकरण न० દેવું અદા કરવું.
ऋणापनयन न० ઉપરનો અર્થ.
ऋणापाकरण न० દેવું અદા કરવું.
ऋणापनोदन न० દેવું અદા કરવું.
ऋणिक त्रि० કરજદાર, દેવાદાર.
ऋणिन् त्रि० ઉપરના અર્થ.
ऋणिधनिचक्र न० તંત્રશાસ્ત્રોક્ત એક ચક્ર.
ऋणोद्ग्राहण न० દેવાદારે લીધેલ દેવું લેવું તે.
ऋत् सौत्र० स० सेट् જવું, નિંદા કરવી.
ऋत न० બ્રાહ્મણની એક આજીવિકા, મોક્ષ, જળ, કર્મનું ફળ, અતિપ્રિય વાક્ય, માનસિક વગેરે સત્ય.
ऋत त्रि० દીપ્ત, તેજસ્વી, પૂજાયેલ.
ऋत पु० યજ્ઞ, સૂર્ય, આદિત્ય, એક દેવ.
ऋतपति पु० યજ્ઞપતિ.
ऋतम् अव्य० પરબ્રહ્મ, સત્ય.
ऋत त्रि० સાચું.
ऋतजित् पु० તે નામનો એક યક્ષ.
ऋतजित् त्रि० યજ્ઞને જીતનાર.
ऋतद्युम्न त्रि० સત્ય વડે પ્રકાશમાન, સત્ય યશવાળું.
ऋतधामन् पु० વિષ્ણુ, તે નામનો એક ઇન્દ્ર, તે નામનો એક રાજા.
ऋतधामन् त्रि० અવિનાશી સ્થાનવાળું.
ऋतध्वज पु० તે નામનો એક બ્રહ્મર્ષિ, શિવ.
ऋतनि पु० સૂર્ય.
ऋतनी पु० સૂર્ય.
ऋतपति पु० યજ્ઞપતિ.
ऋतपर्ण पु० સૂર્યવંશી એક રાજા.
ऋतपेय पु० તે નામનો એક યજ્ઞ
ऋतपेशस् पु० જળસ્વરૂપ વરુણ દેવ.
ऋतप्सु पु० યજ્ઞસંબંધી હવિષનું ભોજન કરનાર દેવ, સત્યસ્વરૂપ દેવ.
ऋतम् अव्य० સત્ય.
ऋतम्भर पु० સત્યપાલક પરમેશ્વર.
ऋतम्भरा स्त्री० તે નામની એક નદી, વિપર્યાસ રહિત એવી સમાધિસ્થ એક પ્રજ્ઞા.
ऋतवत् त्रि० સત્યવાળું.
ऋतव्य त्रि० જેની અધિષ્ઠાયક ઋતુ છે એવી ઇષ્ટકા વગેરે.
ऋतव्रत पु० શાકદ્વીપમાં રહેલ ભગવાનનો એક ઉપાસક.
ऋतसद् पु० અગ્નિ.
ऋतसदन न० યજ્ઞ માટે બેસવાનું સ્થાન.
ऋतसाप् त्रि० યજ્ઞને પ્રાપ્ત કરાવી આપનાર.
ऋतस्पति पु० યજ્ઞપતિ.
ऋतावत् त्रि० યજ્ઞવાળું.
ऋतावृध् त्रि० યજ્ઞને વધારનાર.
ऋताषाह् त्रि० સત્યને સહન કરનાર, અસત્યમાં કોપાયમાન થયેલ.
ऋति स्त्री० ગતિ, ગમન, સ્પર્ધા, નિંદા, માર્ગ, મંગળ.
ऋति पु० પુરુષમેધ યજ્ઞનો કોઇ દેવ, શત્રુ.
ऋतिङ्कर त्रि० પીડા કરનાર.
ऋतीय नामधातु उभ० अक० सेट् સત્ય ઇચ્છવું.
ऋतीया स्त्री० જુગુપ્સા, નિંદા.
ऋतीषह् त्रि० પીડા સહન કરનાર, શત્રુને સહન કરનાર.
ऋतु पु० શિશિર વગેરે ઋતુ, સ્ત્રીઓનો ગર્ભધારણમાં સમર્થ એવો કાળ, દીપ્તિ, કાંતિ, મહિનો.
ऋतुकाल पु० શિશિર વગેરે ઋતુનો કાળ, સ્ત્રીઓનો ગર્ભધારણયોગ્ય કાળ.
ऋतुग्रह पु० તે નામનો એક યાગ.
ऋतुथा अव्य० કાળે કાળે.
ऋतुनाथ पु० વસન્તકાળ.
ऋतुपति पु० વસન્તકાળ.
ऋतुपर्य्यय पु० ઋતુઓનું અનુક્રમે ગમન.
ऋतुपा पु० ઇન્દ્ર, ઋતુયાજ દેવ.
ऋतुपात्र न० એક જાતનું યજ્ઞપાત્ર.

ऋतुप्राप्त त्रि० ફળને ગ્રહણ કરવા યોગ્ય કાળ જેણે પ્રાપ્ત કર્યો હોય તે.

ऋतुबल पु० શિશિર વગેરે ઋતુમાં જેઓનું બળ હોય છે તે સૂર્ય વગેરે ગ્રહ.

ऋतुमत् त्रि० ઉત્તમ ઋતુનાં ફળ–પુષ્પને ભોગવનાર.

ऋतुमती स्त्री० સ્ત્રીધર્મને પ્રાપ્ત થયેલી સ્ત્રી, અટકાવવાળી સ્ત્રી

ऋतुमयी स्त्री० ઋતુપ્રધાન એક ચિતિ.

ऋतुमुख न० પ્રતિપદ–પડવો.

ऋतुराज पु० વસંત ઋતુ.

ऋतुलिङ्ग न० ઋતુઓનું ચિન્હ.

ऋतुवृत्ति पु० વર્ષ.

ऋतुवृत्ति स्त्री० ઋતુઓને ધર્મ.

ऋतुशस् अव्य० ઋતુએ ઋતુએ.

ऋतुष्ठा त्रि० વસંત વગેરે ઋતુમાં સ્થિતિ કરનાર.

ऋतुसंहार पु० કાલીદાસકૃત એક કાવ્ય.

ऋतुसंधि पु० અમાસ, પુનેમ.

ऋतुसेव्य त्रि० ઋતુમાં સેવન કરવા યોગ્ય.

ऋतुस्तोम पु० તે નામનો એક યાગ.

ऋतुस्थला स्त्री० તે નામની એક અપ્સરા.

ऋतुस्था त्रि० ઋતુમાં સ્થિતિ કરનાર.

ऋतुस्नाता स्त्री० ઋતુકાળે ચોથે દિવસે ન્હાયેલી સ્ત્રી.

ऋतुस्नान न० રજસ્વલા સ્ત્રીએ ચોથે દિવસે કરવાનું સ્નાન.

ऋतुहरीतकी स्त्री० ઋતુઓમાં જૂદાં જૂદાં અનુપાન સેવવા યોગ્ય હરડે.

ऋते अव्य० વિના, સિવાય.

ऋतेकर्म अव्य० કર્મ વિના, કર્મ સિવાય.

ऋतेजा त्रि० યજ્ઞનિમિત્તે ઉત્પન્ન થયેલ.

ऋतेयु पु० વરૂણને ઋત્વિજ એક ઋષિ, પુરૂવંશી એક રાજા.

ऋतेरक्षस् पु० યજ્ઞ.

ऋतोक्ति स्त्री० નીચેના શબ્દ જુઓ.

ऋतोद्य न० સત્ય કહેવું, સત્ય કથન.

ऋत्क् तुदा० प० स० सेट् ઠાર મારવું.

ऋत्विज् पु० ઋત્વિજ–યાજક, યાજ્ઞિકગોર, પોતાને કરવા યોગ્ય વૈદિક કર્મ કરનાર.

ऋत्विय त्रि० જેને ઋતુકાળ પ્રાપ્ત થયો હોય તે, તે તે ઋતુકાળમાં થનાર, તે તે ઋતુકાળમાં કરવા યોગ્ય.

ऋत्वियावत् त्रि० પ્રજોત્પાદન કર્મવાળું, પ્રજોત્પાદનમાં કરવા યોગ્ય કર્મવાળું.

ऋत्व्य त्रि० ऋत्विय શબ્દ જુઓ.

ऋदूदर त्रि० મૃદુ–કોમળ–નરમ પેટવાળું.

ऋदूपा त्रि० પીડવામાં આવી પડનાર, ગમનમાં આવી પડનાર, દૂર પડનાર.

ऋदूवृध त्रि० મર્મસ્થાનમાં પીડવા માટે વીંધનાર, ગમનવેધી, શબ્દવેધી, દૂરવેધી.

ऋद्ध न० સિદ્ધાન્ત, વૃદ્ધિ, પાકેલું મર્દન કરેલું ધાન્ય.

ऋद्ध त्रि० સમૃદ્ધિવાળું, સંપત્તિવાળું.

ऋद्ध पु० વિષ્ણુ.

ऋद्धि स्त्री० વૃદ્ધિ, સમૃદ્ધિ, સંપત્તિ, સિદ્ધિ, પાર્વતી, લક્ષ્મી, કોઇ એક દેવ, કોઇ ઔષધિ.

ऋध् दिवा० स्वादि० पर० अक० सेट् વધવું, સમૃદ્ધિમાન થવું. अधि+અધિક વધવું, आ+ સમૃદ્ધિવાળા થવું. उप+પાસે જવું, वि+ સમૃદ્ધિનો–વૃદ્ધિનો નાશ થવો, सम्+સમૃદ્ધિની અધિકતા થવી, અત્યંત સમૃદ્ધિ થવી.

ऋधक् अव्य० સત્ય, વિયોગ, શીઘ્રતા, સમીપપણું, લઘુતા, હલકાઇ.

ऋधक् त्रि० સમૃદ્ધિવાળું, વૃદ્ધિ પમાડનાર.

ऋधज् अव्य० ऋधक् જુઓ.

ऋधज् त्रि० ऋधक् त्रि० જુઓ.

ऋधत् त्रि० વૃદ્ધિ પામતું, વધતું.

ऋधनक् तुदा० मुचा० पर० स० सेट् હિંસા કરવી.

ऋफ् तुदा० पर० सेट् દાન કરવું, આપવું,

હિંસા કરવી, નિંદા કરવી, યુદ્ધ કરવું, સક૦ વખાણ કરવાં અક૦

ऋबीस ન૦ પૃથ્વી, અગ્નિ.

ऋभु પુ૦ દેવ, દેવોને પણ પૂજવા યોગ્ય દેવ, તે નામનો એક દેવગણ, ત્રિવર્ણ બહારની એક જાતિ, સુધન્વાનો પુત્ર એક દેવ.

ऋभु ત્રિ૦ અત્યંત પ્રકાશમાન-અતિશય તેજસ્વી.

ऋभुक्ष પુ૦ સ્વર્ગ, વજ્ર, ઇન્દ્ર, ઋભુ નામના દેવ.

ऋभुक्षन् પુ૦ ઋભુ નામથી પ્રસિદ્ધ દેવ.

ऋभुक्षिन् પુ૦ ઇન્દ્ર.

ऋभुक्षीन् ત્રિ૦ ઇન્દ્ર જેવા આચારવાળું.

ऋभुमत् ત્રિ૦ ઋભુદેવ જેના અધિષ્ઠાયક હોય તે.

ऋभ् પુ૦ દેવ.

ऋभ्व ત્રિ૦ મોટું, વિશાળ.

ऋभ्वत् ત્રિ૦ ઉપરના અર્થ.

ऋभ्वन ત્રિ૦ ઉપરના અર્થ.

ऋभ्वस ત્રિ૦ અતિ વૃદ્ધ, અત્યંત વધેલ.

ऋम्फ् તુ૦ પ૦ સ૦ સેટ્ વધ કરવો.

ऋश् सौत्र० पर स० સેટ્ હિંસા કરવી, જવું.

ऋश्य ત્રિ૦ હિંસા કરવા યોગ્ય.

ऋश्य પુ૦ મૃગ.

ऋश्य ન૦ હિંસા.

ऋश्यद પુ૦ કૂવો.

ऋश्यपाद् ત્રિ૦ મૃગ જેવા પગવાળું.

ऋश्या સ્ત્રી૦ મૃગલી.

ऋश्यादि પુ૦ પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

ऋष् तुदा० पर० सक० સેટ્ જવું, નાશ કરવો, अभि+સામે જવું नि+परि+प्रम्+ જવું.

ऋषङ्गु પુ૦ યદુવંશી એક રાજા.

ऋषभ પુ૦ એક જાતની ઔષધિ, તે નામનો એક મુનિ, જૈન પહેલા તીર્થંકર, બળદ, તે નામનો એક છંદ, કાનનું છિદ્ર, તે નામનો એક પર્વત, એક જાતનો સ્વર, વિષ્ણુનો એક અવતાર, રાજાનું કર્તવ્ય, યજ્ઞતુરનો પુત્ર એક રાજા, કુંભીર નામના જળજંતુનું પૂછડું.

ऋषभकूट પુ૦ હેમકૂટ પર્વત.

ऋषभकेतन પુ૦ મહાદેવ, પહેલા જૈન તીર્થંકર.

ऋषभगजविलसित ન૦ તે નામનો એક છંદ.

ऋषभतर પુ૦ ભાર ઉપાડવામાં મંદ શક્તિવાળો બળદ.

ऋषभतरी સ્ત્રી૦ ભાર ઉપાડવામાં મંદ શક્તિવાળી બળદની જાત.

ऋषभद्वीप પુ૦ ન૦ એક દ્વીપ-શ્વેતદ્વીપ.

ऋषभध्वज પુ૦ મહાદેવ, પહેલા જૈન તીર્થંકર.

ऋषभी સ્ત્રી૦ પુરૂષાકાર સ્ત્રી, ગાય, વિધવા સ્ત્રી, એક જાતની વનસ્પતિ.

ऋषि પુ૦ જ્ઞાનવડે સંસારપાર જનાર વસિષ્ઠ વગેરે ઋષિ, શાસ્ત્રકાર-આચાર્ય, વેદ, દર્શન, જ્ઞાન.

ऋषिक પુ૦ ઋષિનો ઔરસ પુત્ર.

ऋषिकुल्य ત્રિ૦ ઋષિસમુદાયના હિતનું, ઋષિસમુદાયને યોગ્ય.

ऋषिकुल्या સ્ત્રી૦ ઋષિઓએ બનાવેલી તે નામની નદી, માનસ સરોવરની પાસે ઋષિઓએ બનાવેલું એક સરોવર.

ऋषिकृत् ત્રિ૦ સર્વદ્રષ્ટા.

ऋषिगिरि પુ૦ તે નામનો એક પર્વત.

ऋषिजाङ्गलिकी સ્ત્રી૦ તે નામનું એક વૃક્ષ-ઋક્ષગંધા.

ऋषितर्पण ન૦ ઋષિઓને ઉદ્દેશી કરેલું તર્પણ.

ऋषिपञ्चमी સ્ત્રી૦ ભાદરવા શુદ પાંચમ.

ऋषिप्रोक्ता સ્ત્રી૦ તે નામની એક ઔષધિ-માષપર્ણી.

ऋषिबंधु પુ૰ ઋષિવંશમાં જન્મેલ નીચ ઋષિ, શરભ નામનો એક ઋષિ.
ऋषिमत् ત્રિ૰ ઋષિઓવાળું.
ऋषिमनस् ત્રિ૰ સર્વ વિષયને જોનાર મનવાળું.
ऋषियज्ञ પુ૰ ઋષિઓને ઉદ્દેશી કરેલો યજ્ઞ, નિત્ય વેદાધ્યયનરૂપ બ્રહ્મયજ્ઞ.
ऋषिलोक પુ૰ સત્યલોકની પાસેનો ઋષિઓએ ભોગવવા યોગ્ય એક લોક.
ऋषिश्राद्ध ન૰ ઋષિઓનું કર્તવ્ય શ્રાદ્ધ.
ऋषिसाह् ત્રિ૰ દુષ્ટોઓનો પરાભવ કરનાર.
ऋषिषाण પુ૰ ઋષિઓએ સંભક્ત.
ऋषिषेण પુ૰ તે નામનો એક રાજા.
ऋषिष्टुत ત્રિ૰ ઋષિઓએ સ્તુતિ કરેલ.
ऋषिस्तोम પુ૰ તે નામનો એક યાગ.
ऋषिस्वर પુ૰ ઋષિઓએ સ્તુતિ કરવા યોગ્ય.
ऋषिसर्ग પુ૰ ઋષિઓએ કરેલી જગત્સૃષ્ટિ.
ऋषी સ્ત્રી૰ ઋષિપત્ની.
ऋषीक પુ૰ ઋષિપત્નીમાં જન્મેલ–ઋષિનો ઔરસ પુત્ર.
ऋषीवत् ત્રિ૰ ઋષિઓએ સ્તુતિ કરેલ.
ऋषीवह ત્રિ૰ ઋષિઓને વહન કરનાર.
ऋषु પુ૰ સૂર્યનું કિરણ, મંત્રદ્રષ્ટા ઋષિ.
ऋषु ત્રિ૰ જનાર, મોટું, બળવાન, જાણનાર.
ऋष्टि સ્ત્રી૰ બે તરફ ધારવાળી તરવાર, હરકોઇ તરવાર, આયુધ–હથિઆર, હિંસા, અનિષ્ટ ઉત્પન્ન કરવું તે, દીપ્તિ, કાંતિ.
ऋष्टिषेण પુ૰ તે નામનો એક રાજા.
ऋष्य ત્રિ૰ એક જાતનો મૃગ.
ऋष्यकेतन પુ૰ અનિરૂદ્ધ.
ऋष्यकेतु પુ૰ અનિરૂદ્ધ.
ऋष्यगता સ્ત્રી૰ એક જાતનું ઝાડ–ऋष्यप्रोक्ता જુઓ.
ऋष्यगंधा સ્ત્રી૰ એક જાતનું ઝાડ.
ऋष्यजिह्व ન૰ એક જાતનો મહાન કોઢનો રોગ.
ऋष्यप्रोक्ता સ્ત્રી૰ શતાવરી, અતિબલા, શૂકશિંબી.
ऋष्यमूक પુ૰ તે નામનો એક પર્વત.
ऋष्यशृङ्ग પુ૰ તે નામનો એક ઋષિ.
ऋष्यादि પુ૰ વૈદિક મંત્રનું અવશ્ય જાણવા યોગ્ય ઋષિપંચક.
ऋष्यादिन्यास પુ૰ તંત્રપ્રસિદ્ધ ઋષ્યાદિ ન્યાસ.
ऋष्व ત્રિ૰ મોટું.
ऋष्वा સ્ત્રી૰ ऋष्टि શબ્દ જુઓ.
ऋहत् ત્રિ૰ નાના–ટુંકા શરીરવાળું વગેરે.

ॠ.

ॠ સ્વરોપૈકી આઠમો દીર્ઘસ્વર ઋકાર.
ॠ ક્ર્યાદિ૰ પર૰ સક૰ સેટ્ જવું.
ॠ અવ્ય૰ વાક્યના આરંભમાં, રક્ષામાં નિંદામાં અને ભયમાં વપરાય છે.
ॠ સ્ત્રી૰ દેવોની માતા, દાનવોની માતા, સ્મૃતિ, ગતી.
ॠ ન૰ છાતી
ॠ પુ૰ ભૈરવ, દાનવ.

ऌ.

ऌ સ્વરોપૈકી નવમો સ્વર.
ऌ અવ્ય૰ દેવોની માતા, પૃથ્વી, પર્વત.

ॡ.

ॡ સ્વરોપૈકી દશમો દીર્ઘ ॡકાર.
ॡ અવ્ય૰ દેવોની સ્ત્રી–દેવી, દૈત્ય સ્ત્રી, દાનવોની માતા.
ॡ સ્ત્રી૰ કામધેનુની માતા
ॡ પુ૰ મહાદેવ.

ए.

ए સ્વરોપૈકી અગીઆરમો સ્વર.

ए અવ્ય૦ સ્મૃતિમાં, અસૂયામાં, અનુકંપામાં, સંબોધનમાં અને બોલવામાં વપરાય છે.

ए પુ૦ વિષ્ણુ.

एक ત્રિ૦ એકની સંખ્યાવાળું, એક, કેવળ, ફકત, મુખ્ય, બીજું, સત્ય, અદ્વિતીય, સમાન, અલ્પ, થોડું.

एक પુ૦ સર્વદા એકસ્વરૂપ પરમેશ્વર.

एकक ત્રિ૦ એકલું, અસહાય, સહાય વગરનું.

एककपाल ત્રિ૦ માટીની એક ઠીકરી ઉપર સંસ્કારયુકત કરેલ પુરોડાશ વગેરે.

एककर ત્રિ૦ માત્ર એક કરનાર, એકની સંખ્યાવાળું, એક હાથવાળું.

एलकर પુ૦ એક હાથ.

एककार्य ત્રિ૦ સમાન કાર્ય કરનાર.

एककार्य ન૦ એક કાર્ય.

एककाल પુ૦ એક કાળ.

एककालिक ત્રિ૦ એક કાળમાં થનાર.

एककालीन ત્રિ૦ એક કાળમાં થનાર.

एककुण्डल પુ૦ બળદેવ, કુબેર.

एककुष्ठ ન૦ એક જાતનો કોઢનો રોગ.

एकगम्य પુ૦ એક સ્વરૂપે પ્રાપ્ત કરવા યોગ્ય પરમાત્મા.

एकगम्य ત્રિ૦ એકલાએ પ્રાપ્ત કરવા યોગ્ય.

एकगुरु પુ૦ એક ગુરુ પાસે ભણનાર-સહાધ્યાયી.

एकग्राम પુ૦ એક ગામ.

एकग्राम ત્રિ૦ એક ગામમાં રહેનાર.

एकग्रामीण ત્રિ૦ એક ગામનું.

एकग्रामीय ત્રિ૦ એક ગામનું.

एकचक्र ન૦ હરિગૃહ.

एकचक्र પુ૦ સૂર્યનો રથ.

एकचक्र ત્રિ૦ એક પૈડાવાળું, એક રાજાના ચિહ્નવાળું.

एकचक्रा સ્ત્રી૦ તે નામનું એક નગર.

एकचत्वारिंशत् સ્ત્રી૦ એકતાલીસ.

एकचर ત્રિ૦ એકલું વિચરનાર.

एकचरण પુ૦ એક પગવાળું એક જાતનું મનુષ્ય, એક પગવાળાં મનુષ્યવાળો દેશ.

एकचर्य्या સ્ત્રી૦ એકલા વિચરવું-ફરવું.

एकचारिन् ત્રિ૦ એકલું વિચરનાર-ફરનાર.

एकचित्त ન૦ એક ચિત્ત.

एकचित्त ત્રિ૦ એક ચિત્તવાળું.

एकच्छाय ત્રિ૦ એક છાયાવાળું.

एकच्छाया સ્ત્રી૦ દેવાદારની સમાનતા.

एकज ત્રિ૦ એકથી ઉત્પન્ન થયેલ ભાઈ-બહેન વગેરે, અસહાયપણાથી થયેલ.

एकजटा સ્ત્રી૦ તે નામની એક દેવી.

एकजन्मन् પુ૦ રાજા.

एकजन्मन् પુ૦ સ્ત્રી૦ શૂદ્રજાતિ.

एकजात ત્રિ૦ एकज શબ્દ જુઓ.

एकजाति પુ૦ સ્ત્રી૦ શૂદ્રજાતિ.

एकजाति પુ૦ એક જાતનો કીડો.

एकजाति ત્રિ૦ સમાન જાતવાળું, સમાન ધર્મવાળું.

एकजातीय ત્રિ૦ એક જાતનું,

एकजातीय ત્રિ૦ સમાન પ્રકારનું.

एकजीववाद પુ૦ 'જીવ એક જ છે' એવો વાદ.

एकतय ત્રિ૦ એક અવયવવાળું.

एकतर ત્રિ૦ અત્યંત એક.

एकतस् અવ્ય૦ એકથી, એક થકી.

एकता સ્ત્રી૦ એકપણું.

एकतान ત્રિ૦ એકમાં જ ચિત્તવૃત્તિવાળું, એક વિષયમાં આસક્ત મનવાળું, એકરૂપ વિસ્તારવાળું, એકતાને પામેલ કોઈ સ્વર.

एकतानक ત્રિ૦ ઉપરના અર્થ.

एलताल પુ૦ એક લય, વિચ્છેદરહિત નૃત્ય-વાદ્ય-ગીત વગેરે, એક જાતનું વાદિત્ર.

एकताल त्रि० એક તાલવાળું.
एकतीर्थिन् त्रि० સમાન આશ્રમવાળું, એક આશ્રમવાળું.
एकतोदत् त्रि० એક બાજુ દાંતવાળું પશુ વગેરે.
एकत्र अव्य० એકઠું, એક ઠેકાણે.
एकत्रिक पुं० તે નામનો એક યાગ.
एकत्व न० એકપણું.
एकत्वादिविवक्षान्याय पुं० જૈમિનીકૃત ન્યાયશાસ્ત્ર.
एकदंष्ट्र पुं० ગણપતિ.
एकदन्त पुं० ગણપતિ.
एकदण्डिन् पुं० કેવળ દંડ ધારણ કરનાર એક સન્યાસી.
एकदा अव्य० એક સમયે.
एकदिश् त्रि० એક દિશાવાળું, સમાન દિશામાં રહેનાર.
एकदृश् त्रि० એક આંખવાળું-કાણું.
एकदृश् पुं० સર્વને એક સ્વરૂપે જોનાર તત્વજ્ઞાની, શિવ, કાગડો.
एकदृष्टि स्त्री० એક એવી દૃષ્ટિ, અભેદ-દર્શન, કેવળ એક વિષયનું જ દર્શન.
एकदृष्टि त्रि० એક નેત્રવાળું-કાણું, એક વિષયને જ જોનાર, સર્વને એક સ્વરૂપે જોનાર.
एकदृष्टि पुं० કાગડો.
एकदेव पुं० મુખ્ય દેવ-પરમેશ્વર.
एकदेवत त्रि० એક દેવતાવાળું અગ્નિહોત્ર વગેરે કર્મ.
एकदेवता स्त्री० એક દેવ, પરમેશ્વર.
एकदेवत्य त्रि० શ્રેષ્ઠ દેવવાળું, એક દેવ-વાળું.
एकदेश पुं० એક દેશ, અવયવ, ભાગ.
एकदेश त्रि० એક દેશવાળું, એક દેશનું.
एकदेशविभावितन्याय पुं० એક તર્ક.
एकदेह पुं० બુધ ગ્રહ, વંશરૂપ ગોત્ર, પતિ-પત્ની.
एकदेह न० એક શરીર.
एकदैवत त्रि० एकदेवत શબ્દ જુઓ.
एकदैवत्य त्रि० एकदेवत्य શબ્દ જુઓ.
एकद्रू पुं० કેવળ એક પરમાત્મામાં રમણ કરનાર-જ્ઞાની.
एकधन न० કેવળ ધન, એક કળશ, મુખ્યધન.
एकधन त्रि० કેવળ ધનવાળું, એક કળ-શમાં રહેલ જળ વગેરે, નહિ વહેંચેલ ધનવાળું, મિશ્ર ધનવાળું.
एकधर्मन् त्रि० એક ધર્મવાળું, સમાન ધર્મવાળું.
एकधर्मिन् त्रि० ઉપરના અર્થ.
एकधा अव्य० એક રીતે, એક પ્રકારે.
एकधुर त्रि० એક ઝુંસરી વહન કરનાર, એક ભાર વહન કરનાર.
एकधुरा स्त्री० એક ઝુંસરી, એક ભાર.
एकधुरावह त्रि० एकधुर જુઓ.
एकधुरीण त्रि० એક ઝુંસરી વહેનાર, એક ભાર વહેનાર.
एकनक्षत्र न० એક તારાત્મક કોઇ નક્ષત્ર, એક નક્ષત્ર.
एकनट पुं० મુખ્ય નટ, એક નટ.
एकपक्ष पुं० સહાય, એક પક્ષ.
एकपति पुं० એક સ્વામી.
एकपतिक त्रि० એક સ્વામીવાળું.
एकपतिका स्त्री० એક સ્વામીવાળી સ્ત્રી, પતિવ્રતા.
एकपत्नी स्त्री० શોક્ય, પતિવ્રતા સ્ત્રી.
एकपत्रिका स्त्री० સુગંધી પાનવાળું ઝાડ, ગંધપત્રા વૃક્ષ.
एकपद न० એક પદને ઉચ્ચારણયોગ્ય કાળવાળો સમય, એક સ્થાન, એક શબ્દ, એક કોઠાવાળું સ્થાન.
एकपद पुं० તે નામનો એક દેશ, એક દેવજાતિ, એક જાતનો મૃગ, એક પ્રકા-રનો રતિબંધ.

एकपद त्रि० એક પગવાળું, એકપદવાચ્ય.
एकपदि अव्य० જેમાં કેવળ પગ સાધન હોય છે તેવું યુદ્ધ.
एकपदी स्त्री० માર્ગ, રસ્તો, એક પગવાળી સ્ત્રી, એક પાદવાળી ઋચા, એક જાતની મૃગલી.
एकपरि अव्य० એકથી વિપરીત થયેલ.
एकपर्ण त्रि० એક પાંદડાવાળું વૃક્ષ વગેરે.
एकपर्णा स्त्री० હિમાલયની ત્રણ પુત્રીઓમાંની એક વચેટ.
एकपर्णिका स्त्री० ઉપરનો અર્થ.
एकपर्वतक पु० તે નામનો એક પર્વત.
एकपलाश पु० એક પાંદડાવાળું ઝાડ.
एकपलाशीय त्रि० એક પાંદડાવાળા ઝાડમાં થનાર, તેવા ઝાડસંબંધી.
एकपाटला स्त्री० હિમાલયની ત્રણ પુત્રીઓમાંની એક છેલ્લી.
एकपातिन् त्रि० એકલપણે ગતિ કરવાના સ્વભાવવાળું.
एकपातिन् न० એક પ્રકારનો દિવસવિશેષ.
एकपातिनी स्त्री० તે નામની એક ઋચા.
एकपाद् त्रि० એક પગવાળું.
एकपाद् पु० વિષ્ણુ, શિવ.
एकपाद् पु० એક પગ, પરમેશ્વર, તે નામનો એક અસુર.
एकपाद त्रि० માત્ર એક પગવાળું, એક ચરણવાળું, માત્ર એક પગનો આધાર લેનાર.
एकपादिका स्त्री० માત્ર જેમાં એક પગ આધારરૂપે હોય છે તેવી સ્થિતિ, પક્ષીઓનું એક પ્રકારનું ઉભવું.
एकपिङ्ग पु० કુબેર.
एकपिङ्गल पु० કુબેર.
एकपिण्ड त्रि० શ્રાદ્ધમાં જેને ઉદ્દેશી સમાન પિંડ આપવામાં આવે તે-સપિંડ-સગોત્રી.
एकपुरुष पु० પુરૂષોત્તમ પરમેશ્વર, પ્રધાન-મુખ્ય પુરૂષ.
एकपुरुष त्रि० એક પુરૂષવાળું.
एकपुष्कर पु० એક જાતનું વાદિત્ર-કાહલું.
एकपुष्कल पु० ઉપરનો અર્થ.
एकपुष्पा स्त्री० માત્ર એક ફુલવાળું એક ઝાડ.
एकप्रस्थ पु० એક શેર, એક શિખર.
एकप्रस्थ पु० એક શિખરવાળો પર્વત.
एकफला स्त्री० માત્ર એક ફળવાળી એક ઔષધિ.
एकफली स्त्री० ઉપરનો અર્થ.
एकभक्त न० જેમાં એક વખત ભોજન કરવાનું હોય છે તેવું એક વ્રત.
एकभक्त त्रि० એક વખત ભોજન કરનાર.
एकभक्तव्रत न० એક વખત જમવાનું વ્રત.
एकभक्ति स्त्री० અત્યંત ભક્તિ, એકજ વિષયની ભક્તિ.
एकभक्त त्रि० અત્યંત ભક્ત, એક વિષયનીજ ભક્તિ કરનાર.
एकभङ्गीनय पु० એક પ્રકારનો ન્યાય.
एकभार्य पु० એક સ્ત્રીવાળો પુરૂષ.
एकभार्य त्रि० એકથી ભરણપોષણ કરવા યોગ્ય.
एकभार्या स्त्री० એકનીજ સ્ત્રી, પતિવ્રતા.
एकभाव पु० અનન્યવિષય રાગ, એક સ્વભાવ, એક આશય, એક અભિપ્રાય, અભેદ.
एकभाव त्रि० એક વિષયના રાગવાળું, એક સ્વભાવનું, એક આશયનું, એક અભિપ્રાયનું, અભિન્ન.
एकभूत त्रि० એક ન હોય અને એક થયેલ, એકમાં થયેલ, એકમાં આસક્ત.
एकभूम पु० न० એક માળવાળો મહેલ-ઘર વગેરે.
एकमति स्त्री० એક બુદ્ધિ.

एकमति त्रि० એક વિષયની બુદ્ધિવાળું.
एकमुख त्रि० જેમાં એક મુખ્ય હોય છે, તે એક બારણાવાળો મંડપ વગેરે.
एकमुख न० એક મુખ, એક દ્વાર.
एकमूल त्रि० એક મૂળવાળું.
एकमूल न० એક મૂળ, એક કારણ.
एकमूला स्त्री० એક મૂળીયાંવાળી એક વનસ્પતિ.
एकयष्टिका स्त्री० એક સેરવાળો હાર.
एकयोनि स्त्री० એક ઉત્પત્તિસ્થાન.
एकयोनि त्रि० એક જાતનું, એક-સમાન ઉત્પત્તિસ્થાનવાળું.
एकरज पु० ભાંગરો.
एकरस पु० એક રસ, એક એવો રાગ, એક અભિપ્રાય.
एकरस न० એક રસવાળું નાટક.
एकरस त्रि० એક રસવાળું, એક અભિપ્રાયવાળું.
एकराज् पु० ચક્રવર્તી રાજા, શ્રેષ્ઠ રાજા.
एकराज पु० ઉપરના અર્થ.
एकरात्र न० એક રાત્રિદિવસ.
एकरात्रिक त्रि० એક દિવસ ભોજન-નિર્વાહપૂરતું.
एकराशि पु० એક રાશિ, એક ઢગલો.
एकरिक्थिन् त्रि० એક પિતાનું ધન લેનાર-વારસ, નહિ વેંચેલ ધનવાળું, મિશ્ર ધનવાળું.
एकरूप त्रि० સમાન રૂપવાળું.
एकरूप न० એક રૂપ, સમાન રૂપ.
एकरूपता स्त्री० એક રૂપપણું, સમાનરૂપ વાળાપણું.
एकरूपत्व न० ઉપરના અર્થ.
एकरूप्य त्रि० એકથી આવેલ.
एकरूप्य न० કેવળ રૂપું.
एकरूप्य त्रि० કેવળ રૂપાવાળું.
एकर्च पु० न० એક ઋચા.
एकर्च न० એક ઋચાવાળું, સૂક્ત.
एकर्च पु० એક ઋચાથી સ્તુતિ કરવા યોગ્ય કોઇ દેવ.
एकल त्रि० એકલું, સહાય વગરનું, અવયવ રહિત, એકપણાનો આશ્રય.
एकलव्य पु० ભિલ્લરાજા હિરણ્યધનુષનો તે નામનો એક પુત્ર.
एकलिङ्ग न० સિદ્ધિનું સાધન એક ક્ષેત્ર.
एकलिङ्ग पु० નિયત લિંગવાળો શબ્દ, કુબેર.
एकलू पु० તે નામનો એક ઋષિ.
एकवक्त्र पु० તે નામનો એક અસુર.
एकवक्त्र न० એક મુખવાળું રૂદ્રાક્ષનું ફળ.
एकवचन न० વ્યાકરણપ્રસિદ્ધ એક વચન.
एकवत् अव्य० એકના જેવું, એક વચનના જેવું, એકના જેવી ક્રિયાવાળું.
एकवद्भाव पु० એકના જેવું થવું.
एकवर्ण त्रि० એક વર્ણવાળું, એકસ્વરૂપ, એક જાતિનું, એક શુક્લ વગેરે રૂપ.
एकवर्णसमीकरण न० બીજગણિતમાં કહેલ એક બીજ.
एकवर्णी स्त्री० કરતાલના જેવું એક વાદિત્ર.
एकवर्ष त्रि० એક વર્ષનું.
एकवर्षिक त्रि० એક વર્ષનું.
एकवर्षिका स्त्री० એક વર્ષની ગાય.
एकवस्त्र त्रि० એક વસ્ત્રવાળું, એક જાતનાં વસ્ત્રવાળું.
एकवस्त्र न० એક વસ્ત્ર.
एकवाक्य न० એક અર્થવાળું વાક્ય, સમાન રૂપવાળું વાક્ય.
एकवाद पु० ડિંડિમ નામનું વાદિત્ર, વેદાંતિઓએ માનેલો એક વાદ.
एकविंशत् स्त्री० એકવીસ, એકવીસની સંખ્યાવાળું.
एकविंशति स्त्री० ઉપરના અર્થ.
एकविंशस्तोम पु० એકવીસ મંત્રની એક સ્તુતિ.

एकविध त्रि० એકપ્રકારનું.

एकविलोचन त्रि० એક આંખવાળું-કાણું.

एकविलोचन पु० તે નામનો એક દેશ.

एकवीर पु० શ્રેષ્ઠ વીર, મહાવીર, તે નામનું એક વૃક્ષ.

एकवीराकल्प पु० તે નામનું એક તંત્રશાસ્ત્ર.

एकवृक्ष पु० ચાર કોસની અંદર જ્યાં એકજ વૃક્ષ હોય તેવો કોઇ પ્રદેશ, એકજ વૃક્ષ.

एकवृत् स्त्री० એક વખત ગણવું, એક વખત આવૃત્તિ, એક પ્રકારે વર્તતું, સ્વર્ગલોક.

एकवृन्द पु० તે નામનો એક રોગ.

एकवृन्द न० એક સમુદાય.

एकवृष पु० એક બળદ.

एकवृष त्रि० એક બળદથી જોડેલ ગાડું વગેરે.

एकवेणि स्त्री० એક થયેલ વેણી-ચોટલો-નહિ ગુંથવાથી એકરૂપ થયેલી વેણી.

एकवेणी स्त्री० ઉપરનો અર્થ.

एकशत न० એકસો એક અધિક એવી સોની સંખ્યા.

एकशतक त्रि० એક સો જેટલું.

एकशतक न० એક સોની સંખ્યા.

एकशतधा अव्य० એક સો પ્રકારે.

एकशतशस् अव्य० એક સો એક સો.

एकशफ त्रि० એક ખરીવાળું.

एकशाख त्रि० એક શાખાવાળું.

एकशाखक त्रि० ઉપરનો અર્થ.

एकशाखीय त्रि० એકશાખામાં થનાર-હોનાર, એક શાખાનું.

एकशाला स्त्री० એક શાળા.

एकशालिक त्रि० એક શાળા જેવું.

एकशितिपाद् पु० એક કાળા પગનો એક જાતનો ઘોડો.

एकशुङ्ग पु० એક જાતની ઔષધિ.

एकशृङ्ग पु० વિષ્ણુ, તે નામનો એક પિતૃગણ, એક શિખરવાળો પર્વત, એક શીંગડાળું પશુ.

एकशृङ्गा स्त्री० શુકદેવ રાજાની રાણી, એક શીંગડાંવાળી પશુ જાતિ.

एकशेप पु० એક મૂળીયાંવાળું વૃક્ષ.

एकशेष पु० વ્યાકરણપ્રસિદ્ધ પાંચ વૃત્તિમાંની એક.

एकशेष पु० એકાંત.

एकशेष त्रि० અતિશયવાળું.

एकश्रुति स्त्री० એક સ્વરનું સંભળાતું તે, એક વેદવાક્ય.

एकश्रुति त्रि० જેમાં એક સ્વર સંભળાય તે, એક કાનવાળું.

एकषष्ट त्रि० એકસઠની સંખ્યાને પૂર્ણ કરનાર.

एकषष्टि स्त्री० એકસઠ.

एकषष्टिक त्रि० એકસઠની સંખ્યાવાળું.

एकसभ त्रि० એક સભાવાળું, એક સમુદાયવાળું.

एकसर्ग पु० એકાગ્ર, એકતાન, માત્ર એકમાં આસક્તમનવાળું, એક એવી સૃષ્ટિ.

एकसूत्र पु० ડમરૂ નામનું વાદિત્ર-ડાકલું.

एकस्थ त्रि० એકમાં રહેનાર, એક ઠેકાણે રહેનાર, એકત્ર રહેનાર, એકઠું રહેનાર.

एकस्थित त्रि० ઉપરના અર્થ.

एकहंस न० તે નામનું એક સરોવર.

एकहायन त्रि० એક વર્ષમાં ઉત્પન્ન થયેલ, એક વર્ષનું.

एकहायना स्त्री० એક વર્ષની.

एकहायनी स्त्री० એક વર્ષની ગાય વગેરે

एका स्त्री० દુર્ગા દેવી, એક એવી સ્ત્રી.

एकाकिन् त्रि० અસહાય, એકલું, સજાતીયસહચરરહિત.

एकाक्ष पु० કાગડો.

एकाक्ष त्रि० એક આંખવાળું-કાણું.

एकाक्षर न० એક અક્ષર, એક સ્વરવાળો ૐકાર

एकाक्षर त्रि० એક અક્ષરવાળું.
एकागार न० એક–અસહાય એવું ઘર, જેમાં બીજો ન વસતો હોય તેવું ઘર.
एकागारीय त्रि० મુનિ વગેરે.
एकाग्र त्रि० એક વિષયમાં ચિત્તવૃત્તિવાળું, વિક્ષેપરહિત જ્ઞાનવાળું.
एकाग्रता स्त्री० એકાગ્રપણું.
एकाग्रत्व न० ઉપરનો અર્થ.
एकाग्र्य त्रि० એકતાન, એક આલંબનવાળું, એકનોજ આશ્રય કરનાર.
एकाङ्ग पु० બુધ ગ્રહ.
एकाङ्ग न० ચંદન, એક અંગ.
एकाङ्ग पु० સ્ત્રીની સાથે એક અંગવાળો–પતિ.
एकाङ्गी स्त्री० પતિની સાથે એક અંગવાળી સ્ત્રી.
एकाण्ड पु० એક વૃષણવાળો એક જાતનો ઘોડો.
एकात्मन् पु० એક એવો આત્મા.
एकात्मन् त्रि० એક સ્વરૂપવાળું, એક સ્વભાવવાળું.
एकादश त्रि० અગીઆરની સંખ્યા પૂરનાર-અગીઆરમું.
एकादशक न० અગીઆર.
एकादशक पु० અગીઆરની સંખ્યાનો સમુદાય.
एकादशन् त्रि० અગીઆર, અગીઆરની સંખ્યાવાળું.
एकादशम त्रि० અગીઆરમું.
एकादशद्वार न० અગીઆર છિદ્રવાળું–શરીર.
एकादशाह पु० અગીઆર દિવસનો–સમુદાય.
एकादशाह न० મરણ પછી અગીઆરમે દિવસે કરવાનું શ્રાદ્ધ.
एकादशाहीन त्रि० અગીઆરમે દિવસે થયેલ.
एकादशिन् त्रि० અગીઆરની સંખ્યાના માપવાળું.
एकादशी स्त्री० અગીઆરશ.
एकादशराशिक न० લીલાવતીમાં કહેલ અગીઆર રાશિઓને ઉદ્દેશી એક ગણત્રી.
एकादि त्रि० એક જેના આરંભમાં હોય તે.
एकादेश पु० વ્યાકરણપ્રસિદ્ધ બેને સ્થાને થનાર એક આદેશ, એક એવો આદેશ-હુકમ.
एकादूनविंशति स्त्री० ઓગણીસ, ઓગણીસની સંખ્યાવાળું.
एकाधिक त्रि० જેમાં એક અધિક હોય તે.
एकान्नविंशति स्त्री० ઓગણીસ.
एकानंशा स्त्री० દુર્ગા દેવી, યોગકન્યા.
एकानुदिष्ट त्रि० એકોદ્દેશથી આપેલું શ્રાદ્ધ.
एकान्त त्रि० અત્યંત અતિશય, અત્યંત એવું દ્રવ્ય, અતિશય એવું દ્રવ્ય, એકાંત, નિર્જન, એક સ્વભાવવાળું, એકરૂપતાને પામેલ.
एकान्ततस् अव्य० એકાંત, નિર્જન.
एकान्तत्यागवाद पु० જૈનોએ માનેલો સ્યાદ્વાદ.
एकान्तदुःषमा स्त्री० એક કાલપ્રમાણ.
एकान्तर त्रि० એક અંતરવાળું, એક વ્યવધાનવાળું.
एकान्तर न० એકાંતરે ભોજનવાળું એક વ્રત.
एकान्तर पु० એક દિવસને અંતરે આવતો તાવ.
एकान्तसुषमा स्त्री० એક કાલ પ્રમાણ.
एकान्तिन् त्रि० અતિશયવાળું, ભગવાનનો અનન્યભક્ત.
एकान्न त्रि० જેમાં એક વખત ભોજન કરવાનું હોય છે તેવું વ્રત વગેરે.
एकान्न न० માત્ર એક ભક્ષણ કરવા યોગ્ય અન્ન.
एकायन त्रि० બીજા વિષયથી પાછા ફરેલ

મનવાળું, એક આધારવાળું, એક આશ્રયવાળું, માત્ર એકથી ગમન કરવા યોગ્ય, જેને એક આશ્રય હોય તે.

एकायन न० એક સ્થાન.

एकायनगत त्रि० એકાગ્ર, એક સ્થાનમાં રહેલ.

एकार्थ पु० એક પ્રયોજન, એક અર્થ, એક પદાર્થ.

एकार्थ त्रि० એક પ્રયોજનવાળું, એક અર્થવાળું, એક પદાર્થવાળું.

एकावली स्त्री० એક સેરવાળો હાર, તે નામનો એક અલંકાર.

एकाब्द त्रि० એક વર્ષનું.

एकाब्दा स्त्री० એક વર્ષની ગાય.

एकाशीतिपद न० વાસ્તુપૂજા માટે કરવાનું એક મંડળ.

एकाश्रय त्रि० એક આશ્રયવાળું, એક આધારવાળું, બીજી ગતિવગરનું.

एकाश्रय पु० એક આશ્રય, એક આધાર.

एकाश्रितगुण पु० એક પદાર્થમાં રહેલ ધર્મ.

एकाष्टका स्त्री० ઇન્દ્રાણી, માઘ વદિ આઠમ, તે દિવસે કરવાનું શ્રાદ્ધ.

एकाष्टी स्त्री० કપાસ.

एकाष्ठी स्त्री० કપાસ.

एकाष्ठील पु० એક જાતનું ઝાડ-બકવૃક્ષ.

एकाष्ठीला स्त्री० એક વનસ્પતિ-પાઢ.

एकाह पु० એક દિવસ, અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞ.

एकाहगम पु० એક દિવસે જવા યોગ્ય દેશ.

एकाहार पु० એક દિવસે એક વખત ભોજન.

एकीकरण न० એક કરવું.

एकीकृत त्रि० એક કરેલ.

एकीकृत्य अव्य० એક કરીને.

एकीभाव पु० એક થવું.

एकीभूत त्रि० એક થયેલ.

एकीभूय अव्य० એક થઇને.

एकीय त्रि० એક પક્ષનું, એકસંબંધી.

एकेक्षण पु० કાગડો, શુક્રાચાર્ય.

एकेक्षण त्रि० એક આંખવાળું-કાણું.

एकैक त्रि० એક એક.

एकैकशस् अव्य० એક એક-પ્રત્યેક.

एकैकश्य न० એક એક, પ્રત્યેક, એક એકપણું.

एकैषिका स्त्री० તે નામનું એક ઝાડ.

एकोक्ति स्त्री० બન્ને પદાર્થના વિષયની એક શક્તિ.

एकोत्तर त्रि० એક એક અધિક.

एकोदक पु० સાતમી પેઢીથી આરંભી ચૌદમી પેઢી સુધી ગોત્રજ.

एकोदका स्त्री० ઉપરના અર્થવાળી સ્ત્રી.

एकोदर पु० સગો ભાઈ.

एकोदर न० એક ઉદર-પેટ.

एकोदरा स्त्री० સગી બહેન.

एकोद्दिष्ट न० તે નામનું એક શ્રાદ્ધ.

एकोनचत्वारिंशत् स्त्री० ઓગણચાળીસ, ઓગણચાળીસની સંખ્યાવાળું.

एकोशिका स्त्री० તે નામે એક ઝાડ.

एकौघ पु० એક સમુદાય, અવિચ્છિન્ન પ્રવાહ.

एज् भ्वा० आ० अ० सेट् કંપવું, ધ્રૂજવું, अप+ખસવું, દૂર થવું, उद्+ઉંચે જવું, प्र+અત્યંત ચાલવું.

एज् भ्वा० पर० अ० सेट् દીપવું, પ્રકાશવું.

एजत्क त्रि० જેનું માથું કંપતું હોય તે.

एजथु पु० કંપ, કંપારી, ધ્રૂજ.

एजन न० ઉપરના અર્થ.

एजय त्रि० કંપાવનાર, ધ્રૂજાવનાર.

एजि त्रि० વાયુના રોગથી ઘેરાયેલ.

एज्य त्रि० સારી રીતે યજવા યોગ્ય, સારી રીતે પૂજવા લાયક.

एट् भ्वा० आ० अ० सेट् શઠતા કરવી.

एड पु० બકરો, ઘેટો.

एड त्रि० બહેરૂં.

एडक पु० જંગલી બકરો, મોટા શીંગડાવાળો બકરો, બકરા જેવું એક પશુ, હરકોઇ બકરો, ઘેટો.

एडका स्त्री० બકરી, ઘેટી.

एडगज पु० દાદરનો નાશ કરનાર એક ઝાડ.

एडमूक त्रि० બહેરૂં.

एडी स्त्री० બકરી, ઘેટી.

एडुक न० पु० અંદર સ્થાપેલ હાડકાંવાળું, અંદર નાખેલ કઠણ દ્રવ્યવાળી ભીંત.

एडूक न० ઉપરના અર્થ.

एडोक न० एडुक જુઓ.

एण पु० કાળો મૃગ.

एणक पु० ઉપર જુઓ.

एणकुणक न० કાળામૃગનું બચ્ચું.

एणतिलक पु० ચંદ્ર.

एणभृत् पु० ચંદ્ર.

एणस्यकुणाक पु० મૃગનું બચ્ચું.

एणशाव पु० ઉપરનો અર્થ.

एणशावक पु० મૃગનું બચ્ચું.

एणी स्त्री० કાળી મૃગલી.

एणीपचन पु० જ્યાં કાળી મૃગલીને પણ રાંધી ખાવામાં આવે છે તે દેશ.

एणीपचनीय त्रि० ઉપર કહેલા દેશમાં થનાર–હોનાર.

एणीपद त्रि० કાળી મૃગલીના પગ જેવા પગવાળું.

एत पु० કાબરચિત્રો રંગ.

एत त्रि० કાબરચિત્રું, કાબરૂં.

एतग्व पु० રંગબેરંગી ઘોડો, હરકોઇ ઘોડો.

एतद् त्रि० આ (પાસે રહેલ.)

एतत्र अव्य० આ, આથી, આમાં.

एतस् अव्य० ઉપરના અર્થ.

एतदीय त्रि० આસંબંધી.

एतन पु० નિઃશ્વાસ, નિસાસો.

एतन्मय त्रि० આમય, આસ્વરૂપ.

एतन्मात्र त्रि० આટલા માપનું, આટલું.

एतर्हि अव्य० આ કાળે, આ સમયે.

एतश पु० બ્રાહ્મણ, ઘોડો.

एतशस् त्रि० ઉપર જુઓ.

एतादृश् त्रि० એવું.

एतादृक्ष त्रि० એવું.

एतादृश त्रि० એવું.

एतावत् त्रि० આટલું.

एदिधिषुपति पु० अग्रेदिधिशुपति જુઓ.

एध् भ्वा० आ० अ० सेट् વધવું.

एध पु० લાકડું.

एधतु पु० પુરુષ, અગ્નિ.

एधतु स्त्री० વૃદ્ધિ, વધવું.

एधतु त्रि० વૃદ્ધિવાળું.

एधस् न० લાકડું.

एधा स्त्री० સમૃદ્ધિ.

एधित त्रि० વૃદ્ધિ પામેલ, વધેલ, વધારેલ.

एनस् न० અપરાધ, પાપ.

एनस्य त्रि० અપરાધથી કરેલ, પાપથી કરેલ.

एनस्वत् त्रि० અપરાધી, પાપી.

एनस्विन् त्रि० ઉપર જુઓ.

एम त्रि० પ્રાપ્ત કરવા યોગ્ય.

एमन् न० જવાનો માર્ગ, ઉભા રહેવાનું સ્થાન, ગમન–જવું.

एरक पु० કૌરવ્ય વંશમાં ઉત્પન્ન થયેલ સર્પ.

एरका स्त्री० ગાંઠ વિનાનું એક જાતનું ઘાસ–ચીયો.

एरङ्ग पु० એક જાતનું માછલું.

एरण्ड पु० એરંડો.

एरण्ड न० એરંડાનું ફળ.

एरण्डपत्रिका स्त्री० એક જાતનું ઝાડ–દંતીવૃક્ષ.

एरण्डफला स्त्री० તે નામનું એક ઝાડ.

एरण्डा स्त्री० પીપર.

एरु त्रि० જનાર.
एर्वारु પુ૦ ચીભડું, એક જાતની કાકડી.
एर्वारुक પુ૦ ઉપરના અર્થ.
एलक પુ૦ બકરો, ઘેટો.
एलका स्त्री० બકરી, ઘેટી.
एलङ्ग પુ૦ એક જાતનું માછલું.
एलवालु ન૦ એક જાતનું સુગંધી દ્રવ્ય.
एलवालुक ન૦ ઉપર જુઓ.
एलविल પુ૦ કુબેર.
एला स्त्री० એલચી.
एला कण्ड्वादि प० अ० सेट् વિલાસ કરવો.
एलाक પુ૦ તે નામનો એક ઋષિ.
एलादिगुटिका स्त्री० ગોળીના આકારમાં તે નામનું એક ઔષધ.
एलापत्र પુ૦ એક જાતનો નાગ.
एलापर्णी स्त्री० તે નામની એક વનસ્પતિ.
एलापुर ન૦ તે નામનું એક શહેર.
एलावालु ન૦ एलवालु જુઓ.
एलावालुक ન૦ एलवालुक જુઓ.
एलीका स्त्री० ઝીણી એલચી.
एलुक ન૦ કોઈ એક સુગંધી દ્રવ્ય.
एल्लवालुक ન૦ ઉપરનો અર્થ.
एव अव्य० સમાનતામાં, નિશ્ચયાર્થમાં, વાક્ય શોભાવવામાં, દૂતને પ્રેરણામાં, નિયમન કરવામાં, તિરસ્કારમાં, એ પ્રમાણે એવા અર્થમાં તથા થોડું એવા અર્થમાં વપરાય છે.
एव त्रि० જનાર, જવાનું સાધન.
एव પુ૦ ઘોડો.
एव ન૦ જવાનું સાધન.
एव त्रि० એ પ્રમાણે કરાતા પ્રકારવાળું.
एवथ પુ૦ ગમન, જવું.
एवम् अव्य० એ રીતે, એ પ્રમાણે, પ્રકાર, સમાનતા, નિર્દેશ, નિશ્ચય, સ્વીકાર, સમુચ્ચયના અર્થમાં, સમન્વયમાં, પરકૃતિમાં તથા પ્રશ્નમાં વપરાય છે.
एवया त्रि० રક્ષણ કરનાર.
एवयामरुत् પુ૦ તે નામનો એક ઋષિ.
एवयावन् પુ૦ રક્ષક-વિષ્ણુ.
एवार પુ૦ કોઇ એક સોમ.
एवावद પુ૦ તે નામનો એક ઋષિ.
एष् भ्वा० आ० सक० सेट् જવું. परि+શોધવું, ખોળવું.
एष् स्त्री० જવું.
एष् त्रि० ઇચ્છા કરનાર.
एषण પુ૦ લોખંડી બાણ, વ્રણ ફોડવાનું એક હથિઆર વ્રણમાં વાઢકાપ કરવી તે.
एषणा स्त्री० ઇચ્છા.
एषणिका स्त्री० નીચેનો શબ્દ જુઓ.
एषणी स्त्री० તોલ કરવાનું યંત્ર-કાંટો.
एषणीय त्रि० ઇચ્છવા યોગ્ય, જવા યોગ્ય.
एषा स्त्री० ઇચ્છા.
एषावीर પુ૦ જ્યાં ત્યાંથી પ્રતિગ્રહ કરનાર નીચ બ્રાહ્મણ.
एषावीरा स्त्री० જ્યાં ત્યાંથી પ્રતિગ્રહ કરનારી નિંદિત બ્રાહ્મણજાતિ.
एषिन् त्रि० ઇચ્છા કરનાર.
एषिणी स्त्री० ઇચ્છા કરનારી સ્ત્રી.
एष्टव्य त्रि० ઇચ્છવા યોગ્ય.
एष्टि स्त्री० સામે યજન-પૂજન, સામે ઇચ્છા.
एष्य त्रि० ઇચ્છવા યોગ્ય, એષણ કર્મ-સાધ્ય, ગમન કરવા યોગ્ય, જવા યોગ્ય.
एष्य ન૦ વૈદ્યકપ્રસિદ્ધ એક શલ્યકર્મ.
एह त्रि० સારી ચેષ્ટાવાળું, ક્રોધ પામેલ.
एहि त्रि० સારી ચેષ્ટાવાળું.
एहीड ન૦ 'આવ હું સ્તુતિ કરું' એમ જે કર્મમાં કહેવામાં આવે તે કર્મ.

ऐ.

ऐ સ્વરપૈકી બારમો સ્વર.

ऐ અવ્ય૦ બોલાવવામાં, સ્મરણમાં, આમંત્રણમાં વપરાય છે.

ऐ પુ૦ મહાન ઇશ્વર, પરમેશ્વર.

ऐक ત્રિ૦ એક.

ऐकध्य ન૦ એક પ્રકારે.

ऐकध्यम् અવ્ય૦ ઉપરનો અર્થ.

ऐकपत्य ન૦ ચક્રવર્તીપણું.

ऐकपत्य ત્રિ૦ એક પતિમાં થનાર-હોનાર.

ऐकपदिक ત્રિ૦ એક પગલે-એક સ્થાનમાં અથવા એક વિભકત્યન્ત પદમાં થનાર-હોનાર.

ऐकपदिक ન૦ સમાસરૂપ વાકય.

ऐकपद्य ન૦ સમાસ વગેરે રૂપે થવું, સમાસરૂપે થવું.

ऐकभाव्य ન૦ એક સ્વભાવપણું.

ऐकमत्य ન૦ એક મતવાળાપણું, સમાન સંમતિ.

ऐकराज्य ન૦ ચક્રવર્તિપણું.

ऐकलव्य પુ૦ એકલૂ ઋષિનું ગોત્રજ સંતાન.

ऐकलव પુ૦ બ૦ એકલવ્યના વિદ્યાર્થીઓ.

ऐकलवी સ્ત્રી૦ એકલૂ ઋષિની ગોત્રજ સ્ત્રી.

ऐकशतिक ત્રિ૦ એક સો દ્રવ્યનો સ્વામી.

ऐकश्रुत्य ન૦ આશ્વલાયન શ્રૌતસૂત્રમાં કહેલ એક સ્વર.

ऐकस्वर्य ન૦ ઉપરનો અર્થ.

ऐकागारिक ત્રિ૦ ચોર.

ऐकाग्र ત્રિ૦ એકાગ્ર ચિત્તવાળું.

ऐकाग्र्य ન૦ ચિત્તની એકાગ્રતા, મનનુ બીજામાં અનાસકતપણું.

ऐकात्म्य ન૦ ઐકય, એકતા, એકસ્વરૂપપણું, અભેદ, આત્માનું એકપણું.

ऐकात्म्यवाद પુ૦ આત્મા એક છે એવી માન્યતા.

ऐकात्म्यवादिन् ત્રિ૦ આત્મા એક છે એમ માનનાર.

ऐकादशिन ત્રિ૦ અગીઆરના સમુદાયથી સાધ્ય પશુ.

ऐकाधिकरण्य ન૦ એકાધિકરણ વૃત્તિરૂપ સામાનાધિકરણ્ય, સમાન વિભક્તિવાળાં પદના સ્વોપસ્થાપ્ય અર્થની અભેદબોધકતા.

ऐकान्तिक ત્રિ૦ અવસ્ય થનાર-હોનાર, સ્વસત્તાએ વ્યાપક.

ऐकान्यिक ત્રિ૦ અધ્યયનમાં પ્રવૃત્તિ કરનારા-જેની પરીક્ષાસમયે વિપરીત ઉચ્ચારણરૂપ એક ભૂલ પડી હોય તે કુપાઠક-વિદ્યાર્થી.

ऐकायन પુ૦ એક નામના ઋષિનું ગોત્ર-સંતાન-પુત્ર.

ऐकायना સ્ત્રી૦ એક નામના ઋષિનું ગોત્રસંતાન-પુત્રી.

ऐकार्थ्य ન૦ એકાર્થીભાવ, એક પ્રયોજન.

ऐकाहिक ત્રિ૦ એક દિવસમાં સાધ્ય યજ્ઞ વગેરે, એક દિવસમાં વ્યાપી જનાર તાવ વગેરે, એક દિવસ માટે રાખેલ દાસ, એક દિવસ માટે રાખેલ અધ્યાપક, એક દિવસમાં થનાર ઉત્સવ વગેરે.

ऐकाहिकज्वर પુ૦ એક દિવસમાં વ્યાપેલ તાવ.

ऐकाही સ્ત્રી૦ એક દિવસમાં સાધ્ય યજ્ઞની દક્ષિણા.

ऐकीय ત્રિ૦ એકસંબંધી, એકમાં થનાર-હોનાર.

ऐक्य ન૦ એકતા, અભેદ, એકાર્થીભાવ.

ऐक्षव ત્રિ૦ શેલડીનો વિકાર-ગોળ-સાકર.

ऐक्षव ન૦ શેલડીનો દારૂ.

ऐक्षवी સ્ત્રી૦ કાસડાના મૂળીયાંસંબંધી.

ऐक्षुक ત્રિ૦ શેલડી માટે ઠીક એવું ખેતર વગેરે, ભારરૂપ શેલડીને વહી જનાર, શેલડીને ઉપાડી લઇ જનાર, શેલડીની જમીનમાં થનાર-હોનાર.

ऐक्षुभारिक त्रि० શેલડીના ભારને વહેનાર, શેલડીનો ભાર લઇ જનાર.

ऐक्ष्वाक पु० સૂર્યવંશી રાજા, ઇસ્વાકુ જેનો રાજા હોય તે દેશ.

ऐङ्गुद न० ઇંગોરીઆનું ફળ, ઇંગોરીયું.

ऐच्छिक त्रि० ઇચ્છાથી કરેલ, ઇચ્છાપૂર્વક કરેલ.

ऐड पु० જેમાં 'ઇડા' એનો શબ્દ આવતો હોય તેવો અધ્યાય અથવા અનુવાક.

ऐड पु० ઇડાનો પુત્ર તે નામના એક રાજા.

ऐड त्रि० બકરાં–ઘેટાં સંબંધી.

ऐडविड पु० ઇડવિડાનો પુત્ર–કુબેર.

ऐडिविड पु० સૂર્યવંશી એક ક્ષત્રિય.

ऐडुक न० एडुक જુઓ.

ऐण त्रि० કાળા મૃગસંબંધી.

ऐणिक त्रि० મૃગને હણનાર.

ऐणीपचन त्रि० એણીપચન દેશમાં થનાર–હોનાર.

ऐणेय त्रि० કાળા મૃગસંબંધી.

ऐणेय पु० એક જાતનો રતિબંધ.

ऐतर त्रि० ઇતર નામના ઋષિની પાસે થનાર–હોનાર.

ऐतरेय न० ઋગ્વેદનું એક બ્રાહ્મણ, તે નામનું એક ઉપનિષદ્,વેદની એક શાખા.

ऐतरेय पु० ઇતર નામના ઋષિનો પુત્ર.

ऐतरेयिन् त्रि० ઐતરેય વેદશાખાનું અધ્યયન કરનાર.

ऐतरेयी स्त्री० ઇતર ઋષિની પુત્રી.

ऐतिकायन पु० ઇતિક ઋષિનું ગોત્રસંતાન.

ऐतिशायन पु० ઇતિશ ઋષિનું ગોત્રસંતાન.

ऐतिहासिक त्रि० ઇતિહાસમાંથી આવેલ, ઇતિહાસથી પ્રાપ્ત થયેલ–જાણેલ, ઇતિહાસ જાણનાર, ઇતિહાસ ભણનાર.

ऐतिह्य न० પરંપરાથી પ્રાપ્ત થયેલ ઉપદેશ.

ऐदंयुगीन त्रि० આ યુગમાં સારૂં.

ऐनस न० પાપ.

ऐन्दव न० મૃગશીર નક્ષત્ર, ચાન્દ્રાયણ વ્રત.

ऐन्दव पु० ચાન્દ્ર માસ.

ऐन्दव त्रि० ચંદ્રસંબંધી, ચંદ્ર જેનો દેવ હોય તે–હવિષ્ વગેરે.

ऐन्दवी स्त्री० સોમરાજી.

ऐन्द्र त्रि० ઇન્દ્રસંબંધી, ઇન્દ્ર જેનો દેવ હોય તે–હવિષ વગેરે.

ऐन्द्र पु० ઇન્દ્રનો પુત્ર–જયંત, અર્જુન, વાલી, બાર વર્ષમાંનું એક વર્ષ.

ऐन्द्र न० જ્યેષ્ઠા નક્ષત્ર, જંગલી આદુ.

ऐन्द्रजालिक त्रि० ઇન્દ્રજાળ વિદ્યા જાણનાર, માયાવી. મદારી.

ऐन्द्रद्युम्न न० ઇન્દ્રદ્યુમ્ન રાજાને ઉદ્દેશી કરેલું આખ્યાન.

ऐन्द्रमहिक त्रि० ઇન્દ્રનો ઉત્સવ જેનું કારણ અથવા ફળ હોય તે.

ऐन्द्रलुप्तिक त्रि० મસ્તકે ટાલના રોગવાળો.

ऐन्द्रवायव त्रि० જેના દેવ ઇન્દ્ર તથા વાયુ હોય તેવું હવિષ્ વગેરે.

ऐन्द्रशर्मि पु० ઇન્દ્રશર્માનો છોકરો.

ऐन्द्रहव पु० ઐન્દ્રહવ્યનો વિદ્યાર્થી.

ऐन्द्राग्न त्रि० જેના દેવ ઇન્દ્ર તથા અગ્નિ હોય તેવું હવિષ્ વગેરે.

ऐन्द्रापौष्ण त्रि० જેના દેવ ઇન્દ્ર તથા પૂષા હોય છે તેવું હવિષ્ વગેરે.

ऐन्द्रायण पु० ઇન્દ્રનો પુત્ર.

ऐन्द्रायणक त्रि० ઐન્દ્રાયણે કરેલ વગેરે.

ऐन्द्रि पु० ઇન્દ્રનો પુત્ર જયંત, અર્જુન, વાલી, કાગડો.

ऐन्द्रिय त्रि० ઇન્દ્રિયથી પ્રકાશ કરવા યોગ્ય, ઇન્દ્રિયસંબંધી.

ऐन्द्रियक त्रि० ઉપરના અર્થ.

ऐन्द्री स्त्री० ઇન્દ્રાણી, જ્યેષ્ઠા નક્ષત્ર, પૂર્વ દિશા, અલક્ષ્મી,ઇન્દ્રવરણી,નાની એલચી.

ऐन्धायन पु० ઇન્ધ ઋષિનું ગોત્રસંતાન.

ऐन्य त्रि० સૂર્યમાં થનાર-હોનાર, સ્વામીમાં થનાર-હોનાર.

ऐभ त्रि० હાથીસંબંધી.

ऐभावत पु० તે નામનો એક ઋષિ.

ऐभी स्त्री० હસ્તિઘોષ નામનો વેલો.

ऐर त्रि० અન્નમાં થનાર-હોનાર, પૃથ્વીમાં થનાર-હોનાર, જળમાં થનાર-હોનાર.

ऐर न० બ્રહ્મલોકમાં આવેલું એક સરોવર.

ऐरक्य त्रि० એરકા નામના ઘાસમાં થનાર હોનાર.

ऐरावण पु० ઇન્દ્રનો હાથી ઐરાવત.

ऐरावत पु० ઉપરનો અર્થ, નારંગીનું ઝાડ, નકુચનું વૃક્ષ.

ऐरावत त्रि० સમુદ્રમાં થનાર-હોનાર

ऐरावत न० લાંબુ અને સીધું શત્રુનું ધનુષ, મારવાડનો અમુક ભાગ.

ऐरावतक त्रि० મારવાડ દેશમાં થનાર-હોનાર.

ऐरावती स्त्री० ઐરાવત હાથીની સ્ત્રી-હાથણી, વીજળી, વટપત્રી નામનું ઝાડ, પાંચાલ દેશમાં આવેલી એક નદી.

ऐरिण न० એક જાતનું મીઠું.

ऐरेय पु० મંગળ ગ્રહ.

ऐरेय त्रि० અન્ન વગેરે.

ऐरेय न० અનાજમાંથી થનાર દારૂ.

ऐर्म्य न० વૈદ્યકપ્રસિદ્ધ એક નેત્રાંજન.

ऐल पु० બુધનો પુત્ર પુરૂરવા રાજા, મંગળગ્રહ.

ऐल न० અન્નનો સમૂહ.

ऐल त्रि० પૃથ્વીમાંથી થનાર અન્ન વગેરે.

ऐलवालुक न० એક જાતનું સુગંધી દ્રવ્ય.

ऐलविल पु० તે નામનો એક રાજા, કુબેર.

ऐलाक पु० ઐલાકયનો વિદ્યાર્થી.

ऐलिक पु० તે નામનો એક રાજા.

ऐलेय पु० મંગળ ગ્રહ.

ऐलेय न० તે નામનું એક સુગંધી દ્રવ્ય.

ऐश त्रि० મહાદેવસંબંધી, ઇશસંબંધી.

ऐशानी स्त्री० ઇશાન કોણ.

ऐशी स्त्री० દુર્ગા દેવી.

ऐश्वर त्रि० ऐश જુઓ.

ऐश्वरी स्त्री० ઇશ્વરસંબંધી.

ऐश्वर्य न० પ્રભુત્વ, ઠકુરાઈ, ઇશ્વરધર્મ, અણિમા વગેરે આઠ મહાસિદ્ધિ.

ऐश्वर्यकर्मन् त्रि० ઇશ્વરસંબંધી કર્મવાળું.

ऐषमस् अव्य० ચાલુ વર્ષ.

ऐषमस्तन त्रि० ચાલુ વર્ષમાં થનાર-હોનાર.

ऐषमस्त्य त्रि० ઉપરનો અર્થ.

ऐषीक न० इषीका શબ્દ જુઓ.

ऐषुकारि पु० ઇષુકારનો છોકરો.

ऐषुकारिभक्त पु० ઐષુકારિના વિષયનો દેશ.

ऐषुकार्य्यादि पु० પાણિનીય વ્યાકરણ-પ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

ऐष्टिक पु० જેમાં ઇષ્ટિનું વ્યાખ્યાન હોય તેવો ગ્રંથ, અન્તર્વેદિકામાં થનાર કોઈ કર્મ, ઇષ્ટિસાધન સમર્થ.

ऐहलौकिक त्रि० આ લોકમાં થનાર-હોનાર.

ऐहिक त्रि० આ લોકમાં થનાર-હોનાર, આ લોકમાં જણાયેલ.

ओ.

ओ સ્વરોપૈકી તેરમો સ્વર.

ओ अव्य० સંબોધનમાં, બોલાવવામાં, સ્મરણમાં અને અનુકલ્પનમાં વપરાય છે.

ओ पु० બ્રહ્મા.

ओक पु० પક્ષી, શૂદ્ર, આશ્રય, સમુદાય.

ओकण पु० કેશનો કીડો-જૂ, માંકડ.

ओकणि पु० ઉપરનો અર્થ.

ओकस् न० ઘર, હરકોઈ આશ્રય, નિવાસ.

ओकिवस् त्रि० એકત્ર થયેલ.

ओकुल पु० ઘઉંનો પોંક.

ओकोदनी સ્ત્રી૦ ઓકણ શબ્દ જુઓ.

ओककणी સ્ત્રી૦ ઉપરનો શબ્દ જુઓ.

ओक्य ત્રિ૦ આશ્રયને માટે હિતકારી.

ओख् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ શોભાવવું, અટકાવવું. સુકાવું, સમર્થ થવું અક૦

ओगण ત્રિ૦ અવગણના કરવા યોગ્ય, હલકા તરીકે ગણવા યોગ્ય.

ओगीयस् ત્રિ૦ અત્યંત ઓજસ્વી.

ओघ પુ૦ સમૂહ પાણીનો વેગ, ઉતાવળું નૃત્ય વગેરે, આધ્યાત્મિક એક તુષ્ટિ, પરંપરા, ઉપદેશ.

ओघरथ પુ૦ ઓઘવાન રાજાનો પુત્ર.

ओघवत् ત્રિ૦ પાણીના વેગ વગેરેથી યુક્ત.

ओघवत् પુ૦ તે નામનો એક રાજા.

ओघवती સ્ત્રી૦ ઓઘવાન રાજાની કન્યા.

ओङ्कार પુ૦ ઓંકાર–પ્રણવમંત્ર, કાશીમાં આવેલ એક શિવલિંગ.

ओङ्कारा સ્ત્રી૦ બુદ્ધની એક શક્તિ–દેવી.

ओङ्कारेश्वर પુ૦ કાશીમાં આવેલું એક શિવલિંગ.

ओज् ચુ૦ ઉભ૦ અક૦ સેટ્ બળવાન થવું.

ओज પુ૦ બાર રાશિઓમાંની વિષમ એકીની રાશિ, એકીનું, વિજોડ.

ओजस् ન૦ દીપ્તિ, કાંતિ, પ્રાણબળ, સામર્થ્ય, વિષમરાશિ, શસ્ત્ર વગેરેમાં કુશળતા, ધાતુતેજ, જ્ઞાનેન્દ્રિયોનું સમર્થપણું, તે નામનો કાવ્યનો એક ગુણ.

ओजसाकृत ત્રિ૦ પ્રાણબળથી–સામર્થ્યથી કરેલ.

ओजसीन ન૦ કાંતિમાન દિવસ.

ओजस्य ન૦ ઉપરનો અર્થ.

ओजस्वत् ત્રિ૦ બળવાન, તેજસ્વી.

ओजस्वितर ત્રિ૦ અત્યંત બળવાન, અત્યંત તેજસ્વી.

ओजस्वितम ત્રિ૦ ઉપરના અર્થ.

ओजस्विता સ્ત્રી૦ બળવાનપણું, તેજસ્વીપણું.

ओजस्वित्व ન૦ ઉપરના અર્થ.

ओजस्विन् ત્રિ૦ બળવાન, તેજસ્વી.

ओजिष्ठ ત્રિ૦ અત્યંત બળવાન, અત્યંત તેજસ્વી.

ओजीयस् ત્રિ૦ ઉપરના અર્થ.

ओज्मन् પુ૦ વેગ.

ओज्मन् ત્રિ૦ પ્રેરણા કરનાર.

ओडव પુ૦ પાંચ સ્વરવાળો કોઇ રાગ.

ओडिका સ્ત્રી૦ નીવાર નામનું તૃણધાન્ય–સામો.

ओडी સ્ત્રી૦ ઉપરનો અર્થ.

ओड्र ન૦ જાસુદનું ફૂલ.

ओड्र પુ૦ ઉત્કલ દેશ.

ओड्रपुष्प પુ૦ જાસુદનું ઝાડ.

ओड्राख्या સ્ત્રી૦ જાસુદનું ઝાડ.

ओण् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ દૂર કરવું, ખસેડવું.

ओणि ત્રિ૦ દૂર કરનાર, ખસેડનાર.

ओत ત્રિ૦ પરોવાયેલ, વસ્ત્રનો લાંબો તાંતણો.

ओतु પુ૦ સ્ત્રી૦ બિલાડો, બિલાડી.

ओदती સ્ત્રી૦ પ્રભાત, પરોઢ.

ओदन પુ૦ મેઘ, રાંધેલા ચોખા, ભાત.

ओदनपाकी સ્ત્રી૦ તે નામની એક વનસ્પતિ, એક જાતની ઔષધિ.

ओदनाह्वा સ્ત્રી૦ એક વનસ્પતિ.

ओदनाह्वया સ્ત્રી૦ એક જાતની વનસ્પતિ.

ओदनिका સ્ત્રી૦ નીચેનો શબ્દ જુઓ.

ओदनी સ્ત્રી૦ બલા શબ્દ જુઓ.

ओदनीय ત્રિ૦ ભાતનું સાધન.

ओदन्य ત્રિ૦ ઉપરનો અર્થ.

ओद्म પુ૦ ભીંજાવું, ભીનું થવું.

ओद्मन् ત્રિ૦ ઔષધિ.

ओम् અવ્ય૦ પ્રણવમંત્ર, આરંભમાં, સ્વીકારમાં, અનુમતિમાં, અપાકરણમાં, અસ્વીકારમાં, મંગળમાં, શુભમાં, જ્ઞેય બ્રહ્મમાં તથા પરમેશ્વર એવા અર્થમાં વપરાય છે.

ओमन् પુ૦ રક્ષણ કરવું, રક્ષણ.

ओमन्वत् त्रि० રક્ષણ કરનાર.
ओमात्र त्रि० રક્ષણ કરી બચાવનાર.
ओम्य त्रि० રક્ષણ માટે હિતનું.
ओम्यावत् त्रि० રક્ષણ માટેના હિતવાળું.
ओल पु० સૂરણ.
ओल त्रि० ભીનું.
ओलज् भ्वा० प० स० सेट् ઉંચે ફેંકવું.
ओलण्ड् चु० भ्वा० उभ० पर० स० सेट् ફેંકવું, નિંદા કરવી.
ओल्ल पु० સૂરણ.
ओष पु० દાહ, પાક.
ओष न० શીઘ્ર, જલદી.
ओषण पु० દાહક રસ-તીખો રસ.
ओषणी स्त्री० એક જાતનું શાક.
ओषधि स्त्री० અન્ન વગેરે ઔષધિ, દેવોની પત્ની.
ओषधिगर्भ पु० ચન્દ્ર, કપૂર.
ओषधिज त्रि० ઔષધિઓથી ઉત્પન્ન થયેલ-ઔષધ.
ओषधिज पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.
ओषधिपति पु० ચન્દ્ર, કપૂર, સોમલતા.
ओषधिप्रस्थ पु० હિમાલયની રાજધાની.
ओषधी स्त्री० ओषधि જુઓ.
ओषधीपति पु० ચંદ્ર, કપૂર.
ओषधीश पु० ચંદ્ર, કપૂર.
ओषम् अव्य० વારંવાર પકવીને, વારંવાર બાળીને.
ओषिष्ठ त्रि० અત્યંત દાહક.
ओष्टाविन् त्रि० જેના વડે દાહ થાય તે વાળું.
ओष्ठ पु० હોઠ.
ओष्ठक त्रि० હોઠના સંસ્કારમાં આસક્ત.
ओष्ठकोप पु० તે નામનો એક મુખરોગ.
ओष्ठजाह न० હોઠનું મૂળ.
ओष्ठपुष्प पु० હોઠ જેવા ફુલવાળું, બંધક વૃક્ષ-બપોરીયાનું ઝાડ.
ओष्ठरोग पु० હોઠનો રોગ.
ओष्ठी स्त्री० ગીલોડાંનું ઝાડ.
ओष्ठोपमफला स्त्री० ઉપરનો અર્થ.
ओष्ठ्य त्रि० હોઠમાં થનાર-હોનાર-ઉવર્ણ અને પવર્ગ.
ओष्ण पु० લગાર ગરમ.
ओह पु० સારી રીતે વહેવું-ઉંચકવું-લઈ જવું.
ओह त्रि० વહેનાર, ઉંચકનાર, લઇ જનાર.
ओहब्रह्मन पु० ઊહબ્રહ્મથી યુક્ત.
ओहस् त्रि० વહનનું સાધન સ્તોત્ર વગેરે.

औ.

औ સ્વરો પૈકી ચૌદમો સ્વર.
औ अव्य० બોલાવવામાં, સંબોધનમાં, વિરોધમાં અને નિર્ણયમાં વપરાય છે.
औ पु० અનન્ત-શેષનાગ, શબ્દ.
औ स्त्री० પૃથ્વી.
औक्थ पु० ઔક્થ્યનો વિદ્યાર્થી.
औक्थिक त्रि० ઉકથ નામના સામવેદના ભાગને ભણનાર અથવા જાણનાર.
कपोत પુ० હોલો, કબૂતર, જંગલી હોલો, એક જાતનો ઉંદર.

कपोतक ન० સૌવીરાંજન–સુરમો, બાલ સુરમો, સાજીખાર.

कपोतचरण પુ० કબૂતરનો પગ.

कपोतचरणा સ્ત્રી० નલી નામના ગંધદ્રવ્યનું સાધન વૃક્ષ.

कपोतपाक પુ० કબૂતરનું બચ્ચું.

कपोतपाद ત્રિ० કબૂતરના જેવા પગવાળું.

कपोतपालिका સ્ત્રી० ઘર વગેરેના છેવટના ભાગમાં લાકડાનું બનાવેલ પક્ષીઓનું નિવાસસ્થાન–ચબૂતરો.

कपोतपाली સ્ત્રી० ઉપરનો અર્થ.

कपोतरोमन् પુ० ઉશીનર રાજાનો પુત્ર, તે નામનો એક રાજા, યદુવંશી એક રાજા.

कपोतलुब्धकीय ન० મહાભારતની એક આખ્યાયિકા.

कपोतवङ्का સ્ત્રી० બ્રાહ્મી વૃક્ષ.

कपोतवर्णी સ્ત્રી० ઝીણી એલચી.

कपोतवाणा સ્ત્રી० कपोतचरणा જુઓ.

कपोतवृत्ति સ્ત્રી० કબૂતર જેવું સંચયરહિત જીવન.

कपोतवृत्ति ત્રિ० કબૂતરના જેવા જીવનવાળું.

कपोतवेगा સ્ત્રી० બ્રાહ્મી વૃક્ષ.

कपोतसार ન० સ્રોતોંજન.

कपोताङ्घ्रि સ્ત્રી० कपोतचरणा જુઓ.

कपोताङ्घ्रि ત્રિ० કબૂતરના જેવા પગવાળું.

कपोताञ्जन ન० कपोतसार જુઓ.

कपोताभ પુ० કબૂતરના જેવો રંગ, એક જાતનો ઉંદર.

कपोताभ ત્રિ० કબૂતર જેવું.

कपोतारि પુ० શ્યેન પક્ષી–બાઝ પક્ષી.

कपोतिका સ્ત્રી० કબૂતરની માદા, હોલી.

कपोती સ્ત્રી० કબૂતર માદા, હોલી, એક પ્રકારનો યન્ત્રસ્તંભ.

कपोल પુ० ગાલ.

कपोलकाष પુ० હાથીનું ગંડસ્થલ.

कपोलफलक પુ० ગાલ.

कप्याख्य પુ० શિલારસ.

कप्यास ન० વાનરની પીઠનો છેવટનો ભાગ.

कफ પુ० શરીરમાં રહેલી એક ધાતુ.

कफकर ત્રિ० કફ વિકાર કરનાર કોઇ પદાર્થ.

कफकूर्चिका સ્ત્રી० લાળ.

कफघ्न ત્રિ० કફનો નાશ કરનાર કોઈ વસ્તુ.

कफघ्नी સ્ત્રી० હલુસા.

कफणि પુ० સ્ત્રી० કોણી.

कफणी સ્ત્રી० ઉપરનો અર્થ.

कफनाशन ત્રિ० કફનો નાશ કરનાર.

कफरुहा સ્ત્રી० મોથ, નાગરમોથ.

कफल ત્રિ० કફદાયક.

कफवर्द्धक ત્રિ० કફને વધારનાર.

कफवर्द्धन પુ० પિણ્ડિતક વૃક્ષ.

कफवर्द्धन ત્રિ० કફની વૃદ્ધિ કરનાર.

कफविरोधिन् પુ० મરી, તીખાં.

कफविरोधिन् ત્રિ० કફનો નાશ કરનાર કોઇ વસ્તુ.

कफान्तक ત્રિ० ઉપરનો અર્થ.

कफान्तक પુ० બાવળનું ઝાડ.

कफापहा સ્ત્રી० કાળું જીરૂં.

कफारि પુ० સુંઠ.

कफारि ત્રિ० કફનો નાશ કરનાર.

कफित्व ન० કફપ્રધાન પ્રકૃતિવાળાપણું.

कफिता સ્ત્રી० ઉપરનો અર્થ.

कफिन ત્રિ० કફપ્રધાન પ્રકૃતિવાળું.

कफिनी સ્ત્રી० કફપ્રધાન પ્રકૃતિવાળી સ્ત્રી.

कफेलु ત્રિ० નીચેનો શબ્દ જુઓ.

कफेलू ત્રિ० કફવાળું.

कफोणि પુ० સ્ત્રી० બાહુમાં વચ્ચે રહેલી ગાંઠ–કોણી.

कफोणी સ્ત્રી० ઉપરનો અર્થ.

कफोड પુ० કોણી.

कब् ભ્વા० પ० સ० સેટ્ રંગબેરંગી રંગવું, સ્તુતિ કરવી.

कबन्ध પુ० પેટ, ધૂમકેતુ, રાહુ. તે નામનો એક રાક્ષસ, પાણી.

कबन्ध પુ० ન० માથા વિનાનું હાલતું ચાલતું શરીર–ધડ.

कबन्धता સ્ત્રી० મસ્તકરહિતપણું.

कबन्धिन् त्रि० માથા વિનાના શરીરવાળું.
कबन्धिन् पु० તે નામનો એક ઋષિ.
कबित्थ पु० કોઠનું ઝાડ.
कबिल पु० પીંગળો-માંજરો રંગ.
कबिल त्रि० પીંગળું-માંજરૂં.
कम् अव्य० પાણી, મસ્તક, સુખ, મંગળમાં, પાદપૂર્તિમાં, મેઘ, સુખ કરનાર, એવા અર્થમાં વપરાય છે.
कम् भ्वा० आ० स० सेट् ઇચ્છવું, ઇચ્છા કરવી. अनु+કામનાને યોગ્ય કામના કરવી. अभि+ સામે ઇચ્છા કરવી. नि+ સંપૂર્ણ ઇચ્છા કરવી. प्र+ અત્યંત ઇચ્છવું.
कम् चु० आ० स० सेट् ઇચ્છવું, ઇચ્છા કરવી.
कमक त्रि० ઈચ્છા કરનાર, કામુક.
कमक पु० તે નામનો એક ઋષિ.
कमठ पु० કાચબો, વિષ્ણુનો અગીઆરમો અવતાર, વાંસ, તે નામનો એક દૈત્ય, સલ્લકી વૃક્ષ.
कमठ न० મુનીઓનું જળપાત્ર.
कमठी स्त्री० કાચબી.
कमण्डलु पु० न० કમંડળ, એક પ્રકારનું જળપાત્ર, ખાખરાનું ઝાડ, પીપરનું ઝાડ.
कमण्डलु पु० स्त्री० ચાર પગારી જાતિ.
कमण्डलुतरु पु० ખાખરાનું ઝાડ, પીપર.
कमण्डलुद्रुम पु० ઉપરના અર્થ.
कमण्डलुवृक्ष पु० ખાખરો, પીપર.
कमन त्रि० ઇચ્છા કરવા યોગ્ય, સુંદર, કામનાવાળું, કામુક.
कमन पु० કામદેવ, બ્રાહ્મણ, આસોપાલવ.
कमनच्छद पु० કંક પક્ષી, ક્રૌંચ પક્ષી.
कमनच्छदी स्त्री० કંકપક્ષિણી, ક્રૌંચપક્ષિણી.
कमनीय त्रि० સુંદર, કામનાયોગ્ય, ઇચ્છવા યોગ્ય.
कमनीयता स्त्री० ઇચ્છવા યોગ્યપણું.
कमनीयत्व न० ઉપરનો અર્થ.

कमन्तक पु० તે નામનો એક ઋષિ.
कमन्ध न० પાણી.
कमर त्रि० કામુક, કામના કરનાર, કામનાવાળું.
कमल न० કમળ, કાંસુ, ઔષધ, દવા, પાણી, તાંબુ.
कमल पु० એક જાતનો મૃગ, સારસ પક્ષી, સંગીતશાસ્ત્રપ્રસિદ્ધ એક ધ્રુવ.
कमलकीट पु० કમળના રંગનો એક કીડો.
कमलकीरक पु० એક જાતનો કીડો.
कमलज पु० બ્રહ્મા, રોહિણી નક્ષત્ર.
कमलज त्रि० કમળમાંથી થયેલ મધ વગેરે.
कमलबीज न० કમળકાકડી-પબડી.
कमलभिदा स्त्री० કમળનું ભેદાવું, ચીરાવું.
कमलयोनि पु० બ્રહ્મા.
कमला स्त्री० લક્ષ્મી દેવી, સુંદર સ્ત્રી, તે નામની એક નદી, તે નામનો એક છંદ.
कमलाकर पु० તળાવ, કમળોનો સમુદાય.
कमलाकान्त पु० નારાયણ, વિષ્ણુ.
कमलादि पु० વ્યાકરણપ્રસદ્ધ એક શબ્દસમૂહ.
कमलापति पु० નારાયણ, વિષ્ણુ.
कमलालया स्त्री० લક્ષ્મી દેવી.
कमलासख पु० નારાયણ, વિષ્ણુ.
कमलासनस्थ पु० બ્રહ્મા.
कमलिनी स्त्री० તળાવ, કમળનો સમૂહ. કમળનો વેલો.
कमली स्त्री० સારસપક્ષિણી, એક જાતની મૃગલી, કમળનો સમૂહ.
कमलोत्तर न० કુસુંભપુષ્પ-કેસુડું.
कमा स्त्री० શોભા.
कमितृ त्रि० ઇચ્છા કરનાર, કામુક.
कमिष्ठ त्रि० અત્યંત ઇચ્છા કરનાર.
कमीयस् त्रि० ઉપરનો અર્થ.
कम्प पु० કંપારી, ધ્રુજ.
कम्पन त्रि० કંપવાળું, ધ્રુજવાળું.

कम्पन न० કંપવું, હાલવું, એક અસ્ત્ર.
कम्पन पु० શિશિર ઋતુ, સન્નિપાતજ્વર–ન્યુમોનીઆ.
कम्पलक्ष्मन् पु० વાયુ.
कम्पा स्त्री० કંપવું, હાલવું.
कम्पाक पु० વાયુ.
कम्पित न० કંપ, ધ્રૂજ, કંપવું, હાલવું.
कम्पित त्रि० કંપવાળું, હાલેલ, કંપેલ, કંપાવેલ.
कम्पिन् त्रि० કંપવાળું, ધ્રૂજવાળું, હલાવનાર, કંપનાર, કંપાવનાર.
कम्पिल पु० રોચની.
कम्पिल्ल पु० રોચનવૃક્ષ, ગોરોચના, તે નામનું એક નગર.
कम्पिल्लक पु० ઉપરના અર્થ.
कम्पिल्य पु० कम्पिल જુઓ.
कम्पील पु० ઉપરનો અર્થ.
कम्प्य त्रि० કંપાવવા યોગ્ય, હલાવવા યોગ્ય.
कम्र त्रि० કંપવાના સ્વભાવવાળું.
कम्ब् भ्वा० प० स० सेट् જવું.
कम्बर पु० કાબરચિત્રો રંગ.
कम्बर त्रि० કાબરૂં, કાબરચિત્રા રંગનું.
कम्बल पु० કામળો, એક જાતનો સર્પ, ગાય વગેરેની ગળે લટકતી ગોદડી, કૃમિ–ચરમ, ધાબળો, એક જાતનો મૃગ.
कम्बल न० કમળ, ઇન્દ્રિય, પાણી, ઉત્તરાસણ–ખેસ–પીછોડી.
कम्बलकारक त्रि० કામળો વગેરે ઊનનું વસ્ત્ર બનાવનાર.
कम्बलवाहक न० ઊનના વસ્ત્રથી ઢાંકેલી ગાડી કે જે બળદથી જોડાયલી હોય.
कम्बलबर्हिष पु० અંધક રાજાનો પુત્ર.
कम्बलहार त्रि० કામળો હરી જનાર.
कम्बलहार पु० તે નામનો એક ઋષિ.
कम्बलहारि पु० કમ્બલહાર ઋષિનો પુત્ર.
कम्बलायिन् पु० એક જાતની સમળી.
कम्बलार्ण न० કામળાનું કરજ.
कम्बलार्ण त्रि० કામળાના કરજવાળું.
कम्बलिका स्त्री० ક્ષુદ્ર કામળારૂપ કરજ–દેવું, કામળી.
कम्बलिन् त्रि० બળદ, ગાય વગેરે.
कम्बलिवाह्यक न० બળદનું ગાડું.
कम्बली स्त्री० એક જાતની મૃગલી.
कम्बलीय त्रि० કામળાનું સાધન ઊન વગેરે.
कम्बि स्त्री० કડછી, તાવેથો.
कम्बी स्त्री० કડછી, તાવેથો.
कम्बु पु० न० શંખ, ગળું, શંબૂક–શિઆળ, કડું, કંકણ.
कम्बु पु० કાબરચિત્રો રંગ.
कम्बु त्रि० કાબરચિત્રું, કાબરૂં.
कम्बु स्त्री० ડોક, નલક.
कम्बुक त्रि० નીચ.
कम्बुकण्ठ त्रि० શંખ જેવી ડોકવાળું.
कम्बुकण्ठिका स्त्री० શંખ જેવી ડોકવાળી.
कम्बुकण्ठी स्त्री० ઉપરનો અર્થ.
कम्बुका स्त्री० આસંધ વનસ્પતિ, ડોક.
कम्बुकाष्ठा स्त्री० આસંધ વનસ્પતિ.
कम्बुकुसुमा स्त्री० શંખપુષ્પી વનસ્પતિ.
कम्बुग्रीव त्रि० શંખના જેવી ડોકવાળું.
कम्बुग्रीवा स्त्री० શંખ જેવી ડોક.
कम्बुग्रीवादि पु० ઘટત્વજાતિવ્યંજક કોઇ આકૃતિ.
कम्बुज पु० શંખ.
कम्बुपुष्पी स्त्री० શંખપુષ્પી નામે વનસ્પતિ.
कम्बुमालिनी स्त्री० ઉપરનો અર્થ.
कम्बू स्त्री० ડોક.
कम्बू त्रि० પારકું દ્રવ્ય હરી લેનાર, ચોર.
कम्बोज पु० એક જાતનો હાથી, એક જાતનો શંખ, તે નામનો એક દેશ, કંબોજ દેશનો રહેવાસી.
कम्बोजादि पु० વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

कम्बुवातायिन् પુ० શંખચિલ્લ.
कम्भ ત્રિ० જળયુક્ત, સુખયુક્ત.
कम्भारी ગાંભારી નામની વનસ્પતિ.
कम्भु ન० સુગંધી વાળો–ખસ.
कम्र ત્રિ० મૈથુનની ઇચ્છાવાળું, કામુક, મનોહર, સુંદર.
कय ત્રિ० किं શબ્દના અર્થમાં–શું.
कयस्था સ્ત્રી० काकोली નામની વનસ્પતિ.
कयाधू સ્ત્રી० જંભાસુરની કન્યા જે હિરણ્ય-કશિપુની સ્ત્રી હતી.
कर પુ० હાથ, હાથીની સૂંઢ, કિરણ, રાજાનો કર, હસ્ત નક્ષત્ર.
करक પુ० ન० કરવો, કમંડલ, દાડમનું ઝાડ, એક જાતનું પક્ષી, મેઘનો કરો, કરમદાનું ઝાડ, રાજાનો કર, હાથ, ખાખરાનું ઝાડ,કોવિદાર વૃક્ષ, બોલસરી, કેરડાનું ઝાડ.
करकङ्कणन्याय પુ० હાથમાં રહેલા કંકણના દૃષ્ટાંતને સૂચવનારો ન્યાય,
करकच પુ० જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.
करकच्छपिका સ્ત્રી० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ કૂર્મમુદ્રા.
करकण्टक પુ० ન० નખ.
करकपात्रिका સ્ત્રી० કમંડળરૂપ પાત્ર.
करकमल ન० હાથરૂપ કમળ..
करकलश પુ० હાથરૂપ કળશ.
करका સ્ત્રી० એક પક્ષી, વરસાદનો કરો.
करकाज ન० વરસાદના કરામાંથી થનાર પાણી.
करकाम्भस् પુ० નાળીએર.
करकाम्भस् ન० નાળીએરનું પાણી.
करकायु પુ० તે નામનો ધૃતરાષ્ટ્રનો એક પુત્ર.
करकासार પુ० શિલાવૃષ્ટિ.
करकुड्मल ન० સંકોચેલી આંગળીઓવાળો હાથ.
करग्रह પુ० વિવાહ, હાથથી ધારણ કરવું, પ્રજાઓ પાસેથી કર લેવો.
करग्रहारंभ પુ० પ્રજાઓ પાસેથી કર લેવાનો આરંભ, વિવાહનો આરંભ.
करग्राह પુ० ભર્તાર, પતિ.
करग्राह ત્રિ० હાથ ગ્રહણ કરનાર, રાજાનો કર લેનાર.
करग्राहिन ત્રિ० ઉપરના અર્થ.
करग्राहिन् પુ० ભર્તાર, પતિ.
करघर्षण પુ० દહીં વલોવવાનો રવૈયો.
करघर्षण ન० હાથવડે ઘસવું.
करघर्षिन् પુ० દહીં વલોવવાનો રવૈયો.
करघर्षिन् ત્રિ० હાથ ઘસનાર.
करङ्क પુ० નાળીએરની કાચલી, કમંડલ, કરવો, માથાની ખોપરી, એક જાતની શેલડી, શરીરનું હાડકું.
करङ्कशालि પુ० એક જાતની શેલડી.
करच्छद પુ० शाखोट વૃક્ષ, सिन्दूरपुष्पी વૃક્ષ.
करच्छदा સ્ત્રી० એક જાતનું ઝાડ–સિન્દૂરપુષ્પી વૃક્ષ.
करज પુ० નખ, વાઘનખ નામનું ગંધ-દ્રવ્ય, કરમદાનું ઝાડ.
करज ત્રિ० હાથમાં થયેલ.
करजाख्य ન० નખલો નામનું એક ગંધ-દ્રવ્ય.
करजाल ન० કિરણનો સમૂહ.
करजोडि પુ० તે નામનું એક વૃક્ષ.
करञ्ज પુ० કરંજ વૃક્ષ–કરમદાનું ઝાડ.
करञ्जक પુ० કરમદાનું ઝાડ, ભાંગરાનું ઝાડ.
करञ्जफल પુ० કોઠનું ઝાડ.
करञ्जफलक પુ० કોઠનું ઝાડ.
करट પુ० હાથીનું ગંડસ્થળ, કાગડો, કેસુડાંનું ઝાડ, એકાદશા વગેરે શ્રાદ્ધ, ચોરીનું શાસ્ત્ર બનાવનાર કર્ણીસુત.
करट ત્રિ० નિંદ્ય જીવનવાળું, જેના મતનો ઉચ્છેદ ન થઇ શકે તેવો વાદી, ન સમજાવી શકાય તેવો કોઇ નાસ્તિક.

करटक पु० કાગડો, નાસ્તિક.
करटा स्त्री० ઘણીજ મુશ્કેલીથી દોહવા દે તેવી ગાય.
करटिन् पु० હાથી,
करटु पु० એક જાતનું પક્ષી.
करण न० વ્યાકરણપ્રસિદ્ધ કરણ, ઇન્દ્રિય, શરીર, ક્રિયા, અનુષ્ઠાન, હરકોઇ વ્યાપાર, કરવું, જ્યોતિષપ્રસિદ્ધ બવ વગેરે કરણ, સંગીતપ્રસિદ્ધ તાલની વ્યવસ્થા કરનાર એક પ્રકારનું તાડન, પરમેશ્વર.
करण पु० કોઇ વર્ણસંકર જાતિ.
करणत्राण न० મસ્તક, માથું.
करणत्व न० કરણપણું, કરવાપણું.
करणनियम पु० ઇન્દ્રિયોને વશ રાખવી, કરવાનો નિયમ.
करणव्यापार पु० વ્યાકરણપ્રસિદ્ધ કરણ-સાધ્ય વ્યાપાર, ઇન્દ્રિયોનો વ્યાપાર.
करणाधिप पु० જીવ, ઇન્દ્રિયોના અધિષ્ઠાયક દેવ.
करणाधिपाधिप पु० પરમેશ્વર.
करणि स्त्री० કરવું.
करणी स्त्री० એક વર્ણસંકર જાતિની સ્ત્રી, બીજગણિતપ્રસિદ્ધ કરણી.
करणीय त्रि० કરવા યોગ્ય.
करणीसुता स्त्री० દત્તક કન્યા.
करण्ड पु० મધપોડું, તરવાર, ચક્રવાક પક્ષી, કરંડીયો, શરીરમાં રહેલું યકૃત–લીવર.
करण्डा स्त्री० ફૂલ રાખવાનું વાંસ વગેરેનું પાત્ર, કારંડવ પક્ષિણી.
करण्डिन् पु० માછલું.
करतल न० હથેળી, હાથ.
करताल न० કડતાલ નામનું વાદિત્ર, હાથમાં તાળી આપવી તે.
करतालक न० ઉપરનો અર્થ.
करतालिका स्त्री० નીચેનો શબ્દ જુઓ.
करताली स्त्री० કડતાલ વાદિત્ર, હાથમાં તાળી આપવી તે.
करतोया स्त्री० તે નામની એક નદી.
करतोयिनी स्त्री० ઉપરનો અર્થ
करद त्रि० રાજાનો કર આપનાર, રક્ષણ માટે આડો હાથ આપનાર.
करदक्ष त्रि० ડાહ્યું, ચતુર.
करदीकृत त्रि० કર આપનાર કરેલ.
करद्रुम पु० कारस्कर વૃક્ષ.
करद्विष् पु० તે નામનું એક ગોત્ર, તે નામની એક વેદ શાખાવાળો.
करन्धम पु० ઇક્ષ્વાકુ વંશનો એક રાજા.
करन्धम त्रि० હાથવડે ધમનાર.
करन्धय त्रि० હાથ ચાટનાર.
करन्यास पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ હાથના અવયવોમાં ન્યાસ.
करपत्र न० કરવત, જલક્રીડા.
करपत्रवत् पु० તાડનું ઝાડ.
करपत्रिका स्त्री० જલક્રીડા.
करपर्ण पु० ભીંડાનું ઝાડ, લાલ એરંડાનું ઝાડ.
करपल्लव पु० આંગળી, હાથરૂપી કુંપળ.
करपात्र न० એક પ્રકારની જલક્રીડા, હાથરૂપ પાત્ર.
करपाल पु० તરવાર.
करपालिका स्त्री० એક તરફ ધારવાળું કોઇ હથિઆર, તરવાર.
करपाली स्त्री० હાથમાં રાખવાની લાકડી.
करपीडन पु० વિવાહ.
करपुट पु० હાથરૂપી પડીયો, બે હાથ જોડવા.
करपुष्कर न० હાથરૂપ કમળ.
करपुष्ट त्रि० હાથવડે પોષેલ.
करप्रचेय त्रि० હાથવડે વીણવા યોગ્ય.
करबाल पु० નખ, તરવાર.
करबालिका स्त्री० એક જાતનું હથિઆર, તરવાર.

करभ पु० કાંડાંથી માંડી ટચલી આંગળી સુધીનો હાથનો બાહ્યપ્રદેશ, હાથીનું બચ્ચું, ઉંટનું બચ્ચું, નખલો નામનું ગંધદ્રવ્ય, ઉંટ, હરકોઇ જનાવરનું બચ્ચું.
करभक पु० ઉપરના અર્થ.
करभकाण्डिका स्त्री० ઉષ્ટ્રકાણ્ડી વૃક્ષ.
करभञ्जिका स्त्री० કોઇ એક પ્રકારે હાથનું મર્દન, કરમદાનું ઝાડ.
करभप्रिया स्त्री० ઝીણો ધમાસો વનસ્પતિ.
करभवल्लभ पु० પીલુનું ઝાડ, કોઠનું ઝાડ.
करभवल्लभ त्रि० ઉંટને પ્રિય હરકોઇ વસ્તુ.
करभादनी स्त्री० ધમાસો વનસ્પતિ.
करभिका स्त्री० ઉંટડી.
करभिन् पु० હાથી.
करभिणी स्त्री० હાથણી.
करभी स्त्री० ઉંટડી,
करभीर पु० સિંહ.
करभूषण न० હાથનું ઘરેણું.
करभोरु स्त्री० શ્રેષ્ઠ જાંઘવાળી કોઈ સ્ત્રી.
करमट्ट पु० સોપારીનું ઝાડ.
करमथित त्रि० હાથે કરી મથેલ.
करमरिन् त्रि० કેદી, બંધીવાન.
करमर्द्द पु० એક જાતનું ઝાડ-કરમદાનું ઝાડ.
करमर्द्दक पु० ઉપરનો અર્થ.
करमर्द्दिन् पु० ઉપર જુઓ.
करमर्द्दी स्त्री० કરમદાનું ઝાડ.
करमाल पु० ધુમાડો.
करमाला स्त्री० હાથની આંગળીઓના વેઢારૂપ માળા.
करमुक्त न०એક જાતનું અસ્ત્ર.
करम्ब त्रि० મિશ્રિત, મિશ્ર થયેલ.
करम्ब पु० મિશ્રણ, મિશ્ર થવું.
करम्बित त्रि० મિશ્ર થયેલ.
करम्भ पु० દહીં મિશ્ર સાથવો, ઉદમન્થ, શેકેલા જવ, મિશ્ર થયેલ, મિશ્ર ગંધ, પ્રિયંગુવૃક્ષ, શતાવરી વૃક્ષ.
करम्भक पु० ઉપરના અર્થ.
करम्भा स्त्री० શતાવરી, પ્રિયંગુ વૃક્ષ.
करम्भि पु० યદુવંશી એક રાજા.
करमद्ध त्रि० હાથવડે રોકેલ.
करमह पु० નખ, તરવાર.
करर्द्धि स्त्री० હાથમાં તાળી આપવી તે, હાથની સંપત્તિ.
करल पु० કેરડાનું ઝાડ.
करवाल पु० करपाल જુઓ.
करवालिका स्त्री० करपालिका જુઓ.
करवी स्त्री० અંઓડો, હિંગુપત્ર વૃક્ષ—હીંગનું ઝાડ.
करवीर पु० તરવાર, કેરડાનું ઝાડ, તે નામનો એક દેશ, શ્મશાન, તે નામનું એક તીર્થ.
करवीरक पु० ઉપરનો શબ્દ જુઓ, અગથીઆનું ઝાડ.
करवीरक न० કેરડાના મૂળથી ઉત્પન્ન થનાર એક પ્રકારનું ઝેર.
करवीरकन्दसंज्ञ पु० નીચેનો શબ્દ જુઓ.
करवीरकरसंज्ञ पु० તૈલકન્દ.
करवीरभुजा आढकी જુઓ.
करवीराद्य न० વૈદ્યકપ્રસિદ્ધ એક તેલ.
करवीरी स्त्री० અસુરોની માતા અદિતિ, પુત્રવાળી હરકોઇ સ્ત્રી.
करवीर्य्य पु० તે નામનો એક ઋષિ.
करशाखा स्त्री० આંગળી.
करशीकर पु० હાથીની સૂંઢમાંથી નીકળેલ જળકણ.
करशुद्धि स्त्री० હાથની શુદ્ધિ.
करशूक पु० નખ.
करस् न० કર્મ, કામ.
करसूत्र न० વિવાહ વગેરેમાં મંગળ માટે હાથે બાંધવામાં આવતું સૂત્ર.
करस्थालिन् पु० મહાદેવ.

करस्न પુ૦ બાહુ, ભુજા.

करहाट પુ૦ કમળ વગેરેનો સમૂહ, મીંઢળનું ઝાડ, હાથના અલંકારરૂપ સોનું.

करहाटक ન૦ હાથના ઘરેણાંનું સોનું.

कराग्रपल्लव પુ૦ करपल्लव જુઓ.

कराङ्गण ન૦ રાજાનો કર લેવાનું સ્થાન.

कराघात પુ૦ હાથનો પ્રહાર, થપડમારવી.

कराट ત્રિ૦ વિકટ.

करामर्द પુ૦ હાથ દબાવવો, કરમદાનું ઝાડ.

कराम्बुक પુ૦ હાથ મરડવો.

कराम्लक પુ૦ કરમદાનું ઝાડ.

करायिका સ્ત્રી૦ બલાકા નામની વનસ્પતિ, બગલી.

करारोट પુ૦ વીંટી, અંગુઠી.

कराल પુ૦ સરગવાના રસવાળું તેલ, કાળી તુલસી, એક જાતનો દાંતનો રોગ, કસ્તુરી મૃગ, તે નામનો એક દૈત્ય.

कराल ત્રિ૦ ઉન્નત, ઉંચું, મોટા દાંતવાળું, વિકરાળ, ભયંકર.

कराल ન૦ પાકશાસ્ત્રપ્રસિદ્ધ વેસવાર.

करालक પુ૦ કાળી તુલસી.

करालकर પુ૦ મોટી સૂંઢવાળો હાથી, કઠણ સૂંઢવાળો હાથી.

करालत्रिपुटा સ્ત્રી૦ લંકા ધાન્ય.

करालता સ્ત્રી૦ ભયંકરપણું.

करालत्व ન૦ ઉપરનો અર્થ.

करालभैरव ન૦ એક પ્રકારનું તંત્રશાસ્ત્ર.

कराला સ્ત્રી૦ પૂતના, પાર્વતી, વાવડીંગ, ઉપલસરી વનસ્પતિ.

करालांक પુ૦ ઉપલસરી વનસ્પતિ, વાવડીંગ.

करालिक પુ૦ ઝાડ.

करालिका સ્ત્રી૦ રાજસ અગ્નિની જીભ.

करालित ત્રિ૦ ભયંકર કરેલ, વિકરાળ કરેલ.

कराली સ્ત્રી૦ અગ્નિની એક જીભ, કસ્તુરી મૃગલી.

करास्फोट પુ૦ હાથ ઠોકવો, હાથ થાબડવો, બાહુ ઠોકવો.

करिक પુ૦ એક જાતનો ખેર.

करिकणवल्ली સ્ત્રી૦ ચવિકાવૃક્ષ—ચવક વનસ્પતિ.

करिका સ્ત્રી૦ નખની રેખા.

करिकुम्भ ન૦ હાથીનું ગંડસ્થળ.

करिकुसुम्भ પુ૦ નાગકેસરનું ચૂર્ણ.

करिगर्जित ન૦ હાથીની ગર્જના.

करिज પુ૦ હાથીનું બચ્ચું,

करिणी સ્ત્રી૦ હાથણી, એક દેવના.

करिदारक પુ૦ સિંહ.

करिदारण પુ૦ સિંહ.

करिनासिका સ્ત્રી૦ એક યંત્ર, એક વાદિત્ર.

करिन् પુ૦ હાથી, આઠની સંખ્યા, નાગકેસર.

करिप પુ૦ હાથીનો માવત.

करिपत्र ન૦ તાલિપત્ર વૃક્ષ.

करिपथ પુ૦ તે નામનો એક દેશ.

करिपिप्पली સ્ત્રી૦ ગજપીપર.

करिपोत પુ૦ હાથીનું બચ્ચું.

करिबन्ध પુ૦ હાથીને બાંધવો, હાથીને બાંધવાનો ખીલો.

करिभ ન૦ એક પ્રકારનો કુંજ—લતામંડપ.

करिमाचल પુ૦ સિંહ.

करिमुख પુ૦ ગણેશ—ગણપતિ.

करिमुख ન૦ હાથીનું મુખ.

करियादस् ન૦ પાણીનો હાથી.

करिर પુ૦ કેરડાનું ઝાડ.

करिरत ન૦ એક પ્રકારનો રતિબંધ, હાથીનું રમવું.

करिव ત્રિ૦ હાથીમાં ગયેલ, હાથીમાં રહેલ.

करिशावक પુ૦ હાથીનું બચ્ચું.

करिष्ठ ત્રિ૦ અત્યંત કરનાર, ઘણું કરનાર.

करिष्यत् त्रि० ભવિષ્યમાં કરનાર.
करिष्यमाण त्रि० કર્તવ્ય, કરવાનું.
करिसुन्दरिका स्त्री० વસ્ત્ર સુકવવા માટે આંગણામાં રાખેલી વળગણી.
करिस्कन्ध न० હાથીઓનો સમૂહ.
करिस्कन्ध पु० न० હાથીની ખાંધ.
करियस् त्रि० અત્યંત કરનાર.
करीन्द्र पु० શ્રેષ્ઠ હાથી.
करीर पु० ઘડો, વાંસનો અંકુર, હરકોઇ અંકુર, કેરડાનું ઝાડ, ચીરિકા વનસ્પતિ.
करीरक पु० ઉપરના અર્થ.
करीरकुण पु० કેરડાનો પાક.
करीरिका स्त्री० હાથીના દાંતનું મૂળ.
करीरी स्त्री० ઉપરનો અર્થ, ચીરિકા વનસ્પતિ.
करीष पु० न० સુકાયલું છાણુ, અડાયું છાણું, છાણુ.
करीषगन्धि त्रि० છાણુના જેવા ગંધવાળું.
करीषङ्कषा स्त्री० વંટોળીઓ. વાયુ, મહાન વાયુ.
करीषाग्नि पु० અડાયાં છાણાંનો અગ્નિ.
करीषिन् त्रि० છાણવાળો કોઈ પ્રદેશ વગેરે.
करीषिणी स्त्री० લક્ષ્મી દેવી.
करुण त्रि० દયાયુક્ત, દયાળુ.
करुण पु० કરુણ નામનો રસ, એક જાતનું. ઝાડ, સંન્યાસી, પરમેશ્વર, તે નામનો કોક બૌદ્ધ.
करुण त्रि० દયાપાત્ર, દીન, ગરીબ.
करुणमल्ली स्त्री० નવી માલતીની લતા–બટ મોગરો.
करुणविप्रलंभ पु० એક પ્રકારનો શૃંગાર-રસ.
करुणा स्त्री० દયા, પારકાનું દુઃખ દૂર કરવાની ઇચ્છા.
करुणात्मक त्रि० દયાળુ.
करुणानिधि त्रि० દયાનો ભંડાર, દયાળુ.
करुणानिधान त्रि० ઉપરના અર્થ.
करुणापर त्रि० અત્યંત દયાળુ.
करुणामय त्रि० ઉપરનો અર્થ.
करुणामयी स्त्री० અત્યંત દયાળુ એવી કોઇ સ્ત્રી.
करुणार्द्र त्र० દયાળુ.
करुणाविप्रलंभ पु० करुणविप्रलंभ જુઓ.
करुणावेदिता स्त्री० દયાળુપણું.
करुणामल्ली करुणमल्ली જુઓ.
करुणिन् त्रि० દયાળુ.
करुणी स्त्री० કોંકણુદેશમાં પ્રસિદ્ધ એક ફૂલઝાડ.
करुत्थाम पु० તે નામનો એક રાજા.
करुन्धम पु० તે નામનો એક રાજા.
करुम पु० એક જાતનો પિશાચ.
करू स्त्री० કાપવું, કાપેલ, કાતરવું, કાતરેલ.
करूष पु० તે નામનો એક દેશ.
करूषज पु० करूष દેશનો રાજા દંતવક્ર.
करूषाधिप पु० ઉપરનો અર્થ.
करूषाधिपति पु० करूषज જુઓ.
करेटट पु० નખ.
करेटव्या स्त्री० એક જાતનું પક્ષી.
करेटु पु० એક જાતનું પક્ષી.
करेणु पु० હાથી, કરેણુનું ઝાડ.
करेणु स्त्री० હાથણી, તે નામની એક ઔષધિ.
करेणुका स्त्री० ઉપરનો અર્થ.
करेणुभू पु० હાથી સંબંધી શાસ્ત્ર રચનાર એક મુનિ.
करेणुभू त्रि० હાથીમાંથી ઉત્પન્ન થયેલ.
करेणुमती स्त्री० પાંડવ નકુલની એક સ્ત્રી.
करेणुवर्य पु० શ્રેષ્ઠ હાથી.
करेणुसुत पु० करेणुभू पु० જુઓ.
करेणू पु० હાથી.
करेणू स्त्री० હાથણી.
करेनर पु० એક સુગંધી દ્રવ્ય.

करेन्दुक पु० એક જાતનું ઘાસ.
करेवर पु० શિલારસ.
करोट न० માથાની ખોપરી.
करोटक पु० એક જાતનો સર્પ.
करोटि स्त्री० માથાની ખોપરી.
करोटी स्त्री० ઉપરનો અર્થ.
करोत्कर पु० જુલમ કરી કર લેવો તે.
कर्क् सौत्र० प० अ० सेट् હસવું.
कर्क पु० અગ્નિ, ધોળો ઘોડો, કાચ, દર્પણ–આરસી, ઘડો, બાર રાશિઓમાંની ચોથી રાશિ, કરચલો, કાકડાશીંગીનું ઝાડ, કાત્યાયનનાં શ્રૌતસૂત્રનો ભાષ્યકાર કર્કાચાર્ય, કાંટો, સુંદરતા, ખીલીનું ઝાડ.
कर्कखण्ड पु० તે નામનો એક દેશ.
कर्कचिर्भटिका स्त्री० નીચેનો શબ્દ જુઓ.
कर्कचिर्भटी स्त्री० એક જાતની કાકડી.
कर्कट पु० ક્ષુદ્ર ફળવાળું એક જાતનું વૃક્ષ, એક જાતનું જળજંતુ–કરચલો, એક જાતનું પક્ષી–બગલો, તુંબડાનું ઝાડ, કમળનો કંદ, મેષ વગેરે રાશિઓમાંની ચોથી રાશિ, તાજવામાં વચ્ચે નાખવાનો લોઢાનો ખીલો, કાંટો.
कर्कटक न० એક જાતનું યંત્ર–કંપાસ, એક જાતની શેલડી, કરચલો.
कर्कटवल्ली स्त्री० ગજપીપર, મોટી તીખી પીપર.
कर्कटशृङ्गी स्त्री० કાકડાશીંગી વનસ્પતિ.
कर्कटशृङ्गिका स्त्री० કાકડાશીંગી.
कर्कटाक्ष पु० કાકડી.
कर्कटाख्या स्त्री० કાકડાશીંગી.
कर्कटि स्त्री० એક જાતનું ઝાડ, શીમળાનું ઝાડ, કાકડાશીંગી, કાકડીનો વેલો.
कर्कटिका स्त्री० કાકડી, કાકડીનો વેલો.
कर्कटिनी स्त्री० દારૂ હળદર.
कर्कटी स्त्री० કાકડાશીંગ.
कर्कटाह्व पु० કાકડાશીંગ.
कर्कटाह्वा स्त्री० કાકડાશીંગ.
कर्कटु पु० એક જાતનું પક્ષી, કરચલો.
कर्कन्धु पु० स्त्री० બોરડીનું ઝાડ.
कर्कन्धु न० બોર.
कर्कन्धुकुण न० બોરડીનો પાક.
कर्कन्धू स्त्री० पु० બોરડીનું ઝાડ.
कर्कन्धूकुण न० બોરડીનો પાક.
कर्कन्धूफल न० બોર.
कर्कन्धूमत त्रि० બોરડીની પાસેનો પ્રદેશ વગેરે.
कर्कफल न० ઝીણું આમળું.
कर्कर न० ચૂનાનો કાંકરો, કોંકર
कर्कर पु० દર્પણ, આરસી, ચૂનો, કોંકર, મુદ્ગર, મોગરી, કાંકરો.
कर्कर त्रि० મજબૂત, કઠણ.
कर्कराक्ष पु० નીચેનો શબ્દ જુઓ.
कर्कराङ्ग न० ખંજનપક્ષી–દિવાળી ઘોડો.
कर्कराटु पु० કટાક્ષ.
कर्कराटुक पु० એક જાતનું પક્ષી, કરચલો.
कर्करान्धुक पु० અત્યંત અંધકારવાળો કુવો.
कर्कराल पु० ચૂર્ણકુંતલ–ગુંચળીયાવાળ.
कर्करिका स्त्री० નેત્રમાં આવતી ખરજનો રોગ.
कर्करी स्त्री० ઝારી, ઘી વગેરે પકવ દ્રવ્યને બહાર કાઢવાનું સાધન નાળચાંવાળું પાત્ર.
कर्करीक न० શરીર.
कर्करेट पु० ગળે હાથ મૂકી ધક્કો મારી કાઢી મૂકવું તે.
कर्करेटु पु० એક જાતનું પક્ષી.
कर्कश पु० એક જાતનું ઝાડ, તજનું ઝાડ, શેલડીનું ઝાડ, તરવાર, ચિકિત્સામાં ઉપયોગી વીસ ગુણોમાંનો એક ગુણ.
कर्कश त्रि० કઠોર, સાહસિક, કઠણ સ્પર્શવાળું, ક્રૂર, નિર્દય, દુર્બોધ, અત્યંત.
कर्कशच्छद पु० શાકોટ વૃક્ષ, પટોલ વૃક્ષ.

कर्कशच्छदा स्त्री० कोषातकी વનસ્પતિ.
कर्कशता स्त्री० કઠોરતા, સાહસિકતા, ક્રૂરપણું, નિર્દયપણું.
कर्कशत्व न० ઉપરના અર્થ.
कर्कशदल पु० कर्कशच्छद જુઓ.
कर्कशदला स्त्री० कर्कशच्छदा જુઓ.
कर्कशवाक्य न० કઠોર વાક્ય, ક્રૂર વાક્ય.
कर्कशा स्त्री० જંગલી બોરનું ઝાડ, લઘુ મરડાશીંગીનું ઝાડ.
कर्कशिका स्त्री० જંગલી બોરનું ઝાડ.
कर्कशिमन् पु० कर्कशता જુઓ.
कर्कसार न० દહીં મિશ્ર સાથવો.
कर्कारु पु० કોહળું, કાકડી.
कर्कारुक पु० कालिन्दवृक्ष, કોહળાનો વેલો, કાકડીનો વેલો.
कर्कि पु० કર્કરાશિ,
कर्की स्त्री० कुष्माण्डी વનસ્પતિ–કોહળાંનો વેલો, કાકડીનો વેલો.
कर्केतन पु० न० એક જાતનું રત્ન.
कर्कोट पु० એક જાતનો સર્પ, બિલ્લીનું ઝાડ, ફળવાળો એક જાતનો વેલો.
कर्कोटक पु० એક જાતનો નાગ, કારેલી વનસ્પતિ, શેલડીનું ઝાડ, બીલીનું ઝાડ.
कर्कोटकी स्त्री० કંકોડાંનો વેલો.
कर्कोटकीफल न० કંકોડું.
कर्कोटवापी स्त्री० કાશીમાં એક તીર્થ.
कर्कोटिका स्त्री० पीतघोषा વૃક્ષ–કંકોડાનું ઝાડ.
कर्क्यादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.
कर्च् भ्वा० प० स० सेट् જવું.
कर्च्चरिका स्त्री० એક જાતની પુરી–કચોરી,
कर्च्चरी स्त्री० પાશ્ચાત્યભાષાપ્રસિદ્ધ એક દ્રવ્ય, કચોરી.
कर्चूर न० સોનું, કાબરચિત્રો રંગ,હરતાલ.
कर्चूर पु० શઠી વનસ્પતિ–કચૂરો.
कर्चूर त्रि० કાબરચિત્રા રંગવાળું.
कर्चूरक पु० હળદર, હરતાલ, કાબરચિત્રો રંગ, સોનું , કપૂરકાચલી.
कर्ज् भ्वा० प० स० सेट् પીડા કરવી, દુખ દેવું.
कर्ण् चु० उ० स० सेट् ભેદવું, વીંધવું, आ+ સાંભળવું.
कर्ण पु० કાન, એક જાતનું ઝાડ, ગણિતપ્રસિદ્ધ એક રેખા, કુંતીનો પુત્ર કર્ણ, અરિત્ર–નાવિકનું નૌકા ચલાવવાનું સાધન, સુકાન.
कर्ण त्रि० કુટિલ, કપટી, લાંબા કાનવાળું.
कर्णक पु० ઝાડ વગેરેનાં ડાળાં–પાંદડાં વગેરે, ઝાડનો એક જાતનો રોગ.
कर्णकण्डू स्त्री० એક જાતનો કાનનો રોગ.
कर्णकित त्रि० જેને ડાળાં–પાંદડાં ફુટેલ હોય તેવું વૃક્ષ.
कर्णकीटी स्त्री० કાનખજૂરો.
कर्णकुब्ज पु० કનોજ દેશ.
कर्णकृमि पु० કાનનો એક જાતનો રોગ.
कर्णक्ष्वेड पु० એક જાતનો કાનનો રોગ.
कर्णगतरोग पु० કાનમાં રહેલો રોગ.
कर्णगूथ न० કાનનો મેલ, એક જાતનો કાનનો રોગ.
कर्णगूथक न० ઉપરના અર્થ.
कर्णगोचर पु० કાનનો વિષય.
कर्णग्राह पु० નાવિક, ખલાસી.
कर्णग्राहवत् त्रि० નાવિકવાળું.
कर्णच्छिद्र न० કાનનું છિદ્ર.
कर्णजप त्रि० ચાડીયું, ચાડીચુગલી કરનાર.
कर्णजलूका स्त्री० કાનખજૂરો.
कर्णजलौकस् स्त्री० ઉપરનો અર્થ.
कर्णजलौका स्त्री० કાનખજૂરો.
कर्णजाह न० કાનનું મૂળ.
कर्णजित् पु० પાંડવ અર્જુન.

कर्णताड पु० કાન ઉપર પ્રહાર કરવો, હાથીના કાનનું આજુબાજુ અથડાવું તે.
कर्णताल पु० ઉપરના અર્થ.
कर्णदर्पण पु० કાનનું ઘરેણું.
कर्णदुन्दुभि पु० કાનખજૂરો.
कर्णधार पु० નાવિક, ખલાસી.
कर्णधार त्रि० દુ:ખ વગેરે દૂર કરનાર.
कर्णनाद पु० કાનને આંગળીવતી બંધ કર્યા પછી તેમાં સંભળાતો અવાજ.
कर्णपत्रक पु० કાનનું રક્ષણ કરનાર કાનનો એક ભાગ.
कर्णपथ पु० કાનમાં રહેલો છિદ્રરૂપ માર્ગ.
कर्णपरंपरा स्त्री० કાને કાને શ્રવણપરંપરા.
कर्णपराक्रम पु० તે નામનું એક કાવ્ય.
कर्णपर्वन् न० મહાભારતનું આઠમું પર્વ.
कर्णपाक पु० કાનનું પાકવું–કાનનો એક રોગ.
कर्णपालि स्त्री० कर्णपत्रक જુઓ, કાનનું એક ઘરેણું.
कर्णपाली स्त्री० ઉપરનો અર્થ.
कर्णपाल्यामय पु० કર્ણપાલીમાં થનારો એક રોગ.
कर्णपिशाची स्त्री० એક જાતની દેવી.
कर्णपुत्रिका स्त्री० કાનની પાળ.
कर्णपुर् स्त्री० કર્ણરાજાનું નગર–ચંપાનગરી.
कर्णपुर न० ઉપરનો અર્થ.
कर्णपुष्प पु० મોરટા લતા.
कर्णपूर पु० કાનનું ઘરેણું, કાળું કમળ, જાસુદનું ઝાડ, આસોપાલવનું ઝાડ.
कर्णपूरक पु० કદંબનું ઝાડ, કાનનું ઘરેણું, કાળું કમળ, જાસુદનું ઝાડ, આસોપાલવનું ઝાડ.
कर्णपूरण न० વૈદ્યકના નિયમાનુસાર કાનને તેલ વગેરેથી ભરવો તે.
कर्णप्रणाद पु० એક જાતનો કાનનો રોગ.
कर्णप्रतिनाह पु० એક જાતનો કાનનો રોગ.
कर्णप्राय पु० તે નામનો એક દેશ.
कर्णफल पु० એક જાતનું માછલું.
कर्णभूषण न० કાનનું ઘરેણું.
कर्णमल न० કાનનો મેલ.
करर्णमुकुर पु० કાનનો દાગીનો–ताडङ्क.
कर्णमोटि स्त्री० તે નામની એક દેવી.
कर्णमोटी स्त्री० ઉપરનો અર્થ.
कर्णयोनि त्रि० કાનથી ગ્રહણ કરવા યોગ્ય વિષય.
कर्णरोग पु० કાનનો રોગ.
कर्णल त्रि० કાનની શ્રેષ્ઠ શક્તિવાળું.
कर्णलता स्त्री० कर्णपाली જુઓ.
कर्णलतिका स्त्री० ઉપરનો અર્થ.
कर्णवंश पु० માંચડો, ખાટલો.
कर्णवत् त्रि० કાનવાળું.
कर्णवत् पु० નાવિક, ખલાસી.
कर्णवर्जित त्रि० બહેરૂં.
कर्णवर्जित पु० સર્પ.
कर्णविद्रधि पु० કાનનો એક રોગ.
कर्णविष् स्त्री० કાનનો મેલ.
कर्णवेध पु० કાન વીંધવો તે.
कर्णवेधनिका स्त्री० કાન વીંધવાની સળી.
कर्णवेधनी स्त्री० ઉપરનો અર્થ.
कर्णवेष्ट पु० કુંડલ, તે નામનો એક રાજા.
कर्णवेष्टक पु० ઉપરના અર્થ.
कर्णवेष्टकीय त्रि० કાનના ઘરેણા માટેનું સોનું વગેરે.
कर्णवेष्टक्य त्रि० ઉપરનો અર્થ.
कर्णवेष्टन न० કાનનું ઘરેણું.
कर्णव्यधविधि पु० કાન વીંધવાનો વિધિ.
कर्णशष्कुली स्त्री० કર્ણગોલક, કાનમાં રહેલ પોલાણ.
कर्णशूल न० એક જાતનો કાનનો રોગ.
कर्णशोभन त्रि० કાનનું ઘરેણું.
कर्णश्रव त्रि० જેનો શબ્દ કાનથી સાંભળવા યોગ્ય હોય તે.

कर्णसंस्राव પુ૦ એક જાતનો કાનનો રોગ.
कर्णसू સ્ત્રી૦ કર્ણની માતા કુંતી.
कर्णस्फोटा સ્ત્રી૦ એક જાતનો વેલો–તિલવણ.
कर्णस्रोतस् ન૦ કાનનો મેલ.
कर्णस्रोतोभव પુ૦ વિષ્ણુના કાનના મેલમાંથી ઉત્પન્ન થયેલ મધુ અને કૈટભ નામના અસુર.
कर्णहीन ત્રિ૦ કાન વગરનું, બહેરૂં.
कर्णहीन પુ૦ સર્પ.
कर्णाकर्णि પુ૦ કાને કાને સાંભળવા યોગ્ય એક બીજાનું કહેવું.
कर्णाट પુ૦ કર્ણાટક દેશ.
कर्णाटक પુ૦ તે નામનો એક ઋષિ, કર્ણાટક દેશ.
कर्णाटी સ્ત્રી૦ કર્ણાટ દેશની સ્ત્રી.
कर्णाट्ट ન૦ એક જાતના આકારનું ઘર.
कर्णादि પુ૦ પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.
कर्णानुज પુ૦ યુધિષ્ઠિર રાજા.
कर्णान्तिक ત્રિ૦ કાનની પાસે, કાનની પાસેનું.
कर्णान्द પુ૦ कर्णपाली જુઓ.
कर्णान्दु સ્ત્રી૦ ઉપરનો અર્થ.
कर्णान्दू સ્ત્રી૦ ઉપરનો અર્થ.
कर्णाभरणक પુ૦ ગરમાળાનું ઝાડ.
कर्णारा સ્ત્રી૦ હાથીના કાન વીંધવાની સળી.
कर्णारि પુ૦ પાંડવ અર્જુન, એક જાતનું ઝાડ–સાદડ.
कर्णास्फाल પુ૦ હાથીઓના કાનનું ચાલવું.
कर्णि પુ૦ કાન જેવા આકારના ફળાંવાળું એક જાતનું બાણ, ભેદવું, ચીરી નાંખવું.
कर्णिक ત્રિ૦ વધેલાકાનવાળું,લાંબાકાનવાળું.
कर्णिक પુ૦ ખલાસી.
कर्णिका સ્ત્રી૦ એક જાતનું કાનનું ઘરેણું, હાથીની સૂંઢના અગ્ર ભાગમાં રહેલ આંગળી જેવા આકારનો પદાર્થ, કમળનાં બીજ (કમળ કાકડી) જેમાં હોય છે તે ડોડો, લેખણ, કલમ, અગ્નિમંથવૃક્ષ, અજશૃંગી નામનું વૃક્ષ, ધોળી જૂઇ, કોઇપણ ફળનું દીંટું.
कर्णिकाचल પુ૦ સુમેરૂ પર્વત.
कर्णिकापर्वत પુ૦ સુમેરૂ પર્વત.
कर्णिकार પુ૦ ન૦ કરેણનું ઝાડ, ગરમાળો.
कर्णिकिन् પુ૦ હાથી, એક પર્વત.
कर्णिन् ત્રિ૦ વધેલા કાનવાળું, લાંબા કાનવાળું, તે નામનો એક યોનિરોગ, એક જાતનું બાણ.
कर्णिनी સ્ત્રી૦ યોનિનો એક રોગ.
कर्णिल ત્રિ૦ વધેલા કાનવાળું, લાંબા કાનવાળું.
कर्णी સ્ત્રી૦ कर्णि જુઓ, મૂલદેવ રાજાની માતા.
कर्णीमत् પુ૦ आरग्वध–ગરમાળાનું ઝાડ.
कर्णीरथ પુ૦ પાલખી.
कर्णीसुत પુ૦ મૂલદેવ રાજા.
कर्णेचुरचुरा સ્ત્રી૦ ચાડીચુગલી.
कर्णेजप ત્રિ૦ ચાડીયું, ખળ, દુર્જન.
कर्णेटिरटिरा સ્ત્રી૦ ચાડીચુગલી.
कर्णेन्दु પુ૦ અર્ધા ચંદ્રના જેવી આકૃતિવાળું કાનનું એક ઘરેણું.
कर्णोपकर्णिका સ્ત્રી૦ કાને કાને પરસ્પર સાંભળવારૂપ વાતચીત.
कर्णोर्णि પુ૦ એક જાતનો મૃગ.
कर्ण्य ત્રિ૦ કાનમાં હોનાર–થનાર, ભેદવા યોગ્ય, ચીરવા યોગ્ય.
कर्त् ચુ૦ ઉ૦ સ૦ સેટ્ શિથિલ કરવું, ઢીલું કરવું.
कर्त्त પુ૦ કુવો, ચીરવું, ફાડવું.
कर्त्त ત્રિ૦ છેદનાર, ચીરનાર.
कर्त्तन ન૦ છેદવું, ચીરવું, શિથિલ કરવુ, ઢીલું કરવું.

कर्त्तन त्रि० કાપનાર-ચીરનાર, કાપવાનું-ચીરવાનું સાધન.
कर्त्तनिका स्त्री० નીચેનો અર્થ.
कर्त्तनी स्त्री० કાતર, એક જાતનું હથિઆર, નાની છરી, કટાર, જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.
कर्त्तरिका स्त्री० નીચેનો શબ્દ જુઓ.
कर्त्तरी કાતર, કાપવા-કાતરવાનું સાધન.
कर्त्तव्य त्रि० કરવાને યોગ્ય, છેદવા-કાપવા યોગ્ય.
कर्त्तव्य न० અવશ્ય કરવું, અવશ્ય છેદવું-કાપવું.
कर्त्तव्यता स्त्री० કરવા યોગ્યપણું.
कर्त्तव्यत्व न० ઉપરનો અર્થ.
कर्त्तिष्ठ त्रि० અત્યંત કરનાર.
कर्त्तीयस् त्रि० ઉપરનો અર્થ.
कर्त्तृ त्रि० કરનાર, કર્તા, કર્તાનો પ્રયોજક, કાપનાર, છેદનાર, તાવ વગેરેને લીધે થનાર દાહ વગેરે.
कर्त्तृ पु० પરમેશ્વર.
कर्त्तृ न० નાની તરવાર.
कर्त्तृक त्रि० કામ કરનાર, ઉદ્યોગી.
कर्त्तृक पु० નાની તરવાર, કટારી.
कर्त्तृकर त्रि० કર્તાનો પ્રયોજક.
कर्त्तृका स्त्री० નાની તરવાર.
कर्त्तृकार त्रि० કર્તાનો પ્રયોજક.
कर्त्तृत्व न० કરનારપણું, કાપનારપણું.
कर्त्तृमत् त्रि० કર્તાવાળું.
कर्त्तृवाच्य पु० કર્તા જેનો વાચ્ય હોય તેવો પ્રત્યય.
कर्त्र् चु० उ० स० सेट् શિથિલતા કરવી.
कर्त्रभिप्राय त्रि० કર્તાની સાથે સંબંધવાળું.
कर्त्रिका स्त्री० કાતર, છરી, કટાર.
कर्त्री स्त्री० કરનારી સ્ત્રી, કાતર, છરી, કટાર.
कर्द् भ्वा० प० अ० सेट् ખરાબ શબ્દ કરવો, પેટનો શબ્દ કરવો.
कर्द पु० કાદવ, કીચડ.
कर्दट पु० પદ્મકંદ-કમળનો કંદ, કાદવ.
कर्दट त्रि० કાદવમાં જનાર.
कर्दन न० પેટનો શબ્દ-પેટમાં આંતરડાંનો ગડગડાટ.
कर्दम पु० કાદવ, કીચડ, પાપ, તે નામનો એક ઋષિ, છાયા, મગનું ઝાડ.
कर्दम न० માંસ.
कर्दम त्रि० કાદવવાળું.
कर्दमक पु० એક જાતની ડાંગેર.
कर्दमक त्रि० કાદવની પાસેનો પ્રદેશ વગેરે.
कर्दमाटक पु० વિષ્ટા વગેરે નાંખવાનું સ્થાન.
कर्दमित त्रि० કાદવવાળું થયેલ.
कर्दमिन् त्रि० કાદવવાળું.
कर्दमिन् पु० મગનું ઝાડ.
कर्दमिनी स्त्री० પુષ્કળ કાદવવાળો પ્રદેશ.
कर्पट पु० न० ચીથરૂં, જૂના કપડાનો ટુકડો, મેલું વસ્ત્ર, ભગવું વસ્ત્ર.
कर्पट पु० તે નામનો એક પર્વત.
कर्पटधारिन् त्रि० નીચેનો શબ્દ જુઓ.
कर्पटिक त्रि० કપડાંના ટુકડા વગેરે પહેરનાર ભિક્ષુક વગેરે.
कर्पटिन् त्रि० ઉપરનો અર્થ.
कर्पण पु० એક જાતનું લોખંડી હથિઆર, ભાલો.
कर्पर पु० ઘડાનો અમુક ભાગ-ઠીકરી, માથાના ઉપરના ભાગનું હાડકું-ખોપરી, એક જાતનું હથિઆર, મોટું કડાયું-કઢાઈ, ઉબરાનું ઝાડ.
कर्परांश पु० ઘડાના એક ભાગનો પણ ભાગ-ઠીકરી.
कर्पराल पु० એક જાતનું પહાડી પીલુનું ઝાડ
कर्पराशिन पु० બટુક ભૈરવ દેવ.
कर्परिकातुत्थ न० મોરથુથુ.

कर्परी स्त्री० દારૂ હળદરના ક્ષારથી થનાર ખાપરીયું.
कर्पास पु० न० કપાસનું ઝાડ.
कर्पासफल न० કપાસીઓ.
कर्पासिका स्त्री० કપાસનું ઝાડ.
कर्पासी स्त्री० ઉપરનો અર્થ.
कर्पूर पु० न० કપૂર.
कर्पूरक पु० કચૂરો.
कर्पूरतिलक पु० તે નામનો એક હાથી.
कर्पूरतिलका स्त्री० પાર્વતીની સખી વિજયા.
कर्पूरतैल न० ઔષધરૂપ એક તેલ.
कर्पूरनालिका स्त्री० ઔષધરૂપ એક ભક્ષ્ય પાક.
कर्पूरमणि पु० એક જાતનું રત્ન.
कर्पूररस पु० અમુક પ્રકારની પાચનક્રિયાથી કપૂરના જેવો કરેલો પારો, રસકપૂર.
कर्पूरस्तव पु० તે નામનું દેવીનું એક સ્તોત્ર.
कर्पूरा स्त्री० એક જાતની હળદર.
कर्पूराश्मन् पु० એક જાતનો મણિ.
कर्पूरिन् त्रि० કપૂરવાળું.
कर्पूरिल त्रि० કપૂરની સમીપનો પ્રદેશ વગેરે.
कर्फर पु० દર્પણ, આરસી, કાચ.
कर्ब् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.
कर्बर पु० રાક્ષસ, પિશાચ, વાદિત્ર.
कर्बु पु० કાબરચિત્રો રંગ.
कर्बु त्रि० કાબરચિત્રા રંગવાળું.
कर्बुदार पु० કોવીદાર વૃક્ષ, નીલઝીરીનું ઝાડ, શ્વેતકાંચવૃક્ષ.
कर्बुदारक पु० શ્લેષ્માંતક વૃક્ષ.
कर्बुर पु० કાબરચિત્રો રંગ, પાપ, નદી ઉપર થનારૂં એક જાતનું ધાન્ય, ધંતુરો, કચૂરો, રાક્ષસ, કપૂરકાચલી.
कर्बुर न० પાણી, સોનું.
कर्बुर त्रि० કાબરચિત્રા રંગવાળું.
कर्बुरफल पु० साकरुण्ड વૃક્ષ.
कर्बुरा स्त्री० कृष्णपृक्का નામની વનસ્પતિ, એક જાતની તુલસી.
कर्बुरी स्त्री० દુર્ગા દેવી.
कर्बूर पु० રાક્ષસ, કચૂરો, હળદર, કાબરચિત્રો રંગ.
कर्बूर न० સોનું, હરતાલ.
कर्बूर त्रि० કાબરચિત્રું.
कर्बूरक पु० कर्बूर पु० જુઓ.
कर्बूरित त्रि० કાબરચિત્રું કરેલ.
कर्म पु० न० કામ, ક્રિયા.
कर्म्मकर त्रि० પગાર લઈ કામ કરનાર, દાસ, ચાકર.
कर्म्मकर पु० યમ, પગ.
कर्म्मकरी स्त्री० ચાકરડી, દાસી, મૂર્વાલતા.
कर्म्मकर्तृ पु० વ્યાકરણપ્રસિદ્ધ કર્મકર્તા.
कर्म्मकर्तृ त्रि० કામ કરનાર.
कर्म्मकाण्ड न० યજ્ઞાંગ કર્મકાંડ, જેમાં કર્મોનું પ્રતિપાદન હોય છે તેવું શાસ્ત્ર.
कर्म्मकार त्रि० પગાર લીધા વિના કામ કરનાર.
कर्म्मकार पु० લવાર, બળદ.
कर्म्मकारक त्रि० કામ કરનાર.
कर्म्मकारिन् त्रि० કામ કરનાર.
कर्म्मकार्मुक न० યુદ્ધમાં જેનો ઉપયોગ થાય છે તે ધનુષ.
कर्म्मकीलक पु० ધોબી.
कर्म्मकृत् त्रि० કામ કરનાર, કર્મ કરનાર.
कर्म्मक्षम त्रि० કામ કરવામાં સમર્થ.
कर्म्मक्षेत्र न० ભારતવર્ષ, ભરતખંડ.
कर्म्मग्रन्थि पु० કર્મબંધન, અજ્ઞાનજન્ય વાસનારૂપ દોષ.
कर्म्मचण्डाल पु० કર્મથી-કામથી ચાંડાળ જેવો, રાહુ ગ્રહ.

कर्म्मचित् त्रि० જેણે કર્મ કર્યું હોય તે, કર્મથી સંગ્રહ કરાતું.

कर्म्मचित त्रि० કર્મથી સિદ્ધ કરવા યોગ્ય.

कर्म्मचेष्टा स्त्री० ક્રિયા માટે ચેષ્ટા.

कर्म्मचोदना स्त्री० કર્મવિષે પ્રેરણારૂપ વિધિ, કર્મમાં પ્રેરણા.

कर्म्मज त्रि० કર્મથી થનાર, કર્મ જેનું કારણ હોય છે તેવા રોગ વગેરે, કાયિક વાચિક તથા માનસિક કર્મથી પ્રાપ્ત થનાર સ્થાવર વગેરેનો જન્મ, કર્મથી થયેલ હરકોઈ પાપ વગેરે દોષ, ક્રિયાજન્ય સંયોગ અને વિભાગ, ધર્મ અધર્મરૂપ એક ગુણ અથવા અદષ્ટ—નશીબ, વેદાંતિમતે કર્મની સૂક્ષ્મ અવસ્થાને પામેલ કોઈ સંસ્કાર, સ્વર્ગ, નરક.

कर्म्मज पु० વડનું ઝાડ, કળિયુગ.

कर्मजगुण पु० ક્રિયાજન્ય ગુણ.

कर्म्मजित् पु० જરાસંધના વંશનો મગધ દેશનો રાજા.

कर्म्मठ त्रि० કર્મ કરવામાં યોગ્ય, કર્મમાં કુશળ.

कर्म्मणि स्त्री० કર્મની સમાપ્તિ સમયે કરવાની પ્રાયશ્ચિત ઇષ્ટિ.

कर्म्मण्य न० શૌર્ય, પરાક્રમ.

कर्म्मण्य त्रि० કર્મ કરવામાં કુશળ.

कर्म्मण्या स्त्री० વેતન, પગાર.

कर्म्मण्याभुज् त्रि० પગાર લઇ કામ કરનાર.

कर्म्मतस् अव्य કર્મથી, કર્મથકી.

कर्म्मत्व न० ક્રિયા, સંસારસંબંધી કર્મ.

कर्म्मदेव पु० એક જાતનો દેવ.

कर्म्मदेवता स्त्री० ઉપરનો અર્થ.

कर्म्मदोष पु० દુષ્ટ અને પાપજનક એવું હિંસા વગેરે કર્મ, કર્મથી થનાર પાપ વગેરે દોષ, કર્મસંબંધી દોષ, સમગ્ર કર્મનું કારણ વાસનારૂપ દોષ.

कर्म्मधारय पु० વ્યાકરણપ્રસિદ્ધ એક સમાસ, ખેતી.

कर्म्मन् पु० न० યજ્ઞ વગેરે કર્મ, કર્તરિપ્રયોગમાં દ્વિતીયાંત અને કર્મણિપ્રયોગમાં પ્રથમાંત જે કારક આવે છે તે, શુભ અશુભ કર્મ, પૂર્વે કરેલાં કર્મનું પરિણામ, ક્રિયા, કાળ, હરકોઈ પદાર્થનો સ્વાભાવિક ગુણ.

कर्म्मनाश पु० કર્મોનો નાશ.

कर्म्मनाशा स्त्री० તે નામની એક નદી.

कर्म्मनिष्ठ त्रि० યજ્ઞયાગાદિ કર્મ કરવામાં આસક્ત, હરકોઇ કર્મમાં આસક્ત.

कर्म्मनिष्ठा स्त्री० કર્મમાં આસક્તિ.

कर्म्मन्द पु० ભિક્ષુસૂત્રનો કર્તા એક ઋષિ.

कर्म्मन्दिन त्रि० કર્મંદે રચેલા ભિક્ષુસૂત્રને ભણનાર.

कर्म्मपथ पु० કર્મમાર્ગ.

कर्म्मप्रवचनीय पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ કર્મપ્રવચનીય સંજ્ઞાવાળો શબ્દ.

कर्म्मन्यास पु० શાસ્ત્રોક્ત કર્મોનો વિધિપૂર્વક ત્યાગ, અથવા ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરેલાં કર્મોના ફળનો ત્યાગ.

कर्म्मफल न० શુભાશુભ કર્મોનું ફળ સુખ દુઃખ વગેરે, એક જાતના ઝાડનું ફળ.

कर्म्मबन्ध न० કર્મથી પ્રાપ્ત થયેલ બંધન—સંસાર.

कर्म्मबन्ध त्रि० કર્મરૂપ બંધનના સાધનવાળું.

कर्म्मभू स्त्री० ખેતીકર્મની ભૂમિ, ખેડેલી જમીન.

कर्म्मभूमि स्त्री० ઉપરનો અર્થ.

कर्म्मभोग पु० કર્મથી પ્રાપ્ત થનારાં સુખદુઃખનો ભોગ કરવો તે.

कर्म्ममूल न० દાભ, દર્ભ.

कर्म्ममीमांसा स्त्री० જૈમિનીકૃત એક શાસ્ત્ર.

कर्म्मयुग न० કળિયુગ.

कर्म्मयोग पु० गीताशास्त्रप्रसिद्ध कर्मयोग, कर्म करवानी कुशळता.

कर्म्मरङ्ग पु० न० એક જાતનું ઝાડ.

कर्म्मरङ्ग न० એક જાતના ઝાડનું ફળ.

कर्म्मरी स्त्री० વંશરોચના-વંશલોચન.

कर्म्मवज्र पु० શૂદ્ર.

कर्म्मवाटी स्त्री० તિથિ.

कर्म्मविपाक पु० કર્મનું ફળ.

कर्म्मव्यतिहार पु० પરસ્પર એક જાતની ક્રિયા કરવા રૂપ ક્રિયાનો અદલો બદલો.

कर्म्मशाला स्त्री० કામ કરવાની શાળા, કારીગરીની શાળા.

कर्म्मशील त्रि० કામ કરવા માટેના સ્વભાવવાળું.

कर्म्मशूर त्रि० કામ કરવામાં શૂરવીર, આરંભેલું કામ સમાપ્ત કરનાર, જ્યાં સુધી ફળ મળે ત્યાં સુધી કામ કરનાર.

कर्म्मश्रेष्ठ त्रि० કર્મથી શ્રેષ્ઠ, કામ કરવામાં શ્રેષ્ઠ.

कर्म्मश्रेष्ठ पु० પુલહ ઋષિનો પુત્ર.

कर्म्मसंन्यास पु० કર્મોનો ત્યાગ, કર્મોના ફળનો ત્યાગ.

कर्म्मसंन्यासिक पु० દીક્ષિત ભિક્ષુક-સંન્યાસી.

कर्म्मसंन्यासिन पु० વિધિપૂર્વક કર્મોનો ત્યાગ કરનાર ભિક્ષુક-સંન્યાસી, કર્મના ફળનો ત્યાગ કરનાર.

कर्म्मसङ्ग पु० કર્મમાં આસક્તિ.

कर्म्मसचिव पु० રાજાઓને ખાનગી વિચાર સિવાયનાં પોતાના કામમાં સહાય કરનાર.

कर्म्मसाक्षिन् पु० સૂર્ય, સૂર્ય વગેરે નવ દેવો.

कर्म्मसाक्षिन् त्रि० હરકોઈ કામમાં સાક્ષી હરકોઈ.

कर्म्मसाधन न० જેથી કામ સિદ્ધ થાય તે, કર્મનું સાધન.

कर्म्मसिद्धि स्त्री० ઇષ્ટ અનિષ્ટ કર્મફળની પ્રાપ્તિ, કામની સિદ્ધિ.

कर्म्मस्थान न० જ્યોતિષપ્રસિદ્ધ લગ્નાવધિ દશમું સ્થાન.

कर्म्महेतु पु० કામનું કારણ.

कर्म्माङ्ग न० કર્મનું અંગ.

कर्म्माजीव पु० કામ કરી જીવવાનું સાધન.

कर्म्माजीव त्रि० કામ કરી જીવનાર.

कर्म्मात्मन् पु० સંસારી-જીવ.

कर्मात्मन् त्रि० કામ કરવામાં આસક્ત મનવાળું.

कर्माध्यक्ष पु० ક્રિયાસાક્ષી, કામ કર્યું ન કર્યું તપાસનાર.

कर्मानुबंध पु० કામનો સંબંધ, કામ ઉપર આધાર.

कर्मानुबंधिन् त्रि० કર્મ સાથે જોડાયેલ, કર્મ સાથે સંબંધવાળું.

कर्मानुरूप त्रि० કામ પ્રમાણેનું, કર્મ પ્રમાણેનું, કર્મને યોગ્ય.

कर्मानुरूपतस् अव्य० કામ પ્રમાણે, કર્મ પ્રમાણે, ફરજ પ્રમાણે.

कर्मानुसारतस् अव्य० ઉપરનો અર્થ.

कर्मानुसारिन त्रि० કામને અનુસરનાર, કર્મને અનુસરનાર.

कर्मानुस्थायिन् त्रि० કામ કરનાર, યજ્ઞાદિ કર્મ કરનાર.

कर्मान्त पु० તૈયાર થયેલ ખેતીના કામવાળી ખેડેલી જમીન, ધાન્ય વગેરેનું સંગ્રહસ્થાન, કર્મની સમાપ્તિ.

कर्मान्तर न० બીજું કામ.

कर्मान्तिक त्रि० કર્મની અંતે હોનાર.

कर्मान्तिक पु० સેવક, ચાકર.

कर्माभिधायक त्रि० એક કર્મ ભોગવનાર, કામ બતાવનાર.

कर्मार पु० એક જાતિ, એક જાતનો વાંસ, કર્મરંગ વૃક્ષ, કારીગર, લવાર.

कर्मार त्रि० કર્મને પ્રાપ્ત થયેલ–કારીગર વગેરે.

कर्मार्ह पु० પુરુષ.

कर्मार्ह त्रि० કામ કરવામાં સમર્થ.

कर्माशय पु० કર્મજન્ય ધર્મ અધર્મરૂપ ગુણ.

कर्मिन् त्रि० કામવાળું, વ્યાપારવાળું, ફળની ઇચ્છા રાખી કામ કરનાર.

कर्मिष्ठ त्रि० ક્રિયાદક્ષ મનુષ્ય, કામ કરવામાં કુશળ.

कर्मीर त्रि० કાબરચિત્રા રંગવાળું.

कर्मेन्द्रिय न० વાણી–પગ–હાથ–ગુદા–લિંગ–એ પાંચ ઇન્દ્રિય.

कर्मोदार न० શ્રેષ્ઠ કાર્ય.

कर्व् भ्वा० प० अ० सेट् ગર્વ કરવો.

कर्व पु० કામ–વિષયવાસના.

कर्वट पु० न० બસો કે આઠસો ગામની વચ્ચેનું શ્રેષ્ઠ ગામ–જેમાં આસપાસનાં સર્વ મનુષ્યો આજીવિકા કરી શકે.

कर्वट पु० તે નામનો એક દેશ.

कर्वर न० કર્મ, કામ.

कर्वर पु० વાઘ, રાક્ષસ.

कर्वरी स्त्री० વાઘેણ, રાક્ષસી, શિયાળ, રાત્રિ, હિંગુપત્રી વનસ્પતિ, હળદર, દુર્ગા દેવી.

कर्वुदार पु० કોવિદાર વૃક્ષ.

कर्वुर पु० कर्बुर જુઓ.

कर्वूर पु० कर्बूर જુઓ.

कर्श्य पु० કચૂરો.

कर्ष पु० न० સોળ માસા બરોબર એક માપ, સોળ માસાભાર સોનું.

कर्ष पु० બહેડાનું ઝાડ, ખેંચવું, ખોતરવું, નિત્ય ખેડવાને લાયક કોઇ ખેતર.

कर्षक त्रि० ખેંચનાર, ખેડનાર, ખોતરનાર.

कर्षण न० ખેંચવું, ખેડવું, ખોતરવું.

कर्षणि स्त्री० વ્યભિચારિણી સ્ત્રી.

कर्षणी स्त्री० ક્ષીરિણી વૃક્ષ, ધોળી વેખંડ, ઘોડાની લગામ–જે લોઢાની તેના મોઢામાં રહે છે.

कर्षणीय त्रि० ખેંચવા, ખેડવા યોગ્ય.

कर्षफल न० બહેડાનું ફળ.

कर्षफला स्त्री० આમળી.

कर्षयत् त्रि० ખેંચતું, ખેડતું, હેરાન કરતું, હરકત કરતું.

कर्षापण न० पु० એંશી કોડીનો એક પણ અને સોળ પણનો એક કાર્ષાપણ.

कर्षार्द्ध न० એક તોલો.

कर्षाह्व पु० એંશી ચણોઠી ભારનું એક વજન.

कर्षिणी स्त्री० ઘોડાના મોઢામાં રખાતુ લોઢાનું ચોકડું, ક્ષીરિણી વૃક્ષ.

कर्षित त्रि० ખેંચેલ, ખેડેલ.

कर्षिन् त्रि० ખેંચનાર, આકર્ષણ કરનાર.

कर्षू पु० અડાયાં છાણાનો અગ્નિ, પુરુષની ચાર આંગળ જમીનમાં ખાડો.

कर्षू स्त्री० નાનો પ્રવાહ, નાની નદી, ખાડી, નહેર, અગ્નિકુંડ, ખેતી, ખેતીકામ, ગુજરાન.

कर्हि अव्य० ક્યારે, કયે કાળે.

कर्हिचित् अव्य० કોઇકિ કાળે, કોઇક વખતે.

कल् भ्वा० आ० सेट् સંખ્યા કરવી स० શબ્દ કરવો अ०

कल् चु० उ० स० सेट् જવું, સંખ્યા કરવી, अव+જાણવું. आ+બાંધવું. प्रति+आ+જાણવું. उत्+ઉંચું ફેંકી ગ્રહણ કરવું. सम्+એક સંખ્યા કરવી–ગણવું.

कल् चु० उ० स० सेट् પ્રેરણા કરવી.

कल पु० મધુર અસ્પષ્ટ શબ્દ, સાગનું ઝાડ, કોલિવૃક્ષ–બોરનું ઝાડ.

कल न० શરીરમાંની છેલ્લી ધાતુ–વીર્ય.

कल त्रि० અજીર્ણ, નહિ પચેલ, કળાવાળો ભાગ.

कलक पु० એક જાતનું માછલું.

कलकण्ठ પુ૦ કોયલ, હંસ, પારેવું.
कलकण्ठ ત્રિ૦ મધુર શબ્દવાળા કંઠવાળું.
कलकण्ठी સ્ત્રી૦ કોયલ માદા, હંસલી, પારેવી.
कलकल પુ૦ કોલાહલ, સાગનો રસ–ગુંદર, રાળ.
कलकी સ્ત્રી૦ એક જાતની માછલી.
कलकीट પુ૦ એક જાતનો કીડો.
कलकूजिका સ્ત્રી૦ કામવાસનાવાળી સ્ત્રી.
कलकूट પુ૦ તે નામનું એક શહેર.
कलघोष પુ૦ કોયલ.
कलघोषी સ્ત્રી૦ કોયલ માદા.
कलङ्क પુ૦ કલંક, ચિન્હ, ડાઘ, અપવાદ, તાંબા વગેરે ધાતુનો કાટ, તાંબા વગેરે ધાતુમાં ખટાઇના સંબંધથી થતો વિકાર.
कलङ्कष પુ૦ સિંહ.
कलङ्कषा સ્ત્રી૦ કડતાલ વાદિત્ર.
कलङ्कषी સ્ત્રી૦ સિંહણ, હાથની તાળી.
कलङ्कित ત્રિ૦ કલંકવાળું થયેલ, ડાઘવાળું થયેલ.
कलङ्किन् ત્રિ૦ કલંકવાળું, ડાઘવાળું, ચિન્હવાળું.
कलङ्कुर પુ૦ પાણીમાં પડતી ઘુમરી.
कलञ्ज પુ૦ ઝેર ચોપડેલા બાણથી મારેલ મૃગ અથવા કોઇ પક્ષી.
कलञ्ज ન૦ ઝેર ચોપડેલા બાણથી મારી નાખેલા પક્ષીનું કે હરણનું માંસ, તંબાકુ, એક જાતનું માપ.
कलञ्जाधिकरण ન૦ તે નામનો એક ન્યાય.
कलट ન૦ ઘર ઢાંકવાનું ઘાસનું છાપરૂં.
कलतूलिका સ્ત્રી૦ વિષયવાસનાવાળી સ્ત્રી.
कलत्र ન૦ ભાર્યા, સ્ત્રી, નિતંબ–કુલો, રાજાઓના કિલ્લાનું સ્થાન.
कलत्रवत् ત્રિ૦ ભાર્યાવાળું, સ્ત્રીવાળું.
कलत्रिन् ત્રિ૦ ઉપરના અર્થ.
कलधूत ન૦ રૂપું.
कलधौत ન૦ સોનું, રૂપું, મધુર અસ્પષ્ટ શબ્દ.
कलध्वनि પુ૦ મધુર અસ્પષ્ટ શબ્દ, કબૂતર, કોયલ, મોર.
कलध्वनि ત્રિ૦ મધુર અસ્પષ્ટવાળું.
कलन ન૦ સ્ત્રીના ઉદરમાં દાખલ થયેલ પુરુષના વીર્યનો એક રાત્રિમાં થતો વિકાર, ચિન્હ, નિશાની, વાતપિત્ત વગેરેનો દોષ, ગ્રહણ કરવું, પકડવું, ગ્રાસ, જાણવું, જ્ઞાન.
कलन પુ૦ નેતર.
कलना સ્ત્રી૦ જ્ઞાન, જાણવું, ગ્રહણ કરવું, લેવું, મૂકવું, છોડવું.
कलनाद પુ૦ એક પ્રકારની વર્ણસંકર જાતિ.
कलनाद પુ૦ મધુર અસ્પષ્ટ શબ્દ, હંસ.
कलनादी સ્ત્રી૦ રાજહંસી.
कलन्दर પુ૦ એક પ્રકારની વર્ણસંકર જાતિ.
कलन्दिका સ્ત્રી૦ સર્વ વિદ્યા.
कलन्धु પુ૦ એક જાતનું શાક.
कलभ પુ૦ ત્રીશ વર્ષનો હાથી, પાંચ વર્ષનું હાથીનું બચ્ચું, ધંતુરો.
कलभप्रिय પુ૦ પીલુનું ઝાડ.
कलभवल्लभ પુ૦ પીલુનું ઝાડ.
कलभी સ્ત્રી૦ ત્રીશ વર્ષની હાથણી, એક જાતનું ઝાડ.
कलम પુ૦ લેખણ, કલમ, કલમી ડાંગેર, ઉખેડીને પાછું વાવેલ એક જાતનું ધાન્ય–ડાંગેર, ચોર.
कलमोत्तम પુ૦ ઉત્તમ પ્રકારની સુગંધી ડાંગેર.
कलम्ब પુ૦ શાકમાં રહેલ ફોતરૂં, બાણ, કદંબનું ઝાડ. પાંચની સંખ્યા, દીંટું.
कलम्बक પુ૦ ઉપરના અર્થ.
कलम्बिका સ્ત્રી૦ ડોકના પાછળના ભાગમાં રહેલી એક નાડી.
कलम्बी સ્ત્રી૦ એક જાતનું શાક.

कलम्बु स्त्री० એક જાતનું શાક.

कलम्बुट न० માખણ.

कलम्बू स्त्री० એક જાતનું શાક.

कलयत् त्रि० ગણતું, પકડતું, કંપતું.

कलरव पु० મધુર અસ્પષ્ટ શબ્દ, કબૂતર, કોયલ, મોર.

कलरव त्रि० મધુર અસ્પષ્ટ શબ્દવાળું.

कलल न० ગર્ભ ઉપર વીંટાતી ચામડી—ઓળ, સ્ત્રીના ઉદરમાં દાખલ થયેલા પુરુષના વીર્યનો એક રાત્રિમાં થતો વિકાર.

कललज पु० રાળ, ગર્ભ.

कललजोद्भव पु० સાગનું ઝાડ.

कलविङ्क पु० ચકલો પક્ષી, કલિંગ વૃક્ષ, ધોળી ચમરી, ઇંદ્રજવનું ઝાડ.

कलविङ्कक पु० ઉપરના અર્થ.

कलविङ्ग पु० ઉપર પ્રમાણે.

कलश पु० ઘડો, કળશ, એક જાતનું માપ.

कलशदिर् स्त्री० યજ્ઞસંબંધી કળશનું ચીરાવું.

कलशपोतक पु० એક જાતનો સર્પ.

कलशि स्त्री० ઘડો, કળશ, પૃશ્નિપર્ણી વનસ્પતિ. કુંભરાશિ, બત્રીસ શેરનું માપ.

कलशी स्त्री० ઉપરના અર્થ.

कलशीकण्ठ पु० તે નામનો એક ઋષિ.

कलशीपदी स्त्री० કળશ જેવા આકારના પગવાળી સ્ત્રી,

कलशीसुत पु० અગસ્ત્ય મુનિ.

कलशोदर पु० તે નામનો એક દાનવ.

कलशोदर त्रि० કળશના જેવા પેટવાળું.

कलस पु० ઘડો, કળશ, કુંભરાશિ, બત્રીસ શેરનું એક માપ.

कलसि स्त्री० कलशि જુઓ.

कलसी स्त्री० कलशी જુઓ.

कलसीसुत पु० અગસ્ત્ય મુનિ.

कलसोदधि पु० સમુદ્ર.

कलस्वर पु० મધુર અસ્પષ્ટ સ્વર.

कलह पु० न० વિવાદ, વાગ્વિવાદ, ક્લેશ, કંકાસ, યુદ્ધ, તે નામનો એક છંદ.

कलहंस पु० એક જાતનો હંસ, તે નામનો એક છંદ,રાજહંસ, શ્રેષ્ઠ રાજા, પરમાત્મા.

कलहंसी स्त्री० હંસલી.

कलहकार त्रि० ક્લેશ કરનાર, કજીયો કરનાર.

कलहनाशन पु० પૂતિકરંજનું ઝાડ.

कलहप्रिय पु० નારદ ઋષિ.

कलहप्रिया स्त्री० સારિકા પક્ષિણી—મેના.

कलहान्तरिता स्त्री० સાહિત્યપ્રસિદ્ધ એક નાયિકા.

कलहाय् નામધાતુ आत्म० अक० सेट् ક્લેશ કરવો, કજીયો કરવો.

कला स्त्री० ચંદ્રમંડળનો સોળમો ભાગ, ભાગ, અંશ, બે પળનો એક સમય-વિભાગ, શરીરમાં રહેલ—એક ધાતુકલેદ, એક માત્રાવાળો લઘુ વર્ણ, ધન—વગેરેનું વ્યાજ, સ્ત્રીરજ, નૌકા, કપટ, સંગીત વગેરે વિદ્યાની કળા, ચોસઠ પ્રકારની કળા.

कलाकुल न० હળાહળ ઝેર.

कलाकेलि पु० કામદેવ.

कलाङ्कुर पु० સારસ પક્ષી, ચોરીનું શાસ્ત્ર બનાવનાર કર્ણીપુત્ર મૂળદેવ, કંસ અસુર.

कलाचिका स्त्री० કોણીથી માંડી કાંડાં સુધીનો હાથનો ભાગ, પીકદાની.

कलाची स्त्री० ઉપરના અર્થ.

कलाटीन पु० એક જાતનું પક્ષી.

कलाद पु० સોની.

कलादक पु० સોની.

कलाधर पु० ચન્દ્ર.

कलाधर त्रि० ચોસઠ પ્રકારની કળાઓ જાણનાર.

कलानिधि पु० ચન્દ્ર, કપૂર.

कलानुनादिन् પુ૦ ભમરો, ચકલો, ચાતક–બપૈયો, કપિંજલ પક્ષી.

कलान्तर પુ૦ એક પ્રકારનું વ્યાજ.

कलान्तर ન૦ ચન્દ્રની બીજી કળા.

कलान्यास પુ૦ તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક ન્યાસ.

कलाप પુ૦ સમૂહ, મોરપિચ્છ, ઘરેણું, કંદોરો, ચંદ્ર, બાણુના ભાથો, બાણ, ધનુષ, અર્ધ ચંદ્રાકાર એક જાતનું અસ્ત્ર, એક પ્રકારનું વ્યાકરણ, તે નામનું એક ગામ, મોતી વગેરેની સેર.

कलाप ત્રિ૦ વિદ્વાન, પંડિત.

कलापक પુ૦ कलाप પુ૦ જુઓ, હાથીની ખાંધનું બંધન.

कलापक ન૦ સાથે સંબંધવાળા ચાર શ્લોક, જે કાળે મોરને પીછાં આવે છે તે કાળે આપવાનું કરજ.

कलापद्वीप પુ૦ તે નામનું એક ગામ.

कलापवत् ત્રિ૦ જેની પાસે બાણ રાખવાનો ભાથો હોય તે.

कलापशस् અવ્ય૦ ગુચ્છે ગુચ્છે.

कलापिन् પુ૦ મોર, કોયલ, વૈશંપાયન ઋષિનો એક શિષ્ય, વડનું ઝાડ, ચંદ્ર.

कलापिनी સ્ત્રી૦ રાત્રિ, નાગરમોથ, મયૂરી.

कलापूर्ण પુ૦ ચંદ્ર, કપૂર.

कलापूर्ण ત્રિ૦ સર્વ પ્રકારની કળાઓવાળું.

कलाभृत् પુ૦ ચંદ્ર, કપૂર.

कलाभृत् ત્રિ૦ સર્વ પ્રકારની કળાઓ ધારણ કરનાર.

कलामक પુ૦ કલમી ડાંગેર.

कलाम्बिका સ્ત્રી૦ ઋણદાન.

कलाय સ્ત્રી૦ એક જાતનું ધાન્ય–વટાણા.

कलायखंज ત્રિ૦ ચાલતાં ચાલતાં જે ધ્રૂજતું હોય તે.

कलायन પુ૦ હરકોઇ નૃત્ય કરનાર, નટ, તરવારની ધાર ઉપર નાચનાર.

कलाया સ્ત્રી૦ ગંડદૂર્વા વનસ્પતિ.

कलालाप પુ૦ ભમરો, મધમાખ.

कलालाप પુ૦ મધુર અસ્પષ્ટ શબ્દનું ઉચ્ચારણ.

कलावत् પુ૦ ચન્દ્ર, કપૂર.

कलावत् ત્રિ૦ કળાઓવાળું, ભાગવાળું.

कलावती સ્ત્રી૦ એક પ્રકારની મંત્રદીક્ષા, ગોકુળની એક ગોવાળણ–રાધાની મા, તે નામની એક વીણા, એક સ્વર્ગવેશ્યા.

कलाविक પુ૦ કુકડો.

कलाविकी સ્ત્રી૦ કુકડી.

कलाविकल પુ૦ ચકલો પક્ષી.

कलाविकली સ્ત્રી૦ ચકલી.

कलाहक પુ૦ કાહલ વાદિત્ર.

कलि પુ૦ ચોથો યુગ–કળીયુગ–બહેડાનુ ઝાડ, કજીયો, કલેશ, લડાઇ, શૂરવીર, જુગારમાં એકના અંકવાળો બાજુનો પાસો, ધોળો ધંતુરો.

कलि સ્ત્રી૦ કળી–ફૂલ વગેરેની.

कलिक પુ૦ એક જાતનો બગલો–ક્રૌંચપક્ષી.

कलिका સ્ત્રી૦ ફૂલની કળી, વીણાનો મૂળભાગ, कला શબ્દ જુઓ, તે નામનો એક છંદ, પદની પરંપરાવાળી એક રચના.

कलिकापूर्व ન૦ અંશથી ઉત્પન્ન થનારૂં કોઇ વૈદિક કર્મ.

कलिकार પુ૦ પીળા માથાવાળું એક જાતનું પક્ષી, પૂતિકરંજ, વિષલાંગલી, નારદ ઋષિ.

कलिकार ત્રિ૦ કજીયો કરનાર, કળીને પામનાર.

कलिकारक પુ૦ નારદ, પૂતિકરંજ.

कलिकारक ત્રિ૦ કલેશકારક, કજીયો કરનાર.

कलिकारी સ્ત્રી૦ જલ પીપર, વિષલાંગલી વનસ્પતિ.

कलिङ्ग પુ૦ એક જાતનું પક્ષી–કાકા કઉઆ, રાઇનું ઝાડ, પીપરનું ઝાડ, પૂતિકરંજ નામનું ઝાડ, તે નામનો એક ક્ષત્રિય.

कलिङ्ग न० ઇંદરજવ.
कलिङ्ग पु० તે નામનો એક દેશ.
कलिङ्गक पु० કુટજવૃક્ષનું બી, ઇંદરજવ.
कलिङ्गा स्त्री० નસોતર.
कलिङ्गाद्यगुटिका स्त्री० એક પ્રકારનું ઔષધ–દવા.
कलिञ्ज पु० સાદડી.
कलित त्रि० જાણેલ, પ્રાપ્ત કરેલ, ભેદેલ, સંખ્યા કરેલ, ગણેલ, ગ્રહણ કરેલ, કહેલ, વિચારેલ, બંધાયેલ.
कलित न० જ્ઞાન, લાભ, ભેદન, ગ્રહણ, કથન, વિચાર, બંધન.
कलितरु पु० બહેડાનું ઝાડ.
कलिद्रुम पु० બહેડાનું ઝાડ.
कलिन्द पु० તે નામનો એક પર્વત, બેહેડાનું ઝાડ, સૂર્ય.
कलिन्दकन्या स्त्री० યમુના નદી.
कलिन्दगिरिजा स्त्री० યમુના નદી.
कलिन्दनन्दिनी स्त्री० યમુના નદી.
कलिप्रिय पु० નારદ.
कलिप्रिय त्रि० કજીયો જેને પ્રિય હોય તે.
कलिमारक पु० પૂતિકરંજ નામનું ઝાડ.
कलिमालक पु० ઉપરનો અર્થ.
कलिमाल्य પૂતિકરંજ.
कलियुग पु० કળીયુગ.
कलियुगाद्या स्त्री० માઘ મહીનાની પૂનેમ.
कलिल त्रि० ગહન, મિશ્ર.
कलिवृक्ष पु० બેહેડાનું ઝાડ.
कलिहारि स्त्री० એક જાતની વનસ્પતિ.
कली स्त्री० ફળની કળી.
कलुङ्क पु० એક જાતનું વાદિત્ર, ઝાંજ.
कलुङ्का स्त्री० તારા, દારૂની દુકાન, ઉબાડીયું.
कलुष पु० પાડો.
कलुष न० પાપ.
कलुष त्रि० પાપી, મેલું, નિંદ્ય, અસમર્થ.
कलुषयोनि त्रि० અશુદ્ધ ઉત્પત્તિવાળું.
कलुषित त्रि० મેલું, દુષ્ટ, ક્રૂર.
कलुषिन् त्रि० પાપી, મેલું.
कलुषी स्त्री० ભેંસ.
कलूतर पु० તે નામનો એક દેશ.
कलूतर त्रि० કલૂતર દેશમાં રહેનાર.
कलेवर न० શરીર.
कलोत्तार त्रि० તીક્ષ્ણ શબ્દવાળું.
कलोत्ताल त्रि० ઉપરનો અર્થ.
कल्क पु० न० ઘી–તેલ વગેરેનો એક પ્રકારનો પાકસંસ્કાર, દંભ, પાખંડ, બેહેડાનું ઝાડ, વિષ્ટા, પાપ, કચરો, મેલ, ગાળ, કાનનો મેલ, ચટણી જેવો વાટેલો પદાર્થ, કીટું.
कल्क त्रि० પાપી.
कल्कन न० શઠતાયુક્ત આચરણ.
कल्कफल पु० દાડમનું ઝાડ.
कल्कि पु० વિષ્ણુનો દશમો અવતાર.
कल्किन् पु० ઉપરનો અર્થ.
कल्किपुराण न० તે નામનું એક ઉપપુરાણ.
कल्प पु० સૃષ્ટિ, બ્રહ્માની રાત્રિરૂપ પ્રલય, બ્રહ્માના દિવસરૂપ કાળ, રચવું, વિકલ્પ, વિધાન, વિધિ, હરકોઇ આચારગ્રંથ, ઠરાવ, કલ્પવૃક્ષ, દંભ, ગુફા, અવાજ, નીરોગીપણું, વેશ.
कल्प त्रि० યોગ્ય, સમર્થ.
कल्पक त्रि० રચનાર, આરોપ કરનાર.
कल्पक पु० कल्प पु० જુઓ, હજામ, કચૂરો વનસ્પતિ.
कल्पकार पु० કલ્પસૂત્ર વગેરે આચારગ્રંથ કરનાર, હજામ.
कल्पकार त्रि० વેશ વગેરે કરનાર.
कल्पकारक पु० कल्पकार पु० જુઓ.
कल्पक्षय पु० પ્રલય, સૃષ્ટિનો ક્ષય.
कल्पतरु पु० કલ્પવૃક્ષ, તે નામનો એક ગ્રંથ.
कल्पद्रु पु० કલ્પવૃક્ષ.

कल्पद्रुम પુ૦ કલ્પવૃક્ષ.
कल्पन ન૦ કાપવું, છેદવું, રચના, વિધાન, આરોપ, તર્ક, અટકળ, નિશ્ચય, શિલ્પ વગેરે ક્રિયા.
कल्पना સ્ત્રી૦ રચના, વિધાન, ચઢવા માટે હાથીને તૈયાર કરવો, નૈયાયિકમતે તે નામનું એક અનુમાન, મીમાંસક અને વેદાંતિમતે અર્થાપત્તિરૂપ પ્રમાણ, તર્ક, ભૂષણ, અટકળ.
कल्पनाकाल ત્રિ૦ અસ્થિર–તત્કાળ નાશ પામનારો હરકોઇ પદાર્થ.
कल्पनी સ્ત્રી૦ કાતર.
कल्पनीय ત્રિ૦ કલ્પના કરવા યોગ્ય.
कल्पपादप પુ૦ કલ્પવૃક્ષ, મહાદાન તરીકે આપવાનું સોનાનું વૃક્ષાકાર કોઈ દ્રવ્ય.
कल्पपादपदान ન૦ કલ્પવૃક્ષનું દાન–એક મહાદાન.
कल्पपाल પુ૦ દારૂ વેચનાર.
कल्पलता સ્ત્રી૦ દેવતાઈ વેલો, મહાદાન તરીકે આપવાનું સોનાનું એક દ્રવ્ય.
कल्पलतादान ન૦ તે નામે એક મહાદાન.
कल्पलतिका સ્ત્રી૦ कल्पलता જુઓ.
कल्पवर्ष પુ૦ તે નામનો એક યાદવ.
कल्पवृक्ष પુ૦ કલ્પવૃક્ષ.
कल्पसूत्र ન૦ આચારને જણાવનારો સૂત્રગ્રંથ.
कल्पान्त પુ૦ પ્રલય.
कल्पान्तस्थायिन् ત્રિ૦ પ્રલયકાળસુધી રહેનાર.
कल्पित ત્રિ૦ કલ્પેલ, રચેલ, જણાયેલ, આરોપેલ, કૃત્રિમ સંજ્ઞાથી કહેલ.
कल्पित પુ૦ ચઢવા માટે તૈયાર કરેલો હાથી.
कल्पितार्घ ત્રિ૦ જેને અર્ઘ આપવો કર્યો છે તે.
कल्पिन् ત્રિ૦ રચનાર, કલ્પના કરનાર, વેપ કરનાર.

कल्पिन् પુ૦ હજામ.
कल्प्य ત્રિ૦ રચવા યોગ્ય, આરોપવા યોગ્ય, કલ્પના કરવા યોગ્ય, કરવા યોગ્ય, આચરવા યોગ્ય.
कल्मन् ન૦ કર્મ, કામ.
कल्मलि પુ૦ તેજ.
कल्मलीक ન૦ જ્વલંત તેજ.
कल्मष ન૦ પાપ, હાથનો છેડો.
कल्मष પુ૦ તે નામનું એક નરક, જ્યોતિષપ્રસિદ્ધ એક મહિનો.
कल्मष ત્રિ૦ પાપી, મેલું.
कल्माष પુ૦ કાબરચિત્રો રંગ, કાળો રંગ, ભુખરો રંગ, રાક્ષસ, સુગંધી ડાંગેર, એક જાતનો અગ્નિ, એક જાતનો સાપ.
कल्माष ત્રિ૦ કાબરચિત્રું, કાળું, ભુખરૂં.
कल्माषकण्ठ પુ૦ મહાદેવ.
कल्माषपाद પુ૦ સૂર્યવંશી એક રાજા.
कल्माषी સ્ત્રી૦ કાબરચિત્રી કોઈ સ્ત્રી જાતિ, યમુના નદી.
कल्य ન૦ પરોઢીયું, સવાર, મધ, દારૂ, ગઈ કાલ, આવતી કાલ.
कल्य ત્રિ૦ નીરોગી, સજ્જ, સમર્થ, ઉદ્યોગી, તૈયાર, કાલું-બોબડું, પઢાવેલું, શીખવેલું.
कल्यजग्धि સ્ત્રી૦ પ્રાતઃકાળનું ભોજન, પ્રાતઃકાળે ખાવા યોગ્ય પદાર્થ.
कल्यता સ્ત્રી૦ આરોગ્ય.
कल्यत्व ન૦ આરોગ્ય.
कल्यपाल પુ૦ દારૂ વેચનાર.
कल्यपालक પુ૦ દારૂ વેચનાર.
कल्यवर्त्त પુ૦ પ્રાતઃકાળનું ભોજન.
कल्या સ્ત્રી૦ નીરોગી સ્ત્રી, દારૂ, શુભ વાણી, હરડે.
कल्याण ન૦ કલ્યાણ, મંગળ, સોનું, સુદૈવ.
कल्याण ત્રિ૦ મંગળવાળું, કલ્યાણયુક્ત, સુખી.

कल्याणकगुड पु० वैदक विधिथी ઔષધરૂપ કરેલો ગોળ.
कल्याणकघृत न० वैदक विधिथी ઔષધરૂપ કરેલું ઘી.
कल्याणकलवण न० वैदकविधिथी ઔષધરૂપ કરેલું મીઠું.
कल्याणयोग पु० જ્યોતિષપ્રસિદ્ધ એક યોગ.
कल्याणकृत् त्रि० શાસ્ત્રોક્ત કર્મ કરનાર, હરકોઇ કલ્યાણ કરનાર.
कल्याणवत् त्रि० કલ્યાણવાળું, મંગળયુક્ત.
कल्याणवाचन न० સ્વસ્તિવાચન.
कल्याणबीज पु० મસૂર.
कल्याणिका स्त्री० મણસીલ ધાતુ.
कल्याणिन् त्रि० કલ્યાણવાળું.
कल्याणिनी स्त्री० બલા ઔષધિ.
कल्याणी स्त्री० ગાય, જંગલી અડદ, રાળ.
कल्याण्यादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.
कल्यापाल पु० દારૂ વેચનાર.
कल्यापालक पु० ઉપરનો અર્થ.
कल्युष न० મણિબંધ.
कल्ल् भ्वा० आत्म० अ० सेट् શબ્દ કરવો, શબ્દ નહિ કરવો, બહેરા થવું, મુંગા થવું.
कल्ल त्रि० બહેરૂં.
कल्लता स्त्री० નીચેના અર્થ.
कल्लत्व न०સ્વર કાઢવો, બહેરાશ, બહેરાપણું.
कल्हि अव्य० આવતી કાલે.
कल्लोल पु० મોટા તરંગ–મોટું મોજું, હર્ષ, આનંદ.
कल्लोल त्रि० શત્રુ.
कल्लोलित त्रि० મોટા તરંગોવાળું થયેલ.
कल्लोलिन् त्रि० મોટા તરંગોવાળું.
कल्लोलिन् पु० તે નામનો એક દેશ.
कल्लोलिनी स्त्री० મોટા તરંગોવાળી નદી.
कल्हण पु० રાજતરંગિણી ગ્રંથનો કર્તા.

कव् भ्वा० आ० स० सेट् સ્તુતિ કરવી, વખાણવું.
कवक पु० ગ્રાસ, કોળીયો.
कवक न० ચોમાસામાં થતી છત્રાકાર બિલાડીની ટોપી.
कवच पु० ઢાલ, ગર્દભાણ્ડ વૃક્ષ–પિતપાપડો, તજ, ભોજપત્રનું ઝાડ, લાંબી પીપરનું ઝાડ, રણનું નગારૂં, દુંદુભિ, કવચરૂપે હું અક્ષર.
कवच न० पु० બખ્તર.
कवचपत्र पु० ભોજપત્રનું ઝાડ.
कवचहर पु० બખ્તર ધારણ કરી શકે તેવો કુમાર.
कवचिन् त्रि० બખ્તર ધારણ કરનાર.
कवटी स्त्री० કમાડ, બારણું.
कवती स्त्री० જેમાં 'क' એવો શબ્દ આવે છે તેવી ઋચા.
कवत्रि स्त्री० એક જાતનું માછલું.
कवत्री स्त्री० ઉપરનો અર્થ.
कवर पु० પાઠક, અધ્યાપક, કાબરચિત્રો રંગ.
कवर पु० न० લવણ–મીઠું, ખાટું.
कवर त्रि० કેશનો અલંકાર, કાબરચિત્રું, જડેલ, સંબંધ પામેલ, મિશ્ર થયેલ.
कवरक पु० કેદી.
कवरकी स्त्री० કેદમાં રહેલી કોઇ સ્ત્રી.
कवरा स्त्री० खरपुष्पा નામની વનસ્પતિ.
कवरी स्त्री० કેશનો અંબોડો.
कवर्ग पु० ક, ખ, ગ, ઘ, ઙ,–એ અક્ષરો.
कवर्गीय त्रि० કવર્ગમાં હોનાર.
कवल पु० ગ્રાસ, કોળીયો, એક જાતનું માછલું, વૈદકમાં કહેલી રોગના નાશ માટેની કોઈ દ્રવ્યની અમુક ક્રિયા.
कवलग्रह पु० કોળીયો લેવો.
कवलप्रस्थ पु० ગ્રાસયોગ્ય કોઇ એક માપ.

कवलिका સ્ત્રી૦ ગુમડા વગેરે ઉપર બાંધવાની પોટીસ.

कवलित त्रि० કોળીયો કરેલ, ગ્રાસ કરેલ, ખાધેલ, વ્યાપ્ત.

कवष् त्रि० છિદ્રવાળું બારણું વગેરે.

कवष त्रि० છિદ્રવાળું બારણું વગેરે.

कवस पु० બખ્તર, એક પ્રકારની કાંટાની જાત.

कवाट न० કમાડ, બારણું.

कवाटघ्न त्रि० બારણું તોડી શકનાર ચોર વગેરે.

कवाटवक्र न० એક જાતનું ઝાડ.

कवाटी સ્ત્રી૦ નાનું બારણું.

कवार न० કમળ.

कवारि त्रि० ખરાબ શત્રુ.

कवासख त्रि० ખરાબ સહાય.

कवि पु० સર્વજ્ઞ બ્રહ્મ, સ્તુતિ કરવા યોગ્ય, વાલ્મિકિ મુનિ, કવિતા બનાવનાર, ભૃગુનો પુત્ર એક ઋષિ, શુક્રાચાર્ય, સૂર્ય, કલ્કિદેવનો મોટો ભાઈ, ચોર યોદ્ધો, ચાક્ષુષ મનુથી વૈરાજ પ્રજાપતિની કન્યામાં ઉત્પન્ન થયેલ પુત્ર, ઘુવડ પક્ષી, આકડાનું ઝાડ.

कवि त्रि० સ્તુતિ કરનાર, સર્વજ્ઞ, બુદ્ધિમાન.

कवि સ્ત્રી૦ લગામ.

कविक पु० લગામ.

कविकल्पद्रुम पु० બોપદેવ પંડિતે કરેલો તે નામનો ધાતુપાઠગ્રંથ.

कविकल्पलता સ્ત્રી૦ તે નામનો એક ગ્રંથ.

कविका સ્ત્રી૦ લગામ, એક જાતનું માછલું, કવિકાપુષ્પ.

कविज्येष्ठ पु० વાલ્મિકી મુનિ.

कवितर त्रि० મહાન કવિ.

कवितम त्रि० ઉપરનો અર્થ.

कविता સ્ત્રી૦ કવિનું કર્મ, કવિતા, કવિપણું.

कवित्व न० ઉપરના અર્થ.

कविपुत्र पु० શુક્રાચાર્ય.

कविय न० લગામ.

कविरहस्य न० તે નામનો એક ગ્રંથ.

कविराज पु० મહાન કવિ.

कविरामायण पु० વાલ્મીકિ મુનિ.

कविल त्रि० સ્તુતિ કરનાર, શબ્દ કરનાર.

कविलासिका સ્ત્રી૦ એક જાતની વીણા.

कविवाल्मीकि पु० વાલ્મીકી મુનિ.

कविवेदिन त्रि० કાવ્ય જાણનાર.

कवी સ્ત્રી૦ લગામ.

कवीय न० લગામ.

कवीयत् त्रि० કવિના જેવું, પોતાની સ્તુતિ કરવા ઇચ્છનાર.

कवीयस् त्रि० મહાન્ કવિ.

कवीयसी સ્ત્રી૦ મહાન કવિ કોઈ સ્ત્રી.

कवूल न० જ્યોતિષપ્રસિદ્ધ તે નામનો એક યોગ.

कवेल न० કમળ.

कवोष्ण न० થોડો ગરમ સ્પર્શ.

कवोष्ण त्रि० થોડા ગરમ સ્પર્શવાળું.

कव्य न० પિતૃઓને ઉદ્દેશી અપાતું અન્ન.

कव्य त्रि० સ્તુતિ કરવા યોગ્ય, સ્તુતિ કરનાર.

कव्यवाड पु० નીચેનો શબ્દ જુઓ.

कव्यवाल पु० અગ્નિ, તે નામના પિતૃદેવ.

कव्यवाह् पु० અગ્નિ.

कव्यवाह पु० અગ્નિ.

कव्यवाहन पु० અગ્નિ.

कश् ભ્વા૦ પ૦ સેટ્ શબ્દ કરવો અ૦ જવું, શાસન કરવું સ૦

कश पु० ચાબુક કોરડો.

कशाकृत्स्न पु० તે નામનો એક ઋષિ

कशास् न० પાણી.

कशा સ્ત્રી૦ ચાબુક.

कशात्रय न० ઘોડાને ત્રણ પ્રકારે ચાબુક મારવાની રીત.

कशार्ह त्रि० ચાબુક મારવા યોગ્ય.

कशिक પુ૦ નોળીયો.

कशिकपाद ત્રિ૦ નોળીયાના જેવા પગવાળું.

कशिपु પુ૦ અન્ન, આચ્છાદન–ઓછાનું, પાથરણુ, ઢાંકણુ, એક જાતનું આસન, મસૂરીયું, ગાલમસૂરીયું, ઓશીકું.

कशीका સ્ત્રી૦ જેણે બચ્ચાં જણ્યાં હોય તેવી નોળીયણ.

कशु પુ૦ ચેદિપુત્ર એક રાજા.

कशेरक પુ૦ તે નામનો એક યક્ષ.

कशेरु સ્ત્રી૦ એક જાતનું તૃણકંદ, ત્વષ્ટાની ચૌદમી કન્યા.

कशेरु પુ૦ ભારતવર્ષના નવ ખંડમાંનો એક ખંડ.

कशेरुक પુ૦ એક જાતનો કંદ.

कशेरुका સ્ત્રી૦ પીઠનું હાડકું.

कशेरू સ્ત્રી૦ कशेरु જુઓ.

कशेरुमत् પુ૦ તે નામનો એક યવન રાજા.

कशीक ત્રિ૦ હિંસક રાક્ષસ વગેરે.

कश्चन अव्य० કોઇક.

कश्चित् अव्य० કોઇક.

कश्मल ન૦ મૂર્છા, મોહ, પાપ.

खरनादिनी स्त्री० રેણુકા નામે એક સુગંધી દ્રવ્ય.

खरनाल न० કમળ.

खरप पु० તે નામે એક ઋષિ.

खरपत्र पु० એક જાતની વનસ્પતિ, સાગનું ઝાડ, એક જાતની તુલસી.

खरपत्रक पु० तिलकवृक्ष નામે ઝાડ.

खरपत्री स्त्री० તે નામે એક વનસ્પતિ.

खरपात्र न० લોઢાનું વાસણ.

खरपादाढ्य पु० કોઠનું ઝાડ.

खरपाल पु० લાકડાંનું પાત્ર.

खरपुष्प पु० મરવો નામે વનસ્પતિ.

खरपुष्पा स्त्री० એક જાતની તુલસી.

खरपुष्पिका स्त्री० ઉપરનો અર્થ.

खरपुष्पी स्त्री० એક જાતની તુલસી.

खरप्रिय पु० પારેવું, કબૂતર.

खरप्रिया स्त्री० કબૂતર–માદા.

खरमञ्ज त्रि० અત્યંત શુદ્ધ કરનાર–સાફ કરનાર.

खरमञ्जरी स्त्री० અઘાડો.

खरमञ्जारि स्त्री० અઘાડો.

खरयान न० ગધેડાંનું વાહન.

खररोमन् त्रि० કઠણ રૂંવાટાંવાળું.

खररोमन् पु० તે નામે એક નાગ.

खरलोमन् त्रि० કઠણ રૂંવાટાંવાળું.

खरलोमन् पु० તે નામે એક નાગ.

खरवल्लिका स्त्री० નાગબલા વનસ્પતિ.

खरवल्लिका स्त्री० નાગરવેલ.

खरवल्ली स्त्री० નાગરવેલ.

खरशब्द पु० ટીટોડું પક્ષી, ગધેડાનો શબ્દ, ઉગ્ર શબ્દ.

खरशब्द त्रि० तीक्ष्ण શબ્દવાળું.
खरशाक पु० ભારંગ વનસ્પતિ.
खरशाल न० ગધેડાંનો તબેલો, ગધેડાં બાંધવાનું સ્થળ.
खरशाल त्रि० ગધેડાંના તબેલામાં હોનાર–થનાર.
खरशाला स्त्री० ગધેડાંનો તબેલો.
खरसोनि स्त्री० તે નામે એક વેલો.
खरसोन्द पु० લોઢાંનું વાસણ.
खरस्कन्ध पु० પ્રિયાલ વૃક્ષ.
खरस्कन्धा स्त्री० ખજૂરીનું ઝાડ.
खरस्वर त्रि० તીક્ષ્ણ શબ્દવાળું.
खरस्वरा स्त्री० વનમલ્લિકા નામે લતા.
खरा स्त्री० દેવતાડ વૃક્ષ.
खरागरी स्त्री० ઉપરનો અર્થ.
खराब्दाङ्कुरक न० વૈડૂર્ય મણિ.
खरालक पु० લોખંડી બાણ.
खरालिक पु० ઉપરનો અર્થ.
खरांशु पु० સૂર્ય, આકડાનું ઝાડ.
खराश्वा स्त्री० એક જાતનો વેલો–રૂદ્રજટા લતા.
खराह्वा स्त्री० અજમોદ.
खरिका स्त्री० ચૂર્ણાકારે એક જાતની કસ્તૂરી.
खरिन्धय त्रि० ગધેડીને ધાવનાર.
खरी स्त्री० ગધેડી.
खरीजङ्घ पु० તે નામે એક ઋષિ, શિવ.
खरु पु० શિવ, ગર્વ, ઘોડો, દાંત, કામદેવ, ધોળો રંગ.
खरु त्रि० ધોળા રંગવાળું, ક્રૂર, તીક્ષ્ણ, કેવળ અયોગ્ય વસ્તુની ઇચ્છા રાખનાર, અજ્ઞાની, મૂર્ખ.
खरु स्त्री० પતિ વરવા ઇચ્છતી કન્યા.
खर्खोद्दिगिन त्रि० મારણ વગેરેના પ્રયોગો જાણનાર.
खर्घ् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.
खर्ज् भ्वा० प० अ० सेट् પીડા પામવી, દુઃખી થવું.
खर्जन न० ખણવું, ખંજોરવું.
खर्जिका स्त्री० ઉપદંશ રોગ.
खर्जु पु० ખરજ, ખણ, ખજૂરીનું ઝાડ, એક જાતનો કીડો–કાનખજૂરો, વીંછી.
खर्जुघ्न पु० આકડાનું ઝાડ, ધંતુરાનું ઝાડ.
खर्जुर न० રૂપું, ખજૂર, હડતાળ.
खर्जू स्त्री० खर्जु જુઓ.
खर्जूघ्न पु० खर्जुघ्न જુઓ.
खर्जूर पु० ખજૂરીનું ઝાડ, કાનખજૂરો, વીંછી.
खर्जूर न० ખજૂર, રૂપું, હડતાળ, એક જાતનું ઘાસ.
खर्जूररस पु० ખજૂરનો રસ.
खर्जूरवेध पु० વિવાહમાં વર્જ્ય એક યોગ.
खर्जूरिका स्त्री० ખજૂરનું ઝાડ.
खर्जूरी स्त्री० ઉપરનો અર્થ.
खर्द् भ्वा० प० स० सेट् દશવું, કરડવું.
खर्पर पु० ચોર, ધૂતારો, ભિક્ષાપાત્ર–ખપ્પર, માટીના વાસણનો ભાંગેલો ટુકડો–ઠીકરૂં, ખોપરી.
खर्पर न० ખાપરીયું નામે એક ઉપધાતુ.
खर्पराल पु० એક જાતનો પીપળો.
खर्परिका स्त्री० ખાપરીયું–ઉપધાતુ.
खर्परी स्त्री० ઉપરનો અર્થ.
खर्परीतुत्थ न० ખાપરીયું.
खर्ब् भ्वा० प० स० सेट् ગમન કરવું, જવું.
खर्ब त्रि० ઠીંગણું, વામન, નીચું, ટુંકું.
खर्ब पु० કુબેરના નવનિધિમાંનો એક નિધિ, કુબ્જક વૃક્ષ.
खर्ब न० એક હજાર કરોડની સંખ્યા.
खर्बट पु० તે નામે એક ગામ, પર્વતની પાસેનું કોઇ ગામ.
खर्बशाख त्रि० વામન, ઠીંગણું, નાનું.
खर्बित त्रि० નાનું, ટુંકું, ઠીંગણું.
खर्बिता स्त्री० એક પ્રકારની અમાસ તિથિ.

खर्बुरा स्त्री० એક જાતનું ઝાડ-तरदीवृक्ष.
खर्बुज न० એક જાતના વેલાનું ફળ.
खर्म न० મરદાઈ, પુરૂષાર્થ, પુરૂષપણું, વણેલું રેશમ.
खर्व् ભ્વા० પ० સ० સેટ્ खर्ब् જુઓ.
खर्व त्रि० खर्ब त्रि० જુઓ.
खर्व पु० खर्व पु० જુઓ.
खर्व न० खर्ब न० જુઓ.
खर्वट पु० खर्बट જુઓ.
खर्वशाख त्रि० खर्बशाख જુઓ.
खर्वा स्त्री० નાગરવેલ.
खर्वित त्रि० खर्वित જુઓ.
खर्विता स्त्री० खर्बिता જુઓ.
खर्वुरा स्त्री० खर्बुरा જુઓ.
खर्वुज न० खर्बुज જુઓ.
खर्वूज न० એક જાતનો વેલો.
खल् ભ્વા० प० સ० સેટ્ ચાલવું, ઠોકર ખાવી.

खल पु० न० અનાજ કચરવાનું સ્થાન-ખળું, ધૂળનો ઢગલો, પૃથ્વી, સ્થાન, સ્થળ.
खल पु० તલનો ખોળ, સૂર્ય, તમાલ વૃક્ષ, ઔષધ મર્દન કરવાનું પત્થરનું વાસણ-ખરલ, આકડાનું ઝાડ, ધંતુરાનું ઝાડ.
खल त्रि० નીચ, હલકું, ખરાબ, દુષ્ટ, બીજું.
खलक पु० ઘડો, કલશ.
खलकल पु० કળથી નામનું અનાજ.
खलता स्त्री० નીચપણું, દુર્જનપણું, આકાશલતા નામે એક વેલો.
खलति पु० ઇન્દ્રગુપ્ત રોગ-ટાલનો રોગ.
खलति त्रि० ટાલના રોગવાળું, ટાલીયું.
खलतिक पु० પર્વત.
खलतिक न० પર્વતમાંનું જંગલ.
खलत्व न० ખળપણું, નીચતા, દુર્જનતા.
खलधान पु० એક જાતનું વાસણ.
खलपू त्रि० સ્થાન સાફ કરનાર, વાસીદું વાળનાર

खलमूर्ति पु० પારો.
खलयज्ञ पु० ખળામાં કરવાનો યજ્ઞ.
खलसंसर्ग पु० નીચ માણસની સોબત.
खलाजिन न० ખળામાં રહેલું ચામડું.
खलादि पु० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.
खलाधारा स्त्री० तैलपायिका જુઓ.
खलि स्त्री० તલનો ખોળ, તાલનું મૂળ.
खलिद्रुम पु० દેવદારનું ઝાડ.
खलिन् त्रि० ખોળવાળું, તલ વગેરેના કીચડવાળું.
खलिन पु०न० ઘોડાના મોઢામાં રહેતું ચોકડું.
खलिनी स्त्री० ખળ મનુષ્યોનો સમૂહ.
खलिवर्द्धन पु० વાયુથી પીડા પામતો દાંત.
खलिश पु० એક જાતનું માછલું.
खलिशा स्त्री० ઉપરનો અર્થ.
खली स्त्री० તલ વગેરેનો ખોળ.
खलीकार पु० અપકાર, ભર્ત્સના, તિરસ્કાર.
खलीकृत त्रि० તિરસ્કાર કરેલ, અપકાર કરેલ.
खलीकृति स्त्री० તિરસ્કાર, અપકાર.
खलीन पु० न० खलिन જુઓ.
खलीन त्रि० આકાશમાં લીન.
खलु अव्य० નિશ્ચયાર્થમાં, નિષેધમાં, વાક્યાલંકારમાં, જિજ્ઞાસામાં, અનુનયમાં તથા નિયમમાં વપરાય છે.
खलुच् पु० અંધારૂં.
खलुरेष पु० એક જાતનો મૃગ.
खलुरेषक पु० ઉપરનો અર્થ.
खलुरेषी स्त्री० એક જાતની મૃગલી.
खलुरिका स्त्री० શસ્ત્રાભ્યાસ,લશ્કરી તાલીમ.
खलेकपोत पु० ब० ખળામાં પડતાં કબૂતરો.
खलेधानी स्त्री० ખળામાં અનાજ છૂટું પડાતું હોય ત્યાં વચ્ચે બળદ બાંધવાનું લાકડું, ધૂળ.
खलेयव अव्य० જે વખતે જવ ખળામાં આવે તે વખત.

खलेवाली स्त्री० खलेधानी જુઓ.
खलेबुस अव्य० ખળામાં જે વખતે ધાન્યનું ભુસું એકઠું થાય છે તે વખત.
खलेश पु० એક જાતનું માછલું.
खलेश त्रि० અત્યંત લુચ્ચું, અતિશય ખળ.
खलेशय पु० એક જાતનું માછલું.
खलेशया स्त्री० એક જાતની માછલી.
खलेशी स्त्री० ઉપરનો અર્થ.
खलोक्ति स्त्री० ખળ પુરૂષનું વચન, નીચનું વાક્ય.
खलोक्ति स्त्री० હલકું બોલવું તે.
खल्य त्रि० ખળને યોગ્ય, ખળાંને યોગ્ય, ખરલને યોગ્ય.
खल्या स्त्री० ખળ મનુષ્યોનો સમુદાય, પુષ્કળ ખળાં, ઘણી ખરલો.
खल्ल पु० એક જાતનું વસ્ત્ર, ખાડો, ચામડું, ચાતક પક્ષી, ચામડાની મસક.
खल्लक पु० ઉપરનો અર્થ.
खल्लकी स्त्री० સાકર.
खल्लिका स्त्री० તળવાનું કે શેકવાનું પાત્ર.
खल्लिश पु० खलिश જુઓ.
खल्ली स्त्री० એક જાતનો રોગ.
खल्लीट पु० ટાલનો રોગ.
खल्लीट त्रि० ટાલના રોગવાળું.
खल्लीश पु० खलिश જુઓ.
खल्व पु० એક જાતનું અનાજ, ચણા.
खल्वाट पु० માથા ઉપર ટાલનો રોગ.
खल्वाट त्रि० માથા ઉપર ટાલના રોગવાળું.
खव् क्र्या० प० अ० सेट् સંપત્તિવાળા થવું, પવિત્ર થવું, પ્રકટ થવું.
खवल्लरी स्त्री० નીચેનો અર્થ.
खवल्ली स्त्री० આકાશમાંની વેલ.
खवारि न० આકાશમાંનું પાણી, દિવ્યજળ.
खवाष्प पु० હિમનો જળકણ–ઝાકળ.
खश पु० તે નામે એક દેશ.
खशय त्रि० આકાશમાં સૂનાર, ખુલ્લા મેદાનમાં સૂનાર.
खशरीर न० આકાશરૂપ મૂર્તિ.
खशरीर त्रि० આકાશરૂપ મૂર્તિવાળું.
खशा स्त्री० તે નામે એક સુગંધી દ્રવ્ય, કશ્યપની એક સ્ત્રી.
खशीर पु० તે નામે એક દેશ.
खशोट पु० એક જાતનું માછલું.
खशोटी स्त्री० એક જાતની માછલી.
खश्वास पु० વાયુ.
खष् भ्वा० प० स० सेट् વધ કરવો, મારી નાખવું.
खष्प पु० ક્રોધ, બલાત્કાર.
खस पु० તે નામે એક દેશ, એક જાતનો રોગ, ખસખસનું ઝાડ.
खसकन्द पु० क्षीरकञ्चुकी वृक्ष.
खसगन्ध पु० ઉપરનો અર્થ.
खसतिल पु० ખસખસનું ઝાડ.
खसम पु० ભગવાન બુદ્ધ.
खसम्भव त्रि० આકાશમાં ઉત્પન્ન થનાર, આકાશમાં હોનાર–થનાર.
खसम्भवा स्त्री० आकाशमांसी वृक्ष.
खसर्पण पु० खसम જુઓ.
खसर्पण न० આકાશમાં જવું.
खसा स्त्री० કશ્યપની એક સ્ત્રી–રાક્ષસોની માતા.
खसात्मज पु० રાક્ષસ.
खसानंदन पु० રાક્ષસ.
खसूचिन् त्रि० પ્રશ્ન પૂછ્યો હોય ત્યારે આકાશ સામે જોનાર નિંદિત વાદી.
खसृम पु० તે નામે એક અસુર.
खस्खस पु० ખસખસનું ઝાડ.
खस्खसरस पु० અફીણ.
खस्तनी स्त्री० પૃથ્વી.
खस्फटिक पु० સૂર્યકાંતમણિ, ચન્દ્રકાંતમણિ.
खस्फाटिक पु० ઉપરનો અર્થ.

खस्वस्तिक न० સમાન રેખાએ મસ્તક ઉપર રહેલો આકાશનો ભાગ.

खहर पु० બીજ ગણિતમાં કહેલ શૂન્યહાર્ક એક રાશિ.

खा त्रि० ખોદનાર, ખણનાર.

खा स्त्री० નદી.

खाखस पु० ખસખસનું ઝાડ.

खाङ्गाह पु० ધોળો અને પિંગળો ઘોડો.

खाजिक पु० ડાંગેર.

खाट पु० મુડદાંની ઠાઠડી.

खाटा स्त्री० ઉપરનો અર્થ.

खाटि स्त्री० મુડદાંની ઠાઠડી, વ્રણ, ક્ષત, ઘાવ, ડંખ, ખોટો આગ્રહ, સુકાયેલું, વ્રણસ્થાન.

खाटिका स्त्री० મુડદાંની ઠાઠડી.

खाट्वाभारिक त्रि० ખાટલાના ભારને લઇ જનાર.

खाडव न० વૈદ્યકપ્રસિદ્ધ એક ચૂર્ણ.

खाण्ड न० સાકરની મીઠાશ, સાકરનો વિકાર.

खाण्डव त्रि० સાકરના વિકારવાળા લાડુ વગેરે.

खाण्डव न० તે નામે એક જંગલ.

खाण्डवप्रस्थ पु० યુધિષ્ઠિરનું રહેઠાણ–ઇન્દ્રપ્રસ્થ.

खाण्डवायन पु० તે નામે એક ઋષિ.

खाण्डविक पु० મીઠાઇ બનાવનાર, કંદોઇ.

खाण्डवी स्त्री० તે નામે એક શહેર.

खाण्डवीरणक त्रि० સ્વાદિષ્ટ એવા વીરણમૂલ ઘાસની પાસેનો પ્રદેશ વગેરે.

खाण्डिक त्रि० કંદોઈ, મીઠાઈ બનાવનાર.

खात न० ખોદવું તે, ખાઇ, નાનું તળાવ.

खातक न० ખાઈ.

खातक त्रि० દેવાદાર, ખોદનાર.

खातभू स्त्री० ખાઈ, કુવા જેવો મોટો ખાડો.

खातव्यवहार पु० ખાતનો વ્યવહાર–પરિમાણ.

खाति स्त्री० ખોદવું.

खात्र न० કોદાળી, પાવડો, જલાશય, જંગલ, દોરો, સુતર.

खात्वा अव्य० ખોદીને.

खाद् भ्वा० प० स० सेट् ખાવું, ભક્ષણ કરવું.

खादक त्रि० ખાનાર, ભક્ષણ કરનાર, દેવાદાર.

खादतमोदता स्त्री० ખાઓ અને આનંદ પામો એમ જેમાં કહેવામાં આવે તે ક્રિયા.

खादन न० ખાવું, ભક્ષણ કરવું.

खादन पु० દાંત.

खादनीय त्रि० ખાવા યોગ્ય, ભક્ષણ કરવા યોગ્ય.

खादि त्रि० ઉપરનો અર્થ, રક્ષણ કરનાર.

खादि पु० હાથનો અલંકાર.

खादित त्रि० ખાધેલ, ભક્ષણ કરેલ.

खादितवत् त्रि० જેણે ખાધું હોય તે, જેણે ભક્ષણ કર્યું હોય તે.

खादितव्य त्रि० ખાવા યોગ્ય, ભક્ષણ કરવા યોગ્ય.

खादिन् त्रि० ખાનાર, ભક્ષણ કરનાર.

खादिर त्रि० ખેરનું, ખેરસંબંધી.

खादिरसार पु० ખેરસાર, ખેરી ગુંદર.

खादुक त्रि० હિંસક, હિંસા કરવાના સ્વભાવવાળું.

खादोअर्णस् स्त्री० જેનું પાણી પીવા યોગ્ય હોય તેવી નદી.

खाद्य त्रि० ખાવા યોગ્ય, ભક્ષણ કરવા યોગ્ય.

खान न० ખાવું, ભક્ષણ કરવું, ખોદવું, હિંસા કરવી.

खानक त्रि० ખોદનાર, ખણનાર.

खानपान न० ખાવું, પીવું.

खानि स्त्री० સોના વગેરેની ખાણ.

खानिक न० ભીંત તોડી કરેલો ખાડો, ભીતમાં બાકું.

खानिल पु० ખાતર પાડનાર ચોર, ઘરફાડુ ચોર.

खानिष्क पु० વૈદ્યકપ્રસિદ્ધ એક જાતનું માંસ.

खानी स्त्री० खानि जुओ.
खानोदक पु० नाळीएળ.
खापगा स्त्री० गंगा नदी.
खार पु० ५१२ शेरनुं એક જાતનું વજન.
खारि स्त्री० ઉપરનો અર્થ.
खारिक न० महापरिवत जुओ.
खारिन्धम त्रि० એક ખારી માપને ધમનાર.
खारिम्पच त्रि० એક ખારી ધાન્યને રાંધનાર.
खारी स्त्री० खार जुओ.
खारीक त्रि० એક ખારી ધાન્યથી ખરીદેલ, એક ખારી ધાન્ય વવાય તેવું ખેતર વગેરે.
खारीवाप त्रि० એક ખારી ધાન્ય વાવનાર, એક ખારી ધાન્ય જેમાં વવાય તેવું ખેતર વગેરે.
खार्कार पु० એક જાતનો ગધેડો.
खार्बुजेय त्रि० ખર્બુજ નામના એક ફળ સંબંધી.
खार्बुजेय न० એક જાતનો આંબો.
खालत्य न० માથા ઉપર ટાલનો રોગ.
खाशि पु० ब० તે નામે એક દેશ.
खाशिक पु० ब० ઉપરનો અર્થ.
खाश्मरी स्त्री० ગાંભારી નામે વનસ્પતિ.
खिखि स्त्री० એક જાતનું પશુ.
खिखिर पु० એક જાતનું શિઆળ.
खिखिरी स्त्री० એક જાતની શિઆળ.
खिङ्किर पु० એક જાતનું શિઆળ.
खिट् भ्वा० प० अ० सेट् ભય પામવો, બીવું.
खिद् तुदा० प० अ० अनिट् ખેદ પામવો, સંતાપ પામવો, દુઃખી થવું.
खिद् दिवा० आ० अनिट् દીન થવું, ખેદ પામવો अ० ભય પામવો. स०
खिद् रुधा० आ० अनिट् ઉપર પ્રમાણે, आ+ અત્યંત ખેદ પામવો, उद्+ઉખાડી નાખવું, परि+ચોતરફથી ખેદ પામવો, सम्+સારી રીતે સંતાપ પામવો.
खिदिर पु० યોગી, ચંદ્ર, કપૂર, ગરીબ, દીન.
खिद्यमान त्रि० ખેદ પામતું, સંતાપ કરતું, દુઃખી થતું.
खिद्र त्रि० ખેદ પામેલ, દીન, ગરીબ, દરિદ્ર, રોગી.
खिद्र पु० રોગ.
खिद्वन् त्रि० ખેદકારક, સંતાપકારક, દુઃખકારક.
खिन्न त्रि० ખેદ પામેલ, સંતાપ પામેલ, દીન, ગરીબ, આળસુ, થાકી ગયેલ, કંટાળેલ.
खिरहिट्टी स्त्री० महासमङ्गा जुओ.
खिल त्रि० હળ વગેરેથી ખેડેલ ખેતર વગેરે, સાર કાઢી સંક્ષિપ્ત કરેલ.
खिल पु० નારાયણ, વિષ્ણુ.
खिलीकृत्य अव्य० બાકી નહિ રાખીને, સમાપ્ત કરીને.
खिलीभूत त्रि० સંક્ષિપ્ત થયેલ, સાંકડું થયેલ.
खिलेपु पु० હરિવંશ નામે ઇતિહાસ ગ્રંથ.
खिल्य त्रि० હળ વગેરેથી નહિ ખેડેલા ખેતર વગેરેમાં ઉત્પન્ન થયેલ ભીડું વગેરે.
खील पु० ખીલો.
खु भ्वा० आ० अ० अनिट् શબ્દ કરવો, અવાજ કરવો.
खुङ्गाह पु० કાળો-પીળો-ધોળો એમ મિશ્ર રંગનો ઘોડો.
खुज् भ्वा० प० स० सेट् ચોરી કરવી, ચોરવું.
खुञ्जाक पु० દેવતાલ વૃક્ષ.
खुञ्जाक पु० ઉપરનો અર્થ.
खुड् भ्वा० आ० अ० सेट् લુલા થવું, લંગડા થવું.
खुड् चु० उभ० स० सेट् ભેદવું, ફાડવું.
खुड् चु० उभ० स० सेट् ભેદવું, ફાડવું.
खुड् भ्वा० प० स० सेट् ઉપરનો અર્થ.
खुडक पु० એક જાતનો રોગ-પગનો વાતરોગ.
खुद् भ्वा० प० स० अनिट् ભેદવું, ફાડવું.

खुर् तुदा० प० स० सेट् લખવું, ખોતરવું, ખણવું.
खुर पु० પશુઓની ખરી, નખલો, નામે સુગંધી દ્રવ્ય, હજામનો અસ્ત્રો, ખાટલાનો પાયો.
खुरक पु० એક જાતનું ઝાડ–तिलवृक्ष.
खुरक्षेप पु० ખરીવાળા પશુના પગની લાત.
खुरणस् त्रि० ચિપટા નાકવાળું, ચીબું.
खुरणस त्रि० ઉપરનો અર્થ.
खुरपदवी स्त्री० ખરીની નીશાનીવાળો માર્ગ.
खुरप्र पु० क्षुरप्र જુઓ.
खुरली स्त्री० બાણ વાપરવાનો અભ્યાસ.
खुरमाना स्त्री० એક જાતની વનસ્પતિ.
खुराक पु० પશુ.
खुराघात पु० ખરીનો પ્રહાર.
खुराभिघात पु० ઉપરનો અર્થ.
खुरालक पु० લોખંડી બાણ.
खुरालिक पु० હજામનુ ઓજાર રાખવાનું સાધન–કોથળી–વગેરે,નારાચ નામનું અસ્ત્ર, ઓશીકું.
खुरासान पु० તે નામે એક દેશ.
खुर्द् भ्वा० प० स० सेट् ક્રીડા કરવી, રમવું.
खुलक पु० ગુલ્ફનો આડમો ભાગ.
खुल्ल न० નખલો નામે સુગંધી દ્રવ્ય.
खुल्ल त्रि० क्षुद्र, અલ્પ, ઓછું, નાનું, થોડું, કનિષ્ઠ, અધમ, નીચ, ક્રૂર, દરિદ્ર, ખળ.
खुल्लक त्रि० ઉપરનો અર્થ.
खुल्लतात पु० પિતાનો નાનો ભાઇ.
खुल्लतातक पु० ઉપરનો અર્થ,
खुल्लपितामह पु० દાદાનો નાનો ભાઇ.
खुल्लम पु० માર્ગ, રસ્તો.
खूर्द् भ्वा० आ० अ० सेट् ક્રીડા કરવી, રમવું.
खगल न० બખ્તર.
खेखीरक पु० નીચેનો અર્થ.
खेखोलक पु० શબ્દ કરતી લાકડી.
खेगमन पु० કાલકંઠ નામે પક્ષી.
खेगमनी स्त्री० કાલકંઠ પક્ષિણી.
खेचर पु० શિવ, વિદ્યાધર, પારો, સૂર્ય વગેરે ગ્રહ, ઘોડો, મેષ વગેરે રાશિ, હીરાકસી નામે ધાતુ.
खेचर त्रि० આકાશમાં ગમન કરનાર.
खेचर न० ઘાસ.
खेचरान्न न० ખીચડી.
खेचरी स्त्री० દુર્ગા દેવી, પાર્વતી, તે નામે યોગના અંગરૂપ એક મુદ્રા.
खेट् चु०उभै० स० सेट् ભોજન કરવું, ખાવું.
खेट पु० સૂર્ય વગેરે ગ્રહ, વિદ્યાધર, ઢાલ, ગામડું, ખેડુતોનું રહેઠાણ બળદેવની ગદા, કફ.
खेट पु० न० મૃગયા, શિકાર.
खेट न० ઘાસ, ફળાના આકારનું એક જાતનું કાષ્ઠ.
खेट त्रि० અતિનિંદક, અધમ, નીચ, પૈસાના વ્યાજ ઉપર જીવનાર.
खेटाङ्ग पु० ઉપદ્રવ કરનાર એક જાતનું જંતુ.
खेटितान पु० વૈતાલિક–સ્તુતિપાઠક–ભાટચારણ.
खेटिताल पु० ઉપરનો અર્થ.
खेटिन पु० નગરવાસી, નાગરિક, કામી.
खेड् चु० उभ० स० सेट् ભક્ષણ કરવું, ખાવું.
खेद पु० ખેદ, શોક, દુ:ખ, રોગ, પરિશ્રમ, થાક.
खेदन न० ઉપરનો અર્થ.
खेदान्वित त्रि० ખેદવાળું, શોકવાળું, થાકવાળું, રોગી.
खेदि पु० કિરણ.
खेदित त्रि० ખેદ પામેલ, શોક પામેલ, થાકેલ, રોગી.
खेदिन पु० દીનતા કરનાર, શોક કરનાર.
खेदिनी स्त्री० अशनपर्णी નામે એક વેલો.
खेय त्रि० ખોદવા યોગ્ય.
खेय न० ખાઈ.

खेय पु० એક જાતનો પુલ.
खेल् भ्वा० प० सेट् ચાલવું, જવું. स० ખેલવું, રમવું अ०
खेल पु० ખેલ, રમત.
खेलत् त्रि० ખેલતું, રમતું.
खेलन न० ખેલવું, રમવું, રમત, રમવાનું સાધન.
खेलनी स्त्री० શેત્રંજ વગેરે રમતમાં રમવાનાં સાધન સોગઠાં.
खेला कण्ड्वादि प० अ० सेट् વિલાસ કરવો, રમવું.
खेला स्त्री० ક્રીડા, રમત.
खेऽलि पु० ગાયન, ગીત.
खेऽलि पु० બાણ, સૂર્ય, પક્ષી, આકડાનું ઝાડ.
खेऽलि त्रि० આકાશમાં જનાર.
खेव् भ्वा० आ० अ० सेट् સેવવું.
खेसर पु० ખચ્ચર ઘોડો.
खेसरी स्त्री० ખચ્ચર ઘોડી.
खै भ्वा० प० अनिट् સ્થિર થવું अ० હિંસા કરવી, ખોદવું, स०
खैमख पु० આકાશમાં કરવાનો એક યજ્ઞ.
खैलायन त्रि० ખેલ કરેલ વગેરે.
खोङ्गाह पु० ધોળો અને પિંગળો ઘોડો.
खोट् भ्वा० प० अ० सेट् લંગડાવું, ખોડા ચાલવું.
खोट् चु० उभ० स० सेट् ફેંકવું.
खोटि स्त्री० ચતુર સ્ત્રી, पालंकीवृक्ष નામે એક ઝાડ.
खोटी स्त्री० ઉપરના અર્થ.
खोड् भ्वा० प० स० सेट् खोट् જુઓ.
खोड् चु० प० स० सेट् ફેંકવું.
खोड त्रि० લંગડું, લુલું.
खोडकशीर्ष न० कपिशीर्ष નામે એક ઝાડ.
खोडकशीर्षक न० ઉપરનો અર્થ.
खोर् भ्वा० प० स० सेट् લુલા ચાલવું, લંગડાવું.
खोर त्रि० લુલું, લંગડું.
खोरक पु० ઘોડાઓનો તાવ.
खोल् भ्वा० प० अ० सेट् खोट् જુઓ.
खोल त्रि० લુલું, લંગડું.
खोलक पु० રસોઈ કરવાનું પાત્ર, મસ્તકનો અમુક ભાગ, રાફડો, સોપારીનું વલ્કલ વસ્ત્ર.
खोलि स्त्री० બાણ રાખવાનો ભાથો.
खोल्क पु० ગ્રહ, તારો.
खोल्मुक पु० મંગળ ગ્રહ.
ख्या अदा० प० अनिट् પ્રસિદ્ધ થવું. દીપવું. अ० કહેવું, પ્રકાશવું, જાણવું. स० अति+ ઓળંગીને કહેવું. अनु + ખેંચવું, અનુવાદ કરવો. अनु + आ + તાત્પર્યનો નિશ્ચય કરવા માટે વ્યાખ્યાન કરવું. अभि + સામે જોવું, ચોતરફ પ્રસિદ્ધ કરવું. अव + આડું જોવું, તિરસ્કારથી જોવું. आ + કહેવું. उद् + आ ઉદાહરણ આપવું. उप + आ + પૂર્વનું વૃત્તાંત કહેવું. प्रति + आ + નિવારવું, અટકાવવું. वि + आ + વિવરણ કરવું. अनु + वि + आ + કહેલું ફરી કહેવું. उप + वि + आ + ઉપાસના વગેરે વિભૂતિઓનું ફળ કહેવું. सम् + સારી રીતે કહેવું. परि + ચોતરફ પ્રસિદ્ધ થવું. सम् + परि + સારી રીતે ચોતરફ પ્રસિદ્ધ થવું. प्र + અત્યંત કહેવું, પ્રખ્યાત થવું. वि + વિશેષ પ્રસિદ્ધ થવું.
ख्यात त्रि० કહેલ, પ્રસિદ્ધ થયેલ.
ख्यात न० કહેવું, ઘોષણા કરવી.
ख्यातगर्हण त्रि० જેની નિંદા પ્રસિદ્ધ થઇ હોય તે, નિંદ્ય.
ख्यातगर्हित त्रि० ઉપરનો અર્થ.

ख्याति स्त्री० પ્રશંસા, પ્રસિદ્ધિ, કહેવું, પ્રકાશ, જ્ઞાન, મહત્ત્વ.
ख्यापक त्रि० જણાવનાર, પ્રકાશ કરનાર, પ્રસિદ્ધ કરનાર.
ख्यापन न० પ્રકાશ કરવું, પ્રકટ કરવું, પ્રસિદ્ધ કરવું, જણાવવું.

ग.

ग् વ્યંજનોમાંનો ત્રીજો વ્યંજન.
ग न० ગીત, ગાયન.
ग पुं० ગણેશ, ગંધર્વ, ગુરૂ વર્ણ, સિંહ.
गकार पु० વ્યંજનો પૈકી ત્રીજો વ્યંજન.
गगन न० આકાશ, શૂન્યાંક-મીંડું.
गगनगति पु० દેવ, સૂર્ય વગેરે ગ્રહ.
गगनगति त्रि० આકાશમાં ગતિ કરનાર.
गगनगति स्त्री० આકાશમાં ગતિ કરવી તે.
गगनचर त्रि० આકાશમાં ગતિ કરનાર.
गगनध्वज पु० મેઘ, સૂર્ય.
गगननदी स्त्री० ગંગા નદી.
गगनपुष्प न० આકાશનું ફૂલ.
गगनप्रिय पु० તે નામે એક દૈત્ય.
गगनमूर्धन् पु० તે નામે એક દાનવ.
गगनविहारिन् त्रि० આકાશમાં વિહાર કરનાર.
गगनसद् त्रि० આકાશમાં ગતિ કરનાર.
गगनसिन्धु स्त्री० ગંગા નદી.
गगनस्थ त्रि० આકાશમાં સ્થિતિ કરનાર.
गगनस्थित त्रि० આકાશમાં સ્થિતિ કરી રહેલ.
गगनस्पर्शन पु० વાયુ.
गगनाङ्गना स्त्री० અપ્સરા.
गगनाग्र न० આકાશમાં છેલ્લો ભાગ.
गगनाध्वग पु० સૂર્ય, આકડાનું ઝાડ.
गगनाम्बु न० દિવ્ય જળ, વરસાદનું પાણી.
गगनेचर पु० દેવ, સૂર્ય વગેરે ગ્રહ, રાશિચક્ર.
गगनेचर त्रि० આકાશમાં ગતિ કરનાર પક્ષી વગેરે.
गगनोल्मुक पु० મંગળ ગ્રહ.
गग्घ् भ्वा० प० अ० સેટ્ હસવું.
गग्नु स्त्री० વાણી.
गङ्गा स्त्री० ગંગા નદી.
गङ्गाका स्त्री० ગંગા નદી.
गङ्गाक्षेत्र न० ગંગાકિનારાથી બે કોશ સુધીનું સ્થાન.
गङ्गाचिल्ली स्त्री० ગંગાકિનારે થનારી સમળી.
गङ्गाज पु० ભીષ્મ પિતામહ, કાર્તિકસ્વામી.
गङ्गाजल न० ગંગા નદીનું પાણી.
गङ्गाजात पु० गङ्गाज જુઓ.
गङ्गाटेय पु० એક જાતનું માછલું.
गङ्गाटेय त्रि० ગંગા કિનારે જતું.
गङ्गादत्त पु० ભીષ્મ પિતામહ.
गङ्गादित्य पु० કાશીમાં રહેલ તે નામે એક આદિત્ય.
गङ्गाद्वार न० આજનું હરિદ્વાર.
गङ्गाधर पु० શિવ, સમુદ્ર.
गङ्गाधररस पु० વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ.
गङ्गाधाराकण पु० ગંગા નદીની ધારાના જળકણ.
गङ्गापत्री स्त्री० તે નામે એક સુગંધી વેલો.
गङ्गापार न० ગંગા નદીને પેલે પાર.
गङ्गापुत्र पु० ભીષ્મ પિતામહ, કાર્તિક સ્વામી.
गङ्गाभृत् पु० મહાદેવ.
गङ्गामध्य न० ગંગા નદીનો મધ્યભાગ.
गङ्गाम्बु न० ગંગાનું પાણી.
गङ्गायात्रा स्त्री० ગંગાની યાત્રા, ગંગા કિનારે મરણ પામવા જવું તે.
गङ्गालहरी स्त्री० જગન્નાથ કવિએ કરેલું તે નામે ગંગાસ્તોત્ર.
गङ्गावतार ગંગાવતાર તીર્થ-હરિદ્વાર.

गङ्गावाक्यावली स्त्री० ગંગાના માહાત્મ્ય-સૂચક વાક્યોરૂપ એક સ્મૃતિનિબંધ.
गङ्गासागर पु० ગંગા અને સમુદ્રનો જ્યાં સમાગમ થાય છે તે એક તીર્થ.
गङ्गासुत पु० गङ्गापुत्र જુઓ.
गङ्गाह्रद पु० તે નામે એક તીર્થ.
गङ्गिका स्त्री० ગંગા નદી.
गङ्गीभूत त्रि० ગંગારૂપ થયેલ.
गङ्गुक એક જાતનું અનાજ–કાંગ.
गङ्गोद्भेद पु० તે નામે એક તીર્થ.
गङ्गोजझ न० ગંગાના પ્રવાહશૂન્ય એવું જળ વગેરે.
गङ्गोल તે નામે એક મણિ.
गच्छ पु० ઝાડ, પદસંજ્ઞાવાળું સ્થાન, સ-મુદાય, સમૂહ.
गच्छत् त्रि० ગમન કરતું, જતું.
गंज् भ्वा० प० अ० सेट् શબ્દ કરવો, ગાજવું.
गज् भ्वा० प० अ० सेट् મદ કરવો, શબ્દ કરવો.
गज् चु० उ० अ० सेट् શબ્દ કરવો, ગાજવું.
गज पु० હાથી, આઠની સંખ્યા, એક જાતનું માપ, વાસ્તુમાપ, ઔષધ પકાવવા માટે જમીનમાં કરાતો ખાડો, નાગકેસરનું ઝાડ.
गजकन्द पु० હસ્તિકંદ નામે વનસ્પતિ.
गजकर्ण पु० તે નામે એક યક્ષ.
गजकूर्माशिन् पु० ગરૂડ.
गजकृष्णा स्त्री० ગજપીપર.
गजगौरीव्रत न० સ્ત્રીઓએ કરવાનું તે નામે એક વ્રત–જે ભાદરવા મહીનામાં કરાય છે.
गजचिर्भटा स्त्री० ઇંદરવરણાનું ઝાડ.
गजचिर्भिट पु० गोडुम्बा નામે વનસ્પતિ.
गजचिर्भिटी स्त्री० माहेन्द्रवारुणी નામે વનસ્પતિ.
गजच्छाया स्त्री० તે નામે એક તિથિ, તે નામે એક યોગ, અમાસના દિવસનો પાછળનો ભાગ, સૂર્યગ્રહણનો સમય.
गजढक्का स्त्री० હાથીડંકો.
गजता स्त्री० હાથીઓનો સમૂહ, હાથીપણું, હાથીનું કામ.
गजत्व न० હાથીપણું, હાથીનું કર્મ.
गजदघ्न त्रि० હાથી જેવડું.
गजदन्त पु० ગણપતિ, હાથીનો દાંત, ભી-તમાં નાખેલી ખુંટી.
गजदन्त त्रि० હાથીના જેવા દાંતવાળું.
गजदन्तफला स्त्री० એક જાતનો વેલો.
गजदान न० હાથીનો મદ, હાથીનું દાન.
गजद्वयस त्रि० गजदघ्न જુઓ.
गजनासा स्त्री० હાથીની સુંઢ.
गजपति पु० શ્રેષ્ઠ હાથી, અત્યંત ઉંચો હાથી.
गजपादप पु० એક જાતનું ઝાડ.
गजपिप्पली स्त्री० ગજપીપર.
गजपुङ्गव पु० गजपति જુઓ.
गजपुट पु० ઔષધ–રસાયન વગેરે પકાવવા માટે એક હાથ જમીનમાં કરેલો ખાડો.
गजपुर न० હસ્તિનાપુર.
गजपुष्पी स्त्री० એક જાતનો વેલો.
गजप्रिया स्त्री० सल्लकी વૃક્ષ.
गजबन्धनी स्त्री० હાથીશાળા, હાથીખાનું.
गजबन्धिनी स्त्री० ઉપરનો અર્થ.
गजभक्षक पु० પીપળાનું ઝાડ.
गजभक्ष्या स्त्री० गजप्रिया જુઓ.
गजमण्डलिका स्त्री० હાથીઓનું મંડળ, હાથીઓનો સમૂહ.
गजमण्डली स्त्री० ઉપરનો અર્થ.
गजमाचल पु० સિંહ.
गजमाचली स्त्री० સિંહણ.
गजमात्र त्रि० હાથી જેવડું.
गजमुक्ता स्त्री० હાથીના ગંડસ્થળમાં થતું મોતી.
गजमुख पु० ગણપતિ.
गजमुख न० હાથીનું મોઢું.

गजमोटन पु० સિંહ.
गजमोटनी स्त्री० સિંહણ.
गजयूथ न० હાથીઓનું ટોળું.
गजवदन पु० ગણપતિ.
गजवदन न० હાથીનું મોઢું.
गजवल्लभा स्त्री० गजप्रिया જુઓ.
गजवीथी स्त्री० રોહિણી, આર્દ્રા અને મૃગશીર્ષ નક્ષત્ર, હાથીઓની પંક્તિ.
गजव्रज पु० હાથીઓનો સમૂહ, હાથીઓની ગતિ.
गजव्रज त्रि० હાથીની પેઠે ગતિવાળું.
गजशिक्षा स्त्री० હાથીઓને ચલાવવાનો અભ્યાસ.
गजशिरस् पु० તે નામે એક દૈત્ય, ગણપતિ.
गजशिरस् न० હાથીનું મસ્તક.
गजसाह्वय पु० હસ્તિનાપુર.
गजस्कन्ध पु० તે નામે એક દૈત્ય.
गजस्कन्ध त्रि० હાથીની ખાંધ જેવી ખાંધવાળું.
गजाख्य पु० चक्रमर्द વૃક્ષ.
गजाख्य न० હસ્તિનાપુર.
गजाग्रणी पु० ઇન્દ્રનો ઐરાવત હાથી, શ્રેષ્ઠ હાથી.
गजाजीव पु० હાથીનો માવત.
गजाण्ड पु० એક જાતનો મૂળો.
गजादन पु० પીપળાનું ઝાડ.
गजादिनामन् स्त्री० ગજપીપર.
गजादिनामा स्त्री० ગજપીપર.
गजानन पु० ગણપતિ.
गजानन न० હાથીનું મોઢું.
गजारि पु० શિવ, સિંહ, હાથીનો શત્રુ.
गजारूढ त्रि० હાથી ઉપર ચડેલ.
गजारोह पु० હાથીનો માવત.
गजाशन पु० પીપળાનું ઝાડ.
गजाशन न० કમળનું મૂળ.
गजासुर पु० તે નામે એક અસુર.
गजासुरद्वेषिन् पु० શિવ.
गजासुहृद् पु० શિવ, સિંહ.
गजास्य पु० ગણપતિ, ગજાસુર દૈત્ય.
गजास्य न० હાથીનું મોઢું.
गजाह्व न० હસ્તિનાપુર.
गजाह्वय न० ઉપરનો અર્થ.
गजाह्वा स्त्री० હસ્તિનાપુર, ગજપીપર.
गजेन्द्र पु० गजपति જુઓ, ઇન્દ્રનો ઐરાવત હાથી.
गजेन्द्र पु० ઇન્દ્રદ્યુમ્ન રાજા.
गजेष्टा स्त्री० ભોંય કોહળું.
गजोदर पु० તે નામે એક દૈત્ય.
गजोषणा स्त्री० ગજપીપર.
गञ्ज पु० અપમાન, તિરસ્કાર, વાડો, નેસ, ભંડાર, કોઠાર, ખાણ, ખજાનો, પામરનું ઘર, બજાર, દારૂનું વાસણ.
गञ्जन त्रि० અપમાન કરનાર, તિરસ્કાર કરનાર.
गञ्जा स्त्री० દારૂનું પીઠું, ગાંજાનું ઝાડ.
गञ्जाकिनी स्त्री० ગાંજામાંથી બનાવેલ ઔષધ.
गञ्जायिका स्त्री० ગાંજો, ભાંગ.
गञ्जिका स्त्री० દારૂનું પીઠું, દારૂની દુકાન.
गंड् भ्वा० प० अ० સેટ્ ગાલ ઉપર રોગ વગેરેનું થવું.
गड् भ्वा० प० स० સેટ્ સીંચવું, છાંટવું.
गड पु० એક જાતનું માછલું, વિઘ્ન, ખાઇ, વ્યવધાન, તે નામે એક દેશ.
गडक पु० એક જાતનું માછલું.
गडदेशज न० એક જાતનું મીઠું.
गडयन्त पु० મેઘ.
गडलवण न० એક જાતનું મીઠું–અજમેરી મીઠું.
गडि पु० વર્ષ, આળસુ બળદ.
गडु पु० તે નામે એક રોગ, એક જાતનું અસ્ત્ર, ભાલો, પાણીની ઝારી.

गडु ત્રિ૦ કુબડું, ખુંધીયલ, નિરર્થક એવો કોઈ પદાર્થ.

गडुक પુ૦ પાણીની ઝારી, તે નામે ઋષિ.

गडुकंठ ત્રિ૦ જેને કંઠમાં ગડુ રોગ થયો છે તે.

गडुर ત્રિ૦ કુબડું, ખુંધીયલ.

गडुल ત્રિ૦ ઉપરના અર્થ.

गडेर પુ૦ બકરો, ઘેંટો.

गडेरी સ્ત્રી૦ બકરી, ઘેંટી.

गडोत्थ ન૦ એક જાતનું મીઠું.

गडोल પુ૦ બંદુક કે તોપની ગોળી, ગ્રાસ, કોળીયો.

गड्डर પુ૦ બકરો, ઘેંટો.

गड्डरिका સ્ત્રી૦ ઘેંટાં–બકરાંની પંક્તિ, અકસ્માત આવેલો પાણીનો પ્રવાહ.

गड्डल પુ૦ બકરો, ઘેંટો.

गड्डलिका સ્ત્રી૦ गड्डरिका જુઓ.

गड्डुक પુ૦ ઝારી નામે જળપાત્ર.

गण् ચુ૦ ઉભ૦ સ૦ સેટ્ સંખ્યા કરવી, ગણવું, अव+અવગણના કરવી, અપમાન કરવું. वि+વિશેષ ગણવું.

गण પુ૦ સમૂહ, પ્રમથ નામે મહાદેવનો ગણ, સેનાની અમુક સંખ્યા, ચોર નામે સુગંધી દ્રવ્ય, ગણપતિ, દેવ–મનુષ્ય અને રાક્ષસ એવાં નામધારી અમુક નક્ષત્રગણ, ધ્રુવ એવા નામવાળો અમુક નક્ષત્રગણ, વેપારી વર્ગ, વ્યાકરણપ્રસિદ્ધ ધાતુઓનો સમુદાય, ગણપાઠગ્રંથ, પાણિનીય સ્વરાદિસ્વરૂપપ્રતિપાદક ગ્રંથ, તે નામે એક દૈત્ય, સ્વપક્ષ, વાકય, છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ ભગણ વગેરે ગણ, એક જાતની સંખ્યા.

गणक ત્રિ૦ ગણત્રી કરનાર, ગણનાર.

गणक પુ૦ ગણિતશાસ્ત્રી, જોશી.

गणकर्णिका સ્ત્રી૦ ઇંદરવરણાંનું ઝાડ.

गणकार પુ૦ વ્યાકરણપ્રસિદ્ધ ધાતુગણવિષયક ગ્રંથકાર, ત્રીજો પાંડવ–ભીમસેન.

गणकारि પુ૦ વ્યાકરણપ્રસિદ્ધ ધાતુગણનો ગ્રંથ બનાવનાર.

गणकी સ્ત્રી૦ ગણિતશાસ્ત્રી–સ્ત્રી, જોશીની સ્ત્રી.

गणकूट પુ૦ ન૦ વિવાહમાં ઉપયોગી કૂટ.

गणचक्रक ન૦ ધાર્મિક મનુષ્યોનું એકત્ર મળી ભોજન.

गणता સ્ત્રી૦ ગણનો સમૂહ.

गणतिथ ત્રિ૦ સમુદાયને પૂર્ણ કરનાર.

गणत्व ન૦ ગણનો સમૂહ.

गणदीक्षा સ્ત્રી૦ ગણપતિના પૂજનની દીક્ષા, કોઇ કાર્યસમારંભની સમાપ્તિ સુધીનો નિયમ સ્વીકારવો તે.

गणदीक्षित ત્રિ૦ જેણે ગણપતિના પૂજન વગેરેની દીક્ષા લીધી હોય તે, જેણે અમુક કાર્યની સમાપ્તિ સુધીનો નિયમ લીધો હોય તે.

गणदीक्षिन પુ૦ અનેકને યજ્ઞ કરાવનાર.

गणदीक्षिन् ત્રિ૦ ગણેશની દીક્ષાવાળું.

गणदेवता સ્ત્રી૦ સમૂહરૂપ દેવ.

गणद्रव्य ન૦ ગણની માલીકીનું દ્રવ્ય, ગણપતિ જેના દેવ હોય તે દ્રવ્ય.

गणद्वीप પુ૦ ન૦ જેમાં સાત રાજાઓનું રાજ્ય છે તેવો એક બેટ.

गणधर પુ૦ અમુક સમુદાયનો અધિકારી નેતા, જૈન તીર્થંકરોના શિષ્ય વર્ગોપૈકી પટ્ટશિષ્ય.

गणन ન૦ ગણવું, ગણત્રી કરવી.

गणना સ્ત્રી૦ ઉપરના અર્થ.

गणनाथ ત્રિ૦ અમુક કોઇ સમુદાયનો નેતા.

गणनाथ પુ૦ ગણપતિ, શિવ.

गणनायक પુ૦ ઉપરના અર્થ.

गणनायक ત્રિ૦ गणनाथ ત્રિ૦ જુઓ.

गणनायिका સ્ત્રી૦ દુર્ગા દેવી.

गणनीय ત્રિ૦ ગણવા યોગ્ય, ગણત્રી કરવા યોગ્ય.

गणपति પુ૦ ગણેશ, શિવ.

गणपति त्रि० અમુક સમૂહનો નાયક.
गणपतिकल्प पु० ગણપતિના પૂજન વગેરેની વિધિ.
गणपर्वत पु० કૈલાસ પર્વત.
गणपाठ पु० વ્યાકરણપ્રસિદ્ધ ગણપાઠગ્રંથ.
गणपाद पु० મહાદેવના ગણ જેવા જેના પગ હોય તે.
गणपीठक न० છાતી.
गणपुङ्गव त्रि० સમુદાયમાં શ્રેષ્ઠ.
गणपुङ्गव पु० તે નામે એક દેશ, તે દેશનો રાજા.
गणपूज्य पु० તે નામે એક દેશ, તે દેશનો રાજા.
गणपूज्य त्रि० સમુદાયમાં પૂજવા યોગ્ય.
गणपूर्व्य पु० ગામેતી, ગામનો પટેલ–નાયક.
गणभर्तृ पु० મહાદેવ, ગણપતિ.
गणभर्तृ त्रि० સમુદાયનો સ્વામી, સમુદાયનો પોષક.
गणयज्ञ पु० સમુદાયે કરવાનો યજ્ઞ.
गणयाग पु० સમુદાયની શાંતિ નિમિત્તે કરવાનો યજ્ઞ.
गणयितृ त्रि० ગણનાર, ગણત્રી કરનાર.
गणरत्न न० તે નામે એક વ્યાકરણગ્રંથ-શ્લોકબદ્ધ.
गणराज्य न० તે નામે એક દેશ.
गणरात्र न० રાત્રિઓનો સમુદાય.
गणरूप पु० આકડાનું ઝાડ.
गणरूपक पु० ઉપરનો અર્થ.
गणरूपिन् पु० ધોળા આકડાનું ઝાડ.
गणवत् त्रि० ગણવાળું, સમુદાયવાળું.
गणवती स्त्री० દિવોદાસની માતા.
गणवतीसुत पु० દિવોદાસ રાજા.
गणशस् अव्य० ગણે ગણે કરીને, સમુદાયે કરીને
गणश्रि पु० સમુદાયરૂપે રહેલા મરૂત વગેરેદેવો.
गणहास त्रि० સમુદાયને હસનાર.
गणहासक त्रि० ઉપરનો અર્થ.
गणहासक पु० ચોર નામે સુગંધી દ્રવ્ય.
गणाग्रणी पु० ગણેશ.
गणाग्रणी त्रि० સમુદાયમાં અગ્રેસર.
गणाचल पु० કૈલાસ પર્વત.
गणाधिप पु० ગણેશ, શિવ.
गणाधिप त्रि० સમુદાયનો સ્વામી.
गणाधिपति पु० ગણેશ, શિવ.
गणाधिपति त्रि० સમુદાયનો પતિ.
गणान्न न० ઘણાની માલીકીનું અન્ન, અનેકને ઉદ્દેશી અપાતું અન્ન.
गणाभ्यन्तर त्रि० સમુદાયને સોંપેલ ધન વગેરે ઉપર જીવનાર.
गणि स्त्री० ગણવું, ગણત્રી કરવી
गणिका स्त्री० વેશ્યા, જૂઇ, ગણીયારીનું ઝાડ, હાથણી, ગણનારી સ્ત્રી.
गणिकापति पु० વ્યભિચારીપુરૂષ,રંડીબાજ.
गणिकारिका स्त्री० ગણીયારીનું ઝાડ.
गणिकारी स्त्री० ઉપરનો અર્થ.
गणित त्रि० ગણેલ, ધારેલ,
गणित न० ગણવું, ગણિતશાસ્ત્ર, ગ્રહોની ગતિ–સ્થિતિ વગેરેની ગણના.
गणितव्य त्रि० ગણવા યોગ્ય.
गणिताध्याय पु० સિદ્ધાંતશિરોમણિ નામના જ્યોતિષ-ગ્રંથનો એક અધ્યાય.
गणितिन त्रि० ગણનાર, ગણત્રી કરનાર.
गणिन् त्रि० સમુદાયવાળું.
गणिपिटका स्त्री० જૈનમતે આચારાંગ વગેરે બાર અંગ
गणीभूत त्रि० સમુદાયરૂપ થયેલ.
गणेय त्रि० ગણવા યોગ્ય.
गणेरु पु० કરેણનું ઝાડ.
गणेरु स्त्री० વેશ્યા સ્ત્રી.
गणेरुक पु० ગણીયારીનું ઝાડ.
गणेरुका स्त्री० કુટણી સ્ત્રી, ગણીયારીનું ઝાડ.
गणेश पु० ગણપતિ, મહાદેવ.

गणेशकुण्ड न० नर्मदा नदीमां रहेलो कुंड.
गणेशकुसुम न० रातुं फूल.
गणेशखण्ड न० स्कंदपुराणमांनो एक भाग.
गणेशजननी स्त्री० दुर्गा देवी, पार्वती.
गणेशभूषण न० सिंदूर.
गणेशान पु० गणेश, शिव.
गणेश्वर पु० उपरना अर्थ, रुद्र वगेरे गणदेव.
गणोत्साह पु० गेंडो पशु.
गणोत्साही स्त्री० गेंडी.
गण्ड पु० गाल, लमणुं, हाथीनुं गंडस्थळ, परपोटो. फोल्लो, वीथीनुं एक अंग, चिन्ह, वीर, घोडानुं घरेणुं, गांठ, विष्कुंभ वगरे योगो पैकी दशमो योग, गेंडो पशु, उकाळो.
गण्डक पु० उपरना अर्थ, गांठ.
गण्डक पु० ब० ते नामे एक देश.
गण्डकारी स्त्री० खेरनुं झाड.
गण्डकाली स्त्री० खेरनुं झाड.
गण्डकी स्त्री० गेंडी, ते नामे एक नदी, ते नदीनी अधिष्ठात्री देवी.
गण्डकीपुत्र पु० शालग्राम.
गण्डकीशिला स्त्री० शालग्राम शिला.
गण्डकुसुम न० हाथीनो मद.
गण्डकूप पु० पर्वतना उच्च प्रदेशमां रहेलो कुवो.
गण्डगात्र न० जेमां पुष्कळ फळ होय तेवुं वृक्ष.
गण्डदूर्वा स्त्री० एक जातनी ध्रोखड.
गण्डपाद त्रि० गंडना जेवा पग होय ते.
गण्डफलक न० विशाळ गाल, पहोळुं लमणुं.
गण्डफलक त्रि० विशाळ गालवाळुं.
गण्डमाला स्त्री० गंडमाळ रोग, गळामां थतो एक रोग.
गण्डमालिका स्त्री० रीसामणीनो वेलो.
गण्डमालिन् त्रि० गंडमाळ रोगवाळुं.
गण्डयन्त पु० मेघ.
गण्डली पु० महादेव.
गण्डलेखा स्त्री० श्रेष्ठ गंडस्थळ, उत्तम गाल.
गण्डशिला स्त्री० मोटो पत्थर.
गण्डशैल पु० गाल, पर्वत उपरथी गबडी पडेलो मोटो पत्थर.
गण्डसाह्वया स्त्री० गंडकी नदी.
गण्डस्थल न० गाल, लमणु, हाथीनुं गंडस्थळ.
गण्डस्थली स्त्री० उपरना अर्थ.
गण्डाङ्ग पु० गेंडो पशु.
गण्डाङ्गी स्त्री० गेंडी.
गण्डान्त न० ज्योतिषप्रसिद्ध तिथि—नक्षत्र वगेरेनो एक—समय.
गण्डारि पु० कोविदार वृक्ष.
गण्डाली स्त्री० घोळी ध्रोखड.
गण्डि पु० वृक्षना मूळथी शाखा सुधीनो भाग.
गण्डिक पु० परपोटा जेवो क्षुद्र पत्थर.
गण्डिका स्त्री० क्षुद्र गंडपाषाण.
गण्डी स्त्री० गेंडी पशु.
गण्डीर पु० एक जातनुं झाड.
गण्डु पु० स्त्री० ओशीकुं
गण्डुल त्रि० गांठ.
गण्डुमत् त्रि० गांठवाळुं.
गण्डू पु० स्त्री० ओशीकुं.
गण्डू पु० गांठ.
गण्डूपद पु० एक जातनो जंतु.
गण्डूपदभव न० सीसुं.
गण्डूपदी स्त्री० एक जातनो क्षुद्र जीव.
गण्डूष पु० पाणीनो कोगळो, हाथीनी सूंढनो अग्र भाग, एक चांगळुं माप.
गण्डूषा स्त्री० उन्नतनाभि, कोगळो, चांगळुं माप.
गण्डोपधान न० ओशीकुं.
गण्डोल पु० गोळ, ग्रास, कोळीयो, कोगळो.

गण्डोलपाद त्रि० ગોળાકાર પગવાળું.

गण्य त्रि० ગણવા યોગ્ય, ગણત્રીને મેળવનાર, ગણમાં હોનાર-થનાર.

गत त्रि० ગયેલ, એ પ્રમાણે થયેલ, સમાપ્ત થયેલ, પડેલ, જાણેલ, પ્રાપ્ત થયેલ, ગતિ કરેલ.

गत न० ગમન, ગતિ.

गतकाल पु० ગયેલો સમય.

गतक्लम पु० જેનો થાક ઉતરી ગયો હોય તે.

गतचेतन त्रि० ગયેલા ચેતનવાળું, બેભાન.

गतज्वर त्रि० જેને તાવ ઉતરી ગયો હોય તે.

गततोयद त्रि० જેમાંથી મેઘ ચાલ્યો ગયો હોય તે.

गतत्रप त्रि० નિર્લજ્જ.

गतदिन न० ગયેલો દિવસ.

गतधृति त्रि० જેની ધીરજ ગઇ હોય તે.

गतधृति स्त्री० ગયેલી ધીરજ.

गतनासिक त्रि० નાક વગરનું, નકટું.

गतप्रत्यागत त्रि० પહેલાં ગયેલ અને ફરી પાછું આવેલ.

गतबुद्धि त्रि० જ્ઞાન રહિત, બુદ્ધિ વગરનું.

गतबुद्धि स्त्री० ગયેલી બુદ્ધિ.

गतभर्तृका स्त्री० જેનો પતિ ગયો હોય તે સ્ત્રી, વિધવા.

गतमाय त्रि० જેનું કપટ ગયું હોય તે, નિષ્કપટી, જેનું અજ્ઞાન ગયું હોય તે, માયારહિત.

गतरस त्रि० નાશ પામેલા રસવાળું.

गतलक्ष्मीक त्रि० જેની લક્ષ્મી ગઇ હોય તે, શોભાશૂન્ય.

गतवत् त्रि० જનાર, પ્રાપ્ત કરનાર.

गतवित्त त्रि० ગયેલા ધનવાળું.

गतविभव त्रि० જેનો વૈભવ ગયો હોય તે.

गतव्यथ त्रि० જેની પીડા ગઇ હોય તે.

गतशैशव त्रि० જેની બાલ્યાવસ્થા ગઈ હોય તે.

गतशोक त्रि० જેનો શોક ગયો હોય તે.

गतसङ्क त्रि० ફળકામનારહિત.

गतसन्नक पु० મદ વગરનો હાથી.

गतस्पृह त्रि० જેની તૃષ્ણા દૂર થઈ હોય તે.

गतस्मय त्रि० અહંકાર રહિત, વિસ્મયરહિત.

गताक्ष त्रि० આંધળું.

गतागत न० જવું આવવું.

गतागत पु० એક જાતનું પક્ષી.

गतागत त्रि० પહેલાં ગયેલ અને ફરીથી પાછું આવેલ.

गताध्वन् त्रि० માર્ગને ઓળંગેલ, જેણે અમુક રસ્તો કાપ્યો હોય તે, જેણે તત્વ જાણ્યું હોય તે.

गताध्वन् स्त्री० ચૌદશયુક્ત અમાસ.

गताध्वा स्त्री० ઉપરનો અર્થ.

गतानुगत त्रि० ગયેલાની પાછળ ગયેલ, ગયેલાને અનુસરેલ.

गतानुगत न० ગયેલાને અનુસરવું, ગયેલાની પાછળ જવું.

गतानुगतिक त्रि० ગયેલાની પાછળ જનાર, ગાડરીયા પ્રવાહને અનુસરનાર, કોઇની નક્કલ કરનાર.

गतान्त त्रि० જેનો અંતકાળ સમીપ હોય તે, મરવાની અણીપર આવેલું, છેલ્લી હદે પહોંચેલ, છેડાને પામેલ.

गतायुस् त्रि० જેના આયુષનો અંત આવેલો હોય તે, મરણ પામેલ.

गतार्त्तवा स्त्री० પચાસ વર્ષ ઉપરની સ્ત્રી, રોગ વગેરેથી જેને અટકાવ આવતો બંધ થયો હોય તેવી સ્ત્રી.

गतार्थ त्रि० જેણે અર્થ જાણેલો હોય તે, જેનો અર્થ જાણવામાં આવ્યો હોય તેવો પદાર્થ વગેરે, નિર્ધન, ધનહીન થયેલ.

गतासु त्रि० મરણ પામેલ, મુડદું.

गति स्त्री० ગમન, ગતિ, જવું, પરિણામ, જ્ઞાન, પ્રમાણુ, માર્ગ, પદ્ધતિ, સ્થાન, સ્વરૂપ, વિષય, યાત્રા, પ્રમાણુ, ઉપાય, નાડીવ્રણ, વ્યાકરણપ્રસિદ્ધ પ્ર+વગેરે શબ્દો, સૂર્યાદિ ગ્રહોની ગતિ, પાપાચારણ, આશ્રય, આધાર, ક્ષેમ, યુદ્ધકુશલતા.

गतिक न० ગમન, જવું, માર્ગ, સ્થિતિ, દશા, આશ્રય, આધાર.

गतितालिन् पु० તે નામે કાર્તિકસ્વામીનું એક સૈન્ય.

गतिला स्त्री० નેતર, નદી, પરંપરા.

गतिसत्तम पु० પરમેશ્વર.

गत्यून त्रि० ન જઈ શકાય તેવું, ઉજ્જડ, નિરાશ્રિત.

गत्वन् त्रि० જનાર.

गत्वर त्रि० ગમન કરવાના સ્વભાવવાળું.

गत्वरी स्त्री० ગમન કરનારી સ્ત્રી.

गत्वा अव्य० જઈને.

गद् चु० उभ० अ० सेट् બકરાંનો શબ્દ થવો, ગાજવું.

गद् भ्वा० प० स० सेट् સ્પષ્ટ બોલવું, प्रति+ સામા જવાબ આપવો, वि+વિરૂદ્ધ કહેવું. नि+અત્યંત કહેવું.

गद पु० રોગ, મેઘનો શબ્દ, રોહિણીમાં જન્મેલ વસુદેવનો એક પુત્ર,તે નામે અસુર.

गद न० એક જાતનો કોઢ, એક જાતનું ઝેર.

गदगद न० ગળગળું બોલવું.

गदयित्नु पु० કામદેવ.

गदयित्नु त्रि० કામુક, બહુ બોલનાર, વાચાળ.

गदा स्त्री० ગદા નામે એક હથિઆર, બુદ્ધિતત્વ, પાડલવૃક્ષ.

गदाख्य न० એક જાતનું ઝેર.

गदागद पु० द्विव० અશ્વિનીકુમાર-સ્વર્ગના વૈદ્ય.

गदाग्रज पु० બળરામ, શ્રીકૃષ્ણ.

गदाग्रणी पु० ક્ષય રોગ.

गदाधर पु० વિષ્ણુ, શ્રીકૃષ્ણ.

गदाभृत् पु० ઉપરનો અર્થ.

गदामुद्रा स्त्री० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા.

गदाम्बर पु० મેઘ.

गदाराति पु० ઔષધ, દવા.

गदालोल न० ગયામાં આવેલું એક તીર્થ.

गदावसान न० મથુરાની પાસે જરાસંધે છોડેલી ગદા જ્યાં પડી હતી તે સ્થળ.

गदासन न० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક આસન.

गदाह्व न० એક જાતનું ઝેર.

गदित त्रि० કહેલ.

गदितवत् त्रि० કહેનાર.

गदितृ त्रि० કહેનાર.

गदिन पु० વિષ્ણુ, શ્રીકૃષ્ણ.

गदिन् त्रि० ગદા ધારણ કરનાર, રોગી.

गद्गद् कण्ड्वा० प० अ० सेट् ગળગળું બોલવું.

गद्गद पु० ગળગળો શબ્દ.

गद्गद त्रि० ગળગળું બોલનાર.

गद्गदध्वनि त्रि० ગળગળો અવાજ.

गद्गदध्वनि त्रि० ગળગળા અવાજવાળું.

गद्गदपद न० ગળગળો શબ્દ.

गद्गदपद त्रि० ગળગળા શબ્દવાળું.

गद्गदवाचा स्त्री० ગળગળી વાણી.

गद्य त्रि० કહેવા યોગ્ય, બોલવા યોગ્ય.

गद्य न० શ્લોક વગરનું વાક્યાત્મક કાવ્ય.

गद्याण पु० એક જાતનું વજન, ગદીયાણું, ૪૮ ચણોઠીભાર.

गद्याणक पु० ઉપરનો અર્થ.

गद्यात्मक त्रि० ગદ્યવાળું કાવ્ય વગેરે.

गद्यान पु० गद्याण જુઓ,

गद्यानक पु० ઉપર પ્રમાણે.

गद्यालक न० गद्याण જુઓ.

गद्य्य त्रि० ગ્રહણ કરવા યોગ્ય.

गध् दिवा० प० स० सेट् મિશ્ર થવું.

गन्तव्य त्रि० ગમન કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, જાણવા યોગ્ય.

गन्तु त्रि० જનાર, મુસાફર.

गन्तृ त्रि० જનાર, મેળવનાર, પ્રાપ્ત કરનાર.

गन्त्री स्त्री० બેલગાડી, ગમન કરનારી સ્ત્રી.

गन्त्रीरथ पु० બેલ ગાડી.

गन्दिका स्त्री० તે નામે એક નગરી.

गन्ध चु० आ० स० सेट् પીડવું, હિંસા કરવી, જવું, શણગારવું. સૂચવવું.

गन्ध पु० ગંધ, વાસ, લેશ, થોડું, સંબંધ, ગંધક, ગર્વ, સરગવાનું ઝાડ, ઘસેલું ચંદન, સુવાસિત પદાર્થ, સુગંધ.

गन्ध न० કાળું અગર ચંદન.

गन्ध त्रि० પાડોશી, ગંધવાળું.

गन्धक पु० ગંધક નામની ઉપધાતુ, સરગવાનું ઝાડ.

गन्धकचूर्ण पु० બંદુક વગેરેમાં ભરવાનો દારૂ.

गन्धकन्द पु० कसेरु વૃક્ષ.

गन्धकारिका स्त्री० સૈરન્ધ્રી, દાસી.

गन्धकारी स्त्री० ધોળી રીસામણી.

गन्धकालिका स्त्री० નીચેનો અર્થ.

गन्धकाली स्त्री० વ્યાસની માતા સત્યવતી.

गन्धकाष्ठ न० સુગંધવાળું લાકડું, ચંદનનું લાકડું, અગર ચંદન.

गन्धकुटी स्त्री० મુરા નામે એક સુગંધી દ્રવ્ય.

गन्धकुसुमा स्त्री० ગણીયારીનું ઝાડ.

गन्धकेलिका स्त्री० કસ્તૂરી.

गन्धकोकिला स्त्री० એક જાતની ઔષધિ.

गन्धखेड न० એક જાતનું સુગંધી ઘાસ.

गन्धखेडक न० ઉપરનો અર્થ.

गन्धखेल न० गन्धखेड જુઓ.

गन्धखेलक न० ઉપર પ્રમાણે.

गन्धगज पु० ગંધહસ્તી, સર્વોત્તમ હાથી.

गन्धगुण त्रि० ગંધ ગુણવાળું.

गन्धघ्राण न० સુંઘવું.

गन्धचेलिका स्त्री० કસ્તૂરી.

गन्धजटिला स्त्री० વજ વનસ્પતિ.

गन्धजल न० સુવાસિત જળ.

गन्धजात न० તજના ઝાડનું પાંદડું.

गन्धजात न० સુગંધી પદાર્થોનો સમૂહ.

गन्धज्ञा स्त्री० નાક.

गन्धतण्डुल पु० એક જાતની સુગંધી ડાંગેર.

गन्धतन्मात्र न० સાંખ્યમતપ્રસિદ્ધ પંચતન્માત્રાઓમાંની ગંધતન્માત્રા.

गन्धतूर्य न० એક જાતનું રણવાદિત્ર.

गन्धतृण न० એક જાતનું સુગંધી ઘાસ.

गन्धतैल न० સુગંધી તેલ, અત્તર વગેરે.

गन्धत्वच् न० एलवालुक જુઓ.

गन्धदला स्त्री० અજમોદ વનસ્પતિ.

गन्धदारु न० ચંદન.

गन्धद्रव्य न० નાગકેસર, સુગંધવાળું હરકોઇ દ્રવ્ય.

गन्धद्विप पु० શ્રેષ્ઠ હાથી, મદની સુગંધવાળો હાથી.

गन्धधारिन् त्रि० સુગંધી દ્રવ્ય ધારણ કરનાર.

गन्धधारिन् पु० મહાદેવ.

गन्धधूमज पु० એક જાતનું સુગંધી દ્રવ્ય.

गन्धधूलि स्त्री० કસ્તૂરી.

गन्धन न० ઉત્સાહ, પ્રકાશ, કરવું, સૂચવવું, હિંસા કરવી, એક જાતનું ઘાસ.

गन्धनकुल पु० છછુંદર નામે પ્રાણી.

गन्धनाकुली स्त्री० રાસ્ના નામે વનસ્પતિ.

गन्धनामन् पु० રાતી તુલસી.

गन्धनाम्नी स्त्री० એક જાતનો રોગ.

गन्धनालिका स्त्री० નાક.

गन्धनाली स्त्री० નાક.

गन्धनिलया स्त्री० બટ મોગરાનું ઝાડ.

गन्धनिशा स्त्री० કચૂરો નામે વનસ્પતિ.

गन्धप पु० તે નામે એક દેવગણ.

गन्धपत्र पु० ધોળી તુલસી, મરવાનું ઝાડ, નારંગીનું ઝાડ, બીલીનું ઝાડ.

गन्धपत्रा स्त्री० કચૂરો.
गन्धपत्रिका स्त्री આસંધ, અજમોદ, અંબષ્ઠા નામે વનસ્પતિ.
गन्धपत्री स्त्री० ઉપરના અર્થ.
गन्धपलाशिका स्त्री० હળદર.
गन्धपलाशी स्त्री० કચૂરો વનસ્પતિ.
गन्धपाषाण पु० ગંધક.
गन्धपिशाचिका स्त्री० ધૂપ.
गन्धपीता स्त्री० કચૂરો વનસ્પતિ.
गन्धपुष्प पु० નેતરનું ઝાડ, અંકોટક વૃક્ષ.
गन्धपुष्प त्रि० હરકોઇ સુગંધી ફૂલ ઝાડ.
गन्धपुष्प न० સુગંધી ફૂલ.
गन्धपुष्प न० द्वि० ગંધ અને ફૂલ.
गन्धपुष्पा स्त्री० ગળીનું ઝાડ, કેવડાનું ઝાડ, ગણીયારીનું ઝાડ.
गन्धप्रियङ्गु पु० ગંધફળી નામે વનસ્પતિ.
गन्धफणिज्झक पु० રાતી તુલસીનું ઝાડ.
गन्धफल पु० કોઠનું ઝાડ, બીલીનું ઝાડ, તેજફળનું ઝાડ.
गन्धफल त्रि० સુગંધી ફળવાળું ઝાડ.
गन्धफला स्त्री० પ્રિયંગુવૃક્ષ, મેથી, વિદારી, સલ્લકી વૃક્ષ.
गन्धफली स्त्री० ચંપાની કળી, પ્રિયંગુવૃક્ષ.
गन्धबणिज् पु० સુગંધી દ્રવ્યોનો વેપારી, એક જાતનો વર્ણસંકર.
गन्धबन्धु पु० આંબાનું ઝાડ.
गन्धबहुला स्त्री० गोरक्षी વૃક્ષ.
गन्धबीजा स्त्री० મેથી.
गन्धभद्रा स्त्री० તે નામે એક વેલો.
गन्धभाण्ड पु० ઉપરનો અર્થ.
गन्धमांसी स्त्री० એક જાતની જટામાંસી વનસ્પતિ.
गन्धमातृ स्त्री० પૃથ્વી.
गन्धमाद पु० રામના સૈન્યમાંનો તે નામે એક વાનર, તે નામે અક્રૂરનો એક ભાઈ.
गन्धमादन पु० તે નામે એક પર્વત.
गन्धमादन न० ગંધમાદન પર્વતમાં આવેલું એક વન.
गन्धमादन पु० ગંધમાદન પર્વતમાં વસનારો સૈનિક એક વાનર, ભમરો, ગંધક.
गन्धमादनी स्त्री० મદિરા–દારૂ.
गन्धमादिन् त्रि० ગંધવડે જે મદમત્ત બનેતે.
गन्धमादिनी स्त्री० લાખ, મુરા નામનું એક ગંધદ્રવ્ય.
गन्धमार्ज्जार पु० એક જાતનો બિલાડો.
गन्धमालती स्त्री० તે નામે સુગંધી વેલો.
गन्धमालिनी स्त्री० મુરા નામનું એક સુગંધી દ્રવ્ય.
गन्धमुखा स्त्री० છછુંદરી.
गन्धमुखी स्त्री० સુગંધી મુખવાળી કોઇસ્ત્રી.
गन्धमुण्ड पु० गन्धभद्रा જુઓ.
गन्धमुषी स्त्री० છછુંદરી.
गन्धमूल पु० कुलञ्जन વૃક્ષ, सल्लकी વૃક્ષ.
गन्धमूला स्त्री० કચૂરો વનસ્પતિ.
गन्धमूलिका स्त्री० ઉપરનો અર્થ, માકંદી વનસ્પતિ.
गन्धमूली स्त्री० ઉપરનો અર્થ.
गन्धमूषिक पु० છછુંદર.
गन्धमूषिका स्त्री० છછુંદરી.
गन्धमूषी स्त्री० છછુંદરી.
गन्धमृग पु० કસ્તૂરી મૃગ.
गन्धमैथुन पु० બળદ.
गन्धमोदन पु० ગંધક.
गन्धमोहिनी स्त्री० ચંપાની કળી.
गन्धयुक्ति स्त्री० સુગંધી દ્રવ્યોને યોજવાનો એક પ્રકાર.
गन्धरस पु० એક જાતની ઉપધાતુ-આબોળ.
गन्धरस पु० द्विव० સુગંધ અને રસ.
गन्धरसाङ्गक पु० શ્રીવેષ્ટન નામે એક સુગંધી દ્રવ્ય.
गन्धराज पु० તે નામે એક ફૂલઝાડ, એક

જાતનો ગુગળ, જવાદિ નામનું એક ગંધદ્રવ્ય.

गन्धराज ન૦ ચંદન.

गन्धराज ન૦ શ્રેષ્ઠ હરકોઇ ગંધદ્રવ્ય.

गन्धराजी સ્ત્રી૦ નખલો નામે સુગંધી દ્રવ્ય.

गन्धर्व ઘોડો, કસ્તૂરી મૃગ, જન્મ અને મરણની વચ્ચે હોનાર યાતના શરીરવાળું એક ગુપ્ત પ્રાણી, દેવોનો ગવૈયો, દેવગણ, કિરણધારી ચંદ્ર-સૂર્ય વગેરે, તે નામે એક બેટ, સૂર્ય, કોયલ પક્ષી, જ્ઞાની મનુષ્ય, ધોળી કરેણનું ઝાડ, આકડાનું ઝાડ.

गन्धर्व ત્રિ૦ ગાનાર હરકોઇ.

गन्धर्वनगर ન૦ આકાશમાં ઉત્પન્ન થયેલ અનિષ્ટસૂચક શહેર, ગંધર્વ-દેવ જાતિનું શહેર.

गन्धर्वपुर પુ૦ ઉપરના અર્થ.

गन्धर्ववधू સ્ત્રી૦ કચૂરો વનસ્પતિ, ચીડા નામનું એક સુગંધીદ્રવ્ય.

गन्धर्वलोक પુ૦ વિદ્યાધરોના લોકની નીચે આવેલો ગંધર્વલોક.

गन्धर्वविद्या સ્ત્રી૦ ગાન-વાદિત્ર-નૃત્ય વગેરેની વિદ્યા.

गन्धर्ववेद પુ૦ સામવેદનો ઉપવેદ-સંગીતનો મૂળ ગ્રંથ.

गन्धर्वहस्त પુ૦ એરંડાનું ઝાડ.

गन्धर्वहस्तक પુ૦ એરંડાનું ઝાડ.

गन्धर्वा સ્ત્રી૦ કોકિલા.

गन्धलता સ્ત્રી૦ પ્રિયંગુવૃક્ષ.

गन्धलोलुप ત્રિ૦ ગંધમાં લુબ્ધ.

गन्धलोलुपा સ્ત્રી૦ મધમાખી.

गन्धवणिज् પુ૦ ગન્ધવણિજ્ જુઓ.

गन्धवत् ત્રિ૦ ગંધવાળું.

गन्धवती સ્ત્રી૦ પૃથ્વી, વ્યાસની માતા સત્યવતી, તે નામે એક નદી, તે નામે શહેર.

गन्धवल्कल ન૦ તજ.

गन्धवल्लरी સ્ત્રી૦ સહદેવી નામે એક વેલો.

गन्धवल्ली સ્ત્રી૦ ઉપરનો અર્થ.

गन्धवह પુ૦ વાયુ, ગંધવાળો કોઈ નાયક, કસ્તૂરી મૃગ.

गन्धवह ત્રિ૦ ગંધને વહેનાર, ગંધ ધારણ કરનાર.

गन्धवहा સ્ત્રી૦ નાક.

गन्धवहल પુ૦ ધોળી તુલસીનું ઝાડ, સિતાર્જક વૃક્ષ.

गन्धवारि ન૦ સુગંધી દ્રવ્યથી વાસિત કરેલું પાણી.

गन्धवाह પુ૦ વાયુ, કસ્તૂરી મૃગ.

गन्धवाहा સ્ત્રી૦ નાક.

गन्धविह्वल પુ૦ ઘઉં.

गन्धवीजा સ્ત્રી૦ મેથી.

गन्धवृक्ष પુ૦ સાગનું ઝાડ.

गन्धवृक्षक પુ૦ સાગનું ઝાડ.

गन्धव्याकुल પુ૦ ન૦ કક્કોલ.

गन्धशटी સ્ત્રી૦ સુગંધી કચૂરો.

गन्धशाक ન૦ ગૌરસુવર્ણશાક-નામે શાક.

गन्धशालि પુ૦ એક જાતની સુગંધી ડાંગેર.

गन्धशुण्डिनी સ્ત્રી૦ છછુંદરી.

गन्धशेखर પુ૦ કસ્તૂરી.

गन्धसार પુ૦ ચંદનવૃક્ષ, ગંધક, મોગરો.

गन्धसारण પુ૦ બૃહન્નખી નામે ગંધ દ્રવ્ય, મુદ્દગર વૃક્ષ.

गन्धसूयी સ્ત્રી૦ છછુંદરી

गन्धसोम ન૦ રાત્રિવિકાશી-ચંદ્રવિકાશી કમળ-પોયણું.

गन्धहारिका સ્ત્રી૦ સૈરંધ્રી, દાસી.

गन्धा સ્ત્રી૦ ચંપાની કળી, કચૂરો, શાલપર્ણી વનસ્પતિ, સુગંધવાળી સ્ત્રી.

गन्धाखु સ્ત્રી૦ છછુંદર.

गन्धाजीव પુ૦ સુગંધી પદાર્થો વેચનાર વેપારી.

गन्धाढ्य ન૦ જવાદિ નામનું ગંધદ્રવ્ય, ચંદન.

गन्धाढ्य પુ૦ ચંદન વૃક્ષ.

गन्धाढ्य ત્રિ૦ ગંધવાળું.

गन्धाढ्या स्त्री० એક જાતનો સુગંધીવેલો, પીળી જૂઈ, તરુણ સ્ત્રી.
गन्धाधिक न० એક જાતનું કેસર.
गन्धापकर्षण न० ગંધ ખેંચી કાઢવો તે.
गन्धाम्ला स्त्री० જંગલી બીજોરૂં
गन्धार पु० बहु० તે નામે એક દેશ, તે દેશનો રાજા.
गन्धारि पु० ગંધાર દેશ.
गन्धाला स्त्री० એક જાતનો સુગંધી વેલો.
गन्धालिका स्त्री० ઉપરનો અર્થ, કપૂરકાચલી વનસ્પતિ, ગંધની પંક્તિ.
गन्धाली स्त्री० ઉપરના અર્થ.
गन्धालीगर्भा स्त्री० ઝીણી એલચી.
गन्धाश्मन् पु० ગંધક.
गन्धाष्टक न० ચંદન વગેરે આઠ સુગંધી પદર્થો—ચંદન, અગર, કપૂરકેસર, સુગંધી વાળો, ગોરોચન, કસ્તૂરી અને રતાંજળી.
गन्धाह्वा स्त्री० રાતી તુલસી.
गन्धि न० એક જાતનું કેસર.
गन्धिक पु० ગંધક, સુગંધી દ્રવ્યોનો વેપારી.
गन्धिन् त्रि० ગંધવાળું, સુગંધીદાર.
गन्धिन् पु० કસ્તૂરી મૃગ, માકડ, એક જાતની માખી.
गन्धिनी स्त्री० मुरा નામે ગંધ દ્રવ્ય.
गन्धिपत्र पु० સાતપુડાનું ઝાડ.
गन्धिपर्ण पु० સાતપુડાનું ઝાડ.
गन्धेन्द्रिय न० ગંધ લેનારી ઇન્દ્રિય—ઘ્રાણેન્દ્રિય.
गन्धोतु पु० એક જાતનો બિલાડો.
गन्धोत्कटा स्त्री० દમનક વૃક્ષ.
गन्धोत्तमा स्त्री० મદિરા—દારૂ.
गन्धोद न० સુગંધી પાણી—ગંધવાસિત પાણી.
गन्धोदक न० ઉપરનો અર્થ.
गन्धोपजीविन पु० સુગંધી પદાર્થો વેચનાર.
गन्धालि स्त्री० કચૂરો, એક જાતની મોથ.
गन्धोली स्त्री० ઉપરના અર્થ, હંસલી.

गभ न० ભગ, યોનિ.
गभस्ति पु० કિરણ, સૂર્ય, બાહુ, હાથ, શિવ, આકડાનું ઝાડ.
गभस्ति स्त्री० અગ્નિની પત્ની સ્વાહા.
गभस्ति स्त्री० बहु० આંગળીઓ.
गभस्तिकर पु० સૂર્ય, આકડાનું ઝાડ.
गभस्तिनेमि पु० પરમેશ્વર.
गभस्तिपाणि पु० સૂર્ય, આકડાનું ઝાડ.
गभस्तिमत् पु० સૂર્ય, આકડાનું ઝાડ, તે નામે એક બેટ.
गभस्तिमत् न० તે નામે એક પાતાલ.
गभस्तिहस्त पु० સૂર્ય, આકડાનું ઝાડ.
गभस्ती स्त्री० અગ્નિની પત્ની સ્વાહા.
गभस्तीश पु० કાશીમાં રહેલ એક શિવલિંગ.
गभि त्रि० ગંભીર, ઉંડું.
गभीका स्त्री० એક જાતનું ઝાડ.
गभीर त्रि० ગંભીર, ઉંડું, ગહન, દુષ્પ્રવેશ, દુર્બોધ, ક્લિષ્ટ, અઘરૂં.
गभीर पु० ગંભીર શબ્દ, ઉંડો અવાજ.
गभीरध्वनि पु० ઉપરનો અર્થ.
गभीरात्मन् पु० પરમેશ્વર.
गभीरिका स्त्री० મોટું નગારૂં.
गभीलिक पु० મસૂર.

गम् भ्वा० प० स० अनिट् ગમન કરવું, જવું. अच्छ+સામે જવું, अति+ઓળંગી જવું. वि+अति+વિશેષે કરી ઓળંગી જવું. अधि+મેળવવું. सम्+अधि+સારી રીતે મેળવવું. अनु+પ્રાપ્ત થવું, પાછળ જવું, અનુસરવું, નકલ કરવી. अन्तर्+ અંતર્ધ્યાન થવું, વચ્ચે જવું. अप+દૂર થવું, નાશ પામવો. अपि+પોતાના કારણ વગેરેમાં પ્રવેશ કરવો. अभि+ સામેજવું. अव+જાણવું. आ+આવવું. अधि+आ+ પ્રાપ્ત થવું, મેળવવું. अनु+आ+અનુકરણ કરવું, સારી રીતે જવું, પાછા જવું, પાછા આવવું. अभि+आ+સામા આવવું,

જવું. उप+आ+ સમીપ આવવું. प्रति+आ+પાછા વળી જવું, પાછા ફરવું. उद्+ ઉંચે જવું, ઉડવું, ઉદય પામવો. प्रति+उद्+સામે લક્ષ્ય કરી ઉદય પામવો–ઉડવું, સામા ઉઠીને જવું. उप+સમીપ જવું. अभि+उप+પ્રતિજ્ઞા કરવી, સ્વીકારવું. नि+ નિયમથી પ્રાપ્ત થવું, નિયમપૂર્વક આવવું. निर्+નીકળવું. परा+પાછા ફરવું, ચોતરફ જવું. परि+ચોતરફ જવું. प्रति+વિપરીત જવું, સામા જવું. वि+વિશેષે કરી જવું, વિચ્છેદ થવો, જૂદા પડવું. सम्+સમાગમ કરવો, મળવું.

गम પુ૦ જિતેચ્છુ રાજાનું પ્રયાણ, માર્ગ, રસ્તો, એક જાતનું જુગાર, ગમન કરવું, નહિ જોયેલો માર્ગ, સમાનપાઠ, જવાતો માર્ગ વગેરે.

गमक ત્રિ૦ ગમન કરાવનાર, પહોંચાડનાર, જણાવનાર.

गमक પુ૦ એક પ્રકારનો સ્વર.

गमकारित्व ન૦ અવિચારીપણું.

गमथ પુ૦ મુસાફર.

गमन ન૦ ગમન કરવું, જવું, જિતેચ્છુનું પ્રયાણ, સ્ત્રી પાસે મૈથુન માટે જવું, મેળવવું, પ્રાપ્ત કરવું, જાણવું.

गमनार्ह ત્રિ૦ ગમન કરવા યોગ્ય, જવાયોગ્ય.

गमनीय ત્રિ૦ ઉપરનો અર્થ, મેળવવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય.

गमयत् ત્રિ૦ ગમન કરાવતું.

गमागम પુ૦ જવું, આવવું.

गमित ત્રિ૦ ગમન કરાવેલ, મોકલેલ.

गमिन् ત્રિ૦ ભવિષ્યમાં જનાર.

गमिष्ठ ત્રિ૦ અતિશય ગમન કરનાર.

गम्ब् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ ગમન કરવું, જવું.

गम्भन ત્રિ૦ ગંભીર.

गम्भर ન૦ પાણી.

गम्भारिका સ્ત્રી૦ ગંભારી વનસ્પતિ.

गम्भारी સ્ત્રી૦ ઉપરનો અર્થ, ગંભારીનું ફળ કે ફૂલ.

गम्भिष्ठ ત્રિ૦ અતિશય ગંભીર.

गम्भीर ત્રિ૦ ગંભીર, ઉંડું, અગાધ.

गम्भीर પુ૦ ગંભીર શબ્દ, બીજોરૂં, કમળ, ઋગ્વેદનો એક મંત્ર.

गम्भीरता ન૦ ગંભીરપણું.

गम्भीरत्व ન૦ ગંભીરપણું.

गम्भीरनाद પુ૦ ગંભીર શબ્દ, ઉંડો અવાજ.

गम्भीरनाद ત્રિ૦ ગંભીર શબ્દવાળું.

गम्भीरवेदितृ પુ૦ નીચેનો અર્થ જુઓ.

गम्भीरवेदिन् પુ૦ એક જાતનો હાથી જે અંકુશ વગેરેની પરિચિત શિક્ષાને પણ બેદરકારીથી ઘણે લાંબે વખતે ધ્યાનમાં લે છે.

गम्भीरार्थ પુ૦ ગંભીર અર્થ, ગહન અર્થ.

गम्भीरार्थ ત્રિ૦ ગંભીર અર્થવાળું, ઉંડા રહસ્યવાળું.

गम्भीरिका સ્ત્રી૦ ગંભીર–ઉંડી જમીન, તે નામે એક નદી, એક જાતની નાડી, તે નામે એક દૃષ્ટિરોગ–નેત્રરોગ.

गम्य ત્રિ૦ ગમન કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય.

गम्यता સ્ત્રી૦ ગમન કરવા યોગ્યપણું.

गम्यत्व ન૦ ઉપરનો અર્થ.

गम्यमान ત્રિ૦ જણાતું.

गम्या સ્ત્રી૦ ગમન કરવા યોગ્ય–જેની સાથે મૈથુનમાં દોષ નથી તેવી પરિણીત સ્ત્રી.

गम्यादि પુ૦ પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દસમૂહ.

गय પુ૦ રામાયણ પ્રસિદ્ધ તે નામે એક વાનર, હવિર્ધાન રાજાનો એક પુત્ર, પ્રિયવ્રતના વંશનો એક રાજા, જંગલી બળદ, તે નામે એક અસુર.

गय ન૦ ધન, સંતાન, ઘર, ઘરમાં રહેલ પ્રાણી, પોતાનું સ્થાન.

गय पु० ब० प्राण.
गय त्रि० गमन करवा योग्य, शरण लेवा योग्य.
गयस्फान त्रि० धननी वृद्धि करनार.
गया स्त्री० गया तीर्थ–अल्हाबाद
गयाकूप पु० गया तीर्थमां आवेलो कुवो.
गयादित्य पु० गया तीर्थमां आवेल एक आदित्य.
गयाशिरस् न० गयामां आवेलुं एक स्थान.
गयाशीर्ष न० उपरनो अर्थ.
गयाशेखर न० गयाशिरस् जुओ.
गर त्रि० गळी जवातुं, गळातुं, भक्षण करवा योग्य, दूष्य.
गर पु० झेर, रोग, गळवुं, गळी जवुं, वछनाग.
गर न० ज्योतिषप्रसिद्ध बव वगेरे करण पैकी पांचमुं करण, एक जातनुं झेर.
गरघ्न त्रि० झेरनो नाश करनार.
गरघ्नी स्त्री० एक जातनी माछली.
गरण न० सींचवुं, छांटवुं, गळी जवुं, खावुं, झेर.
गरद न० झेर.
गरद त्रि० झेर आपनार.
गरद्रुम पु० एक जातनुं झेरी झाड.
गरभ पु० गर्भ.
गरल न० झेर, घासनो पूळो, सर्पनुं झेर, एक जातनुं माप.
गरलारि पु० मरकत मणि.
गरव्रत पु० मोरपक्षी.
गरव्रती स्त्री० मयूरी–ढेल.
गरस न० भक्षण करवुं, खावुं.
गरहन् त्रि० झेरनो नाश करनार.
गरा स्त्री० देवताली वृक्ष, भक्षण करवुं, खावुं.
गरागरी स्त्री० देवताली वृक्ष.
गरात्मक न० सरगवानुं बी.
गराधिका स्त्री० लाख.
गरायिका स्त्री० लाख.
गरि नामधातु० उभ० अक० सेट् भारे करवुं.
गरिमन् पु० भारेपणुं, मोटाई, श्रेष्ठता.
गरिमन् स्त्री० अणिमा वगेरे आठ सिद्धिओ पैकी एक.
गरिष्ठ त्रि० अत्यंत भारे, अत्यंत श्रेष्ठ.
गरिष्ठ पु० ते नामे एक राजा, ते नामे एक दैत्य.
गरी स्त्री० देवताली वृक्ष.
गरीयस् त्रि० गरिष्ठ जुओ.
गरुड पु० कश्यपनो पुत्र–विनताथी उत्पन्न थयेलो पक्षीराज–गरुड, वीस प्रकारना महेलो पैकी एक, सैन्यमां रचातो गरुडव्यूह.
गरुडध्वज पु० विष्णु.
गरुडपुराण न० अढार पुराणोमांनुं सत्तरमुं महापुराण.
गरुडमन्त्र पु० तंत्रशास्त्रप्रसिद्ध एक मंत्र जेनाथी झेर उतरे छे.
गरुडमुद्रा स्त्री० ते नामे एक मुद्रा.
गरुडरुत न० एक जातनो छंद.
गरुडवेगा स्त्री० एकदम वधी जतो एक एक जातनो वेलो.
गरुडव्यूह पु० ते नामे सैनिकोनो व्यूह.
गरुडाग्रज पु० सूर्यनो सारथि अरुण.
गरुडाङ्क न० मरकत मणि.
गरुडाङ्कित न० मरकत मणि.
गरुडाश्मन् पु० मरकत मणि.
गरुडासन न० तंत्रशास्त्रप्रसिद्ध एक आसन.
गरुडोत्तीर्ण पु० मरकत मणि.
गरुडोपनिषद् स्त्री० अथर्ववेदमां आवती एक उपनिषद.
गरुत् पु० पक्षीओनी पांख, गळी जवुं, खावुं.
गरुत्मत् पु० गरुड, अग्नि, हरकोई पक्षी.
गरुघोधिन पु० भारंड पक्षी.
गरुघोधिनी स्त्री० भारंड पक्षिणी.

गरुल પુ० ગરૂડ.

गर्ग પુ० તે નામે એક મુનિ, બળદ,બ્રહ્માનો એક માનસ પુત્ર, સંગીતપ્રસિદ્ધ તાલ.

गर्गत्रिरात्र પુ० તે નામે એક યજ્ઞ.

गर्गर પુ० એક જાતનું માછલું, તરણુ પશુ, દહીં વલોવવાની ગોરી, કળશ, ગાગર.

गर्गरी સ્ત્રી० એક જાતની માછલી, નાનો ઘોડો, ગાગર.

गर्गशिरस् પુ० તે નામે એક દૈત્ય.

गर्गसंहिता સ્ત્રી० તે નામે જ્યોતિષ ગ્રંથ.

गर्गस्रोतस् ન० સરસ્વતી તીર્થમાં આવેલું એક તીર્થ.

गर्गाट પુ० એક જાતનું માછલું.

गर्गाटी સ્ત્રી० એક જાતની માછલી.

गर्गादि પુ० પાણિનીય વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

गर्गी સ્ત્રી० ગર્ગાચાર્યની પત્ની.

गर्गीय ત્રિ० ગર્ગનો વંશજ.

गर्ज् ભ્વા० ૫० અ० સેટ્ ગાજવું, ગર્જના કરવી. अनु + ગર્જના સામે યોગ્ય ગર્જના કરવી. अभि+ અભિલક્ષીને ગાજવું. प्रति+ સામે ગાજવું.

गर्ज ચુ० ઉભ० અ० સેટ્ શબ્દ કરવો,ગાજવું.

गर्ज પુ०હાથીનો શબ્દ, મેઘ વગેરેની ગર્જના.

गर्जक પુ० એક જાતનું માછલું.

गर्जन ન० ગાજવું, શબ્દ કરવો.

गर्जनीय ત્રિ० ગાજવા યોગ્ય.

गर्जर ન० ગાજર. એક જાતનું લસણ.

गर्जरी સ્ત્રી० એક જાતનું લસણુ.

गर्जा સ્ત્રી० ગાજવું, શબ્દ કરવો.

गर्जाफल પુ० विकंटक વૃક્ષ.

गर्जि પુ० મેઘનો શબ્દ.

गर्जित ન० ગર્જના, મેઘ વગેરેનો શબ્દ.

गर्जित પુ० મદોન્મત્ત હાથી.

गर्जित ત્રિ० ગર્જના કરનાર.

गर्जित ત્રિ० ગર્જના જેણે કરી હોય તે, ગાજેલ.

गर्ज्य ત્રિ० ગાજવા યોગ્ય.

गर्त्त પુ० ભોંયમાં ખાડો, ત્રિગર્ત દેશ, સ્ત્રીના કુલા ઉપર જે ખાડો હોય છે તે, એક જાતનો રોગ, ઘર, રથ, સભાસ્તંભ, એક જાતની ખાઇ-ખાત, ખોદીને જે છિદ્ર કર્યું હોય તે.

गर्त्तिक ત્રિ० ખાડાવાળું.

गर्त्तिका સ્ત્રી० સાળવીનું ઘર.

गर्त्तीय ત્રિ० ખાડાની સમીપનો પ્રદેશ વગેરે.

गर्द् ચુ० ઉભ० સ० સેટ્ શબ્દ કરવો,ગાજવું.

गर्द् ભ્વા० ૫० અ० સેટ્ ગાજવું, શબ્દ કરવો.

गर्दभ પુ० ગંધ, ગધેડો.

गर्दभ ન० ધોળું કમળ, વાવડીંગ.

गर्दभगद પુ० ગધેડાંનો એક રોગ.

गर्दभगंधिका સ્ત્રી० ભારંગ વનસ્પતિ.

गर्दभयाग પુ० તે નામે એક યજ્ઞ.

गर्दभशाक પુ० બ્રહ્મયષ્ટિ વૃક્ષ.

गर्दभशाकी સ્ત્રી० ઉપરનો અર્થ.

गर्दभशाखी સ્ત્રી० ભારંગ વનસ્પતિ.

गर्दभाण्ड પુ० પીપરીનું ઝાડ.

गर्दभाह्वय ન० પોયણું, ચંદ્રવિકાશી કમળ,

गर्दभिका સ્ત્રી० એક જાતનો રોગ, ધોળી ભોરીંગણી, ગધેડી.

गर्दभी સ્ત્રી० એક જાતનો કીડો, ગધેડી, ભોરીંગણી.

गर्ध् ચુ० ઉભ० સ० સેટ્ કોઇ વસ્તુ મેળવવા ઇચ્છવી, લાલચ કરવી, લોભ કરવો.

गर्ध પુ० અતિશય લાલચ, પીપરીનું ઝાડ.

गर्धन ત્રિ० અત્યંત લાલચુ, લોભી.

गर्धिन् ત્રિ० ઉપરના અર્થ.

गर्व् ભ્વા० ૫० સ० સેટ્ ગમન કરવું, જવું.

गर्व् ચુ० આ० અ० સેટ્ ગર્વ કરવો, અભિમાન કરવું.

गर्व પુ० અભિમાન, અહંકાર.

गर्ब्भ पु० ગર્ભ, શિશુ, બાળક, ઉદર, પેટ, નાટકનો અમુક અંક-ભાગ વગેરે, ફણસનો કાંટો, ઓરડો, અંદરનો ભાગ.

गर्ब्भा स्त्री० સમયનો મધ્યભાગ, સ્થળ અને વખતનો ભાગ.

गर्भ पु० गर्ब्भ જુઓ.

गर्भक पु० કેશમાં નાખેલી પુષ્પમાળા.

गर्भक न० બે રાત્રિ.

गर्भकंटक पु० ફણસનો કાંટો.

गर्भकर पु० पुत्रजीव નામે એક વૃક્ષ.

गर्भकर त्रि० ગર્ભકારક.

गर्भकार पु० ગર્ભાધાન કરનાર પતિ વગેરે.

गर्भकार न० સામવેદનો અમુક ભાગ.

गर्भकोष पु० ગર્ભાશય, ગર્ભને રહેવાનું સ્થળ.

गर्भगृह न० ઘરનો મધ્યભાગ.

गर्भघातिन् त्रि० ગર્ભ હત્યારૂં.

गर्भघातिनी स्त्री० लांगलिका વૃક્ષ.

गर्भचलन न० ગર્ભનું ચાલવું, ગર્ભનું ફરકવું.

गर्भच्युत त्रि० ગર્ભ પાડનાર.

गर्भच्युति स्त्री० ગર્ભસ્રાવ, ગર્ભ પડી જવો તે.

गर्भण्ड पु० મોટો દુંટો, મોટી દુંટી.

गर्भद पु० गर्भकर पु० જુઓ, ધોળી ભોંયરીંગણી.

गर्भद त्रि० ગર્ભ રાખી શકે તેવું ઔષધ વગેરે.

गर्भदात्री स्त्री० એક જાતની ઔષધિ.

गर्भदास पु० જ્યારથી ગર્ભ આવે ત્યારથીજ દાસ થઇ ચૂકેલો મનુષ્ય.

गर्भद्रुह त्रि० ગર્ભ પાડનાર.

गर्भध न० ગર્ભ ધારણ કરાવનાર—વીર્ય.

गर्भधारण न० ગર્ભ ધારણ કરવો તે.

गर्भनाडी स्त्री० ગર્ભની નાડિ—ગર્ભનું નાળચું—નાળ.

गर्भनुद् त्रि० ગર્ભ પાડનાર.

गर्भपतन न० ગર્ભસ્રાવ.

गर्भपरिचय पु० ગર્ભાશય.

गर्भपाक्तिन् पु० સાઠી ચોખો.

गर्भपात पु० ગર્ભનું સરી પડવું, ગર્ભસ્રાવ.

गर्भपातक पु० રાતો સરગવો.

गर्भपातन न० ગર્ભ પાડવો તે.

गर्भपातन पु० રીઠા વૃક્ષ.

गर्भपातनी स्त्री० ગળીયારીનું ઝાડ.

गर्भपातिनी स्त्री० વિશલ્યા વૃક્ષ.

गर्भपोषण न० ગર્ભ પુષ્ટિ પામે તેવી કોઇ વિધિ કરવી, ગર્ભનું પોષણ કરવું.

गर्भप्रसव पु० ગર્ભનો જન્મ, ગર્ભનું ગર્ભાશયમાંથી બહાર પડવું તે.

गर्भभर्मन् न० ગર્ભનું પોષણ.

गर्भमास पु० ગર્ભ જે મહિને રહ્યો તે મહિનો, ગર્ભસહિત મહિનો.

गर्भयोषा स्त्री० ગર્ભાધાન કરવા માટેની સ્ત્રી.

गर्भरूप पु० શિશુ, બાળક, બચ્ચું.

गर्भरूपक पु० ઉપરના અર્થ.

गर्भलक्षण न० ગર્ભનાં ચિન્હ, ગર્ભ રહ્યો તે સૂચવનાર નિશાની.

गर्भलम्भन न० યોનિમાં નાંખેલું વીર્ય ગર્ભ ઉત્પન્ન કરેજ એવી કોઇ ક્રિયા.

गर्भवती स्त्री० ગર્ભ જેને રહ્યો હોય તે સ્ત્રી, સગર્ભા.

गर्भवसति स्त्री० સ્ત્રીના ઉદર રૂપ ગર્ભને રહેવાનું સ્થળ.

गर्भवास पु० ઉપરનો અર્થ, ગર્ભમાં વાસ, ગર્ભાશયમાં રહેવું તે.

गर्भविच्युति स्त्री० ગર્ભસ્રાવ.

गर्भव्यूह पु० સૈન્યનો એક પ્રકારનો વ્યૂહ, એક પ્રકારની સૈન્યની ગોઠવણી.

गर्भशंकु पु० ગર્ભને પેટમાંથી ખેંચી કાઢવાનું એક જાતનું હથિઆર.

गर्भशय्या स्त्री० ગર્ભાશય, ગર્ભોત્પત્તિનું સ્થાન.

गर्भसंक्रमण न० અન્ય દેહનો ત્યાગ કરી બીજા દેહમાં ઉત્પન્ન થવા માટે ગર્ભમાં પ્રવેશ કરવો તે.
गर्भसंभवा स्त्री० એલચી.
गर्भसमय पु० ગર્ભાધાનનો સમય, ગર્ભ રહ્યો તે સમય.
गर्भस्थ त्रि० ગર્ભમાં રહેનાર.
गर्भस्राव पु० ગર્ભનું સ્રવી પડવું, અધૂરા માસે ગર્ભ પડી જવો તે, કસુવાવડ.
गर्भस्राविन् पु० હિન્તાલ વૃક્ષ.
गर्भागार न० ઘરનો મધ્યભાગ, ઘરની અંદરનો ઓરડો, ઘરનો ખાનગી ભાગ, ગર્ભસ્થાન, ગર્ભાશય.
गर्भाङ्क पु० નાટકના અંકમાં આવતો અંક, નાટકના અંકનો પેટા અંક.
गर्भाधान न० ગર્ભ ધારણ કરવો, ગર્ભધારણ વખતની સંસ્કારરૂપ ક્રિયા, ગર્ભાધાન સંસ્કાર.
गर्भावक्रान्ति स्त्री० જીવનું ગર્ભમાં આવવું તે.
गर्भाशय पु० પેટમાં ગર્ભને રહેવાનું સ્થળ.
गर्भाष्टम पु० ગર્ભ રહ્યો તે સમયથી આઠમો મહિનો-વર્ષ વગેરે.
गर्भास्पन्दन न० ગર્ભનો નાશ, ગર્ભક્ષય.
गर्भास्राव पु० गर्भस्राव જુઓ.
गर्भिणी स्त्री० ગર્ભવાળી સ્ત્રી, સગર્ભા.
जीर्णवज्र न० वैक्रान्तमणि એક જાતનો મણિ.

जीर्णवस्त्र न० જૂનું વસ્ત્ર, ફાટેલું-તુટેલુંવસ્ત્ર.

जीर्णा स्त्री० મોટા મોટા દાણાવાળું જીરૂં-સ્થૂલ જીરૂં.

जीर्णास्थिमृत्तिका स्त्री० એક જાતની બનાવટી માટી.

जीर्णि स्त्री० जीर्णता જુઓ, પચન, પાક, પચવું.

जीर्णोद्धार पु० જૂનાને ફરી નવા જેવું કરવું, પ્રથમ સ્થાપેલ દેવમૂર્તિ વગેરેનો ઉદ્ધાર કરવો.

जीर्वि पु० કુહાડો.

जीव् भ्वा० अ० प० सेट् જીવવું, પ્રાણ ધારણ કરવા. अति+અતિક્રમણ કરી જીવવું, अनु + પાછળથી જીવવું, અનુરૂપ જીવવું, आ + આજીવિકા કરવી, ઉપભોગ કરવો, उद् + ઉચ્છ્વાસ લેવો, શ્વાસ લેવો, प्रति + उद् + પ્રતિરૂપ ઉજ્જીવન, उप + આશ્રય કરવો, આશ્રય કરી વર્તવું.

जीव पु० પ્રાણી, જીવન્તી વૃક્ષ, બૃહસ્પતિ, કર્ણ, ક્ષેત્રજ્ઞ, આત્મા, વૃત્તિ-આજીવિકા, જીવન, કાર્ય-કારણનો સમૂહ, અનેકાન્તવાદી જૈનોએ માનેલ જીવાસ્તિકાય નામે એક પદાર્થ, ઉપાધિપ્રવિષ્ટ ચૈતન્ય, શરીરથી યુક્ત ચૈતન્ય, બુદ્ધિમાં રહેલ ચૈતન્યનું પ્રતિબિંબ, સાભાસ અહંકારમાં ચૈતન્યનું પ્રતિબિંબ, પ્રાણ વગેરે સમ-

દાયને ધારણ કરી રાખનાર લિંગદેહ.

जीवक પુ૦ તે નામે એક ઔષધિ, એક જાતનું ઝાડ, બૌદ્ધ સાધુ, સર્પ પકડનાર ગારૂડિક.

जीवक ત્રિ૦ પ્રાણ ધારણ કરનાર, જીવનાર, સેવક, વ્યાજનો ધંધો કરી જીવનાર, ભિક્ષાવૃત્તિ કરી જીવનાર.

जीवकाद्यतैल ન૦ વૈદ્યકપ્રસિદ્ધ એક તેલ.

जीवग्राह ત્રિ૦ જીવતું પકડેલ.

जीवघन પુ૦ હિરણ્યગર્ભ–સમષ્ટિ જીવશરીર.

जीवजीव પુ૦ ચકોર પક્ષી.

जीवजीवक પુ૦ ચકોર પક્ષી.

जीवजीवा સ્ત્રી૦ ચકોર પક્ષિણી.

जीवञ्जीव પુ૦ ચકોર પક્ષી.

जीवञ्जीवक પુ૦ ચકોર પક્ષી.

जीवञ्जीवी સ્ત્રી૦ ચકોર પક્ષિણી.

जीवत् ત્રિ૦ જીવતું.

जीवत्तोका સ્ત્રી૦ જીવતાં છોકરાંવાળી સ્ત્રી.

जीवत्पति સ્ત્રી૦ જેનો ધણી જીવતો હોય તેવી સ્ત્રી.

जीवत्पितृक ત્રિ૦ જીવતા પિતાવાળું, જેનો પિતા જીવતો હોય તે.

जीवथ પુ૦ કાચબો, પ્રાણ, મોર, મેઘ.

जीवथ ત્રિ૦ લાંબા આયુષ્યવાળું, ધાર્મિક, જીવનવાળું, જીવતું.

जीवद પુ૦ વૈદ્ય, ગ્રંથિપર્ણ વૃક્ષ.

जीवद પુ૦ શત્રુ.

जीवद ત્રિ૦ જીવ આપનાર, જીવનદાતા.

जीवदा સ્ત્રી૦ જીવન્તી વૃક્ષ, જીવન આપનારી સ્ત્રી.

जीवदातृ ત્રિ૦ જીવન આપનાર.

जीवदात्री સ્ત્રી૦ ઋદ્ધિ નામે ઔષધિ, જીવન્તી વૃક્ષ.

जीवदानु ત્રિ૦ જીવનદાતા.

जीवदृष्टा સ્ત્રી૦ જીવન્તી વૃક્ષ.

जीवधन ત્રિ૦ ગાય–ભેંસ–બકરાં–વગેરે જીવો જેનું ધન હોય તે.

जीवधन ન૦ ગાય–ભેંસ–બકરાં–વગેરેરૂપધન.

जीवधानी સ્ત્રી૦ પૃથ્વી.

जीवन ન૦ જીવન, જીંદગી, આજીવિકા, વૃત્તિ, પ્રાણધારણ, પાણી, માખણ, અસ્તિત્વ, હયાતી, મજ્જા ધાતુ–ચરબી.

जीवन પુ૦ વાયુ, જીવક ઔષધિ, ક્ષુદ્ર ફળવાળું વૃક્ષ, પુત્ર, પરમેશ્વર.

जीवन ત્રિ૦ જીવનનું સાધન, જીવાડનાર, જીવદાતા

जीवनक ન૦ અન્ન.

जीवनता સ્ત્રી૦ જીવનપણું.

जीवनत्व ન૦ ઉપરનો અર્થ.

जीवनयोनि સ્ત્રી૦ શરીરમાં પ્રાણસંચારનો જે એક અતીન્દ્રિય યત્ન છે તે–ન્યાયમતે પ્રસિદ્ધ છે.

जीवनविडम्बन ન૦ જીવનમાં વિટંબના.

जीवनहेतु પુ૦ જીવનનું કારણ.

जीवना સ્ત્રી૦ તે નામે એક ઔષધિ.

जीवनाघात ન૦ ઝેર.

जीवनावास પુ૦ વરુણ દેવ, દેહ, શરીર.

जीवनिका સ્ત્રી૦ કાકોલી વનસ્પતિ, ડોડી વનસ્પતિ, મેદા વનસ્પતિ, મહામેદા વનસ્પતિ, જીવન્તી વૃક્ષ, હરડે, જૂઈ, જીંદગી.

जीवनी સ્ત્રી૦ ઉપરના અર્થ.

जीवनीय ન૦ પાણી.

जीवनीय ત્રિ૦ જીવવા યોગ્ય, આશ્રય કરવા યોગ્ય.

जीवनीया સ્ત્રી૦ જીવન્તી વૃક્ષ.

जीवनीयगण પુ૦ અમુક અમુક કોઈ ઔષધિ.

जीवनेत्री સ્ત્રી૦ સૈંહલી જુઓ.

जीवनोपाय પુ૦ જીવવાનો ઉપાય.

जीवनौषध ન૦ જીવાડનારૂં ઔષધ–જીવાડનારી કોઇ દવા.

जीवन्त પુ૦ પ્રાણ, ઔષધ, દવા, હયાતી.

जीवन्त ત્રિ૦ જીવતું, આયુષ્યવાળું, જીંદગીવાળું.

जीवन्तिक पु० પક્ષી પકડનાર શિકારી.
जीवन्तिका स्त्री० ગળો વનસ્પતિ, જીવન્તી વૃક્ષ, હરડે.
जीवन्ती स्त्री० જીવન્તી વૃક્ષ, હરડે, ડોડી, ગળો, કચૂરો, ખીજડો.
जीवन्त्याद्यघृत न० એક જાતનું ઓષધરૂપ પકવ ઘી.
जीवन्मुक्त त्रि० જીવતાંજ મુક્ત,આત્મજ્ઞાની.
जीवन्मुक्ति स्त्री० જીવતાંજ મુક્તિ, આત્મજ્ઞાન.
जीवन्मृत त्रि० જીવતાંજ મુવાસમાન, પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ.
जीवपति स्त्री० જેનો ધણી જીવતો હોય તેવી સ્ત્રી.
जीवपतिका स्त्री० ઉપરનો અર્થ.
जीवपत्नी स्त्री० जीवपति જુઓ.
जीवपत्रप्रचायिका स्त्री० ઉત્તર દેશના લોકોની એક રમત.
जीवपुत्र पु० જેનો પુત્ર જીવતો હોય તેવો કોઇ પુરૂષ, એક જાતનું ઝાડ.
जीवपुत्रक पु० એક જાતનું ઝાડ.
जीवपुत्रा स्त्री० જેનો પુત્ર જીવતો હોય તેવી કોઇ સ્ત્રી.
जीवपुष्प न० જીવરૂપ પુષ્પ.
जीवपुष्पा स्त्री० बृहज्जीवन्ती વૃક્ષ.
जीवप्रिय त्रि० જીવ જેને વહાલો છે તે-સર્વ કોઈ પ્રાણી.
जीवप्रिया स्त्री० હરડે.
जीवभद्र न० જીવનું કલ્યાણ.
जीवभद्रा स्त्री० જીવન્તી વૃક્ષ.
जीवमन्दिर न० શરીર.
जीवमातृका स्त्री० કુમારી વગેરે સાત જીવમાતૃકા–દેવીઓ.
जीवयाज पु० પશુઓથી યજ્ઞ કરવો.
जीवयोनि स्त्री० હરકોઇ સજીવ પ્રાણી.
जीवरक्त न० સ્ત્રીઓનું ઋતુ સંબંધી લોહી-અટકાવમાં દેખાતું લોહી.
जीवला स्त्री० સૈંહલી નામે એક વેલો.
जीवलोक पु० સંસાર, જીવરૂપ લોક.
जीववत् त्रि० જીવવાળું.
जीववल्ली स्त्री० क्षीरकाकोली વનસ્પતિ.
जीववृत्ति स्त्री० પશુપાલપણું.
जीववृत्ति त्रि० જીવમાં વર્તનાર-રહેનાર.
जीवशाक पु० માલવદેશપ્રસિદ્ધ એક શાક.
जीवशुक्ला स्त्री० जीववल्ली જુઓ.
जीवश्रेष्ठा स्त्री० ऋद्धि નામે એક વનસ્પતિ.
जीवसंज्ञ पु० कामवृद्धि વૃક્ષ.
जीवसाधन न० ધાન્ય, અનાજ.
जीवसू स्त्री० જેનાં છોકરાં જીવતાં હોય તેવી સ્ત્રી.
जीवस्थान न० શરીરમાં રહેલાં મર્મસ્થાન.
जीवहीन पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ છ અક્ષરોવાળો એક મંત્ર.
जीवा स्त्री० ધનુષની દોરી, જીવન્તી વૃક્ષ, વજ, પૃથ્વી, જીવનનો ઉપાય, આજીવિકા, જીવન, કોઈ દાગીનાનો શબ્દ.
जीवाजीवाधार पु० પૃથ્વી, જગત.
जीवातु पु० અન્ન, જીવન ઔષધ, મરેલાને જીવાડનારૂં ઔષધ, જીવન, જીંદગી.
जीवातुमत् पु० તે નામે એક દેવ.
जीवात्मन् पु० પ્રાણસંચારયુક્ત આત્મા, પ્રાણી, જીવાત્મા.
जीवादान न० વૈદ્યનિમિત્ત એક વ્યાપત્.
जीवाधार पु० હૃદય, જગત, સંસાર.
जीवान्तक पु० પોતાની આજીવિકા માટે પ્રાણીઓનો નાશ કરનાર પારધિ.
जीवान्तक त्रि० પ્રાણીઓનો નાશ કરનાર.
जीवार्द्धपिण्डक पु० જ્યોતિષપ્રસિદ્ધ ચક્રસ્થ રાશિકળાઓના ૧૮૦૦ નો આઠમો ભાગ.
जीवाला स्त्री० સૈંહલી વેલો.
जीवाश त्रि० જીવવાની આશાવાળું.

जीवाशा स्त्री० જીવની આશા, જીવવાની આશા.

जीवास्तिकाय पु० જૈનમતપ્રસિદ્ધ એક જીવ પદાર્થ.

जीविका स्त्री० જીવનનો ઉપાય, આજીવિકા, જીવન્તી વૃક્ષ.

जीविकाप्राप्त त्रि० આજીવિકાને પામેલ.

जीवित न० જીવન, પ્રાણધારણ, જીંદગી.

जीवितकाल पु० પ્રાણધારણનો સમય–આયુષનો કાળ.

जीवितज्ञा स्त्री० નાડી–જેનાથી જીવનું જ્ઞાન થાય છે તે નાડી.

जीवितव्य त्रि० જીવાડવા યોગ્ય.

जीवितव्य न० જીંદગી, જીવન.

जीवितव्यय पु० જીંદગીનો નાશ, જીવ ખર્ચી નાખવો તે.

जीवितसंशय पु० જીવવામાં સંશય, જીંદગીનો શક.

जीविताशा स्त्री० જીવવાની આશા.

जीवितेश पु० પ્રાણનાથ, યમ, ચંદ્ર, સૂર્ય, જીંદગી આપનારૂં ઔષધ.

जीवितेश त्रि० જીંદગીનું માલીક.

जीविन् त्रि० જીવવાળું, જીવતું, આજીવિકાવાળું.

जीवेष्टि स्त्री० 'બૃહસ્પતિ સવ' નામે યજ્ઞ.

जीवोत्पत्तिवाद पु० પાંચરાત્ર વૈષ્ણવસિદ્ધાન્તપ્રસિદ્ધ જીવની ઉત્પત્તિ વિષે વાદ.

जीवोत्सर्ग पु० જીવનો ત્યાગ કરવો તે, જીવ કાઢી આપવો.

जीवोपाधि पु० જાગ્રત–સ્વપ્ન સુષુપ્તિ–એ અવસ્થાઓ.

जीवोर्णा स्त्री० જીવતા ઘેટા વગેરેની ઊન.

जीव्य त्रि० જીવવા યોગ્ય, જીવાડવા યોગ્ય, જીવવાનું સાધન.

जीव्या स्त्री० હરડે, જીવન્તી વૃક્ષ.

जु भ्वा० प० अ० अनिट् વેગ કરવો, વેગવાળા થવું.

जु सौत्र० आ० अ० अनिट् ગમન કરવું, જવું.

जुकुट पु० કુતરો, મલયાચલ પર્વત.

जुकुट न० ઉપરના અર્થ.

जुंग् भ्वा० प० स० सेट् ત્યાગ કરવો, તજવું.

जुगुपिषु त्रि० રક્ષણ કરવા ઇચ્છનાર.

जुगुप्सन न० નિંદવું, નિંદા કરવી.

जुगुप्सन त्रि० નિંદા કરવાના સ્વભાવવાળું.

जुगुप्सा स्त्री० નિંદા.

जुगुप्सित त्रि० નિંદેલ.

जुगुर्वणि त्रि० સ્તુતિ કરનારાઓની સંભક્તિ કરનાર–સેવા કરનાર.

जुङ्ग पु० વૃદ્ધદારક વૃક્ષ.

जुङ्गक पु० ઉપરનો અર્થ.

जुङ्गा स्त्री० जुङ्ग જુઓ.

जुङ्गित पु० ચાંડાળ.

जुङ्गित त्रि० બહિષ્કૃત, ત્યાગ કરેલ, ત્યજેલ.

जुञ्च् भ्वा० प० स० सेट् બોલવું, પ્રકટ કરવું.

जुञ्च् चु० उभ० स० सेट् ઉપરના અર્થ.

जुट पु० શિવની જટા.

जुटक न० શિવની જટા, કેશપાશ.

जुटिका स्त्री० અંબોડો, કેશપાશ.

जुड् चु० उभ० स० सेट् પ્રેરણા કરવી.

जुड् तुदा० प० स० सेट् બાંધવું.

जुड् तुदा० प० स० सेट् ગમન કરવું, જવું.

जुत् भ्वा० आ० अ० सेट् દીપવું, પ્રકાશવું.

जुन् तुदा० प० स० सेट् ગમન કરવું, જવું.

जुम्बक पु० વરુણ દેવ.

जुर् स्त्री० વેગ, ગતિ.

जुर्व् भ्वा० प० स० सेट् વધ કરવો, મારવું, મારી નાખવું.

जुल् चु० उभ० स० सेट् પીસવું, દળવું.

जुवस त्रि० વેગવાળું.

जुष् चु० उभ सेट् તૃપ્ત કરવું अ० તર્ક કરવો. स०

जुष् भ्वा० प० सेट् ઉપર પ્રમાણે.

जुष् तुदा० आ० सेट् હર્ષ પામવો, પ્રસન્ન થવું. અ० સેવા કરવી. સ०
जुष्कक पु० મગ વગેરેનું ઓસામણ.
जुष्ट न० ઉચ્છિષ્ટ–એઠું.
जुष्ट त्रि० સેવેલ, પ્રસન્ન કરેલ, હર્ષ પમાડેલ.
जुष्य त्रि० સેવવા યોગ્ય, પ્રસન્ન કરવા યોગ્ય, હર્ષ પમાડવા યોગ્ય.
जुहु स्त्री० તે નામે એક યજ્ઞપાત્ર–સરવો.
जुहुराण त्रि० કપટ કરનાર, કુટિલતા કરનાર.
जुहुराण पु० ચંદ્ર.
जुहुवत् त्रि० જુહુ નામના યજ્ઞપાત્રવાળું.
जुहुवत् पु० અગ્નિ.
जुहुवान पु० અગ્નિ, વૃક્ષ, ચિત્રક વૃક્ષ.
जुहू स्त्री० जुहु જુઓ.
जुहूराण पु० અધ્વર્યુ, અગ્નિ, ચંદ્ર.
जुहूवत् त्रि० जुहू નામના યજ્ઞપાત્રવાળું.
जुहूवत् पु० અગ્નિ.
जुहूवाण पु० जुहूराण જુઓ.
जुहोति स्त्री० એક પ્રકારનો હોમ.
जुह्वत् त्रि० હોમતું, હવન કરતું.
जुह्वास्य पु० હોમ માટેનો અગ્નિ.
जू सौत्र० स० प० सेट् ગમન કરવું, જવું.
जू स्त्री० આકાશ, સરસ્વતી, પિશાચી, વેગ, વેગવાળી ગતિ.
जू त्रि० વેગવાળું.
जूट पु० જટાબંધ–વેણી, અંબોડો, જટા, શિવની જટા.
जूटक पु० ઉપરના અર્થ.
जूत त्रि० ગયેલ, આકર્ષેલ, ખેંચેલ, દીપેલ, આપેલ.
जूति स्त्री० વેગ, મનને પીડા કે દુઃખીપણાનો અભાવ.
जूतिका स्त्री० એક જાતનું કપૂર.
जूर् दिवा० आ० सेट् જીર્ણ થવું, ઘરડા થવું અ० વધ કરવો, મારી નાખવું સ०
जूर्ण पु० એક જાતનું ઘાસ.
जूर्णाह्वय पु० એક જાતનું ધાન્ય.
जूर्णि स्त्री० સ્ત્રીનો રોગ, વેગ, સૂર્ય, દેહ, શરીર, બ્રહ્મ, કોપ, ક્રોધ, તાવ, આકડાનું ઝાડ.
जूर्णि त्रि० વેગવાળું, દ્રવવાળું, તાવવાળું.
जूर्त्ति स्त्री० જ્વર, તાવ.
जूर्व भ्वा० प० स० सेट् વધ કરવો, મારી નાખવું, પીડવું.
जूष् भ्वा० उभ० स० सेट् ઉપરના અર્થ.
जूष पु० न० મગ વગેરેનું ઓસામણ.
जूषण न० એક જાતનું વૃક્ષ.
जृ भ्वा० प० स० अनिट् તિરસ્કાર કરવો.
जृभ भ्वा० आ० अ० सेट् બગાસું ખાવું.
जृम्भ भ्वा० आ० अ० सेट् બગાસું ખાવું, આળસ મરડવું.
जृम्भ पु० न० બગાસું ખાવું, બગાસું, વિકાસ, ફેલાવું, ઉઘડવું, વિસ્તાર પામવો.
जृम्भक त्रि० બગાસું ખાનાર.
जृम्भक पु० તે નામે એક રુદ્રગણ, તે નામે એક દૈત્ય.
जृम्भक न० તે નામે એક અસ્ત્ર–જે વિશ્વામિત્રે રામને આપ્યું હતું.
जृम्भण न० બગાસું ખાવું, પહોળું થવું, વિકાસ, ખીલવું, જૃંભક અસ્ત્ર.
जृम्भण त्रि० બગાસું ખાનાર.
जृम्भमाण त्रि० બગાસું ખાતું, વિકાસ પામતું, ખીલતું.
जृम्भा स्त्री० બગાસું.
जृम्भावत् त्रि० બગાસાવાળું.
जृम्भिका स्त्री० બગાસું.
जृम्भिणी स्त्री० એક જાતની વનસ્પતિ, एलापर्णी.
जृम्भित त्रि० ચેષ્ટા કરેલ, વૃદ્ધિ પામેલ, વીકસેલ, ખીલેલ, ઉઘડેલ, બગાસું ખાધેલ.
जृम्भित न० બગાસું, વિકાસ, પ્રફુલ્લ થવું, ખીલવું, સ્ત્રીઓનું એક કરણ.

जृम्भिन् त्रि० બગાસું ખાનાર, ઉઘડનાર, ખીલનાર, વિકાસ પામનાર.

जॄ दिवा० प० अ० सेट् ઘરડા થવું, જૂના થવું.

जॄ चु० उभ० अ० सेट् ઘરડા થવું, જૂના થવું.

जॄ क्रया० उभ० अ० सेट् ઉપરના અર્થ.

जॄ भ्वा० प० अ० सेट् ઘરડા થવું, જીર્ણ થવું.

जेतव्य त्रि० જિતવા યોગ્ય.

जेतुकाम त्रि० જીતવાની ઇચ્છાવાળું.

जेतृ त्रि० જીતનાર.

जेत्व त्रि० જીતવા યોગ્ય.

जेन्ताक न० નાસ–બાફ લેવા માટે કરેલ એક જાતનું ઘર.

जेन्य त्रि० જયશીલ–વિજય મેળવનાર, ઉત્પન્ન કરવા યોગ્ય, જીતવા યોગ્ય.

जेमन त्रि० જયશીલ, જીતનાર.

जेमन पु० જીતનારપણું, જય, જીત, જીતવાનું સામર્થ્ય.

जेय त्रि० જીતવા યોગ્ય.

जेष् भ्वा० आ० स० सेट् ગમન કરવું, જવું.

जेह् भ्वा० आ० अ० सेट् યત્ન કરવો, મહેનત કરવી.

जै भ्वा० प० अ० अनिट् ક્ષય પામવો, ઘસાવું.

जैगीषव्य पु० યોગવેત્તા તે નામે મુનિ.

जैत्र त्रि० જયશીલ, જીતનાર.

जैत्र पु० પારદ, પારો.

जैत्र न० ઔષધ–દવા.

जैत्ररथ त्रि० જયશીલ, જીત મેળવનાર, શૂરવીર.

जैत्री स्त्री० જયન્તી વૃક્ષ.

जैन पु० જિનદેવનો ઉપાસક શ્રાવક, જૈન તીર્થંકર.

जैपाल पु० નેપાળાનું ઝાડ.

जैमिनि पु० તે નામે એક મુનિ–પૂર્વમીમાંસાકાર વિદ્વાન.

जैमिनीय न० પૂર્વમીમાંસા દર્શનશાસ્ત્ર.

जैमूत त्रि० મેઘસંબંધી, મેઘનું.

जैव त्रि० જીવ સંબંધી, આત્મા સંબંધી, બૃહસ્પતિ સંબંધી.

जैव न० પુષ્ય નક્ષત્ર.

जैवन्तायन पु० જીવન્ત ઋષિનો ગોત્રજ.

जैवन्तायनि त्रि० જીવન્તની સમીપનો પ્રદેશ વગેરે.

जैवलि पु० જીવાલ રાજાનો પુત્ર પ્રવાહણ.

जैवातृक पु० ચંદ્ર, કપૂર, પુત્ર, ઔષધ, દવા.

जैवातृक त्रि० લાંબી આયુષવાળું.

जैवि त्रि० જીવની સમીપનો પ્રદેશ વગેરે.

जैवेय पु० બૃહસ્પતિનો પુત્ર કચ મુનિ.

जैवेय त्रि० ધનુષની દોરી સંબંધી.

जैष्णव त्रि० જય મેળવનારસંબંધી.

जैह्माशिनेय पु० જિહ્માશિનનો પુત્ર.

जैह्म्य न० કપટ, કુટિલતા, વક્રતા, વાંકાઇ.

जैह्व त्रि० જીભ સંબંધી, જીભનું.

जोङ्ग न० ત્યાગ કરવો, તજવું.

जोङ्ग न० અગર ચંદન.

जोङ्गट पु० ગર્ભિણીનો અભિલાષ–દોહલું.

जोटिङ्ग पु० મહાદેવ.

जोटिङ्ग त्रि० મહાવ્રત ધારી.

जोड पु० બંધન.

जोन्ताला स्त्री० એક જાતનું ધાન્ય.

जोष पु० પ્રીતિ, સેવન.

जोष न० સુખ.

जोषण न० પ્રીતિ, સેવન.

जोषणा स्त्री० પ્રીતિ, સેવન.

जोषम् अव्य० ચૂપ, ચુપચુપ, મુંગા રહેવું એવા અર્થમાં, સુખેથી, સુખમાં એવા અર્થમાં.

जोषा स्त्री० નારી, સ્ત્રી.

जोषाका स्त्री० નારી, સ્ત્રી, બાલિકા.

जोषित् स्त्री० નારી, સ્ત્રી.

जोषिता स्त्री० ઉપરનો અર્થ.

जोष्टृ त्रि० સેવનાર, સેવક.

जोमर न० જુમરનંદિ નામના વિદ્વાને કરેલ

'संक्षिप्त सार' नामे એક વ્યાકરણ.

जौमर त्रि० જોમર વ્યાકરણને ભણનાર.

जौलायन पु० જુલ ઋષિનો પુત્ર.

जौह्व त्रि० તે નામે યજ્ઞનાં અમુક હવ્ય.

ज्ञ् ज् અને ञ् મળી બનેલો એક વ્યંજન.

ज्ञ पु० બુધ ગ્રહ, પંડિત, વિદ્વાન, જ્ઞાતા, બ્રહ્મા, મંગળ ગ્રહ.

ज्ञ त्रि० જાણનાર.

ज्ञक त्रि० જાણનાર.

ज्ञता स्त्री० જાણનારપણું, જ્ઞાન.

ज्ञत्व न० ઉપરના અર્થ.

ज्ञप् चु० उभ० स० सेट् મારવું, જોવું, તીક્ષ્ણ કરવું, સંતોષ પમાડવો, સ્તુતિ કરવી, શીખવવું.

ज्ञपित त्रि० જણાવેલ, જોયેલ, તીક્ષ્ણ કરેલ, મારેલ, સંતોષ પમાડેલ, સ્તુતિ કરેલ, શીખવેલ.

ज्ञप्त त्रि० ઉપરના અર્થ.

ज्ञप्ति स्त्री० બુદ્ધિ, મારવું, સંતોષ પમાડવો, તીક્ષ્ણ કરવું, સ્તુતિ કરવી.

ज्ञा क्र्यादि० प० स० अनिट् જાણવું, अनु+ અનુમતિ આપવી, રજા આપવી, अप + છુપાવવું, अभि + સારી રીતે જાણવું, प्रति + अभि+ઓળખવું, પીછાણવું, सम्+ अभि+ઓળખવું, अव + અનાદર કરવો, હલકારૂપે જાણવું, आ + સારી રીતે જાણવું, આજ્ઞા કરવી, હુકમ કરવો, उप + પ્રથમ જાણવુ, निस् + निर् + નિશ્ચય રૂપે જાણવું, परि + ચોતરફથી જાણવું, प्र + અત્યંત જાણવું, प्रति + પ્રતિજ્ઞા કરવી, वि + વિશેષ જાણવું, सम् + સારી રીતે જાણવું, સંજ્ઞા થવી, ભાનમાં આવવું, ચૈતન્ય પામવું.

ज्ञा चु० उभ० स० सेट् ज्ञप् ધાતુ જુઓ.

ज्ञा चु० उभ० स० सेट् પ્રેરણા કરવી.

ज्ञात त्रि० જાણેલ.

ज्ञात न० જ્ઞાન.

ज्ञातनन्दन पु० જૈન તીર્થંકર મહાવીર સ્વામી.

ज्ञातल त्रि० જ્ઞાનવાળું.

ज्ञातलेय पु० જ્ઞાતલનો પુત્ર.

ज्ञातव्य त्रि० જાણવા યોગ્ય.

ज्ञातसिद्धान्त पु० સિદ્ધાંતને જાણનાર.

ज्ञाताधर्मकथा स्त्री० જૈનમતે અગીઆર અંગોપૈકી છઠ્ઠું અંગ.

ज्ञातान्वय पु० જૈન તીર્થંકર મહાવીર.

ज्ञाति पु० પિતા, કાકો વગેરે સંબંધી, બાંધવ, કુટુંબી.

ज्ञातिकर्मन् न० જ્ઞાતિનું કર્મ.

ज्ञातिता स्त्री० જ્ઞાતિપણું.

ज्ञातित्व न० જ્ઞાતિપણું.

ज्ञातृ त्रि० જ્ઞાનશીલ, જ્ઞાતા, જાણનાર, જ્ઞાની.

ज्ञातृता स्त्री० જાણનારપણું.

ज्ञातृत्व न० ઉપરનો અર્થ.

ज्ञातेय न० જ્ઞાતિપણું, જ્ઞાતિનું કામ.

ज्ञात्वा અવ્ય० જાણીને.

ज्ञान पु० બ્રહ્મ.

ज्ञान न० બોધ, જ્ઞાન સમજણ, આત્મજ્ઞાન, તત્વજ્ઞાન.

ज्ञानकृत त्रि० બુદ્ધિપૂર્વક કરેલ, જાણી જોઇને કરેલ.

ज्ञानगम्य पु० પરમેશ્વર.

ज्ञानचक्षुस् पु० વિદ્વાન, જ્ઞાની.

ज्ञानचक्षुस् न० જ્ઞાનરૂપ નેત્ર–દૃષ્ટિ.

ज्ञानतपस् न० જ્ઞાનરૂપ તપ જ્ઞાન માટે તપ.

ज्ञानद त्रि० જ્ઞાન આપનાર, ગુરૂ, ઉપદેશક વગેરે.

ज्ञानदग्धदेह पु० સંન્યાસી.

ज्ञानदर्पण पु० જ્ઞાનરૂપ આરસી.

ज्ञानदा स्त्री० સરસ્વતી દેવી.

ज्ञानदातृ त्रि० જ્ઞાન આપનાર, ગુરૂ–ઉપદેશક વગેરે.

ज्ञानदात्री स्त्री० સરસ્વતી દેવી.

ज्ञानधन न० જ્ઞાનરૂપી ધન.
ज्ञानधन त्रि० જ્ઞાનરૂપી ધનવાળું.
ज्ञाननिष्ठ त्रि० જ્ઞાનમાં નિષ્ઠાવાળું જ્ઞાનસાધનમાં યુક્ત, તત્વવેત્તા.
ज्ञानपति पु० પરમેશ્વર, ગુરૂ.
ज्ञानपर त्रि० જ્ઞાનમાં પરાયણ.
ज्ञानपावन न० તે નામે એક તીર્થ.
ज्ञानप्रदीप पु० મહાદેવ, જ્ઞાનરૂપી દીવો.
ज्ञानप्रवाद न० જૈનમતે ચૌદ પૂર્વ પૈકી પાંચમું પૂર્વ.
ज्ञानमय पु० પરમેશ્વર, પરબ્રહ્મ, પરમાત્મા, શિવ.
ज्ञानमय त्रि० જ્ઞાની.
ज्ञानमुद्र त्रि० જ્ઞાની, ડાહ્યું.
ज्ञानमुद्रा स्त्री० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ એક મુદ્રા.
ज्ञानमूल त्रि० જ્ઞાનરૂપ મૂળવાળું.
ज्ञानमूल न० જ્ઞાનનું મૂળ.
ज्ञानयज्ञ पु० તત્વવેત્તા, જ્ઞાની, જ્ઞાનરૂપી યજ્ઞ.
ज्ञानयोग पु० જ્ઞાનરૂપી યોગ, જ્ઞાનમાંજ એક નિષ્ઠા.
ज्ञानलक्षण न० જ્ઞાનનું લક્ષણ, ચિત્ર, સૂચના.
ज्ञानलक्षणा स्त्री० ન્યાયમતે અલૌકિક પ્રત્યક્ષનું સાધન એક સન્નિકર્ષ.
ज्ञानवत् त्रि० જ્ઞાનવાળું, જ્ઞાની.
ज्ञानविज्ञान न० જ્ઞાન અને વિજ્ઞાન.
ज्ञानसाधन न० ઇન્દ્રિય, તત્વજ્ઞાનનું સાધન, શ્રવણ–મનન–નિદિધ્યાસન વગેરે.
ज्ञानानुत्पाद पु० જ્ઞાનની નહિ ઉત્પત્તિ, મૂર્ખાઇ, અજ્ઞાનતા.
ज्ञानापीड पु० જ્ઞાનથી ઉત્પન્ન થનારા સંસ્કારના નાશથી થનારૂં વિસ્મરણ.
ज्ञानाभ्यास पु० જ્ઞાનનો અભ્યાસ, જ્ઞાનનાં સાધન શ્રવણ–મનન–નિદિધ્યાસન વગેરેનો અભ્યાસ.
ज्ञानावस्थित त्रि० જ્ઞાનમાં રહેલ, જ્ઞાનમાં સ્થિતિ પામેલ.
ज्ञानासन न० તે નામે એક આસન.
ज्ञानिता स्त्री० જ્ઞાનીપણું.
ज्ञानित्व न० જ્ઞાનીપણું.
ज्ञानिन् त्रि० જ્ઞાની, જ્ઞાનવાળું, આત્મજ્ઞાની.
ज्ञानेन्द्रिय न० જ્ઞાનસાધન ઇન્દ્રિય–શ્રોત્ર–ત્વક્–ચક્ષુ–જિહ્વા–નાસિકા.
ज्ञापक त्रि० જણાવનાર, બોધ આપનાર, સમજાવનાર.
ज्ञापक पु० ગુરૂ, આચાર્ય.
ज्ञापक न० વ્યાકરણપ્રસિદ્ધ જ્ઞાપક–પ્રમાણદર્શક સૂત્ર.
ज्ञापन न० જણાવવું, બોધ આપવો, સમજાવવું.
ज्ञाप्ति स्त्री० ઉપરના અર્થ.
ज्ञीप्सा स्त्री० જાણવાની ઇચ્છા.
ज्ञीप्स्यमान त्रि० જણાવવાને ઇચ્છેલ.
ज्ञेय त्रि० જાણવા યોગ્ય.
ज्ञेयता स्त्री० જાણવાયોગ્યપણું.
ज्ञेयत्व न० ઉપરનો અર્થ.
ज्यका स्त्री० વૃત્તની એક રેખા.
ज्या क्र्या० प० अ० अनिट् ઘરડા થવું, ક્ષીણ થવું.
ज्या स्त्री० ધનુષની દોરી, પૃથ્વી, માતા, બન્ને તરફ સંબંધવાળી એક સીધી લીટી.
ज्याघात पु० ધનુષની દોરીનો આઘાત.
ज्याघातवारण न० ધનુષની દોરીના આઘાતને અટકાવનારૂં ધનુર્ધારીઓએ હાથે બાંધવાનું એક ચામડું.
ज्याघोष पु० ધનુષની દોરીનો ટંકાર.
ज्यान त्रि० વૃદ્ધ, ક્ષીણ, જીર્ણ.
ज्यानि स्त्री० વયની હાનિ, વૃદ્ધપણું, નદી.
ज्यामय पु० તે નામે ચંદ્રવંશી એક રાજા.
ज्यायस् त्रि० અતિશય વૃદ્ધ, અત્યંત મોટું, અતિશય વખાણવા યોગ્ય, અત્યંતપ્રશંસાપાત્ર.
ज्यु भ्वा० आ० स० अनिट् જવું.
ज्युत् भ्वा० प० स० सेट् દીપવું, પ્રકાશવું.

ज्युत् भ्वा० आ० स० सेट् દીપવું, પ્રકાશવું.
ज्युति स्त्री० દીપ્તિ, કાંતિ, તેજ.
ज्युतिमत त्रि०દીપ્તિવાળું,કાંતિમાન,તેજસ્વી.
ज्येष्ठ त्रि० અતિશય વૃદ્ધ, અત્યંત મોટું, વડીલ, અતિશય પ્રશંસાપાત્ર.
ज्येष्ठ पु० મોટો ભાઇ, જેઠ, જ્યેષ્ઠ મહિનો, પરમેશ્વર, પ્રાણ.
ज्येष्ठतर त्रि० અતિશય મોટામાં મોટું, ઘણુંજ વૃદ્ધ.
ज्येष्ठतम त्रि० ઉપરના અર્થ.
ज्येष्ठता स्त्री० અત્યંત મોટાપણું, અતિશય વૃદ્ધપણું, અત્યંત પ્રશંસાપાત્રપણું.
ज्येष्ठतात पु० પિતાનો મોટો ભાઇ મોટો કાકો.
ज्येष्ठत्व न० ज्येष्ठता જુઓ.
ज्येष्ठबला स्त्री० સહદેવી નામે વેલો.
ज्येष्ठभार्या स्त्री० મોટી વહુ, મોટા ભાઇની વહુ, જેઠાણી.
ज्येष्ठवर्ण पु० બ્રાહ્મણ,શ્રેષ્ઠ વર્ણ,ઉત્તમ રંગ.
ज्येष्ठवापी स्त्री० કાશીમાં જ્યેષ્ઠ સ્થાનમાં આવેલી એક વાવ.
ज्येष्ठवृत्ति स्त्री० વડીલોનો ધર્મ.
ज्येष्ठश्वश्रू स्त्री० મોટી સાળી, પાટલાસાસુ.
ज्येष्ठसामन् न० તે નામે સામવેદનો અમુક એક ભાગ.
ज्येष्ठस्थान न० કાશીમાં આવેલું તીર્થ.
ज्येष्ठा स्त्री० મોટી બહેન, અઢારમું નક્ષત્ર, ગરોળી, વચલી આંગળી, ગંગા નદી, ધણીની ઘણીજ માનીતી સ્ત્રી, લક્ષ્મીની મોટી બહેન, તે નામે એક દેવી, કાશીમાં એક ગૌરી દેવી.
ज्येष्ठामलक पु० કડવો લીંબડો.
ज्येष्ठामूलीय पु० જેઠ મહિનો.
ज्येष्ठाम्बु न० ચોખા ધોયેલું પાણી.
ज्येष्ठावाप्य त्रि० મોટાએ મેળવવા યોગ્ય.
ज्येष्ठाश्रम पु० ગૃહસ્થાશ્રમ, ગૃહસ્થાશ્રમી.
ज्येष्ठाश्रमिन् त्रि० ગૃહસ્થાશ્રમી.
ज्येष्ठी स्त्री० ગરોળી.
ज्यैष्ठ पु० જેઠ મહિનો.
ज्यैष्ठसामान् न० સામવેદનો અમુક ભાગ.
ज्यैष्ठिनेय पु० પહેલાં પરણેલી સ્ત્રીથી ઉત્પન્ન થયેલ પુત્ર, ધણીની માનીતીનો છોકરો.
ज्यैष्ठी स्त्री० જેઠ મહિનાની પૂનેમ, ગરોળી.
ज्यैष्ठ्य न० શ્રેષ્ઠપણું, અત્યંત વૃદ્ધપણું, અતિશય મોટાઇ.
ज्यो भ्वा० आ० स० अनिट् નિયમ લેવો, ઉપનયન સંસ્કાર કરવો, વ્રતનો ઉપદેશ આપવો.
ज्योक् अव्य० પુષ્કળ વખત, પ્રશ્ન, જલદી, તુરત, હમણાં, હાલ, ઉજ્જ્વળતા.
ज्योतिरात्मन् पु० સૂર્ય–ચંદ્ર–અગ્નિ–વગેરે.
ज्योतिरादित्य पु० પરમેશ્વર.
ज्योतिरिङ्ग पु० પતંગીયું–આગીઓ કીડો.
ज्योतिरिङ्गण पु०પતંગીયું-આગીઓ કીડો.
ज्योतिर्गण पु० સૂર્ય ચંદ્ર વગેરે તેજસ્વી પદાર્થોનો સમૂહ.
ज्योतिरीश पु० તે નામે એક જ્યોતિષ ગ્રંથકાર.
ज्योतिरीश्वर पु० પરમેશ્વર.
ज्योतिर्गणेश्वर पु० પરમેશ્વર.
ज्योतिर्ग्रन्थ पु० જ્યોતિઃશાસ્ત્ર.
ज्योतिर्वीज न० પતંગીયું, આગીઓ કીડો.
ज्योतिर्मय त्रि० તેજોમય, તેજઃસ્વરૂપ.
ज्योतिर्विद् पु० જ્યોતિઃશાસ્ત્ર જાણનાર.
ज्योतिर्विद्या स्त्री० જ્યોતિઃશાસ્ત્ર.
ज्योतिर्बीज न० પતંગીયું, આગીઓ કીડો.
ज्योतिर्लोक पु० કાળચક્રપ્રવર્તક ધ્રુવલોક, પરમેશ્વર.
ज्योतिर्हस्ता स्त्री० દુર્ગા દેવી.
ज्योतिश्चक्र न० નક્ષત્ર મંડળ, રાશિ મંડળ.
ज्योतिःशास्त्र न० સૂર્ય વગેરેની ગતિ વગેરેને દર્શાવનારૂં શાસ્ત્ર–જ્યોતિષ.

ज्योतिश्शास्त्र न० ઉપરનો અર્થ.
ज्योतिष न० જ્યોતિઃશાસ્ત્ર.
ज्योतिषिक त्रि० જ્યોતિષશાસ્ત્ર જાણનાર-ભણનાર.
ज्योतिषिन् त्रि० જોશી, જ્યોતિઃશાસ્ત્ર જાણનાર.
ज्योतिषी स्त्री० તારા.
ज्योतिष्क पु० ચિત્રક વૃક્ષ, મેથીના બી, મેથી, ગણીઆરીનું ઝાડ, સૂર્ય, ચંદ્ર વગેરે.
ज्योतिष्क न० તે નામે મેરૂ પર્વતનું શિખર.
ज्योतिष्कल्प त्रि० તેજસ્વી, પ્રકાશમાન.
ज्योतिष्का स्त्री० માલકાકણી, વજ, વેખંડ.
ज्योतिष्टोम पु० તે નામે એક યજ્ઞ.
ज्योतिष्मत् त्रि० તેજસ્વી, પ્રકાશમાન.
ज्योतिष्मत् पु० સૂર્ય, પ્લક્ષદ્વીપમાં આવેલ તે નામે એક પર્વત, આકડાનું ઝાડ.
ज्योतिष्मती स्त्री० માલકાકણી, અજવાળી રાત્રિ, યોગશાસ્ત્રમાં કહેલ સત્વપ્રધાન એક ચિત્તવૃત્તિ, અગ્નિની અર્ચિષ્મતી નામે નગરી.
ज्योतिस् पु० સૂર્ય, અગ્નિ, આકડાનું ઝાડ, ચિત્રક વૃક્ષ.
ज्योतिस् न० જોવામાં સાધન આંખમાં રહેલ પદાર્થ, નક્ષત્ર, પ્રકાશ, તેજ, સ્વયંપ્રકાશ ચૈતન્ય, આત્મચૈતન્ય.
ज्योतिस्सात् अव्य० અગ્નિને આધીન, જ્યોતિસ્વરૂપ.
ज्योतीरथ पु० ધ્રુવ નક્ષત્ર.
ज्योतीरस पु० એક જાતનું રત્ન.
ज्योत्स्ना स्त्री० ચાંદની, ચંદ્રકિરણ, રેણુકા નામે ગંધ દ્રવ્ય, દુર્ગા દેવી.
ज्योत्स्नाकाली स्त्री० તે નામે ચંદ્રની કન્યા-વરૂણના પુત્રની પત્ની.
ज्योत्स्नादि पु० વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.
ज्योत्स्नाप्रिय पु० ચકોર પક્ષી.
ज्योत्स्नाप्रिया स्त्री० ચકોર પક્ષિણી.
ज्योत्स्नावृक्ष पु० દીવાનો આધાર દીવી.
ज्योत्स्निका स्त्री० નીચેનો શબ્દ જુઓ.
ज्योत्स्नी स्त्री० અજવાળી રાત્રિ, પટોલિકા, રેણુકા નામે ગંધ દ્રવ્ય.
ज्यौतिषिक त्रि० જ્યોતિષશાસ્ત્રને જાણનાર કે ભણનાર.
ज्यौत्स्न त्रि० ચંદ્રના કિરણવાળું, ચાંદનીવાળું.
ज्यौत्स्निका स्त्री० અજવાળી રાત્રિ.
ज्यौत्स्नी स्त्री० ઉપરનો અર્થ.
ज्रि भ्वा० प० स० अनिट् જય પામવો, જીતવું.
ज्री चु० उभ० अ० अनिट् ઘરડા થવું, વૃદ્ધ થવું, જીર્ણ થવું.
ज्री क्र्या० प० अ० अनिट् ઉપરનો અર્થ.
ज्वर् भ्वा० प० अ० सेट् તાવવાળા થવું, રોગ થવો.
ज्वर पु० જવર, તાવ, સંતાપ.
ज्वर त्रि० તાવવાળું, સંતાપવાળું.
ज्वरकालकेतुरस पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.
ज्वरकुञ्जरपारीन्द्ररस पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.
ज्वरकेसरिन् पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.
ज्वरघ्न पु० ગળો, વાસ્તૂક નામે વનસ્પતિ.
ज्वरघ्न त्रि० તાવનો નાશ કરનાર.
ज्वरघ्नी स्त्री० મજીઠ.
ज्वरधूमकेतुरस पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.
ज्वरनागमयूरचूर्ण न० તાવનો નાશ કરનાર દવા રૂપ એક ચૂર્ણ.
ज्वरनाशन पु० ધાસીગો પિતપપડો.
ज्वरनाशिनी स्त्री० ગળો, મજીઠ.
ज्वरबलि पु० તાવની શાંતિ માટે આપવાનું એક બલિદાન.

ज्वरभैरवचूर्ण न० તાવનો નાશ કરનાર દવારૂપ એક ચૂર્ણ.

ज्वरभैरवरस पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.

ज्वरमातङ्गकेसरिरस पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.

ज्वरमुरारिरस पु० ઉપરનો અર્થ.

ज्वरशूलहररस पु० તાવની વેદનાનો નાશ કરનાર એક ઔષધ.

ज्वरसिंहरस पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.

ज्वरहन्तृ त्रि० તાવનો નાશ કરનાર.

ज्वरहन्त्री स्त्री० મજીઠ.

ज्वराग्नि पु० તાવનો સંતાપ, તાવની ગરમી–દાહ.

ज्वराङ्कुशरस पु० તાવનો નાશ કરનાર તે નામે એક ઔષધ.

ज्वराङ्गी स्त्री० ભદ્રદન્તિકા નામે વનસ્પતિ.

ज्वरातिसार पु० તાવ જેમાં સાથે હોય તેવો ઝાડાનો એક રોગ.

ज्वरान्तक पु० ગરમાળો, કરીઆતું.

ज्वरान्तक त्रि० તાવનો નાશ કરનાર.

ज्वरान्तकरस पु० તે નામે એક ઔષધ.

ज्वरापह त्रि० તાવનો નાશ કરનાર.

ज्वरापहा स्त्री० એક જાતની સુંઠ–બિલ્વશુંઠી, બિલ્વપત્રી.

ज्वरारि पु० ગળો.

ज्वरारिरस पु० તે નામે એક ઔષધ.

ज्वरार्यभ्र पु० તાવનો નાશ કરનાર એક ઔષધ.

ज्वराशनिरस पु० તાવનો નાશ કરનાર એક ઔષધ.

ज्वरित त्रि० તાવવાળું.

ज्वरिन् त्रि० તાવવાળું.

ज्वल् भ्वा० प० अ० सेट् બળવું, દીપવું, પ્રકાશવું, ચાલવું.

ज्वल त्रि० દીપ્તિવાળું, કાંતિવાળું, બળતું.

ज्वल पु० અગ્નિની જ્વાળા, ઝાળ.

ज्वलका स्त्री० ઉપરનો અર્થ.

ज्वलत् त्रि० બળતું, દીપતું, પ્રકાશતું.

ज्वलति पु० જ્વલનક્રિયા, બળવું, દીપવું.

ज्वलन त्रि० દીપતું, પ્રકાશમાન, કાંતિમાન, બળનાર.

ज्वलन पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

ज्वलन न० બળવું, દીપવું, પ્રકાશવું.

ज्वलनाश्मन् पु० સૂર્યકાન્ત મણિ.

ज्वलन्मणि पु० ઉપરનો અર્થ, ચળકતો મણિ.

ज्वलयत् त्रि० બળતું, દીપતું, પ્રકાશતું.

ज्वलित त्रि० બળેલ, દીપેલ, પ્રકાશેલ.

ज्वलिन् त्रि० બળનાર, દીપનાર, પ્રકાશમાન.

ज्वलिनी स्त्री० मूर्वालता–મોરવેલનો વેલો.

ज्वाल पु० અગ્નિની શિખા, જ્વાળા, ઝાળ, કાંતિ, દીપ્તિ.

ज्वाल त्रि० દીપ્તિવાળું, કાંતિવાળું.

ज्वालखरगद पु० તે નામે એક રોગ.

ज्वाला स्त्री० ज्वाल पु० જુઓ; દાઝેલું અન્ન.

ज्वालागर्दभाह्वय पु० તે નામે એક રોગ.

ज्वालाग्नि पु० જ્વાળાવાળો અગ્નિ.

ज्वालाजिह्व पु० અગ્નિ, ચિત્રક વૃક્ષ.

ज्वालामालिन् पु० ઉપરનો અર્થ.

ज्वालामालिनी स्त्री० તે નામે એક દેવી.

ज्वालामुखी स्त्री० તે નામે એક પીઠસ્થાન.

ज्वालावक्त्र पु० શિવ.

ज्वालिन् पु० શિવ, અગ્નિ, ચિત્રક વૃક્ષ.

ज्वालिन् त्रि० જ્વાળાવાળું, ઝાળવાળું, કાંતિવાળું.

ज्वालेश्वर पु० તે નામે એક તીર્થ.

झ.

झ નવમો તાલવ્ય વ્યંજન.

झ પુ૦ ઝંઝાવાત, વાવાઝોડું, વંટોળીયો, જળની વૃષ્ટિ, બૃહસ્પતિ, દૈત્યોનો રાજા, એક જાતનો અવાજ, મોટો વાયરો.

झ ત્રિ૦ નાશ પામેલ, ખોવાઈ ગયેલ, સૂતેલ.

झकार પુ૦ 'ઝ' અક્ષર.

झगझगायमान ત્રિ૦ દેદીપ્યમાન, ચળકતું, ઝગઝગાટ કરતું.

झगति અવ્ય૦ એકદમ, ઝટ, તરત.

झङ्कार પુ૦ 'ઝ' એવો અસ્પષ્ટ અવાજ, ભમરા વગેરેનો શબ્દ, પાણીના કણીયાનું વરસવું.

झङ्कारिणी સ્ત્રી૦ ગંગા નદી.

झङ्कारित ત્રિ૦ 'ઝમ' એવા અવાજવાળું, ભમરા વગેરેના શબ્દવાળું.

झङ्कृता સ્ત્રી૦ તારા દેવી.

झङ्कृति સ્ત્રી૦ झङ्कार જુઓ.

झञ्झन ન૦ झङ्कार જુઓ.

झञ्झा સ્ત્રી૦ વરસાદની ઝડી, ઝમ એવો અસ્પષ્ટ અવાજ, પ્રચંડ પવન, તોફાની વાયુ.

झञ्झानिल પુ૦ વર્ષાઋતુમાં નીકળતો તોફાની પવન.

झञ्झामरुत् પુ૦ ઉપરનો અર્થ.

झञ्झावात પુ૦ झञ्झानिल જુઓ.

झट् ભ્વા૦ પ૦ અ૦ સેટ્ એકઠું કરવું, ગુંચવાઈ જવું.

झटा સ્ત્રી૦ ભોંય આમળીનું ઝાડ.

झटामला સ્ત્રી૦ ઉપરનો અર્થ.

झटि પુ૦ એક જાતનું ઘાસ.

झटिति અવ્ય૦ જલદી, તુરત.

झड् ભ્વા૦ પ૦ અ૦ સેટ્ વાળ ગુંથવા, જટાની પેઠે ગુંચવાઈ જવું.

झडक પુ૦ એક જાતનો અન્ત્યજ.

झडकी સ્ત્રી૦ એક જાતની અન્ત્યજ સ્ત્રી.

झणझणा અવ્ય૦ 'ઝણ ઝણ' એવો અસ્પષ્ટ શબ્દ, તેવા શબ્દવાળું.

झणत्कार પુ૦ ઝણકારો, ઝણકાર.

झनत्कार પુ૦ ઉપરનો અર્થ.

झम् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ ભક્ષણ કરવું, ખાવું.

झम्प પુ૦ ઝંપલાવવું, કુદવું, છલંગ મારવી.

झम्पा સ્ત્રી૦ ઉપરનો અર્થ.

झम्पाक પુ૦ વાનર.

झम्पाकी સ્ત્રી૦ વાનરી.

झम्पारु પુ૦ વાનર.

झम्पारु સ્ત્રી૦ વાનરી.

झम्पाशिन् પુ૦ એક જાતનું પક્ષી.

झम्पाशिनी સ્ત્રી૦ એક જાતની પક્ષિણી.

झम्पिन् પુ૦ વાનર.

झम्पिनी સ્ત્રી૦ વાનરી.

झर પુ૦ પાણીનું ઝરણ, ઝરો.

झरसी સ્ત્રી૦ એક જાતનું શાક.

झरा સ્ત્રી૦ પાણીનું ઝરણ–ઝરો.

झरी સ્ત્રી૦ ઉપરનો અર્થ.

झर्च् તુદા૦ પ૦ સ૦ સેટ્ કહેવું, તિરસ્કાર કરવો, ઠપકો દેવો.

झर्च्छ् તુદા૦ પ૦ સ૦ સેટ્ ઉપરનો અર્થ.

झर्झ् તુદા૦ પ૦ સ૦ સેટ् झर्च् જુઓ.

झर्झर પુ૦ ઝાંઝ નામનું વાદિત્ર, ઢોલ, કળિયુગ, તે નામે એક નદ, નેતરની બનાવેલી લાકડી, રાંધવાનું લોખંડી એક સાધન.

झर्झरक પુ૦ કલિયુગ.

झर्झरा સ્ત્રી૦ તારા દેવી, વેશ્યા.

झर्झरावती સ્ત્રી૦ ગંગા નદી.

झर्झरिका સ્ત્રી૦ તારા દેવી, અડદની રોટલી.

झर्झरिन् પુ૦ શિવ.

झर्झरिन् ત્રિ૦ ઝાંજવાળું.

झर्झरी સ્ત્રી૦ ઝાંજ, તારા દેવી.

झर्झरीक પુ૦ દેહ, શરીર.

झलज्झला स्त्री० હાથીના કાનનું અથડાવું–તેનો અવાજ.
झलरी स्त्री० ખંજરી, ગુંથેલા કેશ, વેણી, અંબોડો.
झला स्त्री० કન્યા, તાપની ઊર્મિ–ઝાળ.
झलि स्त्री० સોપારી.
झल्ल पु० એક જાતની વર્ણસંકર જાતિ.
झल्लक न० ઝાંજ નામનું વાદિત્ર–કાંસીજોડ.
झल्लकण्ठ पु० પારેવું, કબૂતર.
झल्लकण्ठी स्त्री० પારેવી, કબૂતરી.
झल्लकी स्त्री० ઝાંજ.
झल्लरा स्त्री० ઝાંજ, ખંજરી, બાળકના કેશ, શુદ્ધ, ભીનાશ.
झल्लरी स्त्री० ઉપરના અર્થ.
झल्लिका स्त्री० શરીરને ચોળી કાઢેલો મેલ, પ્રકાશ, કાંતિ.
झल्ली स्त्री० ઝાંજ, કાંસીજોડ.
झल्लीषक न० એક જાતનું નૃત્ય.
झल्लोल पु० રેંટીયો, ચરખો.
झष् भ्वा० प० स० सेट् વધ કરવો, મારી નાખવું.
झष् भ्वा० उभ० स० सेट् ગ્રહણ કરવું, ઢાંકવું.
झष पु० માછલું, મગરમચ્છ, મીનરાશિ, મકરરાશિ, તાપ.
झष न० વેરાન પ્રદેશ, પડતર જમીન, વન, જંગલ.
झषकेतन पु० કામદેવ.
झषकेतु पु० કામદેવ.
झषा स्त्री० નાગબલા વનસ્પતિ.
झषाङ्क पु० કામદેવ, પ્રદ્યુમ્નનો પુત્ર અનિરુદ્ધ.
झषाशन पु० શિશુમાર નામે જલચર પ્રાણી.
झषोदरी स्त्री० મત્સ્યગન્ધા–વ્યાસની માતા સત્યવતી.
झा स्त्री० પાણીનો ધોધ.
झाङ्कृत पु० એક જાતનો ક્ષાર.
झाङ्कृत न० 'ઝામ ઝામ' એવો અસ્પષ્ટશબ્દ.
झाट पु० નિકુંજ, લતાગૃહ, લતામંડપ, વન, ઘાવ વગેરેનું સાફ કરવું તે.
झाटल पु० એક જાતનું વૃક્ષ.
झाटा स्त्री० ભોંય આંમળી, જૂઈ, જાઈ.
झाटामला स्त्री० ભોંય આંમળી.
झाटाल न० એક જાતનું તરણુચ.
झाटालक न० ઉપરનો અર્થ.
झाटिका स्त्री० ભોંય આંમળી.
झाटी स्त्री० ભોંય આંમળી, જૂઇ, જાઈ.
झामक न० અત્યંત પાકેલી ઇંટ.
झामर पु० એક જાતની સરાણ.
झार्झर पु० ઝાંજ વગાડનાર, ખંજરી બજાવનાર.
झार्झरिक पु० ઉપરના અર્થ.
झालरो स्त्री० ઝાંજ, ખંજરી.
झाला स्त्री० झला જુઓ.
झालि पु० કેરીનું અથાણું.
झावु पु० એક જાતનું ઝાડ.
झावुक पु० એક જાતનું ઝાડ.
झावूक पु० झावु જુઓ.
झिङ्गाक न० એક જાતનું ચીભડું.
झिङ्गिनी स्त्री० ઉંબાડીયું, जिङ्गिनी વૃક્ષ.
झिङ्गी स्त्री० जिङ्गिनी વૃક્ષ.
झिञ्झिणी स्त्री० એક જાતની વનસ્પતિ.
झिञ्झिरिटा स्त्री० એક જાતની વનસ્પતિ.
झिञ्झी स्त्री० એક જાતનો કીડો–તમરું.
झिण्टी स्त्री० એક જાતનું ફૂલઝાડ.
झिण्टीश पु० શિવ.
झिरि स्त्री० તમરું–કીડો.
झिरिका તમરું–કીડો.
झिलि पु० ઝાલર.
झिल्लिका स्त्री० તમરું–કીડો, સૂર્યના તાપની કાંતિ, દીવેટ.
झिल्ली स्त्री० ઉપરના અર્થ.
झिल्लीकण्ठ पु० કબૂતર, પારેવું.
झिल्लीका स्त्री० झिल्लिका જુઓ.

झीरिका સ્ત્રી૦ તમરૂં-કીડો.
झीरुका સ્ત્રી૦ તમરૂં.
झु ભ્વા૦ આ૦ સ૦ સેટ્ ગમન કરવું, જવું.
झुण्ट પુ૦ એક જાતનું ઝાડ, થુંબડું, ઘાસ વગેરેનાં મૂળનો ગુચ્છો, ગુલ્મ.
झुमरि સ્ત્રી૦ એક જાતની રાગિણી.
झूपिणी સ્ત્રી૦ એક જાતની સોપારીનું ઝાડ, અનિષ્ટસૂચક એક નિમિત્ત.
झूमेरी સ્ત્રી૦ તે નામે એક રાગિણી.
झूलि પુ૦ झूपिणी જુઓ.
झूष् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ વધ કરવો, મારી, નાખવું.
झॄ દિવા૦ પ૦ અ૦ સેટ્ ઘરડા થવું.
झोड પુ૦ એક જાતની સોપારીનું ઝાડ.
झौलिक પુ૦ સોપારી નાખવાનું પાત્ર.
झ्यु ભ્વા૦ આ૦ સ૦ અનિટ્ ગમન કરવું, જવું.

ञ.

ञ् દશમો તાલવ્ય અનુનાસિક વ્યંજન.
ञ પુ૦ ગાયન ગાનાર, ગવૈયો, ઘર્ઘર અવાજ, બળદ, શુક્રાચાર્ય, વામ માર્ગ.
ञ ત્રિ૦ વામમાર્ગે જનાર, પાખંડી, ગાનાર.
ञकार પુ૦ 'ञ' અક્ષર.

ट.

ट् અગીઆરમો મૂર્ધન્ય વ્યંજન.
ट પુ૦ પગ, શબ્દ, અવાજ.
ट ત્રિ૦ ઠીંગણો, નીચો, વામન.
टंक् ચુ૦ ઉભ૦ સ૦ સેટ્ બાંધવું ઢાંકવું, ચોઢવું.
टंक् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ બાંધવું, ઢાંકવું, ચોઢવું.
टकार પુ૦ 'ટ' અક્ષર.
टक પુ૦ તે નામે એક દેશ.
टकदेशीय પુ૦ એક જાતનું શાક.
टकदेशीय ત્રિ૦ ટક્ક દેશમાં રહેનાર, ટક્ક દેશમાં હોનાર થનાર.
टकनामन् પુ૦ બ૦ વાહીક દેશનાં લોક.
टक्कर પુ૦ એક જાતના વાદિત્રનો અવાજ.
टगण પુ૦ છંદઃશાસ્ત્રમાં માત્રાવૃત્તપ્રસિદ્ધ એક ગણ.
टगर પુ૦ ટંકણખાર, વિલાસભોગ.
टगर ત્રિ૦ ટેઢી આંખવાળું, ત્રાંસી આંખવાળું.
टङ्क પુ૦ કોપ, ક્રોધ, ટાંકણું, તલવારનું મ્યાન, તરવાર, જાંઘ.
टङ्क પુ૦ ન૦ ચાર માસા બરોબર વજન, એક જાતના કોઠનું ઝાડ, કુહાડી, ગર્વ, અહંકાર, ફરશી, એક જાતનો આંબો, સીક્કો.
टङ्कक પુ૦ એક જાતનો રૂપાનો સીક્કો.
टङ्ककपति પુ૦ ટંકશાળનો અધ્યક્ષ-અમલદાર.
टङ्ककशाला સ્ત્રી૦ ટંકશાળ.
टङ्कटीक પુ૦ શિવ.
टङ्कण ન૦ ટંકણખાર, ટાંકવું, ચોઢવું.
टङ्कन ન૦ ઉપરના અર્થ.
टङ्कवत् પુ૦ તે નામે એક પર્વત.
टङ्कशाला સ્ત્રી૦ ટંકશાળ.
टङ्का સ્ત્રી૦ જાંઘ, તારા દેવી.
टङ्कानक પુ૦ બ્રહ્મદારુ વૃક્ષ.
टङ्कार પુ૦ ધનુષની દોરીનો અવાજ, આશ્ચર્યકારક શબ્દ.
टङ्कारकारिणी સ્ત્રી૦ તારા દેવી.
टङ्कारिणी સ્ત્રી૦ તારા દેવી.
टङ्कारित ન૦ ધનુષની દોરીનો અવાજ.
टङ्कारिन् ત્રિ૦ ટંકારવાળું.
टङ्कारी સ્ત્રી૦ ટંકારી વૃક્ષ.
टङ्कित ત્રિ૦ ટાંકેલ, બાંધેલ, ચોડેલ.

टङ्क पु० न० કોદાળી, પાવડો, ફરશી, કુહાડી, ટાંકણું, જાંઘ, ચારમાસા બરોબર વજન.

टङ्कण पु० न० ટંકણખાર, ટાંકણું.

टङ्किनी स्त्री० એક જાતની વનસ્પતિ–પહાડમૂળ.

टट्टनी स्त्री० ગરોળી.

टट्टरी स्त्री० ઢોલ, જૂઠું બોલવું, મિથ્યા ભાષણ, એક જાતનું વાદિત્ર.

टट्टर पु० નગારાનો શબ્દ.

टल् भ्वा० प० अ० सेट् ટળવું, દૂર થવું, નાશ પામવું, બીવું.

टलन न० દૂર થવું, નાશ પામવો, ભય પામવો.

टवर्ग पु० ट–ठ–ड–ढ–ण એ પાંચ અક્ષરો.

टवर्गीय त्रि० ટવર્ગ સંબંધી.

टा स्त्री० પૃથ્વી.

टाङ्क न० એક જાતનો કોઠ વૃક્ષનો દારૂ.

टाङ्कर पु० એક જાતનું ઝાડ.

टाङ्कर त्रि० ખળ, લુચ્ચું.

टाङ्कृत न० અવાજ, શબ્દ.

टार पु० ઘોડો, રંગ, ગુદામૈથુન કરાવનાર.

टारी स्त्री० ઘોડી.

टिक् भ्वा० आ० स० सेट् ગમન કરવું જવું.

टिटिभ पु० ટીટોડો પક્ષી.

टिटिभक पु० ટીટોડો પક્ષી.

टिटिभकी स्त्री० ટીટોડી.

टिटिभी स्त्री० ટીટોડી.

टिट्टिभ पु० ટીટોડો.

टिट्टिभक पु० ટીટોડો.

टिट्टिभकी स्त्री० ટીટોડી.

टिट्टिभी स्त्री० ટીટોડી.

टिठिभ पु० ટીટોડો.

टिठिभक पु० ટીટોડો.

टिठिभकी स्त्री० ટીટોડી.

टिटिभी स्त्री० ટીટોડી.

टिण्टिनिका स्त्री० એક જાતની વનસ્પતિ.

टिण्डिश पु० એક જાતનું ઝાડ.

टिप् चु० उभ० स० सेट् પ્રેરણા કરવી, મોકલવું.

टिप्पन न० ટીકા, વ્યાખ્યા.

टिप्पनी स्त्री० ટીકા, વ્યાખ્યા.

टीक् भ्वा० आ० स० सेट् ગમન કરવું જવું.

टीका स्त्री० વ્યાખ્યા, ટીકા.

टु पु० સોનું, કામદેવ, ઠગ.

टुण्टुक पु० એક જાતનું પક્ષી, એક જાતનું ઝાડ, કાળો ખેર.

टुण्टुक त्रि० થોડું, અલ્પ, ક્રૂર, ઘાતકી, નીચ.

टुण्टुकी स्त्री० એક જાતની પક્ષિણી.

टुनाफा स्त्री० तालमूली वृक्ष.

टेपन न० પ્રેરણા કરવી, મોકલવું.

टेर त्रि० ત્રાંસુ, ટેઢું, તીરછી આંખવાળું.

टेरक त्रि० ટેઢું, ત્રાંસું, તીરછી આંખવાળું.

टोट त्रि० અલ્પ, થોડું, હલકું, હીણું.

टोडलतन्त्र न० તે નામે એક તંત્રશાસ્ત્ર.

टौक् भ्वा० आ० स० सेट् ગમન કરવું, જવું.

ट्वल् भ्वा० प० अ० सेट् टल् જુઓ.

ठ.

ठ् વ્યંજનોમાં બારમો મૂર્ધન્ય અક્ષર.

ठ पु० શિવ, મોટો અવાજ, ચંદ્રમંડળ, હરકોઇ મંડળ, મીંડું, શૂન્ય.

ठ त्रि० લોકવિષય.

ठकार पु० 'ઠ' અક્ષર.

ठक्कुर पु० દેવપ્રતિમા, બ્રાહ્મણને લાગતું એક વિશેષણ, હરકોઇ દેવ, ઠાકોરજી.

ठठम् अव्य० વાસણ વગેરેનો અસ્પષ્ટ અવાજ, ઠણકાર.

ड.

ड् વ્યંજનોમાં તેરમો મૂર્ધન્ય અક્ષર.
ड પુ૦ શિવ, શબ્દ, અવાજ, ત્રાસ, ભય, વાડવાનળ.
डकार પુ૦ 'ડ' અક્ષર.
डगण પુ૦ છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ માત્રાવૃત્તનો એક ગણ.
डङ्गरी સ્ત્રી૦ એક જાતની લાંબી કાકડી.
डङ्गारी સ્ત્રી૦ ઉપરનો અર્થ.
डंप् ભ્વા૦ आ० स० अ० सेट् ઢગલો કરવો, એકઠું કરવું.
डंप् चु० आ० स० अ० सेट् ઉપરના અર્થ.
डप् चु० आ० स० अ० सेट् ઢગલો કરવો, એકઠું કરવું.
डप् भ्वा० आ० स० अ० सेट् ઉપરના અર્થ.
डंब् चु० उभ० स० सेट् જોવું.
डंभ् चु० उभ० स० सेट् એકઠું કરવું, ઢગલો કરવો.
डम પુ૦ એક જાતની નીચ વર્ણસંકર જાતિ-ભંગી વગેરે.
डमर પુ૦ ભયથી નાસી જવું તે.
डमरा સ્ત્રી૦ ઉપરનો અર્થ.
डमरिन् પુ૦ એક જાતનું વાદિત્ર-ડાકલું.
डमरु પુ૦ ઉપરનો અર્થ.
डमरुका સ્ત્રી૦ डमरिन् જુઓ.
डम्बर પુ૦ સમૂહ, આડંબર, આયોજન-યોજવું, જોડવું, તે નામે કાર્તિકસ્વામીનો એક અનુચર.
डयन न० ઉડવું, ડોલી-પાલખી વગેરે.
डलक न० વાંસનો ડાલો-ટોપલો.
डवित्थ પુ૦ લાકડાનો મૃગ, દ્રવ્યવાચી એક સંજ્ઞાશબ્દ.
डहु પુ૦ નકુચ વૃક્ષ.
डहू પુ૦ ઉપરનો અર્થ.
डा સ્ત્રી૦ ડાકણ, પિશાચણી, ટોપલી-ટોપલો વગેરે.
डाकिनी સ્ત્રી૦ દેવીની એક અનુચરી-ડાકણ, દેખતાંજ કંટાળો ઉપજાવે તેવી હરકોઈ સ્ત્રી.
डाकिनीता સ્ત્રી૦ ડાકણપણું.
डाकिनीत्व न० ડાકણપણું.
डाङ्गरी સ્ત્રી૦ લાંબી એક જાતની કાકડી.
डामर પુ૦ શિવે કહેલું એક તંત્રશાસ્ત્ર.
डालिम પુ૦ દાડમનું ઝાડ.
डाहल પુ૦ ત્રિપુર દેશ.
डाहूक પુ૦ दात्यूह શબ્દ જુઓ.
डाहूकी સ્ત્રી૦ दात्यूह પક્ષિણી.
डिक्करी સ્ત્રી૦ તરૂણ સ્ત્રી.
डिङ्गर પુ૦ એક જાતની કાકડી,ક્ષેપ, ફેંકવું, વન, ધૂતારો, સેવક.
डिडिका સ્ત્રી૦ યુવાવસ્થામાં ધોળાં પળીયાં લાવનારો એક રોગ.
डिडिमा પુ૦ એક જાતનું પક્ષી.
डिण्डम પુ૦ નગારૂં, ઢંઢેરો, પાણીમાં થતું એક જાતનું આંમળું.
डिण्डिमेश्वर પુ૦ તે નામે એક તીર્થ.
डिण्डिर પુ૦ સમુદ્રનું ફીણ-સમદર ફેણ.
डिण्डिरमोदक પુ૦ ગાંજો, લસણ.
डिण्डश એક જાતનું ઝાડ.
डिण्डीर પુ૦ डिण्डिर જુઓ.
डित्थ પુ૦ લાકડાનો હાથી, એક સંજ્ઞાશબ્દ.
डिप् चु० उभ० अ० सेट् ઢગલો કરવો, એકઠું કરવું.
डिप् भ्वा० आ० अ० सेट् ઉપરના અર્થ.
डिप् चु० उभ० स० सेट् પ્રેરણા કરવી, મોકલવું.
डिप् तुदा० प० स० सेट् ઉપરના અર્થ.
डिब् चु० उभ० स० सेट् ઢગલો કરવો, એકત્ર કરવું, પ્રેરણા કરવી, મોકલવું.
डिब् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

डिभ् चु० उभ० स० सेट् हिंसा करवी, એકઠું કરવું.
डिभ भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.
डिम् चौरा० प० स० सेट् હિંસા કરવી.
डिम पु० જેમાં કાવ્યનું રૂપ દેખાતું હોય તેવું કોઈ નાટક.

डिम्ब पु० ભય, ભયથી નાસી જવું, ગર્ભાશયમાં પેસીના આકારમાં બંધાયેલો ગર્ભ, ગર્ભાશય, ભયનો શબ્દ, ઇંડું, બરોળ, પ્રલય, નાશ, નાનું બચ્ચું, બાળક.
डिम्बाहव पु० ભયના પોકારોવાળું યુદ્ધ.
डिम्बिका स्त्री० કામુકી સ્ત્રી, શોણાક વૃક્ષ, પાણીનો પરપોટો.
डिम्बी स्त्री० ઉપરના અર્થ.
डिम्भ त्रि० બાળક, બચ્ચું, મૂર્ખ, અજ્ઞાની.
डिम्भक पु० બાળક, શાલ્વ દેશના રાજા બ્રહ્મદત્તનો એક પુત્ર.
डिम्भचक्र न० સ્વરોદયમાં કહેલ શુભાશુભ સૂચક એક ચક્ર.
डिम्भा स्त्री० ઘણુંજ નાનું બાળક.
डी भ्वा० आ० अ० सेट् આકાશમાં જવું, ઉડવું.
डीतर त्रि० આકાશમાં અતિશય ગતિવાળું.
डीन न० પક્ષીની એક ગતિ, તે નામે એક આગમશાસ્ત્ર, ઉડવું.
डीनक न० પક્ષીનું ધીમે ધીમે ઉડવું.
डीनडीनक न० એક જાતની પક્ષીની ગતિ.
डीनावडीनक न० ઉપરનો અર્થ.
डुण्डु पु० એક જાતનો ઝેર વિનાનો સાપ.
डुण्डुभ पु० ઉપરનો અર્થ.
डुण्डुल पु० નાનું ઘુવડ.
डुण्डुली स्त्री० નાની ઘુવડી.
डुल पु० એક જાતનું ઘુવડ.
डुलि स्त्री० નાનો કાચબો, કાચબી.
डुलिका स्त्री० એક જાતનું ખંજન પક્ષીના જેવું પક્ષી.
डोडिका स्त्री० ડોડીનું શાક.
डोडी स्त्री० ડોડીનું શાક.
डोम पु० તે નામે વર્ણસંકર જાતિ–ભંગી વગેરે.
डोर न० દોર, હાથ–બાહુ વગેરેને બાંધવાની દોરી.
डोरडो स्त्री० બૃહતી નામે વનસ્પતિ.
डुल् चु० उभ० स० सेट् મિશ્ર કરવું.

ढ.

ढ् વ્યંજનોમાં ચૌદમો મૂર્ધન્ય વ્યંજન.
ढ पु० મોટું નગારૂં, કુતરો, કુતરાની પુંછડી, ધ્વનિ, અવાજ, નિર્ગુણ.
ढकार पु० 'ઢ' અક્ષર.
ढक्क पु० ઢાક્કા શહેર, ધર્માદા ઘર, અદશ્ય થવું, અવાજ, નિર્ગુણ.
ढक्का स्त्री० મોટું નગારૂં, ડંકો.
ढक्कादोलप्रिया स्त्री० અન્નપૂર્ણા દેવી.
ढक्कावादचलज्ज्वला स्त्री० ગંગા નદી.
ढक्कारव पु० મોટા નગારાનો શબ્દ.
ढक्कारवा स्त्री० તારિણી દેવી–તાંત્રિકોની તે નામે એક દેવી.
ढक्कारी स्त्री० ઉપરનો અર્થ,
ढगण पु० છંદઃશાસ્ત્રમાં માત્રાવૃત્તપ્રસિદ્ધ ગણ.
ढण्टी स्त्री० એક પ્રકારનું વાક્ય.
ढामरा स्त्री० હંસલી.
ढाल न० ઢાલ.
ढालिन् त्रि० ઢાલવાળું.
ढुण्ढ् भ्वा० स० प० सेट् શોધવું, ખોળવું.
ढुण्ढन न० શોધવું, ખોળવું.
ढुण्ढि पु० કાશીમાં તે નામે એક ગણપતિ.
ढुण्ढित त्रि० શોધેલ, ખોળેલ.
ढोल पु० ઢોલ.

ढोलधरा स्त्री० અન્નપૂર્ણા દેવી.

ढोलरूपा स्त्री० અન્નપૂર્ણા દેવી.

ढोलवाद्यप्रमोदिनी स्त्री० અન્નપૂર્ણા દેવી.

ढोलशब्दस्वरूपिणी स्त्री० અન્નપૂર્ણાદેવી.

ढौक् भ्वा० आ० स० सेट् પ્રેરણા કરવી, ગતિ કરવી, મૂકવું, સ્થાપવું.

ढौकन न० જવું, પ્રેરણા કરવી, મુકવું, ભેટ, લાંચ.

ण.

ण् વ્યંજનોમાં પંદરમો મૂર્ધન્ય—અનુનાસિક વ્યંજન.

ण पु० બિન્દુ દેવ, ભૂષણ, અલંકાર, ઘરેણું, પાણીનું સ્થાન, જલાશય.

ण त्रि० ગુણરહિત, નિર્ગુણ.

ण न० નિર્ણય, નિશ્ચય, જ્ઞાન.

णख् भ्वा प० स० सेट् ગમન કરવું, જવું.

णट् भ्वा० प० स० सेट् નૃત્ય કરવું, નાચવું.

णट् भ्वा० प० अ० सेट् નટનું કામ કરવું.

णद् भ्वा० प० अ० सेट् અસ્પષ્ટ શબ્દ કરવો, નાદવું, ગાજવું. अनु + નાદનું અનુકરણ કરવું, अभि + સામે શબ્દ કરવો, उद् + ઉંચે શબ્દ કરવો, प्रति + પડઘાનું અનુકરણ કરવું.

णद् चु० उभ० स० सेट् બોલવું, કહેવું.

णभ् भ्वा० आ० स० सेट् હિંસા કરવી,હાર કરવું.

णभ् दिवा० प० स० सेट् ઉપરના અર્થ.

णभ् क्र्यादि० प० स० सेट् ઉપરના અર્થ.

णम् भ्वा० प० अनिट् શબ્દ કરવો અ૦નમવું, स०अभि + સામે નમવું, अव + નીચા નમવું, નીચા થવું,उद् + ઉંચે જવું,ઉંચા થવું, ઉઠવું, अभि + उद् + સામેથી ઉંચા થવું, उप + પ્રાપ્ત થવું, પોતાની મેળે પાસે જવું, परि + તુલ્યરૂપ સત્તાએ વસ્તુનું અન્યથા થવું, પરિણામ થવું, प्र + અત્યંત નમવું, प्रति + અવળી રીતે નમવું, वि + વિશેષે કરી નમવું, परि + કોઈપણ પદાર્થમાં વિકાર થવો सम् + સારી રીતે નમવું.

णय् भ्वा० प० स० सेट् ગમન કરવું,જવું, રક્ષણ કરવું.

णर्द् भ्वा० प० अ० सेट् શબ્દ કરવો,ગાજવું.

णल् भ्वा० प० स० सेट् બાંધવું.

णश् दिवा० प० अ० सेट् નાશ પામવો, અદૃશ્ય થવું, નાસી જવું.

णस् भ्वा० आ० अ० सेट् કુટિલતા કરવી.

णह् दिवा० उभ० स० अनिट् બાંધવું, अपि + ધારણ કરવું, બખ્તર વગેરે પહેરવું, अव + ચોતરફથી બાંધવું. आ + સારી રીતે બાંધવું. परि+आ+ચોતરફથી બાંધવું, उद् + ઉંચું કરી બાંધવું, सम् + उद् સારી રીતે બાંધવું, उप + ઉપર બાંધવું, नि + અત્યંત બાંધવું, परि + ચોતરફથી બાંધવું, सम् + સારી રીતે બાંધવું, બખ્તર વગેરે પહેરવું, તૈયારી કરવી.

णास् भ्वा० आ० अ० सेट् શબ્દ કરવો, અવાજ કરવો.

णिक्ष् भ्वा० प० स० सेट् ચુંબન કરવું, वि + નાશ કરવો.

णिज् अदा० आ० स० सेट् શોધવું.

णिज जुहो० उभ० अनिट् શોધવું શુદ્ધ કરવું, स० શુદ્ધ થવું अ० अव + ચોતરફ જળ છાંટીને શુદ્ધ કરવું, निर् + સંપૂર્ણ ધોઈ નાખી શુદ્ધ કરવું—સાફ કરવું.

णिंद् भ्वा० प० स० सेट् નિંદા કરવી, ધિક્કારવું.

णिद् भ्वा० उभ० सेट् સમીપ થવું अ० નિંદવું स०

णिल् तुदा० प० स० सेट् દુઃખેથી જાણવું.

णिव् भ्वा० प० स० सेट् સીંચવું છાંટવું.

णिश भ्वा० आ० स० सेट् શાંતિથી વિચારવું, ધ્યાન કરવું.
णिष् भ्वा० आ० स० सेट् પ્રોક્ષણ કરવું, છાંટવું.
णिंस् अदा० आ० स० सेट् ચુંબન કરવું.
णी भ्वा० उभ० द्विक० अनिट् લઇ જવું, દોરવું, પ્રાપ્ત કરવું. अति + ઓળંગી લઈ જવું, वि + अति + દૂર કરવું, अनु વિનવવું, મનાવવું अप + હરણ કરવું, દૂર કરવું. अभि + હાવભાવ કરવા, ભજવવું. अव + નીચે લઇ જવું. आ + દૂર રહેલાંને સમીપ લઇ જવું, લાવવું, अभि+ आ + સામે લાવવું, परि + आ + ચોતરફથી લાવવું. प्रति + आ + વિરૂદ્ધ રીતે લાવવું, उद् + ઉંચે લઈ જવું, उप + પાસે લઇ જવું, नि + ત્યાગ કરવો, निर् + નિશ્ચય કરવો, નિર્ણય કરવો, पुरा + ફરી લાવવું, परि + ચોતરફથી લઈ જવું, પરણવું, वि + ફેંકવું, પ્રવેશ, કરવો, કરવું, શિખવવું, प्रति + ફરી લઇ જવું, वि + ખસેડવું, દૂર કરવું, કેળવવું, सम् +જોડવું.
णील् भ्वा० प० स० सेट् લીલું કરવું.
णीव् भ्वा० प० स० सेट् સ્થૂલ કરવું.
णु अदा० प० स० वेट् સ્તુતિ કરવી. आ+ સારી રીતે સ્તુતિ કરવી. प्र+ અત્યંત સ્તુતિ કરવી.
णु भ्वा० आ० स० अनिट् ગમન કરવું, જવું.
णुद् तुदा० उभ० स० अनिट् પ્રેરણા કરવી. अप+ખસેડવું, દૂર કરવું, परा+ખસેડવું, દૂર કરવું, प्र+અત્યંત પ્રેરવું, હાંકવું, वि+વિશેષ પ્રેરણા કરવી.
णू तुदा० प० स० सेट् સ્તુતિ કરવી.
णेद् भ्वा० उभ० स० सेट् સમીપ કરવું, પાસે લાવવું.
णेष् भ्वा० आ० स० सेट् ગમન કરવું, જવું.
ण्य पु० બ્રહ્મલોકમાં આવેલું તે નામે એક સરોવર.

त.

त् વ્યંજનોમાં સોળમો દંતસ્થાની વ્યંજન.
त पु० ચોર, અમૃત, પુછડું, ખોળો, મ્લેચ્છ, ગર્ભ, રત્ન, બુદ્ધદેવ, શિયાળનું પુછડું.
त त्रि० જુવાન, શઠ, લુચ્ચું, ધોળું નહિ તે.
तंक् भ्वा० प० सेट् દરિદ્ર હોવું, કષ્ટપૂર્વક જીવવું अ०
तंसु पु० પુરૂવંશી એક રાજા.
तक् भ्वा० प० सेट् હસવું, अ० સહન કરવું, स०
तक त्रि० નિંદિત,સહનશીલ,સ્ખલના પામેલ.
तकत् अव्य० અતિ અલ્પ, ઘણુંજ થોડું.
तकत् त्रि० તે, પેલું.
तकरी स्त्री० ખરાબ કામ કરનારી સ્ત્રી.
तकार पु० 'त' અક્ષર.
तकिल पु० ઔષધ, દવા.
तकिल त्रि० धूर्त, ધુતારૂં.
तकिला स्त्री० ઓષધિ, વનસ્પતિ.
तकु त्रि० ગમન કરનાર, જનાર.
तक्मन् न० સંતાન, છોકરૂં.
तक्र न० છાશ-જેમાં ચોથા ભાગનું પાણી હોય તે છાશ.
तक्रकूर्चिका स्त्री० છાશમાંથી થતો પદાર્થ.
तक्रपिण्ड पु० દહીં કે છાશથી દૂધને વિકૃત કરી તેને કપડામાં બાંધી તેમાંથી પાણી નીકળી જતાં જે બાકી રહે તે.
तक्रमांस न० છાશમાં રાંધેલું માંસ.
तक्रवामन पु० નારંગીનું ઝાડ.
तक्राट पु० છાશ કરવાનો રવૈયો.
तक्रारिष्ट पु० વૈદ્યકપ્રસિદ્ધ એક ઔષધ.
तक्व त्रि० ગમન કરનાર, જનાર.
तक्वन् त्रि० ઉપરનો અર્થ.
तक्वी स्त्री० ચોર લોકોની ગતિ.
तक्ष् भ्वा० प० स० वेट् છોલવું, પાતળું કરવું.

तक्ष् ભ્વા૦ પ૦ સ૦ વેટ્ ઉપરના અર્થ.

तक्ष् ભ્વા૦ પ૦ સ૦ વેટ્ છાલ ઉતારવી, છોલવું, ઢાંકવું.

तक्ष પુ૦ રામના નાના ભાઈ ભરતનો એક પુત્ર, તે નામે એક રાજધાની, છોલવું, પાતળું કરવું, બખ્તર વગેરેથી ઢાંકવું.

तक्षक પુ૦ વિશ્વકર્મા, દેવોનો સુથાર, એક જાતનું ઝાડ, સૂત્રધાર, કસ્યપનો પુત્ર એક નાગ–તક્ષક નાગ.

तक्षकीय ત્રિ૦ છોલવાળું.

तक्षण ન૦ છોલવું, પાતળું કરવું.

तक्षणी સ્ત્રી૦ વાંસી–લાકડાં છોલવાનું સાધન વાંસલો.

तक्षन् પુ૦ સુથાર, વિશ્વકર્મા નામનો દેવોનો સુથાર, ચિત્રા નક્ષત્ર.

तक्षशिला સ્ત્રી૦ ભરતના પુત્ર તક્ષ રાજાની રાજધાની.

तक्षशिलादि પુ૦ વ્યાકરણપ્રસિદ્ધ એક શબ્દગણ.

तग् ભ્વા૦ પ૦ સેટ્ સ્ખલના પામવી, કંપવું, અ૦ જવું. સ૦

तगण પુ૦ છંદઃશાસ્ત્રપ્રસિદ્ધ તગણ જેમાં ત્રણ અક્ષર હોઇ છેલ્લો અક્ષર લઘુ હોય છે.

तगर પુ૦ તગરનું ઝાડ, મીંઢળનું ઝાડ.

तगर ન૦ કોંકણ દેશમાં પ્રસિદ્ધ પિંડતગર વૃક્ષ, તગરના મૂળમાં થતો એક સુગંધી પદાર્થ.

तगरपादिक ન૦ તગર મૂળ નામે એક સુગંધી દ્રવ્ય.

तगरपादी સ્ત્રી૦ તગરનું ઝાડ.

तङ्क પુ૦ કષ્ટપૂર્વક જીવવું, દુઃખ, પ્રિયચિન્હ, તાપ, ભય, પહેરવાનું વસ્ત્ર.

तङ्कन ન૦ કષ્ટપૂર્વક જીવવું.

तच्छील ત્રિ૦ સ્વાભાવિક રીતે ફળની અપેક્ષા રાખ્યા વિના પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળું.

तज्ज ત્રિ૦ તેથી ઉત્પન્ન થયેલ, તેથી ઉત્પન્ન થનાર.

तज्जलान् ત્રિ૦ તેથી ઉત્પન્ન થઇ તેમાં લય પામેલ કોઇ પદાર્થ.

तज्जी સ્ત્રી૦ હિંગુપત્રી નામે એક વનસ્પતિ.

तट् ભ્વા૦ પ૦ સ૦ સેટ્ ઉંચા થવું, ઉઠવું.

तट् ચુ૦ ઉભ૦ સ૦ સેટ્ હણવું, ઠોકવું, માર મારવો.

तट ત્રિ૦ ઉંચું, ઉન્નત.

तट પુ૦ ન૦ કાંઠો, તટ, કિનારો.

तट ન૦ ઉંચાણવાળું ખેતર.

तट પુ૦ શિવ.

तटग ત્રિ૦ કાંઠા ઉપર રહેલ.

तटग પુ૦ તળાવ.

तटस्थ ત્રિ૦ સમીપ રહેલ, મધ્યસ્થ, ઉદાસીન, અલગ.

तटा સ્ત્રી૦ કાંઠો, કિનારો.

तटाक પુ૦ તળાવ.

तटाकिन् ત્રિ૦ તળાવવાળું.

तटाघात પુ૦ વપ્રક્રીડા જુઓ.

तटिनी સ્ત્રી૦ નદી.

तटी સ્ત્રી૦ કાંઠો, કિનારો.

तटच ત્રિ૦ કાંઠા ઉપર હોનાર–થનાર.

तटच પુ૦ શિવ.

तंड् ભ્વા૦ આ૦ સ૦ સેટ્ મારવું, માર મારવો.

तड् ચુ૦ ઉભ૦ સેટ્ દીપવું, પ્રકાશવું અ૦ મારવું, ઠોકવું, મારવો સ૦

तडग પુ૦ તળાવ.

तडाक પુ૦ તળાવ.

तडाका સ્ત્રી૦ દીપ્તિ, કાંતિ, કિનારો, કાંઠો, આઘાત.

तडाग પુ૦ તળાવ, હરણ પકડવાની જાળ, પાંચસો ધનુષના વિસ્તારવાળું જલાશય.

तडागवत् ત્રિ૦ તળાવવાળું,

तडागिन् ત્રિ૦ તળાવવાળું.

तडाघात પુ૦ હાથીની સુંઢનું ઉંચે ઉછળવું.

तडि पु० આઘાત, પ્રહાર,
तडि त्रि० આઘાત કરનાર, પ્રહાર કરનાર.
तडित् स्त्री० વિજળી, સમીપ, પાસે, હિંસા.
तडित्कुमार पु० ब० જૈનમતે ભવનપતિ એક દેવજાતિ.
तडित्प्रभ त्रि० વીજળીના જેવી કાંતિવાળું.
तडित्प्रभा स्त्री० વીજળીની કાંતિ, તે નામે કાર્તિક સ્વામીની અનુચર એક માતૃકા.
तडित्वत् पु० મેઘ, મોથ.
तडित्वत् त्रि० વીજળીવાળું.
तडिद्गर्भ पु० મેઘ.
तडिन्मय त्रि० વીજળીમય, વીજળીરૂપ.
तडिल्लता स्त्री० વિજળી.
तण्ड पु० તે નામે એક ઋષિ.
तण्डक पु० ખંજન પક્ષી.
तण्डक न० ફીણ, લગભગ સમાસવાળું વાક્ય, ઘર માટેનું લાકડું, ઝાડની મોટી શાખા.
तण्डक त्रि० બહુજ માયાવી–કપટી, જાદુગર, પાસે રહી ઘાત કરનાર.
तण्डक पु० न० પરિષ્કાર.
तण्डा स्त्री० પ્રહાર, માર.
तण्डि पु० તે નામે એક ઋષિ.
तण्डु पु० શિવનો દ્વારપાલ નંદિકેશ્વર.
तण्डुरीण पु० કીડો.
तण्डुरीण त्रि० મૂર્ખ, અધમ, નીચ.
तण्डुरोण न० ચોખાનું ધોણુ–પાણી.
तण्डुल पु० न० ચોખા, ફોતરા વગરનું ધાન્ય, આઠ ધોળા સરસવ બરોબર વજન.
तण्डुलपरीक्षा स्त्री० એક જાતનું દિવ્ય- ચોર વગેરેએ ચોરી વગેરે કરેલી છે કે નહિ તે માટે અમુક મંત્રેલા ચોખા ચવરાવી પરીક્ષા કરવી તે.
तण्डुला स्त्री० વાવડીંગ.
तण्डुलाम्बु न० ચોખાનું ધોણુ–પાણી.
तण्डुलिकाश्रम पु० न० તે નામે તીર્થ.
तण्डुलीक पु० તાંદળજાની ભાજી.
तण्डुलीय पु० ઉપરનો અર્થ, વાવડીંગ.
तण्डुलीयक पु० તાંદળજો.
तण्डुलीयका स्त्री० વાવડીંગ.
तण्डुलु पु० વાવડીંગ.
तण्डुलेर पु० તાંદળજો.
तण्डुलोत्थ न० ચોખાનું ધોણુ–પાણી.
तण्डुलोदक न० ઉપરનો અર્થ.
तण्डुलौघ पु० ચોખાનો ઢગ, એક જાતનો વાંસ.
तत् त्रि० વિસ્તારનાર, પહોળું કરનાર, ફેલાવનાર, તે, પેલું.
तत न० વીણા વગેરે વાદિત્ર, વિસ્તાર, પરંપરા, સંતાન.
तत पु० વાયુ, પિતા, પુત્ર.
तत त्रि० વિસ્તારેલ, વ્યાપેલ.
ततनुष्टि पु० ધર્મસંતતિને ઇચ્છનાર.
ततपत्नी स्त्री० કેળનું ઝાડ.
ततःप्रभृति अव्य० તે પછી,ત્યારથી આરંભી.
ततम त्रि० ઘણામાંથી નક્કી કરેલ અમુક.
ततर त्रि० બેમાંથી નક્કી કરેલ અમુક એક.
ततस् अव्य० તેથી,તે પછી, ત્યારપછી,ત્યાંથી.
ततस्ततस् अव्य० ઉપરના અર્થ.
ततस्त्य त्रि० ત્યાંનું, તેથી હોનાર–થનાર, ત્યાં હોનાર–થનાર.
ततामह पु० પિતાનો પિતા–દાદો.
ततामही स्त्री० પિતાની માતા–દાદી.
तति स्त्री० પંક્તિ, લાઇન, સમૂહ.
ततिथी स्त्री० તેટલાંને પૂરનારી.
ततुरि त्रि० હિંસક.
तत्कर त्रि० તેને કરનાર.
तत्कर पु० તેનો હાથ.
तत्काल पु० તે સમય, વર્તમાન કાળ, તે સમયે, તે વખતે.
तत्काल त्रि० તે સમયનું, તે કાળનું, તે વખતનું.

तत्कालधी त्रि० હાજર જવાબી, જે સમયે જે યોગ્ય હોય તે સૂચવનાર બુદ્ધિવાળું.
तत्क्रिय त्रि० પગાર લીધા વિના કામ કરનાર.
तत्क्षण पु० તત્કાલ, તેજ ક્ષણે, ચાલુ ક્ષણે.
तत्त्व न० રહસ્ય, યથાર્થપણું, ખરેખરૂં, આત્મસ્વરૂપ, બ્રહ્મ, સ્વભાવ, ચિત્ત, મન, વસ્તુ, પદાર્થ, સાંખ્યપ્રસિદ્ધ પચીસ તત્વ, પરમાત્મા, પચીસની સંખ્યા.
तत्त्वज्ञान न० યથાર્થજ્ઞાન, બ્રહ્મજ્ઞાન.
तत्त्वज्ञानार्थदर्शन न० તત્વજ્ઞાન માટે આલોચન–વિચારણા.
तत्त्वज्ञानिन् त्रि० તત્વજ્ઞાની.
तत्त्वतस् अव्य० ખરી રીતે, ખરાપણાથી.
तत्त्वनिष्ठता स्त्री० ૩૫ વાણીના ગુણોપૈકી એક ગુણ.
तत्त्वन्यास पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ વિષ્ણુપૂજાના અંગરૂપ એક ન્યાસ.
तत्त्वरश्मि पु० તંત્રશાસ્ત્રપ્રસિદ્ધ (स्त्रीँ) એ બીજ.
तत्त्वविद् त्रि० તત્વજ્ઞાની, બ્રહ્મજ્ઞાની, આત્મજ્ઞાની.
तत्त्वविद् पु० પરમેશ્વર.
तत्त्वावबोध पु० તત્વજ્ઞાન.
तत्त्वाभियोग पु० ખરૂં તહોમત.
तत्पत्री स्त्री० હિંગુપુત્રી વનસ્પતિ.
तत्पद न० 'तत्' એવું વેદાંતપ્રસિદ્ધ પદ–જેનો પરમાત્મા અર્થ છે.
तत्पदलक्ष्यार्थ पु० ચિદેકરસ પરમાત્મા.
तत्पदवाच्य पु० પરમાત્મા.
तत्पदवाच्य त्रि० 'तत्' એ પદનો અર્થ.
तत्पदवाच्यार्थ पु० 'तत्त्वमसि' એ વૈદિક વાક્યમાંના 'तत्' એ પદનો વાચ્ય અર્થ.
तत्पदार्थ पु० પરમાત્મા.
तत्पदाभिध पु० પરમાત્મા.
तत्पर त्रि० તેમાં રહેલ, તેમાં આસક્ત, તેથી પર વસ્તુ, ઉદ્યમી, ઉદ્યોગી, તૈયાર.
तत्पर पु० નિમેષનો ત્રીસમો ભાગ–એક સૂક્ષ્મ કાળ.
तत्परायण पु० તેમાં આસક્ત.
तत्पुरुष पु० વ્યાકરણપ્રસિદ્ધ એક સમાસ, તે નામે એક રુદ્ર, તેનો અધિષ્ઠાયક દેવ–રૂદ્રનો અધિષ્ઠાયક દેવ.
तत्पूर्व त्रि० તેની પહેલાં, તેની પૂર્વે.
तत्पूरुष पु० તત્પુરુષ જુઓ.
तत्फल न० તે ફળ, કમળ, કૃષ્ણ ઔષધિ, ચોર નામે એક ગંધદ્રવ્ય.
तत्फल त्रि० તે ફળ જેને મળેલું છે તે.
तत्र अव्य० ત્યાં, તેમાં.
तत्रत्य त्रि० ત્યાંનું, ત્યાં હોનાર–થનાર, તેમાંનું, તેમાં હોનાર.
तत्रभवत् त्रि० પૂજ્ય, આપ.
तत्रसाधुकारिन् त्रि० તેનું સારૂં કરનાર.
तत्रस्थ त्रि० ત્યાં રહેનાર.
तत्सद् पु० દેવ.
तथा अव्य० તે પ્રકારે, તે પ્રમાણે, તેમ, તેના જેવું, ખરેખર, હા, ખરૂં, તેમજ, સમુચ્ચયમાં તથા નિશ્ચયમાં વપરાય છે.
तथाकारम् अव्य० માંડ માંડ તેમ કરીને.
तथागत पु० બુદ્ધ દેવ, બુદ્ધ મુનિ.
तथागत त्रि० તે પ્રમાણે ગયેલ.
तथाच अव्य० વળી, તે પ્રમાણે, તેમ.
तथात्व न० તેમપણું, તે પ્રમાણેપણું, તે પ્રકારે.
तथापि अव्य० તોપણ, તેમ છતાં.
तथाभूत त्रि० તે પ્રમાણે થયેલ, તે પ્રકારે થયેલ, તેવારૂપે થયેલ.
तथाराज पु० બુદ્ધ દેવ.
तथाविध त्रि० તેવા પ્રકારનું.
तथाविधेय त्रि० તે પ્રમાણે થવાનું, તે પ્રકારે હોનારૂં.
तथाहि अव्य० જેમકે, જેમ, તેમજ.
तथैव अव्य० તેમજ, વળી, તેજ પ્રકારે.

तथ्य न० સત્ય, ખરૂં.

तथ्य त्रि० સત્યવાળું, સત્ય ભરેલું.

तथ्यतस् अव्य० સત્યથી, ખરાપણાથી, ખરે.

तद् त्रि० તે, પેલું, પ્રસિદ્ધ.

तद् न० પરબ્રહ્મ, પરમાત્મા.

तद् अव्य० તો, ત્યારે, માટે.

तदतिपात त्रि० તેને ઓળંગનાર, તેની પાર જનાર.

तदनन्तरम् अव्य० તે પછી, ત્યાર પછી.

तदनन्यता स्त्री० નીચેનો શબ્દ જુઓ.

तदनन्यत्व न० તે બન્નેની એકતા, તેનું એકપણું.

तदन्तम् अव्य० ત્યાં સુધી.

तदन्यबाधितार्थप्रसङ्ग पु० ન્યાયપ્રસિદ્ધ એક તર્ક.

तदर्थ त्रि० તેને માટેનું, તેને માટે આ.

तदर्थ पु० તેનો અર્થ.

तदर्थम् अ० તેને માટે, તેને સારૂં, તે માટે, તે સારૂં.

तदर्पण न० થાપણ મૂકેલી વસ્તુ થાપણ મૂકનારને સોંપવી તે, તેનું અર્પણ, તેનું સોંપવું.

तदा अव्य० ત્યારે, તે કાળે, તે વખતે.

तदात्मन् त्रि० તે સ્વરૂપ, તે રૂપ, તેથી અભિન્ન, તે મય.

तदात्व न० તે કાળે, તે સમયે.

तदादि न० તે પછી, ત્યારથી માંડી, ત્યારથી આરંભી.

तदादितदन्तन्याय पु० મીમાંસાપ્રસિદ્ધ એક ન્યાય.

तदानीम् अव्य० તે વખતે, તે કાળે, તે સમયે, ત્યારે.

तदानीन्तन त्रि० ત્યારનું, તે વખતનું, તે વેળા હોનાર—થનાર.

तदाप्रभृति त्रि० ત્યારથી માંડી, તે સમયથી આરંભી, તે પછી.

तदामुख त्रि० તે વખતે આરંભેલ, ત્યારે શરૂ કરેલ, પ્રારંભેલ.

तद्विद् त्रि० તે વિષયનું સ્તોત્ર, તે સંબંધી સ્તોત્ર.

तद्गत त्रि० તત્પર, તેમાં આસક્ત, તેમાં રહેલ, તે પરાયણ.

तद्गुण त्रि० તેના જેવા ગુણવાળું.

तद्गुण पु० તે નામે એક અર્થાલંકાર, તેનો ગુણ, તેનું વિશેષણ, પ્રધાનનું વિશેષણ.

तद्गुणसंविज्ञान पु० વ્યાકરણપ્રસિદ્ધ એક બહુવ્રીહિ સમાસ—જેમાં પ્રધાનનો અમુક એક ભાગ વિશેષણરૂપે જણાય છે.

तदीय त्रि० તેનું, તે સંબંધી.

तद्दिन न० તે દિવસે.

तद्दिनम् अव्य० દિવસ મધ્યે, દરરોજ, દિવસે દિવસે, દિવસમાં.

तद्धन त्रि० કૃપણ, લોભી, કંજુસ.

तद्धन न० તે ધન.

तद्धर्मन् त्रि० તેવા પ્રકારના ધર્મવાળું, તે ધર્મવાળું.

तद्धित त्रि० તેને હિતકારક, તેના હિતનું.

तद्धित पु० न० વ્યાકરણપ્રસિદ્ધ એક પ્રત્યય.

तद्बल पु० એક જાતનું બાણ.

तद्बल न० તેનું બળ, તેનું સૈન્ય.

तद्भाव पु० તેનો અસાધારણ ધર્મ, તે રૂપ થવું, તે સંબંધી ભાવ-ચિંતન-વિચાર.

तद्भू स्त्री० બાણનો અભ્યાસ.

तद्राज पु० તેનો રાજા, તે અર્થમાં કરેલ એક તદ્ધિત પ્રત્યય.

तंद्र् सौत्र० प० अ० सेट् દુઃખી થવું, મોહ પામવો.

तद्यच् त्रि० તે પ્રત્યે જનાર, તેને અનુસરનાર, તેને પૂજનાર.

तद्यञ्च् त्रि० ઉપરના અર્થ.

तद्वत् अव्य० તેના જેવું, તેની પેઠે, તેના જેવી ક્રિયાવાળું.

तद्वत् त्रि० તેવાળું, તેથી યુક્ત.

तद्वत्ता स्त्री० તે વાળાપણું.

तद्वत्त्व न० તે વાળાપણું.

तद्विध त्रि० તેવા પ્રકારનું, તેવું.

तन् तना० उभ० स० सेट् વિસ્તારવું, કરવું. वि + अति + વારંવાર વિસ્તારવું, अधि+ ઉપર વિસ્તારવું, अनु + સંતત વિસ્તારવું, પાછળ કરવું. अप + નીચે વિસ્તારવું, अव +સંતત વિસ્તારવું, आ + લાંબું ક-રવું, કરવું, वि + आ + વિશેષ વિસ્તા-રવું, વિશેષ કરવું, उद्+ઉંચે વિસ્તારવું, ઉંચે કરવું, प्र+અત્યંત વિસ્તારવું, અત્યંત કરવું, वि + વિશેષ વિસ્તારવું, વિશેષ કરવું, सम् + સારી રીતે વિસ્તારવું.

तन् चु० उभ० स० सेट् ઉપકાર કરવો, શ્રદ્ધા રાખવી, પૂજા કરવી. શબ્દ કરવો અ०

तन् भ्वा० प० स० सेट् ઉપરના અર્થ.

तनय पु० છોકરો, પુત્ર, લગ્નાવધિક પાંચમું સ્થાન.

तनया स्त्री० પુત્રી, છોકરી, કુંવાર.

तनयाजात पु० જેને ત્યાં છોકરી જન્મી હોય તે.

तनयित्नु पु० ઇન્દ્રનું વજ્ર, મેઘ.

तनस् पु० ચૌત્ર વગેરે.

तना स्त्री० ધન.

तनादि पु० વ્યાકરણપ્રસિદ્ધ એક ધાતુગણ.

तनिका स्त्री० બાંધવાની દોરી.

तनिमन् पु० તનુપણું, સૂક્ષ્મપણું,દુર્બળતા.

तनिष्ठ त्रि० અતિશય કૃશ, અત્યંત નાનું, અત્યંત સૂક્ષ્મ.

तनीयस् त्रि० ઉપરના અર્થ.

तनु स्त्री० શરીર, ચામડી, છાલ, જ્યોતિ-ષપ્રસિદ્ધ લગ્નસ્થાન.

तनु त्रि० નાનું, થોડું, છુટું છવાયુ, કૃશ, બારીક.

तनुक त्रि० ઉપરના અર્થ

तनुक पु० બેહડાનું ઝાડ.

तनुक्षीर पु० आम्रातक વૃક્ષ.

तनुच्छद पु० કવચ, બખ્તર.

तनुच्छाय पु० બાવળનું ઝાડ.

तनुच्छाय त्रि० થોડી છાયાવાળું, થોડી કાંતિવાળું.

